રાષ્ટ્રભાષા વિષે વિચાર

મોહનદાસ કરમચંદ ગાંધી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

રાષ્ટ્રભાષા વિષે વિચાર

મોહનદાસ કરમચંદ ગાંધી

“ હિંદુસ્તાની એટલે ઉર્દૂ નહિ, પણ હિંદી ઉર્દૂનું રૂડું ઉત્તરના હિંદી સમજી શકે તેવું સંમિશ્રણ ને નાગરી અથવા ઉર્દૂમાં લખાયેલું રૂપ. આ પૂરી રાષ્ટ્રભાષા, બાકી અધૂરી. પૂરી રાષ્ટ્રભાષા શીખનારે આજ તો બંને લિપિ શીખવી જોઈએ ને બંને રૂપ જાણવાં જોઈએ. રાષ્ટ્રપ્રેમ આ નિશ્ચયપૂર્વક માગે છે. જે આ જાણશે તે કમાશે, નહિ જાણે તે ખોશે. ”

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ, સન ૧૯૪૫: પ્રત ૨,૨૦૦

બાર આના

મે, ૧૯૪૫

પ્રકાશકનું નિવેદન

આપણી રાષ્ટ્રભાષા હિંદુસ્તાની વિષે ગાંધીજીના વિચારો દર્શાવતાં લખાણો તથા ભાષણોનો આ સંગ્રહ પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. ગાંધીજી પોતાના 'બે બોલ'માં કહે છે એમ, તે "બરાબર વખતે પ્રગટ" થાય છે. આ કથનમાં આપણે ત્યાંના રાષ્ટ્રભાષાપ્રચારના કાર્યનો ઇતિહાસ સમાયેલો છે; તેમાંય ખાસ કરીને છેલ્લા દાયકાનો.

ગાંધીજીના વિચારોના અભ્યાસીને ખબર હશે કે, તેઓશ્રીના કેળવણી ઉપરના ગ્રંથમાં ('ખરી કેળવણી') રાષ્ટ્રભાષા ઉપર એક નોખો ખંડ આપેલો છે. તે પુસ્તક ૧૯૩૮માં પ્રસિદ્ધ કરેલું. ત્યારે દેશમાં રાષ્ટ્રભાષાના રચનાકાર્ય અંગેના તીવ્ર મતભેદોનો ઉદયકાળ હતો. પરંતુ આપણે ત્યાં એના છાંટા નહોતા ઊડ્યા. તેથી એ અંગે નકામી ચર્ચાઓને ગાળીને તે પુસ્તકનો પ્રસ્તુત ખંડ યોજ્યો હતો. બાદ જેમ જેમ રાષ્ટ્રભાષાના કાર્યનો અને પદ્ધતિનો વિકાસ થતો ગયો અને તે પ્રમાણે કાર્ય યોજાતું આવ્યું, તેમ તેમ મતભેદો અને ચર્ચા આપણે ત્યાં પણ આવતાં ગયાં. (આમ થવામાં રાષ્ટ્રના જીવનનાં બીજાં ક્ષેત્રોના પ્રવાહો પણ કારણભૂત હતા એ વળી જુદી વાત.) એટલું જ નહિ, આજે રાષ્ટ્રભાષાના રચનાકાર્ય તરીકે પૂરી રાષ્ટ્રભાષાનો પ્રચાર કરવાના કામની આપણા પ્રાંતમાં પહેલ થઈ છે. આથી કરીને, તે સળગતા પ્રશ્ન ઉપરના ગાંધીજીના વિચારો એકસાથે જોવા વિચારવા મળે તો સરસ, એ દૃષ્ટિએ આ સંગ્રહ બહાર પાડ્યો છે. તેમાં મદદ થાય તેટલા સારુ તે પૂરતી સૂચિ પણ સાથે જોડી છે.

આ સંગ્રહ ઉપરથી વાચક એ પણ જોશે કે, ગાંધીજી ઈ. સ. ૧૯૦૯ થી જે વાત લખતા આવ્યા છે તે જ આજ એક પેઢી જેટલા કાળ બાદ પણ કહે છે: "માત્ર આજે (તે) વિચારો દૃઢ થયા છે અને તેઓએ વધારે સ્પષ્ટ સ્વરૂપ લીધું છે." રાષ્ટ્રભાષાનો પ્રશ્ન જો ફક્ત શિક્ષણનો હોત તો એક રીતે જોતાં આ કામ સહેલું થાત. પરંતુ રાષ્ટ્રને માટે એક ભાષા ઘડવા દ્વારા દેશની એકતા સાધવામાં પણ મદદ મળી શકે છે; તેથી કરીને કોમી એકતાના પ્રશ્નને પણ

તે સ્પર્શે છે. આથી કરીને માત્ર શિક્ષણ કે સાહિત્ય ઉપરાંત બીજાં ક્ષેત્રો સંડોવાઈ તે ઘણી વાર નાહક જટિલ બન્યો છે. વળી, હિંદુસ્તાની બે લિપિમાં લખાય છે; અને આજે તેમાંથી એકને રાખવાના ઠરાવ પર પહોંચી નથી શકાતું, એ હકીકત પણ તેની જોડે વણાય છે. આમ અનેક કારણે બહુસૂત્ર બનેલા આ સવાલ વિષે ગાંધીજીના વિચારો જોઈશું તો તે બધામાં સૂત્રમણિવત્ એક સળંગ વિચાર રહેલો સ્પષ્ટ જણાય છે. વાંચકે તેને રાષ્ટ્રભાષાના પ્રચારની વિકસતી જતી કાર્યપદ્ધતિ યાદ રાખીને સમજવો જોઈશે. સંગ્રહ મોટે ભાગે તારીખવાર ગોઠવ્યો છે તે તેમ કરવામાં ફાવશે એમ માનીને. ક્યાંક, વિષયના સળંગ નિરૂપણની દૃષ્ટિએ, તેમાં ફરક કરવો આવશ્યક માન્યો છે. પરંતુ તેનાથી તારીખવાર વિચાર-પ્રવાહ જોવામાં મુસીબત નથી આવતી.

રાષ્ટ્રભાષા પ્રચારકો તથા સામાન્ય રાષ્ટ્રપ્રેમી સૌને એ મદદરૂપ થશે એવી આશા છે.

૨૧-૫-'૪૫

બે બોલ

ભાઈ જીવણજીએ રાષ્ટ્રભાષા ઉપરનાં મારાં લખાણો ને ભાષણોનો સંગ્રહ બરાબર વખતે પ્રગટ કર્યો છે. બધા લેખો તો નથી વાંચી ગયો, પણ પહેલાં વીસેક પાનાં વાંચી શક્યો. મારું પહેલું ભાષણ* સન ૧૯૧૭માં થયું ત્યાંથી ઉત્તરોત્તર મેં જે વિચારો દર્શાવ્યા છે તે જ આજે છે. માત્ર આજે વિચારો દૃઢ થયા છે ને તેઓએ વધારે સ્પષ્ટ સ્વરૂપ લીધું છે. હિંદી, ઉર્દૂને મેં સાથે જાણ્યાં છે. હિંદુસ્તાની શબ્દનો પ્રયોગ પણ છૂટથી કર્યો છે. ઇંદોરના હિંદી સાહિત્ય સંમેલનમાં જે મેં ૧૯૧૮ની સાલમાં કહ્યું હતું, તે જ આજે કરી રહ્યો છું.×

---

* ઈ. સ. ૧૯૧૭માં ભરૂચ મુકામે મળેલી બીજી ગુજરાતી કેળવણી પરિષદના પ્રમુખપદેથી આપેલા ભાષણમાં ગાંધીજીએ 'હિંદી' ભાષાની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે. (જુઓ પા. ૩) તે ઉપરથી સ્પષ્ટ થશે કે, તેમણે 'હિંદી' શબ્દ આજના 'હિંદુસ્તાની' શબ્દના પર્યાયવાચક શબ્દ તરીકે વાપર્યો છે:—

"હિંદી ભાષા હું એને કહું છું કે જે ઉત્તરમાં હિંદુ તથા મુસલમાન બોલે છે ને દેવનાગરી અથવા ઉર્દૂ લિપિમાં લખે છે. . . .

"એવી દલીલ થતી જોવામાં આવે છે કે હિંદી અને ઉર્દૂ બે નોખી ભાષા છે. આ દલીલ વાસ્તવિક નથી. ઉત્તર વિભાગમાં મુસલમાન અને હિંદુ બન્ને એક જ ભાષા બોલે છે. ભેદ શિક્ષિત વર્ગે પાડ્યો છે. . . . જે ભાષા ઉત્તર વિભાગમાં જનસમાજ બોલે છે તેને ઉર્દૂ કહો કે હિંદી બન્ને એક જ છે. ઉર્દૂ લિપિમાં લખો તો તેને ઉર્દૂ નામે ઓળખો; તે જ વાક્યો નાગરીમાં લખો તો હિંદી કહેવાશે.

"હવે રહ્યો લિપિનો ઝઘડો. હાલ તરત મુસલમાન છોકરા જરૂર ઉર્દૂ લિપિમાં લખશે; હિંદુ ઘણે ભાગે દેવનાગરીમાં લખશે. . . . છેવટે જ્યારે હિંદુ-મુસલમાન વચ્ચે જરા પણ શંકાની નજર નહિ રહે, જ્યારે અવિશ્વાસનાં બધાં કારણો દૂર થયાં હશે, ત્યારે જે લિપિમાં જોર રહેશે, તે લિપિ વધારે ભાગે લખાશે, ને તે રાષ્ટ્રીય લિપિ થશે."

× ઇંદોર સંમેલનના વ્યાખ્યાનમાંથી તે ભાગ નીચે ઉતાર્યો છે (જુઓ પા. ૬):

"હિંદી ભાષા તે ભાષા છે કે જે ઉત્તરમાં હિંદુ અને મુસલમાન બોલે છે અને જે નાગરી કે ફારસી લિપિમાં લખાય છે. આ હિંદી સાવ સંસ્કૃતમય

હિંદુસ્તાની એટલે ઉર્દૂ નહિ પણ હિંદી ઉર્દૂનું રૂડું ઉત્તરના હિંદી સમજી શકે તેવું સંમિશ્રણ ને નાગરી અથવા ઉર્દૂમાં લખાયેલું રૂપ. આ પૂરી રાષ્ટ્રભાષા, બાકી અધૂરી. પૂરી રાષ્ટ્રભાષા શીખનારે આજ તો બંને લિપિ શીખવી જોઈએ ને બંને રૂપ જાણવાં જોઈએ. રાષ્ટ્રપ્રેમ આ નિશ્ચયપૂર્વક માગે છે. જે આ જાણશે તે કમાશે, નહીં જાણે તે ખોશે.

મહાબળેશ્વર　　　　મોહનદાસ કરમચંદ ગાંધી
૧–૫–'૪૫

નથી, તેમ સાવ ફારસી શબ્દોથી ભરપૂર નથી. . . . એ જ ભાષા શ્રેષ્ઠ કહેવાય કે જે જનસમૂહ સહેલાઈથી સમજી શકે ગામડિયાઓની બોલી બધા સમજે છે. ભાષાનું મૂળ કરોડો મનુષ્યરૂપી હિમાલયમાંથી મળશે, અને તેમાં જ રહેશે. હિમાલયમાંથી નીકળતી ગંગા અનંત કાળ સુધી વહ્યા કરશે, તેમ ગામડિયાની હિંદીનું ગૌરવ રહેશે; અને જેમ નાના પહાડોમાંથી નીકળતાં ઝરણાંઓ સુકાઈ જાય છે, તેમ જ સંસ્કૃતમય અને ફારસીમય હિંદીની દશા થશે.

"હિંદુ-મુસલમાન વચ્ચે જે ભેદ કરવામાં આવે છે તે કૃત્રિમ છે. તેવી જ કૃત્રિમતા હિન્દી અને ઉર્દૂ ભાષાના ભેદમાં રહેલી છે. હિંદુઓની બોલીમાંથી ફારસી શબ્દોનો સર્વથા ત્યાગ કરવો અથવા મુસલમાનોની બોલીમાંથી સંસ્કૃત શબ્દોનો સર્વથા ત્યાગ કરવો આવશ્યક નથી. બેનો સ્વાભાવિક સંગમ ગંગા–યમુનાના સંગમ જેવો શોભાયમાન અને અચળ રહેશે. હું ઉમેદ રાખું છું કે, આપણે હિંદી-ઉર્દૂના ઝઘડામાં પડી આપણું બળ ક્ષીણ નહિ કરીએ.

"લિપિ બાબત કંઈક તકલીફ જણાય છે. મુસલમાન ભાઈઓ અરબી લિપિમાં જ લખશે, અને હિંદુઓ ઘણુંખરું નાગરી લિપિમાં લખશે. રાષ્ટ્રમાં બન્નેને સ્થાન મળવું જોઈએ. અમલદારોને બન્ને લિપિનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. એમાં કંઈ કઠિનતા નથી. છેવટે જે લિપિમાં ઝાઝી સરળતા હશે તેનો વિજય થશે. ભારતવર્ષમાં પરસ્પર વ્યવહાર ચલાવવા વાસ્તે એક ભાષા હોવી જોઈએ એ વિષે સંદેહ નથી."

વળી ૨૧–૧–૧૯૨૦ના 'યંગ ઇન્ડિયા'માં 'અપીલ ટુ મદ્રાસ' એ લેખમાં ગાંધીજીએ નીચે પ્રમાણે રાષ્ટ્રીય ભાષાની વ્યાખ્યા (જુઓ પા. ૯) આપી હતી :—

"રાષ્ટ્રીય કામકાજ ચલાવવા માટે અથવા વિચારવિનિમય માટે હિંદુસ્તાનીને છોડીને બીજી એકે ભાષા ભાગ્યે જ રાષ્ટ્રીય માધ્યમ બની શકે એમ છે. (હિંદુસ્તાની એટલે હિંદી અને ઉર્દૂ મળીને નીપજતા સ્વરૂપવાળી ભાષા)."

અનુક્રમણિકા

૧. રાષ્ટ્રીય ભાષાનો વિચાર

"દરેક કેળવાયેલા હિંદીને સ્વભાષા, હિંદુને સંસ્કૃત, મુસલમાનને અરબી, પારસીને પર્શિયનનું, અને બધાને હિંદીનું જ્ઞાન હોવું જોઈએ. કેટલાક હિંદુએ અરબી અને કેટલાક મુસલમાને તથા પારસીએ સંસ્કૃત શીખવું જોઈએ. ઉત્તર અને પશ્ચિમ હિંદુસ્તાનના હિંદીએ તામિલ શીખવું જોઈએ. આખા હિંદુસ્તાનને જોઈએ તે તો હિંદી હોવી જોઈએ. તે ઉર્દૂ અથવા નાગરી લિપિમાં લખવાની છૂટ ઘટે છે. હિંદુ-મુસલમાનના વિચાર ઠીક રહે, તેથી આ બંને લિપિ ઘણા હિંદીએ જાણી લેવાની જરૂર છે. આમ થતાં આપણે એકબીજાની સાથે વ્યવહાર રાખવામાં અંગ્રેજીને હુંકારી શકીશું."

'હિંદ સ્વરાજ', (૧૯૦૯) પા. ૧૨૪

જેમ કેળવણીના વાહનનો વિચાર કરવો પડ્યો* તેમ જ આપણે રાષ્ટ્રીય ભાષાનો વિચાર કરવો યોગ્ય છે. જો અંગ્રેજી રાષ્ટ્રીય ભાષા થવાની હોય તો અંગ્રેજીને જરૂરિયાત સ્થાન મળવું જોઈએ.

અંગ્રેજી રાષ્ટ્રીય ભાષા થઈ શકે? કેટલાક વિદ્વાન સ્વદેશાભિમાની કહે છે કે, અંગ્રેજી રાષ્ટ્રીય ભાષા થવી જોઈએ એવો પ્રશ્ન જ અજ્ઞાન દશાસૂચક છે; અંગ્રેજી રાષ્ટ્રીય ભાષા થઈ ચૂકી છે. આપણા નામદાર વાઇસરૉયસાહેબે ભાષણ કર્યું છે, તેમાં તેમણે માત્ર તેવી આશા બતાવી છે. તેમનો ઉત્સાહ તેમને ઉપર્યુક્ત શ્રેણીએ નથી લઈ જતો. વાઇસરૉયસાહેબ માને છે કે, અંગ્રેજી ભાષા દહાડે દહાડે આ દેશમાં વિસ્તાર પામશે, આપણાં કુટુંબોમાં તે પ્રવેશ કરશે, અને છેવટે રાષ્ટ્રીય ભાષાની ઉચ્ચ પદવી ભોગવશે. અત્યારે ઉપર-ટપકે વિચારતાં આ ખ્યાલને ટેકો મળે છે. આપણા શિક્ષિત વર્ગની દશા જોતાં અંગ્રેજી વિના આપણો કારભાર અટકી પડે એવો આભાસ આવે છે. એમ છતાં જરા ઊંડા ઊતરીશું તો માલૂમ પડશે કે, અંગ્રેજી રાષ્ટ્રીય ભાષા ન થઈ શકે, ન થવી જોઈએ.

* ઈ. સ. ૧૯૧૭માં ભરૂચ મુકામે મળેલી બીજી ગુજરાત કેળવણી પરિષદના પ્રમુખપદેથી આપેલા ભાષણમાંથી આ ભાગ લીધો છે. મૂળ માટે જુઓ 'ખરી કેળવણી' — ગાંધીજી

ત્યારે રાષ્ટ્રીય ભાષાનાં શાં લક્ષણો હોવાં જોઈએ એનો વિચાર કરીએ.

૧. તે ભાષા અમલદાર સારુ સહેલી હોવી જોઈએ.

૨. તે ભાષાની મારફત ભારતવર્ષનો પરસ્પર ધાર્મિક, આર્થિક અને રાજ્યપ્રકરણી વ્યવહાર શક્ય હોવો જોઈએ.

૩. તે ભાષા ભારતવર્ષના ઘણા લોકો બોલતા હોવા જોઈએ.

૪. તે ભાષા રાષ્ટ્રને સારુ સહેલી હોવી જોઈએ.

૫. તે ભાષાનો ખ્યાલ કરતાં ક્ષણિક કે અલ્પસ્થાયી સ્થિતિ ઉપર વજન ન મૂકવું જોઈએ.

અંગ્રેજી ભાષામાં આમાંનું એક પણ લક્ષણ નથી.

પહેલું લક્ષણ છેલ્લું મૂકવું જોઈતું હતું, પણ મેં પહેલું મૂક્યું છે, કેમ કે તે લક્ષણ અંગ્રેજી ભાષામાં હોય એવો આભાસ આવે છે. વધારે વિચાર કરતાં આપણે જોઈશું કે, હાલ પણ અમલદારવર્ગને સારુ તે સહેલી ભાષા નથી. અહીંના રાજ્યબંધારણની કલ્પના એવી છે કે, અંગ્રેજી વર્ગ ઓછો થશે, તે એટલે સુધી કે છેવટે વાઇસરૉય અને બીજા આંગળીના વેઢા પર ગણી શકાય તેટલા અમલદાર અંગ્રેજ રહેશે. મોટો વર્ગ આજે હિંદી જ છે, ને તે વધતો જ જશે. તે વર્ગને સારુ ભારતવર્ષની ગમે તે ભાષા કરતાં અંગ્રેજી મુશ્કેલ છે એમ તો સૌ કોઈ કબૂલ કરશે.

બીજું લક્ષણ વિચારતાં આપણે જોઈએ છીએ કે, અંગ્રેજી ભાષા જનસમાજ બોલતી થઈ જાય એ શક્ય ન હોય ત્યાં લગી આપણો ધાર્મિક વ્યવહાર અંગ્રેજીમાં નહિ જ ચાલે. એટલે દરજ્જે અંગ્રેજી ભાષા સમાજમાં પ્રસરે એ અશક્ય જણાય છે.

ત્રીજું લક્ષણ અંગ્રેજીમાં ન હોઈ શકે, કેમ કે તે ભારતવર્ષની મોટી સંખ્યાની બોલી નથી.

ચોથું લક્ષણ પણ અંગ્રેજીમાં નથી, કેમ કે આખા રાષ્ટ્રને સારુ પ્રમાણમાં તે સહેલી નથી.

પાંચમા લક્ષણનો વિચાર કરતાં આપણે જોઈએ છીએ કે, અંગ્રેજી ભાષા જે સત્તા આજે ભોગવે છે તે ક્ષણિક છે. ચિરસ્થાયી સ્થિતિ તો એ છે કે, હિંદુસ્તાનમાં પ્રજાના રાષ્ટ્રીય કાર્યમાં અંગ્રેજી ભાષાની જરૂરિયાત થોડી જ પડશે. અંગ્રેજી સામ્રાજ્યના વ્યવહારમાં તેની જરૂર પડશે. તે સામ્રાજ્યના રાજ્યવ્યવહારની ('ડિપ્લોમસી'ની) ભાષા હશે, એ જુદો પ્રશ્ન છે. તે વ્યવહારને

સારુ અંગ્રેજીની જરૂર રહેશે. આપણે ક્યાંયે અંગ્રેજી ભાષાનો દ્વેષ નથી કરતા. માત્ર તેને તેના સ્થાન બહાર જવા દેવા નથી માગતા એ જ આગ્રહ છે. સામ્રાજ્યની ભાષા તો અંગ્રેજી હશે ને તેથી આપણા માલવીયજી, શાસ્ત્રિયાર, બેનરજી વગેરેને એ ભાષા શીખવાની ફરજ પાડીશું. અને તેઓ હિંદની કીર્તિ બીજા દેશોમાં જગવશે એમ ખાતરી રાખીશું. પણ રાષ્ટ્રની ભાષા અંગ્રેજી ન હોય. અંગ્રેજીને રાષ્ટ્રીય ભાષા બનાવવી એ એસ્પેરેન્ટો દાખલ કરવા જેવું છે. અંગ્રેજી રાષ્ટ્રીય ભાષા થાય એવી કલ્પના આપણી નિર્બળતા સૂચવે છે. એસ્પેરેન્ટોનો પ્રયાસ માત્ર અજ્ઞાન સૂચવશે.

ત્યારે કઈ ભાષા પેલાં પાંચ લક્ષણોવાળી છે? હિંદી ભાષામાં એ બધાં લક્ષણો છે એમ કબૂલ કર્યા વિના ચાલશે જ નહિ.

હિંદી ભાષા હું એને કહું છું કે જે ઉત્તરમાં હિંદુ તથા મુસલમાન બોલે છે ને દેવનાગરી અથવા ઉર્દૂ લિપિમાં લખે છે. આ વ્યાખ્યા સામે કંઈક વિરોધ જોયો છે.

એવી દલીલ થતી જોવામાં આવે છે કે, હિંદી અને ઉર્દૂ બે નોખી ભાષા છે. આ દલીલ વાસ્તવિક નથી. ઉત્તર વિભાગમાં મુસલમાન અને હિંદુ બંને એક જ ભાષા બોલે છે. ભેદ શિક્ષિત વર્ગે પાડ્યો છે. એટલે કે, હિંદુ શિક્ષિત વર્ગે હિંદીને કેવળ સંસ્કૃતમય કરી મૂકી છે, તેથી કેટલાક મુસલમાન તે નથી સમજી શકતા. લખનૌના મુસલમાન ભાઈઓ ફારસીમય ઉર્દૂ બોલીને તે હિંદુથી ન સમજાય તેવી કરી મૂકે છે. આ બંને પરિભાષા છે ને તેને પ્રજાવર્ગમાં ક્યાંયે સ્થાન નથી. હું ઉત્તરમાં રહ્યો છું, હિંદુ મુસલમાન સાથે ખૂબ ભળ્યો છું, ને મારું હિંદી ભાષાનું જ્ઞાન ઘણું ઓછું હોવા છતાં મને તેમની સાથે વ્યવહાર રાખવામાં જરાયે અડચણ નથી આવી. જે ભાષા ઉત્તર વિભાગમાં જનસમાજ બોલે છે તેને ઉર્દૂ કહો કે હિંદી, બંને એક જ છે. ઉર્દૂ લિપિમાં લખો તો તે ઉર્દૂ નામે ઓળખો, તે જ વાક્યો નાગરીમાં લખો તો હિંદી કહેવાશે.

હવે રહ્યો લિપિનો ઝઘડો. હાલ તુરત મુસલમાન છોકરા જરૂર ઉર્દૂ લિપિમાં લખશે, હિંદુ ઘણે ભાગે દેવનાગરીમાં લખશે. "ઘણે ભાગે" શબ્દનો પ્રયોગ કરું છું, કેમ કે હજારો હિંદુ આજ પણ પોતાનું હિંદી ઉર્દૂ લિપિમાં લખે છે, ને કેટલાક તો દેવનાગરી લિપિ જાણતા પણ નથી. છેવટે જ્યારે હિંદુ મુસલમાન વચ્ચે જરા પણ શંકાની નજર નહિ રહે, જ્યારે અવિશ્વાસનાં બધાં કારણો દૂર થયાં હશે, ત્યારે જે લિપિમાં જોર રહેશે તે લિપિ વધારે ભાગે

લખાશે, ને તે રાષ્ટ્રીય લિપિ થશે. દરમ્યાન મુસલમાન ભાઈઓ અને હિંદુ જેને ઉર્દૂ લિપિમાં અરજી લખવી હશે તેની અરજી રાષ્ટ્રના સ્થાનમાં કબૂલ થવી જોઈશે.

પાંચ લક્ષણો ધારણ કરવામાં આ હિંદીની હરીફાઈ કરનારી બીજી એકે ભાષા નથી. હિંદીની બીજી પદવી બંગાળી ભોગવે છે. છતાં બંગાળી ભાઈ પણ બંગાળ બહાર હિન્દીનો ઉપયોગ કરે છે. હિન્દી બોલનારો જ્યાં જાય ત્યાં હિંદીનો ઉપયોગ કરે છે ને તે કોઈને આશ્ચર્યકારક નથી લાગતું. હિંદી ધર્મ-પ્રચારકો, ઉર્દૂ મોલવીઓ, આખા હિન્દુસ્તાનમાં પોતાનાં વ્યાખ્યાનો હિન્દીમાં જ આપે છે, ને અભણ પ્રજા તે સમજી લે છે. અભણ ગુજરાતી પણ ઉત્તરમાં જઈ હિન્દીનો પ્રયોગ થોડો ઘણો કરી લે છે, ત્યારે ઉત્તરનો ભૈયો મુંબઈના શેઠની દરવાનગી કરતો છતો ગુજરાતીમાં બોલવાનો ઇન્કાર કરે છે, ને શેઠ ભૈયાની સાથે ભાંગ્યુંતૂટયું હિન્દી બોલી નાંખે છે. મેં જોયું છે કે, છેક દ્રાવિડ પ્રાંતમાં પણ હિન્દીનો ધ્વનિ સંભળાય છે. મદ્રાસમાં તો અંગ્રેજીથી વ્યવહાર ચાલે એ કહેણુ બરાબર નથી. ત્યાં પણ મેં મારો વ્યવહાર હિન્દીમાં ચલાવ્યો છે. સેંકડો મદ્રાસી ઉતારુને મેં ઇતર વર્ગ સાથે હિન્દીમાં બોલતા સાંભળ્યા છે. વળી મદ્રાસના મુસલમાન ભાઈ તો બરોબર હિન્દી બોલી જાણે છે. સમસ્ત હિન્દુસ્તાનના મુસલમાન ઉર્દૂ બોલે છે એ અહીં ધ્યાનમાં રાખવા જેવું છે ને તેઓની સંખ્યા બધા પ્રાંતોમાં નાનીસૂની નથી.

આમ હિન્દી ભાષા રાષ્ટ્રીય ભાષા તરીકે નિર્માણ થઈ ચૂકી છે. તેને આપણે ઘણાં વર્ષો પૂર્વે રાષ્ટ્રીય ભાષા તરીકે વાપરી છે. ઉર્દૂની ઉત્પત્તિ પણ હિન્દીની એ શક્તિમાં રહેલી છે.

મુસલમાની પાદશાહો ફારસી કે અરબીને રાષ્ટ્રીય ભાષા નહિ બનાવી શક્યા. તેમણે હિન્દી વ્યાકરણ કબૂલ રાખી ઉર્દૂ લિપિ વાપરીને ફારસી શબ્દોનો વિશેષ ઉપયોગ કર્યો. પણ જનસમાજની સાથેનો વ્યવહાર તેનાથી પરદેશી ભાષા વડે ન થઈ શક્યો. આ દશા કંઈ અંગ્રેજી રાજ્યકર્તાને અજાણી નથી. જેને લડાયક વર્ગનો અનુભવ છે તે જાણે છે કે, સિપાહી વર્ગને સારુ સંજ્ઞાઓ હિન્દી કે ઉર્દૂમાં રાખવી પડી છે.

આમ હિન્દી જ રાષ્ટ્રીય ભાષા થઈ શકે એમ આપણે જોઈએ છીએ. છતાં મદ્રાસના શિક્ષિત વર્ગને સારુ એ સવાલ મુશ્કેલીભર્યો છે.

દક્ષિણી, ગુજરાતી, સિંધી, બંગાળીને તો તે ઘણું સહેલું છે. થોડા માસમાં તેઓ હિંદી ઉપર સારો કાબૂ મેળવી રાષ્ટ્રીય કારભાર તેમાં ચલાવી શકે છે.

તામિલ ભાઈઓને તેટલું સહેલું નથી. તામિલાદિ દ્રાવિડ વિભાગની ભાષાઓ છે, ને તેની રચના, તેનું વ્યાકરણ સંસ્કૃતથી જુદાં જ છે. માત્ર શબ્દોની એકતા સિવાય બીજી એકતા સંસ્કૃત ભાષાઓ અને દ્રાવિડ ભાષાઓ વચ્ચે જોવામાં આવતી નથી. પણ આ મુશ્કેલી માત્ર વર્તમાન શિક્ષિત વર્ગને સારુ છે. તેઓના સ્વદેશાભિમાન ઉપર આધાર રાખવાનો ને વિશેષ પ્રયાસ કરી હિંદી શીખી લેવાની આશા રાખવાનો આપણને અધિકાર છે. ભવિષ્યને સારુ તો જો હિન્દીને તેનું પદ મળે; તો દરેક મદ્રાસી નિશાળમાં હિન્દી દાખલ થાય અને મદ્રાસને બીજા પ્રાંતો વચ્ચે વિશેષ પરિચય થવાનો સંભવ પ્રાપ્ત થાય. અંગ્રેજી ભાષા દ્રાવિડ પ્રજામાં પ્રવેશ નથી કરી શકી. પણ હિંદીને પ્રવેશ કરતાં સમય લાગે તેમ નથી. એ પ્રયાસ તેલગુ જાતિ તો આજે પણ કરી રહેલ છે. જો આ પરિષદ રાષ્ટ્રીય ભાષા કઈ થવી જોઈએ એ વિષે એક વિચાર કરી શકે, તો તો કાર્યને સાધવાના ઉપાયો યોજવાની આવશ્યકતા જણાશે. જે ઉપાયો માતૃભાષા વિષે સૂચવ્યા છે તેવા, જોઈતા ફેરફાર સાથે, રાષ્ટ્રીય ભાષા વિષે પણ લાગુ પડી શકે છે. વિશેષમાં ગુજરાતીને કેળવણીનું વાહન કરવામાં આપણે જ મુખ્ય પ્રયાસ કરવો રહેશે. પણ રાષ્ટ્રીય ભાષાની ચળવળમાં તો આખું ભારતવર્ષ ભાગ લેશે.

(ઈ. સ. ૧૯૧૭)

૨. હિંદી સાહિત્ય સંમેલન

આ સંમેલન*નું પ્રમુખપદ આપી આપે મને ઉપકૃત કર્યો છે. હિન્દી સાહિત્યની દૃષ્ટિથી જોતાં, આ સ્થાન માટે મારી યોગ્યતા કંઈ જ નથી, એ હું સારી રીતે જાણું છું. મારો હિન્દી ભાષા ઉપરનો અસીમ પ્રેમ મને આ પદ અપાવવામાં કારણભૂત થયો છે. હું ઉમેદ રાખું છું કે, પ્રેમની પરીક્ષામાં હું હમેશાં ઉત્તીર્ણ થઈશ.

સાહિત્યનો પ્રદેશ ભાષાની ભૂમિ જાણ્યાથી જ નક્કી થઈ શકે છે. જો હિન્દી ભાષાની ભૂમિ કેવળ ઉત્તર પ્રાંત હશે, તો સાહિત્યનો પ્રદેશ સંકુચિત રહેશે. જો હિન્દી ભાષા રાષ્ટ્રીય થશે, તો સાહિત્યનો વિસ્તાર પણ રાષ્ટ્રીય થશે. યથા

---

* આ ભાષણ ઇંદોરમાં મળેલી હિન્દી સાહિત્ય સંમેલનની આઠમી બેઠકના પ્રમુખપદેથી આપવામાં આવ્યું હતું. (ઈ. સ. ૧૯૧૮.)

માધકત્તયા ભાષા. ભાષા-સાગરમાં સ્નાન કરવાને વાસ્તે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણથી પુનિત મહાત્માઓ આવશે. એટલે સાગરનું મહત્ત્વ સ્નાન કરનારાઓને અનુરૂપ હોવું જોઈએ. આ કારણસર સાહિત્યની દૃષ્ટિથી પણ હિન્દી ભાષાનું સ્થાન વિચારણીય છે.

હિન્દી ભાષાની વ્યાખ્યાનો થોડોક ખ્યાલ કરવો આવશ્યક છે. હું ઘણીયે વાર તેની વ્યાખ્યા કરી ચૂક્યો છું કે, હિન્દી ભાષા તે ભાષા છે કે જે ઉત્તરમાં હિન્દુ અને મુસલમાન બોલે છે, અને જે નાગરી કે ફારસી લિપિમાં લખાય છે. આ હિન્દી સાવ સંસ્કૃતમય નથી, તેમ સાવ ફારસી શબ્દોથી ભરપૂર નથી. જે માધુર્ય ગામડિયાની બોલીમાં મને દેખાય છે, તે લખનૌના મુસલમાન ભાઈઓની બોલીમાં કે પ્રયાગજીના પંડિતોની બોલીમાં જણાતું નથી. એ જ ભાષા શ્રેષ્ઠ કહેવાય કે જે જનસમૂહ સહેલાઈથી સમજી શકે. ગામડિયાઓની બોલી બધા સમજે છે. ભાષાનું મૂળ કરોડો મનુષ્યરૂપી હિમાલયમાંથી મળશે, અને તેમાં જ રહેશે. હિમાલયમાંથી નીકળતી ગંગા અનંત કાળ સુધી વહ્યા કરશે, તેમ ગામડિયાની હિન્દીનું ગૌરવ રહેશે; અને જેમ નાના પહાડોમાંથી નીકળતાં ઝરણાંઓ સુકાઈ જાય છે, તેમ જ સંસ્કૃતમય અને ફારસીમય હિન્દીની દશા થશે.

હિન્દુ–મુસલમાન વચ્ચે જે ભેદ કરવામાં આવે છે તે કૃત્રિમ છે. તેવી જ કૃત્રિમતા હિન્દી અને ઉર્દૂ ભાષાના ભેદમાં રહેલી છે. હિન્દુઓની બોલીમાંથી ફારસી શબ્દોનો સર્વથા ત્યાગ કરવો, અથવા મુસલમાનોની બોલીમાંથી સંસ્કૃત શબ્દોનો સર્વથા ત્યાગ કરવો આવશ્યક નથી. એનો સ્વાભાવિક સંગમ, ગંગા-યમુનાના સંગમ જેવો શોભાયમાન અને અચળ રહેશે. હું ઉમેદ રાખું છું કે, આપણે હિન્દી–ઉર્દૂના ઝઘડામાં પડી આપણું બળ ક્ષીણ નહિ કરીએ.

લિપિ બાબત કંઈક તકલીફ જણાય છે. મુસલમાન ભાઈઓ અરબી લિપિમાં જ લખશે, અને હિન્દુઓ ઘણુંખરું નાગરી લિપિમાં લખશે. રાષ્ટ્રમાં બંનેને સ્થાન મળવું જોઈએ. અમલદારોને બંને લિપિનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. એમાં કંઈ કઠિનતા નથી. છેવટે, જે લિપિમાં ઝાઝી સરળતા હશે તેનો વિજય થશે. ભારતવર્ષમાં પરસ્પર વ્યવહાર ચલાવવા વાસ્તે એક ભાષા હોવી જોઈએ, એ વિષે કંઈ સંદેહ નથી. જો આપણે હિન્દી–ઉર્દૂનો ઝઘડો ભૂલી જઈએ, તો આપણે જાણીએ છીએ કે, મુસલમાન ભાઈઓની ઉર્દૂ જ રાષ્ટ્રીય ભાષા છે. આ વાત ઉપરથી આ સહજ સિદ્ધ થાય છે કે, હિન્દી અથવા ઉર્દૂ મોગલ લોકના વખતમાં રાષ્ટ્રીય ભાષા બની રહી હતી. આજે પણ હિન્દીની સ્પર્ધા કરી શકે

એવી બીજી કોઈ ભાષા નથી. હિન્દી–ઉર્દૂ ભાષાનો ઝઘડો છોડી દેવાથી ભાષાનો પ્રશ્ન સરળ થઈ જાય છે. હિન્દુઓને થોડાઘણા ફારસી શબ્દો જાણવા પડશે; ઇસ્લામી ભાઈઓને સંસ્કૃત શબ્દનું જ્ઞાન સંપાદન કરવું પડશે. આવી રીતે લેણદેણ કર્યેથી, હિન્દી ભાષાનું બળ વધી જશે, અને હિન્દુ મુસલમાનોની એકતા કરવા વાસ્તે આપણા હાથમાં એક મોટું સાધન આવી પડશે. અંગ્રેજી ભાષાનો મોહ દૂર કરવા માટે, આટલો વધારે પરિશ્રમ કરવો પડશે કે, આપણે હિન્દી–ઉર્દૂનો ઝઘડો ન ઉઠાવવો. લિપિની તકરાર પણ આપણે ઉઠાવવી ન જોઈએ.

હિન્દી–ઉર્દૂ રાષ્ટ્રીય ભાષા થવી જોઈએ એ વાતનો માત્ર સ્વીકાર કર્યેથી આપણો મનોરથ સિદ્ધ નહિ થઈ શકે. તો, સિદ્ધિ કયા પ્રકારે મળી શકે? જે વિદ્વાનોએ આ મંડપને દીપાવ્યો છે, તેઓ પણ પોતાના વ્યાખ્યાનમાં આપણને આ વિષયમાં જરૂર કંઈક સંભળાવશે. હું તો કેવળ ભાષાના પ્રચાર વિષે કંઈક કહીશ. ભાષાનો પ્રચાર કરવા વાસ્તે હિન્દીના શિક્ષક હોવા જોઈએ. હિન્દી શીખવા ઇચ્છનાર બંગાળી વાસ્તે મેં એક નાનકડું પુસ્તક બંગભાષામાં જોયું છે. તેવું જ એક પુસ્તક મરાઠીમાં છે. બીજી ભાષાઓ બોલનાર માટે આવાં પુસ્તકો મારા જોવામાં નથી આવ્યાં. આ કામ કરવું જેટલું સહેલું છે તેટલું જ તે આવશ્યક છે. મને ઉમેદ છે કે, આ સંમેલન આ કાર્યને શીઘ્રતાથી હાથ ધરશે. આવાં પુસ્તકો વિદ્વાન અને અનુભવી લેખકો પાસે તૈયાર કરાવવાં જોઈએ.

સૌથી વધારે કષ્ટદાયક મામલો દ્રાવિડ ભાષાઓના સંબંધમાં છે. તે વિષે તો જરાયે પ્રયત્ન કરવામાં નથી આવ્યો. હિન્દી ભાષાના શિક્ષકો તૈયાર કરવા જોઈએ. આવા શિક્ષકો બહુ જ થોડા છે. આવો એક શિક્ષક પ્રયાગજીથી આપણા લોકપ્રિય મંત્રી ભાઈ પુરુષોત્તમદાસજી ટંડન મારફત મને મળ્યો છે.

હિન્દી ભાષાનું એક પણ સંપૂર્ણ વ્યાકરણ મારા જોવામાં નથી આવ્યું. જે છે તે અંગ્રેજીમાં વિલાયતી પાદરીઓએ બનાવેલાં હોય છે. આવું એક વ્યાકરણ ડૉ. કેલૉગે રચેલું છે, સંશોધન કરી તૈયાર કર્યું છે. હિન્દની અન્યોન્ય ભાષાઓનો મુકાબલો કરનારાં વ્યાકરણો આપણી ભાષામાં હોવાં જોઈએ. હિન્દીના પ્રેમી વિદ્વાનોને મારી નમ્ર વિનંતિ છે કે આ ખોટ પૂરી પાડે. આપણી રાષ્ટ્રીય સભાઓમાં હિન્દી ભાષાનો ઉપયોગ થવો જોઈએ. કૉંગ્રેસના કાર્યકર્તાઓ અને પ્રતિનિધિઓ દ્વારા આ પ્રયત્ન થવો જોઈએ. મારો અભિપ્રાય છે કે, આ સંમેલન આગામી કૉંગ્રેસના કાર્યકર્તાઓ પાસે આ પ્રાર્થના રજૂ કરે.

આપણી ધારાસભાઓમાં પણ રાષ્ટ્રીય ભાષા દ્વારા કાર્ય કરવું જોઈએ. જ્યાં સુધી આમ નહિ થાય, ત્યાં સુધી પ્રજાને રાજનીતિના કાર્યમાં યોગ્ય તાલીમ નહિ મળે. આપણાં હિંદી વર્તમાનપત્રો આ કાર્ય થોડુંઘણું કરે છે. છતાં, પ્રજાને અનુવાદ મારફત તાલીમ નથી મળી શકતી. આપણી અદાલતોમાં જરૂર રાષ્ટ્રીય ભાષા અને પ્રાન્તીય ભાષાનો પ્રચાર થવો જોઈએ. ન્યાયાધીશ મારફત તાલીમ આપણને સહજ રીતે મળી શકે છે; પરન્તુ તે તાલીમથી પ્રજા આજે રહિત છે.

ભાષાની સેવા જેવી આપણા રાજા મહારાજાઓ કરી શકે, તેવી અંગ્રેજ સરકાર નહિ કરી શકે. મહારાજા હોલ્કરની ધારાસભામાં, કચેરીમાં અને હરેક કામમાં હિન્દીનો અને પ્રાન્તીય બોલીનો જ ઉપયોગ થવો જોઈએ. આવા ઉત્તેજનથી ભાષા બહુ ખીલી શકે છે. આ રાજ્યની પાઠશાળાઓમાં આરંભથી અંત સુધી શિક્ષણ માતૃભાષામાં આપવાનો પ્રયોગ થવો જોઈએ. આપણા રાજા મહારાજાઓ ભાષાની ઘણી ઊંચી સેવા કરી શકે છે. હું ઉમેદ રાખું છું કે, મહારાજા હોલ્કર અને તેમનો અધિકારીવર્ગ આ મોટા કાર્યને ઉત્સાહથી ઉપાડી લેશે.

આવા સંમેલનથી આપણું બધું કાર્ય સફળ થશે, એવી સમજ ભ્રમમૂલક છે. જ્યારે આપણે પ્રતિદિન આ કાર્યની ધૂનમાં જ રહીશું ત્યારે જ આ કાર્યની સિદ્ધિ થઈ શકશે. સેંકડો સ્વાર્થત્યાગી વિદ્વાન આ કાર્યને પોતાનું માનશે ત્યારે જ સિદ્ધિ થવાનો સંભવ છે.

મને ખેદ તો આ થાય છે કે, જે પ્રાંતોની માતૃભાષા હિંદી છે ત્યાં પણ તે ભાષાની ઉન્નતિ કરવા ઉત્સાહ જણાતો નથી. તે પ્રાંતોમાં આપણો શિક્ષિત વર્ગ આપસઆપસમાં પત્રવ્યવહાર અને વાતચીત અંગ્રેજીમાં કરે છે. વાત નાની છે, પરન્તુ તેમાં રહસ્ય બહુ છે. ફ્રાન્સમાં રહેનાર અંગ્રેજ પોતાનો બધો વ્યવહાર અંગ્રેજીમાં જ ચલાવે છે. આપણે આપણા દેશમાં આપણું મહાન કાર્ય વિદેશી ભાષામાં કરીએ છીએ. મારો નમ્ર પરન્તુ દઢ અભિપ્રાય છે કે, જ્યાં સુધી આપણે હિંદીને રાષ્ટ્રીય અને પોતપોતાની પ્રાંતીય ભાષાઓને તેનું યોગ્ય સ્થાન નહિ આપીએ, ત્યાં સુધી સ્વરાજ્યની બધી વાતો નિરર્થક છે. આ સંમેલન દ્વારા ભારતવર્ષના આ મોટા પ્રશ્નનું નિરાકરણ થઈ જાય, એવી મારી આશા અને પ્રભુ પ્રતિ પ્રાર્થના છે.

-(ઈ. સ. ૧૯૧૮)

૩. કૉન્ગ્રેસમાં 'હિંદુસ્તાની'

મદ્રાસ શબ્દ હું અહીં તેના લૌકિક, એટલે કે, આખા મદ્રાસ ઇલાકાના, બધી દ્રવિડ ભાષાઓ બોલતા લોકો, એ અર્થમાં વાપરું છું.*

હું જોઉં છું કે, કૉન્ગ્રેસનું કામકાજ મુખ્યત્વે હિંદુસ્તાનીમાં ચાલ્યું તેથી શ્રી. ઍની બેસંટ નારાજ થયાં, અને એવા આશ્ચર્યજનક નિર્ણય ઉપર તે પહોંચ્યાં છે કે, કૉન્ગ્રેસ આથી કરીને એક રાષ્ટ્રીય મટીને પ્રાંતિક સભા બની ગઈ છે. શ્રી. બેસંટ અને હિંદની તેમણે કરેલી સેવાઓ માટે મને ભારે માન છે. હિંદ માટે સ્વરાજનો વિચાર તેમના જેટલો લોકપ્રિય બીજા કોઈએ કર્યો નથી. આપણામાંના ઉત્તમ અને ઉંમરે નાના લોક પણ એમનો ઉદ્યમ, એમની ધગશ અને એમની સંગઠન શક્તિને પહોંચી ન શકે; અને આ બધું તેમણે હિંદની સેવાર્થે અર્પ્યું છે. પોતાની પ્રૌઢ ઉંમરનો ઉત્તમ ભાગ એમણે હિંદની સેવામાં આપ્યો છે, અને તેમાં તે લોકમાન્ય ટિળકથી કદાચ બીજા નંબરની લોકપ્રિયતા પામ્યાં છે, જે યોગ્ય જ છે. પરંતુ, અત્યારે, ભણેલા હિંદીઓના મોટા ભાગને તેમના વિચારો માન્ય ન હોવાથી, તે કાંઇક લોકમાન્યતામાં ઊતર્યાં છે; અને હિંદુસ્તાનીથી કૉન્ગ્રેસ પ્રાંતિક સભા બની એવા એમના વિચારથી જાહેરમાં જુદા પડતાં મને દુઃખ થાય છે. મારો નમ્ર મત છે કે, આ એક ગંભીર ભૂલ છે, અને તે તરફ ધ્યાન ખેંચવાની મને ફરજ પડે છે.

૧૯૧૫થી, એક છોડી, બધી કૉન્ગ્રેસ બેઠકોમાં હું ગયો છું. તેનું કામકાજ અંગ્રેજીને બદલે હિંદુસ્તાનીમાં ચલાવવાની ઉપયોગિતાની દૃષ્ટિએ મેં તેમનો ખાસ અભ્યાસ કર્યો છે. સેંકડો પ્રતિનિધિઓ અને હજારો પ્રેક્ષકો જોડે મેં વાતો કરી છે; લોક૦ ટિળક અને શ્રી. બેસંટ સુધ્ધાં બધા જાહેર કાર્યકર્તાઓ કરતાં કદાચ વધારે પ્રદેશ હું ફર્યો છું અને અભણ ભણેલા મળીને વધારે લોકોને મળ્યો છું; અને હું સમજપૂર્વક એવા નિર્ણય ઉપર પહોંચ્યો છું કે, રાષ્ટ્રીય કામકાજ ચલાવવા માટે અથવા વિચારવિનિમયને માટે, હિંદુસ્તાનીને છોડીને બીજી એકે ભાષા ભાગ્યે જ રાષ્ટ્રીય માધ્યમ બની શકે એમ છે. (હિંદુસ્તાની એટલે હિંદી અને ઉર્દૂ મળીને નીપજતા સ્વરૂપવાળી ભાષા). તેમ જ, બહોળા અનુભવને આધારે બંધાયેલો એ પણ મારો પાકો મત છે કે, છેલ્લાં બે વર્ષ બાદ કરતાં

(* ૨૧-૧-૧૯૨૦ના 'યંગ ઇંડિયા'માંનો 'અપીલ ટુ મદ્રાસ' એ લેખ.)

બાકીનાં બધાં વરસોમાં કૉન્ગ્રેસનું કામ લગભગ બધું જ અંગ્રેજીમાં ચલાવવાથી રાષ્ટ્રને ઘણું વેઠવું પડ્યું છે. ઉપરાંત હું કહેવા માગું છું કે, એક મદ્રાસ ઇલાકો બાદ કરતાં બીજે બધે, રાષ્ટ્રીય કૉન્ગ્રેસના પ્રેક્ષકો તથા પ્રતિનિધિઓનો મોટો ભાગ અંગ્રેજી કરતાં હિંદુસ્તાનીમાં હમેશ વધારે સમજી શક્યો છે. તેથી કરીને, જે આશ્ચર્યકારક પરિણામ આવ્યું છે તે તો એ છે કે, આ બધાં વર્ષોના લાંબા ગાળામાં કૉન્ગ્રેસ દેખવા પૂરતી જ રાષ્ટ્રીય રહી છે; લોકકેળવણીની ખરી કિંમતથી આંકીએ તો તે કદી રાષ્ટ્રીય નહોતી. દુનિયાનો બીજો કોઈ પણ દેશ હોત તો, આ જાતની સભા, કે જે વર્ષ પ્રતિવર્ષ પોતાની લોકપ્રિયતામાં વધતી જ ચાલી છે, તે, પોતાના ૩૪ વર્ષના આયુષ દરમિયાન, લોકો આગળ તેમની પોતાની ભાષામાં વિધવિધ પ્રશ્નો ચર્ચીને તોડ લાવત, અને એમ કરી તેમને રાજદ્વારી શિક્ષણ આપત. તેથી કરીને, ગઈ કૉન્ગ્રેસ બેઠકની બીજી ઊણપો ભલે ગમે તે હો, પરંતુ તેની અગાઉની બેઠકો કરતાં તે વધારે રાષ્ટ્રીય તો ચોકસ હતી, અને તે એ કારણથી કે, મોટા ભાગના પ્રેક્ષકો તથા પ્રતિનિધિઓ તેનું કામકાજ સમજ્યા હતા. શ્રી. બેસંટથી જો શ્રોતાઓ કંટાળ્યા હતા તો તે એટલા માટે નહીં કે તેઓને તેમનું સાંભળવાની પડી નહોતી કે તેમના પ્રત્યે અવમાન હતું; પણ તે એટલા માટે કે, રસિક અને ભારે કીમતી હોવા છતાં તેમના વ્યાખ્યાનને તે સમજી શકતા નહોતા. અને જેમ જેમ રાષ્ટ્રીય ભાવના જાગતી જશે અને રાજદ્વારી જ્ઞાન અને શિક્ષણની ભૂખ ઊઘડશે, — અને તેમ થવું પણ જોઈએ જ, — તેમ તેમ અંગ્રેજીમાં બોલનારા માટે આમ-શ્રોતાઓના ધ્યાનપાત્ર બનવાનું અઘરું ને અઘરું થતું જશે; ભલે ને પછી તે બોલનાર ગમે તેવો શક્તિશાળી કે લોકપ્રિય કેમ ન હોય. તેથી હું મદ્રાસ ઇલાકાના લોકને વિનંતી કરું છું કે, જાહેર કામ કરનારાઓએ હિંદુસ્તાની શીખવી જોઈએ, એ તમે સમજી લો. મદ્રાસ બહારના શ્રોતાઓ વગર મુશ્કેલીએ હિંદુસ્તાની બોલીવત્તી સમજી શકે છે. દયાનંદ સરસ્વતી ઉત્તર હિંદ બહારના શ્રોતાઓને પોતાના હિંદુસ્તાની વક્તૃત્વથી વશ કરી દેતા હતા, અને સામાન્ય માણસો પણ વગર મુશ્કેલીએ એમનું કહેવું સમજી શકતા હતા. કૉન્ગ્રેસનું કામકાજ અંગ્રેજીમાં ચાલવાને લઈને રાષ્ટ્રને ખરેખર ઘણું ખમવું પડ્યું છે. એનો અર્થ એ થયો કે, ૩૧।। કરોડની વસ્તીમાંથી ફક્ત ૩ કરોડ ૮૦ લાખ ઉપર જેટલા મદ્રાસ ઇલાકાના લોક હિંદુસ્તાની વક્તાને સમજી નથી શકતા. મેં મુસલમાન વસ્તી બાદ કરી છે, કેમ કે મદ્રાસ ઇલાકાના મોટા ભાગના મુસલમાનો હિંદુસ્તાની સમજે છે, એ સૌ જાણે છે. એટલે ત્યારે સવાલ

આ છે:— તે ઇલાકાના ૩૮૦ લાખ માણસોનો ધર્મ શો છે? તેમને માટે હિંદે અંગ્રેજી શીખવું એમ? કે પછી બાકીના ૨૭૭૦ લાખ હિંદીઓને અર્થે તેમણે હિંદુસ્તાની શીખવી જોઈએ? સ્વ. ન્યાયમૂર્તિ કૃષ્ણસ્વામીએ, પોતાની અચૂક સહજબુદ્ધિથી પામી જઈને સ્વીકાર્યું હતું કે, દેશના જુદા જુદા ભાગો વચ્ચેના વહેવાર માટે હિંદુસ્તાની જ એક સંભવિત માધ્યમ છે. અત્યારે કોઈ આ વિધાનનો વિરોધ કરતું હોય તો મને તેની ખબર નથી. હજારો લોકો અંગ્રેજી ભાષાને પોતાનું માધ્યમ બનાવે એ બનવા જોગ નથી, અને બનવા જોગ હોય તોપણ તે જરાય ઇચ્છવા જેવુંય નથી; અને તેનું સાદું કારણ એ છે કે, અંગ્રેજી મારફત મળતું ઉચ્ચ તથા પારિભાષિક જ્ઞાન આમ જનતામાં પહોંચી નહિ શકે; તે તો ત્યારે બને કે, જો એ જ્ઞાનનો પ્રસાર ઉપલા વર્ગોમાં કોઈ દેશીભાષા મારફત થાય. દા. ત., સર જગદીશચંદ્ર બોઝનાં લખાણ બંગાળીમાંથી ગુજરાતીમાં ઉતારવાં એ, હક્સલીના અંગ્રેજીને ગુજરાતીમાં આણવા કરતાં, સહેલું છે.

અને બાકીના હિંદને સારુ મદ્રાસીઓએ હિંદુસ્તાની શીખવી જોઈએ, એ વિધાનનો સાર શો? એનો એટલો જ અર્થ કે, મદ્રાસના જે જાહેર કાર્યકર્તાઓ હિંદ બહાર કામ કરવા ઇચ્છે છે અને મદ્રાસ ઇલાકા બહાર રાષ્ટ્રીય સભાઓમાં ભાગ લેવા ચાહે છે, તેમણે એક વર્ષ રોજ એક કલાક હિંદુસ્તાની શીખવામાં ગાળવો જોઈએ. એક વર્ષના આવા પ્રયત્નને અંતે કેટલાય હજાર મદ્રાસીઓ, ઓછામાં ઓછો, કૉન્ગ્રેસના કામકાજનો સાર તો સમજતા થઈ જઈ શકશે. ઇલાકાના અનેક ભાગમાં હિંદીપ્રચાર કાર્યાલયો તેમની પાસે પડેલાં છે, જ્યાં હિંદુસ્તાની શીખવા ઇચ્છનારને વગર ફીએ તે શીખવવામાં આવે છે. . . .

(યં. ઇં., ૨૧-૧-૧૯૨૦)

૪. અંગ્રેજી વિ. હિંદુસ્તાની

તાજેતરમાં મળેલાં સાહિત્ય સંમેલનનોનું કામકાજ જો કોઈએ નિહાળ્યું હશે તો તેને સ્પષ્ટ થયું હશે કે, આપણી રાષ્ટ્રીય જાગૃતિ માત્ર રાજકારણમાં જ રહેલી નથી. આ સંમેલનોમાં જે ઉત્સાહ દેખાયો તે સારો ફેરફાર બતાવે છે. આપણા રાષ્ટ્રીય જીવનમાં દેશી ભાષાઓને, આપણા વિચારમાં યોગ્ય સ્થાન આપવા લાગ્યા છીએ. રાજા રામમોહનરાયની ભવિષ્યવાણી હતી કે, એક

દહાડો હિંદ અંગ્રેજી બોલતો દેશ બનશે; તે વાતના આજે બહુ સારા ગ્રહો નથી. આપણા કેટલાક જાણીતા માણસો અંગ્રેજીની રાષ્ટ્રભાષા તરીકેની તરફેણ કરવા તરફ ઉતાવળો નિર્ણય બાંધી દે છે. અત્યારે કોર્ટની ભાષા તરીકેની અંગ્રેજીની પ્રતિષ્ઠાથી તે વધારેપડતા ખેંચાઈ જાય છે. પણ તેઓ એ જોવાનું ચૂકી જાય છે કે, અંગ્રેજીની હાલની પ્રતિષ્ઠા આપણને માનપ્રદ નથી, અને સાચા લોકશાહી જુસ્સાના ઉદયને તે પોષક નથી. થોડાક સો અમલદારોની સવડને ખાતર કરોડો માણસોએ એક પરદેશી ભાષા ભણવી પડે એ તો બેહૂદાપણાની હદ છે. ઘણી વાર આપણા ભૂતકાળના ઇતિહાસમાંથી એવું સાબિત કરવા માટે દાખલો આપવામાં આવે છે કે, દેશની મધ્યસ્થ સરકારને મજબૂત કરવા માટે એક રાષ્ટ્રીય ભાષાની જરૂર છે. લોકો માટે સામાન્ય એક માધ્યમની જરૂર વિષે કોઈ વિવાદ નથી. પરંતુ તેવી ભાષા અંગ્રેજી ન હોઈ શકે. અમલદારોએ દેશીભાષાઓ સ્વીકારવી જોઈએ.

અંગ્રેજીવાદીઓને અપીલ થતો બીજો એક ખ્યાલ હિંદનું સામ્રાજ્યમાં સ્થાન છે. સાદા શબ્દોમાં એ દલીલ કહીએ તો તેનો સાર એ છે કે, ૧૨ કરોડથી વધારે નહિ એવા સામ્રાજ્યના બીજા લોકોને ખાતર હિંદના ૩૧ કરોડે પોતાના સામાન્ય માધ્યમ તરીકે અંગ્રેજી સ્વીકારવી.

આ પ્રશ્નના દરેક અભ્યાસીએ પહેલી જે હકીકત ધ્યાનમાં લેવાની છે તે એ કે, દોઢ સદીના બ્રિટિશ રાજ બાદ અંગ્રેજી હિંદની રાષ્ટ્રભાષાનું સ્થાન લેવામાં નિષ્ફળ નીવડી છે. ચોક્સ, એક પ્રકારની ભાંગીતૂટી અંગ્રેજી આપણાં શહેરોમાં આ બાબતમાં ફાવી હોય એવું લાગે છે. પરંતુ આ હકીકતથી તો, જેઓ મુંબઈ કલકત્તા જેવાં શહેરોમાં બેસી આપણા રાષ્ટ્રીય પ્રશ્નનો અભ્યાસ કરવાનું લઈ બેઠા છે તેઓ જ અંજાઈ શકે. અને આખરે એ વસ્તી પણ કેટલી છે? હિંદની વસ્તીના માત્ર ૨.૨ ટકા જ!

અંગ્રેજીવાદીઓ બીજી જે હકીકત ભૂલે છે તે એ છે કે, આપણી ઘણી-ખરી દેશીભાષાઓ આપસમાં મળતી છે, અને તેને પરિણામે, મદ્રાસ ઇલાકા સિવાય બધા પ્રાંતોને હિંદી રાષ્ટ્રભાષા તરીકે ગોઠતી આવે છે. હિંદીના પક્ષનો આ લાભ અને આપણી હાલની રાષ્ટ્રીય જાગૃતિ જોતાં, અંગ્રેજીને આપણે શી રીતે રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી શકીએ? *

(યં. ઇ., ૨૧-૪-૧૯૨૦)

* (દેશી ભાષાઓનો પક્ષ) 'The Cause of the Vernaculars' એ લેખમાંથી.

૫. હિંદી શીખી લો

૧

કોક દહાડો દ્રવીડ ભાઈબહેનો હિંદીનો અભ્યાસ ગંભીરપણે કરવા લાગી જશે, એવો મને ભારે વિશ્વાસ છે. અંગ્રેજી પર કાબૂ મેળવવા જે મહેનત તેઓ કરે છે તેનો આઠમો ભાગ પણ હિંદી શીખવામાં તેઓ કરે, તો બાકીના હિંદનાં દ્વાર આજ તેમને માટે બંધ છે તેને બદલે તેઓ આપણી જોડે એક બનશે, કે જેવા પૂર્વે કદી નહોતા. કોક કહેશે કે, આ દલીલ તો બેઉ બાજુ લાગે છે, એ હું જાણું છું. દ્રવિડ લોકો સંખ્યામાં ઓછા છે; એટલે રાષ્ટ્રની શક્તિની કરકસર એમ સૂચવે કે, હિંદના બાકીના બધા લોકો દ્રવિડી હિંદ સાથે વાત કરી શકવા માટે તામિલ, તેલુગુ, કન્નડ ને મલયાલમ શીખે તેના કરતાં, તેઓએ બાકીના હિંદની સામાન્ય ભાષા શીખવી જોઈએ. તેથી જ કરીને, ગયા ૧૮ માસથી, અલ્હાબાદના હિંદી સાહિત્ય સંમેલનના આશરા તળે, જોરથી હિંદી પ્રચારનું કામ મદ્રાસ ઇલાકામાં ચાલે છે. ગયે અઠવાડિયે મુંબઈમાં અગરવાલ મારવાડી સંમેલન મળેલું, તેને મેં અપીલ કરી તેના જવાબમાં તેણે ત્યાં ને ત્યાં રૂ. ૫૦,૦૦૦, મદ્રાસ ઇલાકામાં પાંચ વર્ષ હિંદી પ્રચારકામને માટે, ઉઘરાવી આપ્યા. . . . આ ઉદારતાથી અલ્હાબાદના સંમેલનની તથા જે દ્રવિડ લોકો મારા મતના છે કે, પૂર્ણ રાષ્ટ્રીય વિકાસને ખાતર મદ્રાસે હિંદી શીખી લેવું જોઈએ, તે બધાની જવાબદારી વધી જાય છે. કોઈ દ્રવિડ એમ ન વિચારે કે, હિંદી શીખવું જરાય અઘરું છે. રોજના મનોરંજનના સમયમાંથી જો પદ્ધતિસર થોડો વખત કાઢવામાં આવે, તો એક વર્ષમાં સામાન્ય માણસ હિંદી શીખી લઈ શકે. એમ પણ સૂચવવાની હામ ભીડું છું કે, હવે મોટી મ્યુનિસિપાલિટીઓ પોતાની શાળાઓમાં હિંદીનો વૈકલ્પિક અભ્યાસ દાખલ કરે. અનુભવ પરથી હું કહી શકું છું કે, દ્રવિડ બાળકો અજબ સરળતાથી હિંદી શીખી લે છે. દક્ષિણ આફ્રિકામાં વસતા લગભગ બધા તામિલ–તેલુગુ–ભાષીઓ સમજપૂર્વક હિંદીમાં વાતચીત કરી શકે છે, એ તો કોકને જ ખબર હશે. તેથી હું હિંમતભેર આશા સેવું છું કે, મદ્રાસના યુવાનો મફત હિંદી શીખવાની જે સવડ ઉદાર મારવાડીઓએ આપી છે તેની કદર કરશે — એટલે કે, તે સવડનો લાભ ઉઠાવશે.

(યં. ઇ., ૧૬–૬–'૨૦)

૨

હિંદની બીજી કોઈ ભાષા ન શીખવાનો બંગાળને પૂર્વગ્રહ છે તેથી, અને દ્રવિડ લોકોને હિંદુસ્તાની શીખવાની મુશ્કેલીને લઈને, હિંદુસ્તાની ન જાણવાથી, હિંદના બાકીના ભાગથી અલગ પડી જતા પ્રાંતો બે છે — બંગાળ અને મદ્રાસ. સામાન્ય બંગાળી માણસ રોજ ત્રણ કલાક જો હિંદુસ્તાની શીખવા પાછળ આપે તો, ખરેખર બે માસમાં તે શીખી લે; અને તે જ વેગથી દ્રવિડ માણસને ૬ માસ લાગે. તેટલા જ વખતમાં બંગાળી કે દ્રવિડી અંગ્રેજી કરી લેવાની આશા ન રાખી શકે. હિંદુસ્તાની જાણનાર કરતાં અંગ્રેજી જાણનારા હિંદીની સંખ્યા ઓછી છે. અંગ્રેજી જાણ્યે તે ઓછી સંખ્યા જોડે જ વિનિમયનાં દ્વાર ઊઘડે. ત્યારે, હિંદુસ્તાનીનું કામચલાઉ જ્ઞાન તો ઘણી મોટી સંખ્યામાં આપણા દેશ-ભાઈઓ જોડે વિનિમય કરવાની શક્તિ આપે. હું આશા રાખું છું કે, બંગાળી અને દ્રવિડ ભાઈઓ આવતી કૉન્ગ્રેસમાં હિંદુસ્તાનીનું કામચલાઉ જ્ઞાન મેળવીને આવશે. આપણી સૌથી મોટી સભા જો જનતાના વધારેમાં વધારે લોકો જે ભાષા સમજે તેમાં ન બોલે, તો જનતાને માટે તે ખરેખરો ઘડો લેવા લાયક ન બની શકે. દ્રવિડ ભાઈઓની મુશ્કેલી હું સમજું છું; પરંતુ માતૃભૂમિ માટેના તેમના પ્રેમ અને ઉદ્યમ આગળ કશું અઘરું નથી.

(યં. ઇ., ૨–૨–’૨૧)

૬. હિંદુસ્તાની ‘નવજીવન’

‘નવજીવન’ની હિંદી આવૃત્તિ કાઢવાની જવાબદારી હું લઉં એવી ઉત્કંઠા કેટલાક હિંદી-ભાષી મિત્રો ધરાવે છે. એ કરવા હું પોતેય આતુર છું. પણ અત્યાર સુધી તે બની શક્યું નથી. ‘નવજીવન’ અને ‘યંગ ઇંડિયા’ના સંપાદનને પહોંચી વળવાનું કામ જ પૂરતું મુશ્કેલ છે. પરંતુ હું મારા વિચારો અને સિદ્ધાંતો પર ફિદા છું એમાં શંકા નથી. મારો દૃઢ મત છે કે, હિંદને સારુ તે સારા છે, અને પૂરી નમ્રતાથી કહું તો, સૌને માટે તે સારા છે. અને તેથી કરીને હું મિત્રો અને કાર્યકર્તાઓના, હિંદી આવૃત્તિ કાઢવાના દબાણને વશ થાઉં છું. મને ખબર છે કે, અનેક હિંદી અનુવાદો દેશના જુદા જુદા ભાગોમાં બહાર પડે છે. પરંતુ ઇચ્છા એવી છે કે, ‘નવજીવન’ અને ‘યંગ

ઇંડિયા'માંથી પસંદ કરેલા લેખોનો સત્તાવાર ને સરળ અનુવાદ એક પત્રમાં ભેગો મળી જાય. એ કામ હવે કરવામાં આવે છે.

આ આવૃત્તિની હિંદી ભાષા ખરેખર હિંદુસ્તાની — એટલે કે, હિંદુ મુસલમાન બેઉને સમજાય એવા સાદા શબ્દોવાળી, હિંદી અને ઉર્દૂ મળીને નીપજતા સ્વરૂપની ભાષા હશે. તેમાં અલંકાર ટાળવાનો પ્રયત્ન કરવામાં આવશે. ખરું જોતાં તે જ લખાણુ સાથોસાથ ઉર્દૂ લિપિમાં છપાવીને આપવાનું મને ગમે; પણ તે હાલ તો ન થઈ શકે. . . .

યં. ઇં. ૧૮–૮–'૨૧

[હિંદુસ્તાની પ્રચાર સભા (ઇ. સ. ૧૯૪૨) આજે જે કાર્ય કરી રહી છે તેના સંબંધમાં, ઉપરની 'યંગ ઇંડિયા'ની નોંધ શ્રી. કાકાસાહેબ કાલેલકરે ગાંધીજીને મોકલી આપી હતી. 'હરિજનબંધુ'ના તા. ૯–૮–૧૯૪૨ના અંકમાં તેમાંથી ઉતારીને ગાંધીજીએ તે ઉપર જે ટૂંકી નોંધ કરી હતી તે અહીં સાથે જ જોઈ લેવી ઠીક પડશે. તે નોંધ આમ છે:]

જે વિચારો આજે હું દર્શાવી રહ્યો છું તથા જેના ઉપર વિશેષ ભાર મૂકી રહ્યો છું, તે જ વિચારો મેં વરસો પહેલાં દર્શાવ્યા હતા, એ વસ્તુની આ ઉતારો મને તેમ જ વાચકોને યાદ આપે છે. તે એ કે, મોટી સંખ્યામાં લોકોએ એકસરખી સુગમતાથી હિંદી તથા ઉર્દૂ બોલતા અને લખતા થઈ જવું જોઈએ. . . .

(હ. બં., ૯–૮–'૪૨)

૭. સ્વરાજની જરૂરિયાત

[બેલગામ કોન્ગ્રેસના પ્રમુખપદેથી આપેલા ભાષણમાં 'સ્વરાજની રૂપરેખા' આંકતાં જણાવેલી તેની જરૂરિયાતોમાં રાષ્ટ્રભાષા અંગે કહેલો ફકરો અહીં ઉતાર્યો છે.]

પ્રાંતિક સરકારોની, ધારાસભાઓની તેમ જ અદાલતોની ભાષા ચોક્કસ મુદતની અંદર તે તે પ્રાંતની જે ભાષા હોય તે કરી નાંખવી; સૌથી વડી અદાલત (પ્રિવી કાઉન્સિલ)ની ભાષા હિન્દુસ્તાની રાખવી અને લિપિ દેવનાગરી અગર ફારસી. મધ્યવર્તી સરકાર તેમ જ ધારાસભાની ભાષા પણ હિંદુસ્તાની રાખવી. આંતરરાષ્ટ્રીય રાજ્યપ્રકરણની ભાષા અંગ્રેજી રાખવી.

મને ઉમેદ છે કે, ઉપલી રૂપરેખામાં મારી દૃષ્ટિએ મેં રજૂ કરેલી સ્વરાજ્યની કેટલીક જરૂરિયાતોને લગતા મારા ખ્યાલોને શેખસલ્લીના ગણી

તમે હસી નહિ જ કાઢો. મેં ઉપર ગણાવેલી વસ્તુઓ લેવા અગર ઉપાડવા આજે આપણામાં જોઈતી તૈયારી કદાચ નહિ હોય, પણ આપણામાં સંકલ્પબળ છે? કંઈ નહિ તો આવો, આપણે એવું સંકલ્પબળ તો કેળવીએ જ. . . .

(ન. જી.નો વધારો, ૨૬-૧૨-'૨૪)

૮. કાનપુર કૉન્ગ્રેસનો ઠરાવ

[કાનપુર કૉન્ગ્રેસમાં (ઇ. સ. ૧૯૨૫) નીચે પ્રમાણે ઠરાવ થયો હતો :]

આ કૉન્ગ્રેસ ઠરાવે છે કે, (બંધારણની કલમ ૩૩મીને નીચે મુજબ સુધારવામાં આવે કે,) કૉન્ગ્રેસ, મહાસમિતિ તથા કાર્યવાહક સમિતિનું કામકાજ સામાન્ય રીતે હિંદુસ્તાનીમાં ચલાવવામાં આવશે. જો વક્તા હિંદુસ્તાનીમાં ન બોલી શકે એમ હોય, અથવા જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે, અંગ્રેજી કે કોઈ પ્રાંતીય ભાષા વાપરી શકાશે.

પ્રાંતિક સમિતિઓનું કામકાજ સામાન્ય રીતે તે તે પ્રાંતની ભાષામાં ચલાવવામાં આવશે. હિંદુસ્તાનીનો ઉપયોગ પણ કરી શકાય.

[આ ઠરાવની નોંધ લેતાં ગાંધીજીએ 'યં. ઇ.' તથા 'ન. જી.'માં નીચે પ્રમાણે લખ્યું હતું :]

હિંદુસ્તાનીના ઉપયોગ બાબતનો ઠરાવ લોકમતમાં મોટી પ્રગતિ કરનારો છે. આપણું કામકાજ હજી સુધી ઘણે ભાગે અંગ્રેજી ભાષામાં ચલાવવું પડે છે એ વસ્તુ પ્રતિનિધિઓ તથા મહાસમિતિના સભ્યોના મોટા ભાગને માટે ચોક્કસ નિર્દયપણું છે. કોક દહાડો તો આપણે છેવટના નિર્ણયે પહોંચવું જ જોઈએ. જ્યારે તેમ થશે, ત્યારે અમુક વખત તો કેટલીક અગવડ, કેટલોક હૈયાબળાપો થશે જ. પરંતુ જેટલું જલદી આપણું કામકાજ હિંદુસ્તાનીમાં ચલાવવા લાગીએ, તેટલું રાષ્ટ્રીય વિકાસને માટે તે સારું જ થશે.

(યં. ઇ., ૭-૧-'૨૬)

• બને તેટલે દરજ્જે હિંદી ઉર્દૂનો જ મહાસભામાં ઉપયોગ થવો જોઈએ એ ઠરાવ મહત્ત્વનો ગણાય. તેને જો મહાસભાના બધા સભ્યો માન આપે, તો ગરીબોને મહાસભાના કાર્યમાં રસ આવે.

(ન. જી., ૩-૧-'૨૬)

૯. સભાઓની ભાષા

૧

આમ-જનતા માટે સામાન્ય માધ્યમની ભાષા હિંદી કે હિંદુસ્તાની છે, અંગ્રેજી નહિ, એ વસ્તુ સભા ગોઠવનારાઓને વારંવાર યાદ આપવાની જરૂર લાગે છે. મેં જોયું છે કે, આ પ્રવાસમાં મને ઘણે પ્રસંગે અંગ્રેજીમાં માનપત્રો અપાય છે; ૧૯૨૧માં એવું નહોતું. આની બેહૂદગી ઝરિયાના ખાણિયાઓના માનપત્ર વખતે ઉઘાડી તરી આવી. હજારોની એમની સભામાં ભાગ્યે ૫૦ જણ અંગ્રેજી સમજી શકતા હશે; ત્યાં અંગ્રેજીમાં મને માનપત્ર વાંચી સંભળાવવા પ્રયત્ન થયો! મોટી સંખ્યાના લોક સરળતાથી હિંદી સમજત, અને બંગાળી તો ઘણા સમજત. તેમના મહાજનના પદવીધારીઓ બંગાળના હતા. મારા ખ્યાલથી જો અંગ્રેજી કર્યું હતું, તો તે સાવ બિનજરૂરી હતું. બંગાળીમાં માનપત્ર લખી મને હિંદી કે અંગ્રેજી અનુવાદ તેઓ આપી શકત. પરંતુ, તે મોટી સભાને માથે અંગ્રેજી મારવું એ તો એમનું અપમાન થાત. મને આશા છે કે એવો વખત આવી રહ્યો છે કે, જો કામકાજ એવી ભાષામાં ચલાવાય કે જેને મોટા ભાગના લોક ન સમજે તો તેમણે એવી સભાઓ છોડી ચાલ્યા જવું જોઈએ. આ બાબતમાં મેં પ્રમુખનું ધ્યાન ખેંચ્યું કે તરત વિનયથી તેમણે તે વંચાઈ ગયું છે એમ માનીને સભા આગળ ચાલવા દીધી, એ તેમને માટે સારું કહેવાય. આ બનાવ સૌને ધડો લેવા લાયક બનો; ખાસ કરીને આંધ્ર, તામિલનાડ, કેરળ અને કર્ણાટકમાં. તેમની મુશ્કેલીની મને ખબર છે. પરંતુ હવે તો છેલ્લાં ૭ વર્ષથી તેમને ત્યાં હિંદીપ્રચાર માટે એક સબળી સંસ્થા કામ કરે છે. તેમનાં માનપત્રો તે તે પ્રાંતની ભાષામાં હોય ને મને તેનો હિંદી અનુવાદ અપાય. દ્રવિડ પ્રદેશ માટે મેં હમેશ અપવાદ રાખ્યો છે, અને ત્યાંના લોકે ઇચ્છા બતાવતાં મેં અંગ્રેજીમાં ભાષણ કર્યાં છે. પણ મને જરૂર લાગે છે કે, મોટી જાહેર સભામાં તેમણે અંગ્રેજી છોડવા માટે સમય હવે આવી લાગ્યો છે. ખરું જોતાં, જનતામાં ઝપાટાબંધ પ્રગતિ કરવાનો માર્ગ આપણા અંગ્રેજી-ભાષી નેતાઓ રોકી રહ્યા છે; તેઓ હિંદી શીખતા નથી. શીખનારા દરરોજ જો ત્રણ કલાક તે પાછળ આપે, તો દ્રાવિડ પ્રદેશમાંય તે ત્રણ માસની અંદર સહેલાઈથી આવડી જાય. આમાં જેને શંકા હોય તેઓ હિંદીપ્રચાર કાર્યાલયને

અજમાવી જુએ. . . . હિંદુસ્તાનના ૨૦ કરોડ ઉપર લોક જે ભાષા સમજે છે તેને ન જાણવા માટે, આળસ કે નામરજી વિના બીજું કોઈ બહાનું નથી.

યં. ઇ., ૨૦–૧–'૨૭

૨

[છત્રપુર (જિલ્લો ગંજામ)માં આપેલા ભાષણમાંથી]

. . . આ ગામડામાં પણ મને અંગ્રેજીમાં ભાષણ આપવાની શિફારસ થઈ હતી; આ મને દેશની પુત્રીઓ પ્રત્યે દ્રોહ, અને પરદેશી ભાષા પ્રત્યે ખોટો મોહ બતાવે છે. અંગ્રેજી પ્રત્યે મને દ્વેષ નથી, પણ હું હિંદીને એકલીને રાષ્ટ્રભાષા તરીકે માનું છું, એટલે તેને માટે મને વધારે પ્રેમ છે. અને એ જ કારણે હું હિંદુસ્તાનના શિક્ષિત વર્ગોને હિંદી રાષ્ટ્રભાષા બનાવવાનો આગ્રહ કરી રહ્યો છું. હિંદીની મારફતે જ આપણે બીજા પ્રાંતોની ભાષાઓની સાથે સંબંધમાં આવી શકીએ એમ છીએ, અને તેની પ્રગતિ કરી શકીએ એમ છીએ. પરદેશી ભાષા દ્વારા શીખવાને લીધે આપણાં બુદ્ધિ અને હૃદયનો વિકાસ બંધ ન થઈ ગયો હોત, તો આપણે દેશની પાંચ છ ભાષાઓ સહેજે શીખી શક્યા હોત.

ન. જી., ૧૮–૧૨–'૨૭

૩

[કરાંચીનાં વેપાર-ઉદ્યોગનાં મંડળોના સંઘના વાર્ષિક સમારંભ (ઈ. સ. ૧૯૩૧) નિમિત્તે આપેલા પ્રાસ્તાવિક ભાષણમાંથી]

મારા અંગ્રેજ મિત્ર મને માફ કરશે કે, હું તમારી આગળ રાષ્ટ્રભાષામાં જ મારે જે કહેવાનું છે તે કહીશ. આ પ્રસંગે મને ૧૯૧૮માં યુદ્ધપરિષદ આ જ સ્થાને થયેલી તે યાદ આવે છે. જ્યારે યુદ્ધપરિષદમાં ભાગ લેવા વિષે અતિશય ચર્ચા કર્યા પછી હું કબૂલ થયો, ત્યારે મેં તેમને વિનંતી કરેલી કે, પરિષદમાં મને હિંદી અથવા હિંદુસ્તાનીમાં બોલવાની છૂટ આપવામાં આવે. આ વિનંતી કરવાની કશી જરૂર નહોતી એ હું જાણું છું, છતાં વિનયની ખાતર એ આવશ્યક હતું, નહિ તો વાઇસરોયને આઘાત પહોંચત. તરત જ તેમણે મારી વિનંતી સ્વીકારી અને ત્યારથી મને આ બાબતમાં વધારે હિંમત આવી. અને આજે એ જ સ્થાને હું એ જ પ્રથાનો અમલ કરવાનો છું. અને વ્યાપારીસંઘના સભ્યોને પણ હું નમ્રતાપૂર્વક સૂચવીશ કે, દેશીઓના આ સંઘમાં જ્યારે દેશીઓની સાથે જ તમારે કામ લેવાનું છે અને આજકાલનું વાતાવરણ તમારી ઉપર અસર કરી રહ્યું છે ત્યારે, તમારો ધર્મ છે કે, તમે તમારું કામકાજ રાષ્ટ્રીય ભાષામાં

ચલાવો. પ્રમુખ મહાશયનું વ્યાખ્યાન હું અતિશય ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. એ સાંભળતાં જ મને થયું કે, એ વ્યાખ્યાનની અસર આ સભા ઉપર કરવા ચહાતા હો અથવા મારા હૃદય ઉપર કરવા ચહાતા હો, તો વિદેશી ભાષાથી એ શી રીતે થઈ શકે? હિંદુસ્તાન સિવાય બીજા ગમે તે આઝાદ કે ગુલામ દેશમાં જાઓ તોપણ અહીંની વિચિત્ર દશા ભાગ્યે જ ક્યાંય જોવાની મળશે. દક્ષિણ આફ્રિકા જેવડા નાનકડા દેશમાં અંગ્રેજી અને ડચ ભાષા વચ્ચે દ્વંદ્વ ચાલ્યું, અને આખરે પરિણામ એ આવ્યું કે, અંગ્રેજો અને ડચ લોકો વચ્ચે સમજૂતી થઈ અને બંને ભાષાને સરખું સ્થાન આપવામાં આવ્યું. બહાદુર ડચ લોકો પોતાની માતૃભાષા છોડવા તૈયાર નહોતા. . . .

ન. જી, ૧૨-૪-'૩૧

૧૦. એક લિપિનો પ્રશ્ન

કેટલાક વખત પહેલાં એક ગુજરાતી પત્રલેખકે 'નવજીવન'ને એક પત્ર લખી સલાહ આપી હતી કે, તમારે 'નવજીવન' દેવનાગરીમાં છાપવું જોઈએ અને એ દ્વારા આખા ભારતવર્ષ માટે એક લિપિની આવશ્યકતા છે એવી તમારી માન્યતાને વ્યવહારમાં ઉતારી બતાવવી જોઈએ. બધી હિંદી ભાષાઓ માટે એક જ લિપિ હોવી જોઈએ અને તે દેવનાગરી જ હોઈ શકે, એવો મારો દૃઢ વિશ્વાસ છે. છતાં 'નવજીવન'માંની મારી નોંધમાં જણાવેલાં કારણોસર હું એ પત્રલેખકની સલાહને અનુસરી શક્યો નથી.* એ કારણોની અહીં પુનરુક્તિ કરી એના પર

* નવજીવન પુ ૮, પૃ. ૩૩૯ ઉપર આપેલાં કારણો નીચેના ઉતારા પરથી જણાશે:

"જો 'નવજીવન'ના વાંચનારાઓનો ઘણો મોટો ભાગ 'નવજીવન' દેવનાગરી લિપિમાં પસંદ કરે તો હું 'નવજીવન' દેવનાગરીમાં છાપવાની ચર્ચા સાથીઓ સાથે તુરત કરું. વાંચનારનો અભિપ્રાય જાણ્યા વિના પહેલ કરવાની મારી હિંમત નથી.

એક લિપિના પ્રચાર કરતાં, જે પ્રશ્નોનો મેં વર્ષો થયાં વિચાર કર્યો છે અને જે પ્રશ્નો હું અતિશય મહત્ત્વના ગણું છું, તેનો પ્રચાર ઘણો વધારે અગત્યનો ગણું છું. 'નવજીવને' ઘણાં સાહસ ખેડયાં છે. પણ તે બધાં મૌલિક સિદ્ધાંતોને અંગે દેવનાગરી લિપિને અર્થે 'નવજીવન'ના પ્રચારને હાનિ પહોંચાડવાનું સાહસ હું ન ખેડું.

'નવજીવન' વાંચનાર વર્ગમાં ઘણી બહેનો છે, કેટલાક પારસી છે, કેટલાક મુસલમાન છે. એ બધાંને દેવનાગરી લિપિ અશક્ય નહિ તો મુશ્કેલ તો પડે જ, એવો

અહીં હું ભાર દેવાની જરૂર નથી જોતો. પરંતુ દેશમાં આવેલી મહાન રાષ્ટ્રીય જાગૃતિ આ વિચારને માત્ર લોકપ્રિય કરવાની જ નહિ, પણ એ દિશામાં કંઈક સંગીન કરવાની આપણને જે તક આપે છે, તે આપણે ઝડપી લેવી જોઈએ, એ વિષે શંકા નથી. હિંદુ-મુસ્લિમ ગાંડપણ, બેશક, પરિપૂર્ણ સુધારાના માર્ગની આડે આવે છે. પરંતુ દેવનાગરી લિપિ હિંદમાં સાર્વત્રિક થઈ જાય ત્યાર પહેલાં, સંસ્કૃત અને દ્રાવિડી કુળની બધી ભાષાઓ માટે એક જ લિપિ રાખવી એવો હિંદુ હિંદનો વિચાર થઈ જવો જોઈએ. અત્યારે તો આપણે ત્યાં બંગાળમાં બંગાળી લિપિ, પંજાબમાં ગુરુમુખી, સિંધમાં સિંધી, ઉત્કલમાં ઊડિયા, ગુજરાતમાં ગુજરાતી, આંધ્રમાં તેલુગુ, તામિલનાડમાં તામિલ, કેરળમાં મલયાલમી, કર્ણાટકમાં કર્ણાટકી (કન્નડી) છે; અને તેમ બિહારમાં કૈથી અને દક્ષિણમાં મોડીની વાત તો વળી છોડો. જો આ બધી લિપિઓને સ્થાને બધાં વ્યવહારુ અને રાષ્ટ્રીય કામોમાં દેવનાગરીને સ્થાપી શકાય, તો એ ઘણી મોટી પ્રગતિનું પગલું ભર્યું ગણાય. હિંદુ હિંદની એકતામાં એથી મદદ થાય અને જુદા જુદા પ્રાંતો પણ પરસ્પર એથી નિકટતર સંબંધમાં આવે. જુદી જુદી દેશી ભાષાઓનું અને લિપિઓનું જેને કાંઈ પણ જ્ઞાન છે તે સ્વાનુભવ પરથી જાણે છે કે, નવી લિપિને હસ્તામલકવત્ કરવામાં કેટલો વખત જાય છે. બેશક, પોતાના દેશપ્રેમની ખાતર કશું મુશ્કેલ નથી, અને જુદી જુદી લિપિઓ, તેમાંની કેટલીક તો ઘણી સુંદર છે, તેની પર કાબૂ મેળવવામાં ખર્ચેલો સમય કોઈ પણ રીતે નિરર્થક ખર્ચ્યો ન જ ગણાય. પરંતુ આ ત્યાગભાવનાની લાખો લોકો પાસે આશા રખાય એમ નથી. રાષ્ટ્રીય નેતાઓએ એમને માટે માર્ગ સરળ કરવો જોઈએ. એથી હિંદુસ્તાન માટે આપણી પાસે એક સહેલાઈથી બંધબેસતી કરી શકાય એવી સાર્વત્રિક લિપિ હોવી જોઈએ, અને દેવનાગરી સિવાય કોઈ લિપિ એટલી બંધબેસતી કરી શકાય એવી તૈયાર નથી. આ જ હેતુ પાર પાડવા માટે એક અખિલ ભારતીય મંડળ છે વા હતું. એ અત્યારે શું કરે છે એની મને ખબર નથી. પરંતુ જો આ કામ કરવાનું જ હોય તો કાં તો એ મૂળ મંડળને મજબૂત

મને ભય છે. જો મારી આ ગણતરી ખરી હોય, તો મારાથી 'નવજીવન' દેવનાગરી લિપિમાં ન છાપી શકાય. દેવનાગરી લિપિનો પ્રચાર મારો ખાસ વિષય ન હોવાથી, તેમાં મારાથી પહેલ કરવાનું જોખમ ન ખેડી શકાય, એમ મને લાગે છે. ગુજરાતી 'નવજીવન' દેવનાગરી લિપિમાં છપાય તોપણ હિંદી નવજીવનની આવશ્યકતા તો રહે જ. તેના વાંચનાર ગુજરાતી ન સમજી શકે."

કરવું જોઈએ કે કાં તો આ કામ માટે એક નવું મંડળ સ્થાપવું જોઈએ. હિંદી વા હિંદુસ્તાનીનો રાષ્ટ્રભાષા તરીકે ફેલાવો કરવાની હિલચાલ સાથે આને ગૂંચવી ન નાખવી જોઈએ. એ કામ ઘણું ધીમું ધીમું પણ સ્થિરતાથી ચાલી જ રહ્યું છે. એક લિપિનો વપરાશ એક ભાષાના ફેલાવાને સરળ બનાવશે. પરંતુ એ બંનેનું કામ અમુક હદ સુધી જ સાથે સાથે ચાલશે. હિંદી વા હિંદુસ્તાનીની યોજના પ્રાંતિક ભાષાઓનું સ્થાન લેવાની નથી; એનો હેતુ એમાં પૂર્તિ કરવાનો અને આંતરપ્રાંતીય ઉપયોગમાં આવવાનો છે. જ્યાં સુધી હિંદુ-મુસ્લિમ વિદ્વેષ ચાલુ છે ત્યાં સુધી એ ફારસી લિપિમાં લખાયેલી અને ફારસી યા અરબી શબ્દોના વધારાપડતા ભરાવાવાળી ઉર્દૂનું વા દેવનાગરીમાં લખાયેલી અને સંસ્કૃત શબ્દોના વધારે ભરાવાવાળી હિંદીનું રૂપ લે છે. પણ જ્યારે બંને કોમોનાં હૃદય એક થશે, ત્યારે એક જ ભાષાનાં એ બે રૂપો એકબીજામાં મળી જશે, અને એ બેના પરિણામરૂપ એવી, પોતાના પૂર્ણ વિકાસ અને અર્થશક્તિ માટે આવશ્યક હોય એવા સંસ્કૃત, ફારસી, અને અરબી વા બીજા શબ્દોવાળી એક ભાષા આપણને મળશે.

પરંતુ જુદા જુદા પ્રાંતોના લોકો પ્રાંતિક ભાષાઓ સહેલાઈથી શીખી શકે એટલા માટે એક લિપિની યોજના તો બીજી બધી લિપિઓને નિઃશંકપણે સ્થાનભ્રષ્ટ કરવા માટે છે. આ હેતુ સાધવાનો સારામાં સારો માર્ગ એ છે કે, પ્રથમ તો, ગુજરાતમાં છે એમ, હિંદભરની બધી શાળાઓમાં, વિશેષ નહિ તો હિંદુઓ માટે તો, દેવનાગરી શિક્ષણ ફરજિયાત કરી દેવું, અને પછી જુદી જુદી દેશી ભાષાઓના અગત્યના સાહિત્યને દેવનાગરીમાં છપાવવું. અમુક પ્રમાણમાં આવો પ્રયત્ન ક્યારનો થઈ પણ ચૂક્યો છે. દેવનાગરીમાં છાપેલી ગીતાંજલિ મેં જોઈ છે. પરંતુ એ પ્રયત્ન મોટા પ્રમાણ પર કરવાની જરૂર છે. વળી આવાં પુસ્તકોના ફેલાવા માટે પ્રચારકામ પણ કરવું જોઈએ. હિંદુ-મુસલમાનનો મેળ કરવા માટે કોઈ પણ રચનાત્મક સૂચના કરવી અત્યારે તો ફેશન બહાર ગણાય છે, એ હું જાણું છું. છતાં આ પત્રમાં મેં કહ્યું છે તે મારાથી ફરી કહ્યા વિના રહેવાતું નથી કે, પોતાના મુસલમાન ભાઈઓની નજીક આવવું હોય તો હિંદુઓએ ઉર્દૂ શીખવું જોઈએ અને પોતાના હિંદુ ભાઈઓની નજીક આવવું હોય તો મુસલમાનોએ હિંદી શીખવું જોઈએ. હિંદુ અને મુસલમાનોની સાચી એકતામાં જેને શ્રદ્ધા છે એમણે એકબીજા તરફના તિરસ્કારના અત્યારના ભયંકર ઉદ્ગારો અને વર્તનથી ગભરાવાની જરૂર નથી. શ્રદ્ધાની જો કાંઈ કિંમત હોય તો જેમનામાં

એ હોય તેમણે જ્યારે જ્યારે શક્ય હોય ત્યારે ત્યારે પરસ્પર ઉદારતા, પ્રેમ અને સભ્યતાનાં સર્વ કાર્યો, કોઈને ઘૂસણરૂપ ન લાગે એમ પણ સક્રિયતાથી, કરવાં રહ્યાં. અને એકબીજાની ભાષા શીખવી એ એ દિશામાં ભરી શકાય એવું ઓછામાં ઓછું પગલું છે. ભાવિક મુસલમાનોએ લખેલી ઘણી સારી કિતાબો દ્વારા મુસલમાનો કુરાન અને પયગંબર વિષે શા વિચારો ધરાવે છે એ હિંદુઓએ જાણવું; અને એટલાં જ સારી રીતે લખાયેલાં ભાવિક હિંદુઓનાં પુસ્તકો દ્વારા હિંદુઓ ગીતા અને શ્રીકૃષ્ણ વિષે શા વિચારો ધરાવે છે એ મુસલમાનોએ જાણવું, એ શું તે તે પક્ષોએ અજ્ઞાન અને ધર્માંધ નિંદકોએ લખેલાં એકબીજાનાં ધર્મ-પુસ્તકો અને એના પ્રેરકો વિષે લખેલી તમામ ખરાબ વસ્તુઓ જાણવા કરતાં સારું નથી?*

યંગ ઇંડિયા, ૧૪–૭–'૨૭

૧૧. શિક્ષણમાં રાષ્ટ્રભાષાનું સ્થાન

૧

"ઘણી રાષ્ટ્રીય સંસ્થાઓમાં હજી પણ માતૃભાષા અને હિંદી ભાષા પ્રત્યે દુર્લક્ષ રહ્યાં કરે છે. ઘણા શિક્ષકોને પણ હજી માતૃભાષા મારફત અગર હિંદુસ્તાની મારફત શિક્ષણ આપવાની અગત્ય સમજાઈ નથી. આનંદની વાત છે કે, શ્રી. ગંગાધરરાવે રાષ્ટ્રીય શિક્ષણમાં રસ લેનારાઓની એક સભા બોલાવી છે. . . ."

(બેલગામ કોન્ગ્રેસના વ્યાખ્યાનમાંથી, ન. જી., ૨૬-૧૨-'૨૪)

---

* આ જગાએ, ગાંધીજીએ કાંગડી ગુરુકુલમાં મળેલી રાષ્ટ્રીય શિક્ષણ પરિષદને પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાં જણાવેલો નીચેનો વિચાર પણ જોવા જેવો છે:

"સંસ્કૃત શીખવાની દરેક હિંદી વિદ્યાર્થીની ફરજ છે. હિંદુઓની તો છે જ, પણ મુસલમાનોની પણ, કારણ આખરે તો તેમના વડવા પણ રામ અને કૃષ્ણ હતા, અને તેમને ઓળખવા માટે સંસ્કૃત જાણવું જોઈએ. પણ મુસલમાનોની સાથે સંબંધ રાખવાને માટે તેમની ભાષા જાણવાની હિંદુઓની પણ ફરજ છે. આજે આપણે એકબીજાની ભાષાથી ભાગતા ફરીએ છીએ, કારણ આપણે પાગલ બન્યા છીએ. એકબીજા પ્રત્યે દ્વેષ અને ભય રાખવાનું જે સંસ્થા શીખવે છે તે રાષ્ટ્રીય નથી જ એમ ખચીત માનજો." (ન. જી., ૨૭–૩–૧૯૨૭)

૨

ટ્રિપ્લિકેન, મદ્રાસ, માં હિંદુ હાઈસ્કૂલમાં સર ટી. વિજયરાઘવાચારિયર 'હિંદના શિક્ષણમાં હિંદીનું સ્થાન' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપે એ બીના જમાનાની નિશાની છે, અને છેલ્લાં સાત વર્ષથી મદ્રાસની હિંદી પ્રચાર સભા જે પ્રચારકામ કરે છે તેની સિદ્ધિની સાબિતીરૂપ છે. હિંદના ૩૦ કરોડ લોકમાંથી ૧૨ કરોડ હિંદી બોલે છે ને બીજા ૮ કરોડ તે સમજે છે, તથા દુનિયામાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાં હિંદી ત્રીજે નંબરે છે, 'એ વસ્તુ જ પોતે, દરેકે હિંદી શીખવી જોઈએ એનું સંગીન કારણ છે' — એ બતાવવામાં વ્યાખ્યાતાને કશી મુશ્કેલી ન પડી. "તે ભાષા ઠીક શીખવાને માટે ૭ માસનો સમય પૂરતો છે," એમ એ વિદ્વાન વક્તાએ કહ્યું તે બરોબર છે. તેમણે દલીલ કરી કે, "હિંદના શિક્ષણમાં હિંદીને ફરજિયાત સ્થાન મળવું જોઈએ. શાળા, કૉલેજ અને યુનિવર્સિટીમાં ફરજિયાત અભ્યાસની ભાષા એ હોવી જોઈએ." અને અંતે તેમણે કહ્યું, "એ દહાડો ક્યારે આવે કે જ્યારે પહેલા આપણે હિંદી ને પછી મદ્રાસી કે બંગાળી હોઈએ! એને માટે આપણે સૌ ઉત્કંઠ છીએ. આ બાબતમાં બડા ગુનેગાર હોય તો મદ્રાસી છે. તેઓ જો મોટી સંખ્યામાં હિંદી શીખવા માંડે, તો એ દહાડો વહેલો આવે."

હિંદી શીખવા માટે દક્ષિણવાસીઓ માટે હિંદી પ્રચાર સભાની પૂરતી બધી સવડો તૈયાર છે. એટલે પોતાના પ્રાંત પેઠે જો આપણને હિંદ માટે સાચો પ્રેમ હોય, તો જરૂર વગર ઢીલે આપણે સૌ હિંદી શીખીએ, અને એ નામોશીમાંથી બચીએ કે, આપણી લોકપ્રિય સભા જે મહાસમિતિ તેનું કામકાજ કુલ નહિ તોય મોટે ભાગે અંગ્રેજીમાં ચલાવીએ છીએ. મેં ઘણી વાર કહ્યું છે તે ફરીને કહું છું કે, હિંદી વાટે પ્રાંત-ભાષાઓને દબાવવાનો મારો ઇરાદો નથી, પરંતુ હું તેમાં હિંદીને ઉમેરવા ચાહું છું કે જેથી પ્રાંતો એકમેકનો જીવંત સંપર્ક સ્થાપી શકે. આનું પરિણામ એ પણ આવવું જોઈએ કે, પ્રાંતભાષાઓ ને હિંદી બેઉ એથી સમૃદ્ધ બને.

(યં. ઇ., ૨૩–૮–'૨૮)

૧૨. કરાંચી મહાસભાનો ઠરાવ

૧

[કરાંચી મહાસભાએ સ્વરાજ્યમાં નાગરિકોના મૂળ હકો જણાવતો જે ઠરાવ કરેલો તેમાંનો સંસ્કૃતિ, ધર્મ, ભાષા, લિપિ ઇ૦ બાબતોને લગતો ભાગ નીચે આપ્યો છે:]

“. . . મહાસભા જાહેર કરે છે કે, તેના તરફથી જે કોઈ બંધારણ કબૂલ કરવામાં આવે તેમાં આટલી બાબતોનો સમાવેશ થવો જોઈએ અથવા સ્વરાજ સરકારને તેનો અમલ કરવાની શક્તિ મળવી જોઈએ:

૧. પ્રજાના મૂળ હક્કો, જેમાં નીચેના તો હોવા જ જોઈએ: . . . (ગ) અંતરાત્માને અનુસરવાની, અને પ્રજાકીય સુલેહશાંતિ અને સદાચારની આડે ન આવે એવી રીતે ધાર્મિક માન્યતાની અને આચરણની સ્વતંત્રતા, (ઘ) નાની કોમોની સંસ્કૃતિ, ભાષા અને લિપિઓની રક્ષા, . . . (ચ) કોઈ પણ શહેરીને તેનાં ધર્મ, ન્યાતજાત કે માન્યતા અથવા લિંગભેદને કારણે જાહેર નોકરીમાં, સત્તા કે માનના હોદ્દામાં, અને કોઈ પણ વેપાર કે ધંધો કરવામાં કશી અડચણનો અભાવ. . . .

૨. ધર્મની બાબતમાં સરકારની નિષ્પક્ષતા. . . .”

(ન. જી., ૫-૪-'૩૧)

૨

[તે ઠરાવ પર બોલતાં ગાંધીજીએ ઉપરની બાબતો વિષે કરેલો ઉલ્લેખ નીચે મુજબ હતો:—]

નાની કોમોની ભાષાલિપિની રક્ષા કરવામાં આવશે એમ આમાં જણાવ્યું છે. મુસલમાનોની સભ્યતા કંઈક અનોખી છે એમ મુસલમાનો માને છે — જોકે મારી દૃષ્ટિએ હિંદી ઉર્દૂ સભ્યતા બંને સરખી છે. કુરાન અને મહાભારતમાં મને જુદી જુદી વસ્તુ નથી મળતી, પણ એક જ મળે છે. પણ મુસલમાનો પોતાની સભ્યતાને નિરાળી વસ્તુ માને છે, એટલે આપણે સહિષ્ણુતા કેળવીએ, આત્મનિરીક્ષણ કેળવીએ. એટલે આપણે તો મુસલમાનોની ખાતર ઉર્દૂ શીખવાનો પ્રયત્ન કરીએ, લિપિ પણ જાણીએ. સ્વરાજ આવ્યા પછી આપણે આનો કાયદો કરીએ તો એ કુદરતી વાત થઈ પડે, એટલે આજથી જ આપણે એ વાત આપણા દિલમાં સમજી લઈએ.

(ન. જી., ૫-૪-'૩૧)

૧૩. એક 'તપ'નું સરવૈયું*

તામિલ નાડ પરિષદની સાથે જ હિંદી પ્રચાર પરિષદ ભરાઈ એ સુચિહ્ન હતું. દક્ષિણ ભારતના લોકોએ આવતે વરસે હિંદી બોલીને સમજી શકે એવા પ્રતિનિધિઓ મોકલવાનું વચન આપેલું છે. આપણે કૃત્રિમ સ્થિતિમાં ન જીવતા હોત તો દક્ષિણમાં વસતા લોકોને હિંદી શીખવામાં કષ્ટ ન લાગત, વ્યર્થતા તો ન જ જણાત. હિંદીભાષી પ્રજાને દક્ષિણની ભાષાઓ શીખવાની જરૂર છે તેના કરતાં દક્ષિણવાસીઓને હિંદી શીખવાની જરૂર અવસ્ય વધારે છે. આખા હિંદમાં હિંદી બોલનાર અને સમજનારની સંખ્યા દક્ષિણની ભાષા બોલનારના કરતાં બમણી છે. પ્રાંતીય ભાષા કે ભાષાઓના બદલામાં નહિ પણ તેના ઉપરાંત પ્રાંત પ્રાંત વચ્ચેના સંસર્ગ માટે એક સર્વસામાન્ય ભાષા હોવી જોઈએ. એ તો હિંદી–હિંદુસ્તાની જ હોઈ શકે. કેટલાક જેઓ પોતાના મનમાંથી લોકસમૂહને બાતલ કરી નાખે છે તેઓ અંગ્રેજીને હિંદીની જોડાજોડ ચાલનારી નહિ પણ એકમાત્ર શક્ય રાષ્ટ્રભાષા ગણે છે. પરદેશી ઝૂંસરીની મોહિની ન હોત તો આ વાત કલ્પનામાં પણ ન આવત. જેમને રાષ્ટ્રીય કાર્યમાં વધુ ને વધુ ભાગ લેવો પડવાનો છે તેવા દક્ષિણના લોકસમૂહને માટે કઈ ભાષા શીખવી વધારે સહેલી છે — પોતાની ભાષાઓ અને જેની વચ્ચે ઘણા શબ્દો સમાન છે અને જે તેમને એકદમ લગભગ આખા ઉત્તર હિંદ સાથે સંસર્ગમાં આણે છે એવી હિંદી, કે મૂઠીભર લોકોના વાપરની સર્વાંશે વિદેશી એવી અંગ્રેજી? આ પસંદગીનો ખરો આધાર માણસની સ્વરાજની કલ્પના પર રહેલો છે. સ્વરાજ જો અંગ્રેજી બોલનાર હિંદીઓનું, તેમને માટે જ થવાનું હોય, તો બેશક અંગ્રેજી જ રાષ્ટ્રભાષા હોય. પણ સ્વરાજ જો ભૂખે મરતાં કરોડોનું, નિરક્ષર કરોડોનું, નિરક્ષર બહેનોનું, દલિત અંત્યજોનું અને તે સૌને માટે થવાનું હોય, તો હિંદી એ જ એકમાત્ર રાષ્ટ્રભાષા થઈ શકે એમ છે. તેથી, જેઓ મારા જેવા વિચારના છે તેઓ, ગયાં બાર વર્ષના વ્યવસ્થિત પ્રચારકાર્યને પરિણામે હિંદીએ જે ભારે પ્રગતિ કરી છે, તેના અહેવાલને વધાવી લેશે :

"હિંદી શીખવા માંડનાર	૪,૦૦,૦૦૦
હિંદીનું કામચલાઉ જ્ઞાન મેળવનાર	૨,૫૦,૦૦૦

* 'દક્ષિણમાં હિંદી પ્રચાર' એ નામનો લેખ આ છે.

હિંદીની પરીક્ષાઓમાં બેસનાર	૧૧,૦૦૦
પરીક્ષાઓમાં પાસ થનાર	૧૦,૦૦૦
હિંદી પ્રચાર સભાએ પોતાના છાપખાનામાં છાપેલી વાચનમાળાની ચોપડીઓ	૩,૦૦,૦૦૦
તેમાંથી વેચાયેલી	૨,૫૦,૦૦૦
પ્રસિદ્ધ કરેલી ચોપડીઓના પ્રકાર	૬૫
(આ તમામ ચોપડીઓની અનેક, અને તેમાંની એકની બાર, આવૃત્તિઓ થયેલી છે.)	
આજ સુધીમાં હિંદી જ્યાં શીખવાઈ છે એવાં કેન્દ્રો	૪૦૦
અત્યારે ચાલતાં કેંદ્રો (કુલ)	૧૫૦
સીધા અંકુશ તળે ચાલતાં કેન્દ્રો	૨૫
ફેબ્રુઆરી, '૩૧માં જ્યાં પરીક્ષા લેવાયેલી એવાં કેંદ્રો	૧૧૩
તાલીમ પામેલા શિક્ષકો	૨૫૦
આજ સુધી ભેગું કરેલું અને ખર્ચેલું દ્રવ્ય	રૂ. ૨,૫૦,૦૦૦
ઉત્તર ભારતમાંથી ભેગું કરેલું	રૂ. ૧,૫૫,૦૦૦
દક્ષિણ ભારતમાંથી ,,	રૂ. ૯૫,૦૦૦"

આપણે આશા રાખીએ કે, આ મંગલ વર્ષમાં આ પ્રગતિનો વેગ હજુ પણ વધશે અને તેને માટેનું બધું ધન દક્ષિણમાંથી જ મળી રહેશે. રાષ્ટ્રભાષા શીખવાની અને ભારતવર્ષને અખંડ અને એકરૂપ બનાવવાની દક્ષિણની ઉત્કંઠાની એ કસોટી થશે.

ન. જી., ૨૧–૬–'૩૧

૧૯. આગળનું પગલું

[૧૯૧૮માં હિંદી સાહિત્ય સંમેલનની ઇંદોર બેઠક બાદ ગાંધીજીએ દક્ષિણ ભારતમાં રાષ્ટ્રભાષા પ્રચારકામ ઉપાડ્યું. તેના ઉત્તમ ફળનો ખ્યાલ ગયા લેખમાં કાંઈક મેળવ્યો. તા. ૨૦–૪–૧૯૩૫ ઇંદોરમાં તે સંમેલનની ૨૪મી બેઠક થઈ, ત્યારે ગાંધીજી બીજી વાર તેના પ્રમુખ થયા. અને તે સ્થાનેથી આગળ હવે શું કરવું તેની ઝાંખી કરાવી. ૧૯૧૮ જેમ ૧૯૩૫ની આ શરૂઆત રાષ્ટ્રભાષાપ્રચારના કામમાં નોખો પડી આવતો તબક્કો ગણાય. પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાનનો નીચે આપેલો ભાગ તે દર્શાવે છે.]

ઈશ્વરની ગતિ ગહન છે. ઓકટોબર માસમાં હું આ બોજો ટાળતો હતો. આ પદ પૂજનીય માલવીયજી મહારાજનું હતું. પણ એમની તબિયત બગડવાને

લીધે, અને એમને વિદેશ જવું હતું તેથી, તેમણે રાજીનામું મોકલ્યું. બીજો પ્રમુખ ચૂંટવામાં તમને કંઈક મુસીબત હતી. મારું નામ તો સ્વાગત સમિતિની આગળ હતું જ. મારી આગળ જ્યારે સ્વાગત સમિતિના સંકટની વાત કરવામાં આવી, ત્યારે હું લાચાર થઈ ગયો અને આ પદ સ્વીકારવાની મેં હા પાડી.

એ હા પાડવાનું મારી પાસે બીજું કારણ તો હતું જ. ગયે વરસે જ્યારે મારી પાસે આ અધિવેશનનું પ્રમુખપદ લેવાની માગણી આવી, ત્યારે મેં દક્ષિણ ભારતના હિંદી પ્રચારને માટે બે લાખ રૂપિયા માગ્યા. પણ આજકાલ બે લાખ રૂપિયા એ કામને માટે કોણ આપે? 'હાં, પ્રયત્ન કરીશું. આપ પ્રમુખપદ લેશો તો સફળતા મળશે' — એવી એવી સમિતિની વાતોમાં ફસાઈ જાઉં એવો ભોળો હું ક્યાં હતો? મેં તો બે લાખની બાંયધરી માગી. મેં જાણ્યું કે, એને લીધે મિત્રોએ મને છોડી દીધો.

પણ ભગવાનને તો બીજી જ વાત કરવી હતી. એને મારી મારફતે હિંદી પ્રચારની કંઈક વધારે સેવા લેવી હતી. માલવીયજી મહારાજ ન આવી શક્યા. ઈશ્વર એમને શતાયુ કરે. મેં આપનાં અધિવેશનોના અહેવાલો થોડાક જોયા છે. પહેલવહેલું અધિવેશન સન ૧૯૧૦માં થયેલું. એના પ્રમુખ માલવીયજી મહારાજ જ હતા. એમના કરતાં મોટો હિંદીપ્રેમી ભારતવર્ષમાં આપણને ક્યાંયે નહિ મળે. તેઓ આજ પણ આ પદ પર હોત તો કેવું સારું થાત! એમનું હિંદી પ્રચારનું ક્ષેત્ર ભારતવ્યાપી છે; એમનું હિંદીનું જ્ઞાન ઉત્કૃષ્ટ છે.

મારું ક્ષેત્ર બહુ મર્યાદિત છે. મારું હિંદી ભાષાનું જ્ઞાન નહિ જેવું છે. તમારી પ્રથમ પરીક્ષામાં હું પાસ ન થઈ શકું. પણ હિંદી ભાષા પ્રત્યેનો મારો પ્રેમ કોઈનાથી ઊતરે એવો નથી. મારું ક્ષેત્ર દક્ષિણમાં હિંદી પ્રચારનું છે. સન ૧૯૧૮માં તમારું અધિવેશન અહીં થયેલું, ત્યારથી દક્ષિણમાં હિંદીપ્રચારના કામનો આરંભ થયો છે. એ કામ ત્યારથી ઉત્તરોત્તર વધતું જ ગયું છે. ધનના અભાવને કારણે એ રોકાવું ન જોઈએ. . . .

તમે પૂછશો કે, કેવળ દક્ષિણમાં હિંદીપ્રચારને માટે કેમ? મારો ઉત્તર એ છે કે, દક્ષિણ ભારત કંઈ નાનો મુલક નથી. એ તો એક મહાદ્વીપ જેવો છે. એમાં ચાર પ્રાંત અને ચાર ભાષાઓ છે: તામિલ, તેલુગુ, મલયાળી અને કાનડી. વસ્તી લગભગ સવા સાત કરોડની છે. આટલા માણસોમાં જો આપણે હિંદી પ્રચારની જડ જમાવી શકીએ તો બીજા પ્રાંતોમાં પણ ઘણી સરળતા થઈ જશે.

જોકે હું આ ભાષાઓને સંસ્કૃતની પુત્રીઓ માનું છું, તોપણ એ હિંદી, ઊડિયા, બંગાળી, આસામી, પંજાબી, સિંધી, મરાઠી ને ગુજરાતીથી ભિન્ન છે. એમનું વ્યાકરણ હિંદીથી છેક જુદું છે. એમને સંસ્કૃતની પુત્રીઓ કહેવામાં મારો આશય એટલો જ છે કે, એ બધીમાં સંસ્કૃત શબ્દો પૂરતા પ્રમાણમાં છે, અને જ્યારે સંકટ આવી પડે છે ત્યારે તે સંસ્કૃત માતાને પોકાર કરે છે ને તેના નવા શબ્દરૂપી દૂધ પીએ છે. પ્રાચીન કાળમાં એ ભલે સ્વતંત્ર ભાષાઓ હોય; પણ હવે તો તે સંસ્કૃતમાંથી શબ્દો લઈને પોતાનું ગૌરવ વધારી રહી છે. એને સંસ્કૃતની પુત્રીઓ કહેવાનાં બીજાં પણ કેટલાંક કારણો છે; પણ એને અત્યારે જવા દઈએ.

ગમે તેમ હો, એટલી વાત તો નિર્વિવાદ છે કે, દક્ષિણમાં હિંદીપ્રચાર એ સૌથી કઠણ કામ છે. છતાં, અઢાર વરસમાં ત્યાં વ્યવસ્થિતપણે જે કામ થયું છે તેને પરિણામે, આટલાં વરસમાં ૭ લાખ દક્ષિણવાસીઓએ હિંદીમાં પ્રવેશ કર્યો; ૪૨,૦૦૦ પરીક્ષામાં બેઠા; ૩,૨૦૦ જગાએ હિંદીનું શિક્ષણ અપાયું, ૬૦૦ શિક્ષક તૈયાર થયા, અને આજે ૪૩૦ જગાએ કામ ચાલી રહ્યું છે. સન ૧૯૩૧થી સ્નાતક પરીક્ષા પણ શરૂ થઈ, અને આજે સ્નાતકોની સંખ્યા ૩૦૦ની છે. ત્યાં હિંદીની ૭૦ ચોપડીઓ તૈયાર થઈ, ને મદ્રાસમાં એની આઠ લાખ નકલો છપાઈ. ૧૭ વરસ પહેલાં દક્ષિણની એકે હાઈસ્કૂલમાં હિંદી શીખવવામાં આવતી નહોતી, પણ આજે ૭૦ હાઈસ્કૂલમાં હિંદી શીખવાય છે. બધા મળીને ૭૦ કાર્યકર્તા એમાં કામ કરે છે. આજ સુધી આ પ્રયાસમાં ચાર લાખ રૂપિયા ખરચાયા છે, તેમાંના અડધાથી કંઈક ઓછા રૂપિયા દક્ષિણમાંથી મળ્યા છે. અહીં એક વાત કહેવી જરૂરની છે. કાકાસાહેબ એમના નિરીક્ષણ પછી કહે છે કે, દક્ષિણમાં બહેનોએ હિંદીપ્રચારને માટે ઘણું કામ કર્યું છે. તેઓ એનો મહિમા સમજી ગઈ છે. તેઓ એટલે સુધી ભાગ લઈ રહી છે કે, કેટલાક પુરુષોને એવી ચિંતા થવા લાગી છે કે જો સ્ત્રીઓ આ રીતે ઉદ્યમી બનશે તો ઘર કોણ સંભાળશે?

આટલી પ્રગતિ સંતોષજનક માની શકાય? આવા વૃક્ષને આપણે હજુ વધારે વધારવું ન જોઈએ? આજે જ્યારે મને આ સ્થાન આપવામાં આવ્યું છે ત્યારે પણ જો હું આ સંસ્થાને ચિરસ્થાયી બનાવવાનો પ્રયત્ન ન કરું, તો મારા જેવો મૂર્ખ કોણ ગણાય? મને બીજી વાર આ પદ લેવાનો કંઈ પણ અધિકાર હોય તો તે કેવળ મારા દક્ષિણના હિંદીપ્રચારને લીધે જ છે. ભલે એ

કાર્યમાં મેં કોઈ હોદ્દો લઈને કામ ન કર્યું હોય; પણ હરહાલતમાં એ વૃક્ષનું સિંચન કરવામાં તો મેં પૂરતો ભાગ લીધો જ છે. . . . .

મેં આપને આ સંસ્થાની ઊજળી બાજુ જ બતાવી છે. એની મતલબ એ નથી કે એની કાળી બાજુ છે જ નહિ.

"જડ ચેતન ગુણદોષમય, વિશ્વ કીન્હ કરતાર;
સંત હંસ ગ્રહહિં પય, પરિહરિ વારિવિકાર."

નિષ્ફળતા પણ સારી પેઠે મળી છે. બધા કાર્યકર્તા સારા જ નીકળ્યા એમ પણ ન કહી શકાય. બધું કામ આરંભથી અંત સુધી સારું જ રહેત તો જરૂર આથીયે સુંદર પરિણામ આવી શકત. પણ એટલું તો કહી જ શકાય કે, બીજા પ્રાંતોના હિંદીપ્રચારની સાથે આની તુલના કરવામાં આવે તો આ કામ અદ્વિતીય ગણાય.

હવે રહી એક લાખના ખરચની વાત. 'આ ખરચ આ સંમેલનના પ્રયાગમાં આવેલા મુખ્ય કાર્યાલયમાંથી થવાની જરૂર નથી? એમ ન થાય તો એથી આ સંમેલનનું અપમાન નહિ થાય?' આ પ્રશ્નોના જવાબમાં મારે નમ્રપણે એ કહેવાનું છે કે, એમાં અપમાનની વાત જ નથી. આ સંમેલન ન હોત તો દક્ષિણ ભારત હિંદીપ્રચાર સભા પણ ન હોત. સન ૧૯૧૮માં આ જ શહેરમાં આ જ સંમેલનની છાયામાં એ સંસ્થાનો ઉદ્‌ભવ થયો. તે પછીના ઇતિહાસમાં જવાની જરૂર નથી. અંતમાં એ સંસ્થાને સંમેલને સ્વતંત્ર બનાવી, અથવા એમ કહો કે 'ડોમીનિયન સ્ટેટસ' આપી દીધું. એથી સંમેલનનું ગૌરવ વધ્યું જ છે, ઓછું નથી થયું. સંમેલનની સાથે સંબંધ રાખનારી બધી સંસ્થાઓ સ્વાવલંબી બની જાય તો એથી વધારે હર્ષની વાત સંમેલનને માટે કઈ હોઈ શકે? તમારી પાસેથી એક લાખ રૂપિયાની જે ભિક્ષા માગવામાં આવે છે તે આ સ્વતંત્ર સંસ્થાને માટે છે. એને પણ ઝંડો તો આ સંમેલનનો જ ફરકાવવાનો છે.

પણ તો પછી એ પ્રશ્ન ઊઠે ખરો કે, શું બીજા પ્રાંતોની વાત છોડી દેવી? શું બીજા પ્રાંતોમાં હિંદી પ્રચારની આવશ્યકતા નથી? અવશ્ય છે. મને દક્ષિણ પ્રત્યે પક્ષપાત નથી, કે બીજા પ્રાંતો પ્રત્યે દ્વેષ નથી. મેં બીજા પ્રાંતોને માટે પણ પૂરતો પ્રયત્ન કર્યો છે; પણ કાર્યકર્તાઓના અભાવને લીધે ત્યાં એટલી શું, થોડી પણ સફળતા નથી મળી શકી. બિચારા બાબા રાઘવદાસ ઉત્કલ, બંગાળ અને આસામમાં હિંદીપ્રચારને માટે અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. કંઈક

સફળતા પણ મળી છે, પણ એને નહિ જેવી માનવી જોઈએ. જે કંઈ પણ મદદ એમને મારાથી અપાવી શકાય એમ હતું, તે અપાવવાનો પ્રયત્ન પણ મેં કર્યો છે. બાબાજી (એટલે બાબા રાઘવદાસ)ની મારફતે આસામમાં ગોહાટી, જોરહટ, શિવસાગર અને નવગાંવમાં પ્રયત્ન ચાલી રહ્યો છે. ત્યાં ૧૬૦ વિદ્યાર્થી ભણે છે. બે વિદ્યાર્થી અને બે વિદ્યાર્થિનીઓને છાત્રવૃત્તિ આપીને કાશી વિદ્યાપીઠ અને પ્રયાગના મહિલા વિદ્યાપીઠમાં ભણવા મોકલવામાં આવ્યાં છે. એક આસામી ભાઈ બરહજ (જિ. ગોરખપુર)માં હિંદી ભણે છે ને ત્યાંના લોકોને આસામી ભણાવે છે. આસામી પ્રતિષ્ઠિત લોકો આ પ્રચારકાર્યમાં ઓછો રસ લે છે. જે મદદ બાબાજીને મળી છે તે એક જ વરસને માટે છે.

ઉત્કલમાં કટક, પુરી અને બરહમપુરમાં કંઈક પ્રયત્ન ચાલી રહ્યો છે. ઉત્કલને વિષે એક મોટી આશાજનક વાત એ છે કે, શ્રી. ગોપબંધુ ચોધરી અને એમનાં ધર્મપત્ની રમાદેવી હિંદીપ્રચારમાં ઘણો રસ લે છે. પોતાનાં બાળકોને પણ એમણે હિંદીનું ઠીક ઠીક જ્ઞાન આપ્યું છે. એ સહુ આજકાલ ગામડામાં રહીને એવી જ રચનાત્મક સેવા કરે છે. એવા કેટલાક બીજા પણ ત્યાગી કાર્યકર્તા ઉત્કલમાં છે. એટલે ઉત્કલમાં હિંદીપ્રચારની આશા અવશ્ય રાખી શકાય.

બંગાળમાં તો એક સમિતિ પણ બની હતી; બધું થયું હતું. હિંદી પર પ્રેમ રાખનાર બંગાળીઓ પણ ઘણા છે. શ્રી. રામાનંદબાબુ શ્રી. બનારસીદાસ ચતુર્વેદીની મદદથી 'વિશાલ ભારત' પ્રસિદ્ધ કરે છે. એ કંઈ નાનીસૂની વાત નથી. કલકત્તામાં હિંદીપ્રેમી મારવાડી સજ્જનો પણ ઓછા નથી. તોપણ બંગાળમાં જે કંઈ થઈ રહ્યું છે તે બહુ જ ઓછું ગણાવું જોઈએ.

પંજાબની વાત હું જવા દઉં છું, કેમ કે પંજાબમાં ઉર્દૂ તો સહુ સમજે છે. ત્યાં તો કેવળ લિપિની વાત રહી જાય છે. એ પ્રશ્ન પર વિચાર કરવાને માટે કાકાસાહેબના પ્રમુખપદ નીચે લિપિપરિષદ ભરવાની છે, એટલે એ વિષે હું કંઈ કહેવા ઇચ્છતો નથી. હવે રહ્યા સિંધ, મહારાષ્ટ્ર, અને ગુજરાત. એ ત્રણ પ્રાંતોમાં જે કંઈ થઈ રહ્યું છે તે ભાગ્યે જ ઉલ્લેખ કરવા જેટલું હોય. પણ મને ઉમેદ છે કે, આ જ સંમેલનમાં આપણે ત્યાંને માટે પણ કંઈ ને કંઈ રચનાત્મક કાર્ય કરવાનો નિશ્ચય કરીશું.

ખરી મુસીબત તો એ છે કે, સંમેલનના ઉદ્દેશોમાં તો અન્ય પ્રાંતોમાં હિંદીપ્રચારને મોટું સ્થાન આપવામાં આવ્યું છે, પણ મારું એ કહેવું અનુચિત નહિ ગણાય કે, સંમેલને જેટલું જોર પરીક્ષાઓ પર દીધું છે તેટલું આ પ્રચારકાર્ય

પર નથી આપ્યું. મારી વિનંતી છે કે, આ સંમેલનમાં આપણે આ વિષે ધ્યાનપૂર્વક વિચાર કરીને આ બાબતમાં કંઈક સ્પષ્ટ નીતિ ગ્રહણ કરવી જોઈએ.

મારો અભિપ્રાય એવો છે કે, અન્ય પ્રાંતોમાં હિંદીપ્રચારને સંમેલનનું મુખ્ય કાર્ય બનાવવું જોઈએ. જો હિંદીને રાષ્ટ્રભાષા બનાવવી હોય તો પ્રચારકાર્ય સર્વવ્યાપી અને સુસંગઠિત હોવું જ જોઈએ. આપણે ત્યાં શિક્ષકોનો અભાવ છે. સંમેલનના મુખ્ય મથકમાં હિંદી શિક્ષકોને માટે એક વિદ્યાલય હોવું જોઈએ. તેમાં એક તરફ હિંદી પ્રાંતવાસી શિક્ષકો તૈયાર કરવામાં આવે, અને તેમને જે પ્રાંતને માટે તેઓ તૈયાર થવા માગે તે પ્રાંતની ભાષા શીખવવામાં આવે; અને બીજી બાજુ બીજા પ્રાંતોના વિદ્યાર્થીઓને પણ દાખલ કરીને તેમને હિંદી ભણાવવામાં આવે. એવો પ્રયાસ દક્ષિણને માટે તો કરવામાં આવ્યો પણ હતો; એને પરિણામે આપણને પંડિત હરિહર શર્મા અને હૃષીકેશ મળ્યા.

તમે જાણો છો કે, મારી સલાહથી કાકાસાહેબ કાલેલકર દક્ષિણમાં પ્રચારકાર્યનું નિરીક્ષણ કરવા અને પંડિત હરિહર શર્માને મદદ કરવા ગયા હતા. એમણે તામિલનાડ, મલબાર, ત્રાવણકોર, મૈસૂર, આંધ્ર અને ઉત્કલ સુધી ભ્રમણ કર્યું, હિંદીપ્રેમીઓને મળ્યા, અને કંઈક ધન પણ ભેગું કર્યું. એ પ્રવાસમાં એમણે જોયું કે, કેટલાક લોકો એમ માને છે કે, આપણે પ્રાંતીય ભાષાઓનો નાશ કરીને હિંદીને આખા ભારતવર્ષની એકમાત્ર ભાષા બનાવવા માગીએ છીએ. આ ગેરસમજથી ભરમાઈને તેઓ આપણા પ્રચારનો વિરોધ પણ કરે છે. મને લાગે છે કે, આપણે આ બાબતમાં આપણી નીતિ વિષે ખુલાસો કરીને આવી ગેરસમજો દૂર કરવી જોઈએ. હંમેશાં હું માનતો આવ્યો છું કે, આપણે કોઈ પણ સ્થિતિમાં પ્રાંતીય ભાષાઓને ભૂંસી નાંખવા નથી માગતા. આપણો મતલબ તો ફક્ત એટલી જ છે કે, ભિન્ન ભિન્ન પ્રાંતોના પરસ્પર સંબંધને સારુ આપણે હિંદી ભાષા શીખીએ. એમ કહેવાનો અર્થ એવો નથી કે હિંદી પ્રત્યે આપણને કંઈ પક્ષપાત છે. હિંદીને આપણે રાષ્ટ્રભાષા માનીએ છીએ. તે રાષ્ટ્રભાષા થવાને લાયક છે. તે જ ભાષા રાષ્ટ્રીય થઈ શકે જેને વધારેમાં વધારે લોકો બોલતા હોય અને જે શીખવામાં સુગમ હોય. એવી ભાષા હિંદી જ છે એ વાત આ સંમેલન સન ૧૯૧૦થી બતાવતું આવ્યું છે, અને એનો વજન આપવા જેવો વિરોધ આજ સુધી સાંભળવામાં આવ્યો નથી.

કાકાસાહેબે કેટલાક લોકોના મનમાં બીજી એક ગેરસમજ જોઈ. કેટલાક માને છે કે, આપણે હિંદીને અંગ્રેજીનું સ્થાન આપવા માગીએ છીએ. કેટલાક

તો એટલે સુધી માને છે કે, અંગ્રેજી જ રાષ્ટ્રભાષા બની શકે એમ છે, ને બની પણ ગઈ છે.

હિંદી જો અંગ્રેજીનું સ્થાન લે તો ઓછામાં ઓછું મને તો સારું જ લાગશે. પણ અંગ્રેજી ભાષાના મહત્ત્વને આપણે સારી રીતે જાણીએ છીએ. આધુનિક જ્ઞાનની પ્રાપ્તિ, આધુનિક સાહિત્યનું અધ્યયન, આખા જગતનો પરિચય, અર્થપ્રાપ્તિ, રાજ્યાધિકારીઓની સાથે સંબંધ, એ અને એવાં બીજાં કામો માટે અંગ્રેજીનું જ્ઞાન આપણને જરૂરનું છે. ઇચ્છા ન હોય તોયે આપણે અંગ્રેજી શીખવી પડશે. એમ જ બની પણ રહ્યું છે. અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે.

પણ અંગ્રેજી રાષ્ટ્રભાષા કદી ન બની શકે. આજે એનું સામ્રાજ્ય હોય એમ અવશ્ય દેખાય છે ખરું. એનાથી બચવાનો પૂરો પ્રયત્ન કરવા છતાં, આપણાં રાષ્ટ્રીય કામકાજમાં અંગ્રેજીએ ઘણો પ્રભાવ જમાવ્યો છે. પણ એટલાથી આપણે એવા ભ્રમમાં ન પડવું જોઈએ કે અંગ્રેજી રાષ્ટ્રભાષા બની રહી છે. એની કસોટી આપણે દરેક પ્રાંતમાં સહેલાઈથી કરી શકીએ છીએ. બંગાળ અથવા દક્ષિણ ભારતને જ લઈએ, કેમ કે ત્યાં અંગ્રેજીનો પ્રભાવ સહુથી વધારે છે. ત્યાંની જનતાની મારફતે આપણે કંઈ પણ કામ કરવા માગીએ તો તે આજે હિંદી દ્વારા ભલે ન કરી શકીએ, પણ અંગ્રેજી દ્વારા તો નહિ જ કરી શકીએ. હિંદીના બેચાર શબ્દોથી આપણે આપણો ભાવ કંઈક તો પ્રગટ કરી જ દઈશું, પણ અંગ્રેજીથી તો એટલો પણ નહિ કરી શકીએ. હા, એમ અવશ્ય માની શકાય કે, હજુ સુધી આપણે ત્યાં એક પણ રાષ્ટ્રભાષા થવા પામી નથી. અંગ્રેજી રાજભાષા છે. એમ હોવું સ્વાભાવિક પણ છે. અંગ્રેજી એથી આગળ વધે એ હું અસંભવિત માનું છું, પછી ભલે ગમે એટલો પ્રયત્ન કેમ ન કરવામાં આવે. હિંદુસ્તાનને જો ખરેખર એક રાષ્ટ્ર બનાવવું હોય તો, કોઈ માને કે ન માને પણ, રાષ્ટ્રભાષા તો હિંદી જ બની શકે; કેમ કે જે સ્થાન હિંદીને મળ્યું છે તે બીજી કોઈ પણ ભાષાને કદી મળી નહિ શકે. હિંદુ મુસલમાન બંને મળીને લગભગ બાવીસ કરોડ મનુષ્યની ભાષા, થોડાઘણા ફેરફારો સાથે, હિંદી–હિંદુસ્તાની જ છે. તેથી ઉચિત અને સંભવિત તો એ જ છે કે, દરેક પ્રાંતમાં એ પ્રાંતની ભાષાનો, આખા દેશના પરસ્પર વ્યવહારને માટે હિંદીનો, અને આંતરરાષ્ટ્રીય ઉપયોગને માટે અંગ્રેજીનો વાપર કરવામાં આવે. હિંદી બોલનારાઓની સંખ્યા કરોડોની રહેશે, પણ અંગ્રેજી બોલનારાઓની સંખ્યા થોડાક લાખથી આગળ કદી નહિ વધી શકે. એ માટે પ્રયત્ન પણ કરવામાં જનતા પ્રત્યે અન્યાય કર્યો ગણાશે.

મેં હમણાં હિંદીહિંદુસ્તાની શબ્દનો પ્રયોગ કર્યો છે. સન '૧૮માં જ્યારે તમે મને આ જ પદ આપેલું ત્યારે પણ મેં એમ જ કહ્યું હતું કે, હિંદી એ ભાષાનું નામ છે જે હિંદુ અને મુસલમાન કુદરતી રીતે વગર પ્રયત્ને બોલે છે. હિંદુસ્તાની અને ઉર્દૂમાં કશો ફરક નથી. દેવનાગરી લિપિમાં લખાય ત્યારે તે હિંદી, અને અરબીમાં લખાય ત્યારે ઉર્દૂ કહેવાય છે. જે લેખક કે વક્તા વીણી વીણીને સંસ્કૃત કે અરબી–ફારસીનો જ પ્રયોગ કરે છે, તે દેશનું અહિત કરે છે. આપણી જનતામાં પ્રચલિત થઈ ગયા હોય એવા બધી જાતના શબ્દો રાષ્ટ્રભાષામાં આવવા જોઈએ. શ્રી. ઘનશ્યામદાસ બિરલાએ કહ્યું છે તે બરાબર જ છે કે, જુદી જુદી પ્રાંતીય ભાષાઓમાં જે શબ્દો રૂઢ થઈ ગયા છે અને જે રાષ્ટ્રભાષામાં આવવાને લાયક છે, તે રાષ્ટ્રભાષાવાદીઓએ લઈ લેવા જોઈએ. દરેક વ્યાપક ભાષામાં એ ગ્રહણશક્તિ રહે જ છે. એટલા માટે તો તે વ્યાપક બને છે. અંગ્રેજીએ શું નથી લીધું? લૅટિન અને ગ્રીકમાંથી કેટલાયે શબ્દપ્રયોગો અંગ્રેજીમાં લેવાયા છે. આધુનિક ભાષાઓને પણ તેઓ છોડતા નથી. એ બાબતમાં એમનું નિષ્પક્ષપણું પ્રશંસાપાત્ર છે. હિંદુસ્તાની શબ્દો અંગ્રેજીમાં ઠીક ઠીક આવી ગયા છે. કેટલાક આફ્રિકાથી પણ લેવાયા છે. એમાં-એમનો 'મુક્ત વ્યાપાર' (ફ્રી ટ્રેડ) કાયમ જ છે. પણ મારા આમ કહેવાની મતલબ એ નથી કે, પ્રસંગ વિના પણ આપણે બીજી ભાષાઓના શબ્દ લઈએ, જેમ આજકાલ અંગ્રેજી ભણેલા જુવાનો કરે છે. આ વ્યાપારમાં વિવેકદૃષ્ટિ તો રાખવી જ પડશે. આપણે કંગાલ નથી, પણ કંજૂસ પણ નહિ બનીએ. ખુરસીને ખુશીથી 'ખુરસી' કહીશું, એને માટે 'ચતુષ્પાદ પીઠ' શબ્દનો પ્રયોગ નહિ કરીએ.

આ પ્રસંગે મારા દુઃખની પણ થોડીક વાત કરી લઉં. હિંદી ભાષા રાષ્ટ્રભાષા બને યા ન બને, હું એને છોડી નથી શકતો. તુલસીદાસનો હું પૂજારી રહ્યો, એટલે હિંદી પર મારો મોહ રહેવાનો જ. પણ હિંદી બોલનારાઓમાં રવીંદ્રનાથ ક્યાં છે? પ્રફુલ્લચંદ્ર રાય ક્યાં છે? જગદીશ બોઝ ક્યાં છે? એવાં બીજાં પણ નામ હું બતાવી શકું. હું જાણું છું કે, મારી અથવા મારા જેવા હજારોની ઇચ્છા માત્રથી એવી વ્યક્તિઓ થોડી જ પેદા થવાની છે? પણ જે ભાષાને રાષ્ટ્રભાષા બનવું છે, તેમાં આવી મહાન વ્યક્તિઓ હોવાની આશા રખાશે જ.

*વર્ધામાં અમારે ત્યાં એક કન્યાશ્રમ છે. ત્યાં સંમેલનની પરીક્ષાને માટે કેટલીક છોકરીઓ તૈયાર થઈ રહી છે. શિક્ષકો, અને છોકરીઓ પણ, ફરિયાદ કરે છે કે, જે પાઠ્યપુસ્તકો નીમવામાં આવ્યાં છે તે બધાં વાંચવા લાયક નથી.

ફરિયાદને પાત્ર પુસ્તકો શૃંગારરસથી ભરેલાં છે. હિંદીમાં શૃંગારસાહિત્ય સારી પેઠે છે. એ તરફ કેટલાંક વરસ પહેલાં શ્રી. બનારસીદાસ ચતુર્વેદીએ મારું ધ્યાન ખેંચ્યું હતું. જે ભાષાને આપણે રાષ્ટ્રભાષા બનાવવા માગતા હોઈએ, તેનું સાહિત્ય સ્વચ્છ, તેજસ્વી અને ઉચ્ચગામી હોવું જોઈએ. હિંદી ભાષામાં આજકાલ ગંદા સાહિત્યનો ઘણો પ્રચાર થઈ રહ્યો છે. છાપાંના સંચાલકો આ બાબતમાં અસાવધ રહે છે ને ગંદકીને પોષણ આપે છે. હું માનું છું કે, સંમેલને આ બાબતમાં ઉદાસીન ન રહેવું જોઈએ. સંમેલનની તરફથી સારા લેખકોને પ્રોત્સાહન મળવું જોઈએ. લોકોને સંમેલનની તરફથી પુસ્તકોની પસંદગીમાં પણ કંઈક મદદ મળવી જોઈએ. આ કામમાં મુસીબત અવશ્ય છે. પણ મુસીબતથી આપણે થોડા જ ભાગી શકીએ છીએ ?

પરીક્ષાઓનાં પાઠ્યપુસ્તકોમાંથી એક પુસ્તકને વિષે, દેવનાગરી લિપિ સારી રીતે જાણનાર એક મુસલમાનની પણ ફરિયાદ છે. એ પુસ્તકમાં મોગલ બાદશાહો વિષે સારી ખોટી વાતો છે, જે બધી ઐતિહાસિક પણ નથી. મારી નમ્ર વિનંતી છે કે, પાઠ્યપુસ્તકોની પસંદગી સૂક્ષ્મ વિવેકપૂર્વક થવી જોઈએ, એમાં રાષ્ટ્રીય દૃષ્ટિ રખાવી જોઈએ, અને પાઠ્યક્રમ પણ આધુનિક આવશ્યકતાઓને ખ્યાલમાં રાખીને નક્કી થવો જોઈએ. હું જાણું છું કે, મારું આ બધું કહેવું મારા ક્ષેત્રની બહાર છે. પણ મારી પાસે જે ફરિયાદો આવી છે તે તમારી સામે રજૂ કરવાનો મેં મારો ધર્મ માન્યો છે.

૧૫. બે સારા ઠરાવ

ઇંદોરમાં ભરાયેલા હિંદી સાહિત્ય સંમેલને કેટલાક ઉપયોગી ઠરાવો પસાર કર્યા છે. એમાંના એક ઠરાવમાં હિંદી ભાષાની વ્યાખ્યા આપેલી હતી; અને બીજામાં એવો અભિપ્રાય દર્શાવેલો હતો કે, જે ભાષાઓ સંસ્કૃતમાંથી ઊતરી આવેલી છે અથવા જેના પર સંસ્કૃતનો ઘણો પ્રભાવ પડેલો છે તે બધી ભાષાઓ દેવનાગરી લિપિમાં લખાવી જોઈએ.

પહેલા ઠરાવનો ઉદ્દેશ એ વસ્તુ પર ભાર મૂકવાનો છે કે, હિંદી પ્રાંતિક ભાષાઓનો નાશ કરી તેનું સ્થાન પડાવી લેવા ઇચ્છતી નથી, પણ તેની પૂર્તિરૂપ બનવા ઇચ્છે છે, અને હિંદી ભાષા બોલનારનાં અખિલ ભારતીય કાર્યકર્તા તરીકેનાં

જ્ઞાન અને ઉપયોગિતામાં વધારો થાય છે. જે ભાષા ઉર્દૂ લિપિમાં લખેલી છે, પણ જેને મુસલમાન અને હિંદુ બંને સમજી શકે છે, તે પણ હિંદી જ છે, એ હકીકતનો સ્વીકાર કરીને, સંમેલન ઉર્દૂ લિપિનું વિરોધી છે એવી મુસલમાનોની શંકા તેણે દૂર કરી છે. સંમેલનની પ્રમાણભૂત લિપિ તો દેવનાગરી જ રહેશે. પંજાબના હિંદુઓમાં તેમ જ બીજે દેવનાગરી લિપિનો પ્રચાર કરવાનું કાર્ય તો ચાલુ જ રહેશે. આ ઠરાવથી દેવનાગરી લિપિનું મૂલ્ય જરાયે ઓછું થતું નથી. એ ઠરાવથી તો, મુસલમાનો આજ સુધી જેમ ઉર્દૂ લિપિમાં લખતા આવ્યા છે, તેમ લખવાના તેમના હકનો સ્વીકાર કરેલો છે.

બીજા ઠરાવનો વ્યવહારુ અમલ કરવાના ઉદ્દેશથી દેવનાગરી લિપિના વાપરની શક્યતા કેટલી છે તે શોધી કાઢવાને, અને દેવનાગરી લિપિને લખવામાં વધારે સહેલી, અને આજે છે એટલા અક્ષરોથી જે ઉચ્ચારો થઈ શકતા નથી તે ઉચ્ચારોને માટેના અક્ષરો ઉમેરીને વધારે સંપૂર્ણ બનાવવા માટે, જે ફેરફારો ને વધારા કરવાના જરૂરી લાગે તે કરવા માટે, કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદ નીચે એક સમિતિ નીમવામાં આવેલી છે.

જો આંતરપ્રાંતીય સંબંધો વધવાના હોય અને પ્રાંતો પ્રાંતો વચ્ચેના વ્યવહારનું વાહન હિંદી બનવાની હોય, તો આ જાતનો ફેરફાર આવશ્યક છે. જેમણે હિંદી સાહિત્ય સંમેલનના ધ્યેય પર સહી કરી છે, તેમણે બીજો ભાગ તો પચીસ વરસથી સ્વીકાર્યો છે. લિપિની ચર્ચા ઘણી વાર થઈ છે, પણ એનો ઉકેલ આણવાનો ભારે પ્રયત્ન કદી થયો નથી. અને છતાં આ ઠરાવના પહેલા ભાગમાંથી બીજો આપોઆપ ફલિત થતો દેખાય છે. એથી હિંદુસ્તાનની બીજી ભાષાઓ શીખવાનું અતિશય સાદું ને સહેલું થઈ જાય છે. બંગાળીમાં લખેલી રવીંદ્રનાથની 'ગીતાંજલિ'ને બંગાળીઓ સિવાય બીજું કોઈ વાંચી શકતું નથી; તે જ્યારે દેવનાગરી લિપિમાં છપાય ત્યારે તેનો આસ્વાદ સૌ લઈ શકે છે. એમાં સંસ્કૃતમાંથી આવેલા ઘણા શબ્દો છે તે બીજા પ્રાંતના લોકો સહેલાઈથી સમજી શકે. આ કથન સાચું છે કે નહિ એની કસોટી ગમે તે માણસ કરી શકે છે. આપણે ભવિષ્યની પેઢીઓ પર જુદી જુદી લિપિઓ શીખવાનો નકામો બોજો ન નાંખવો જોઈએ. તામિલ, તેલુગુ, મલયાળી, કાનડી, ઊડિયા અને બંગાળી શીખવા ઇચ્છનારને છ લિપિ શીખવાની ફરજ પાડવી એ ક્રૂરતા છે. મુસલમાન ભાઈઓ એમનાં લખાણો દ્વારા શું કહે છે ને કરે છે એ તેને જાણવું હોય તો ઉર્દૂ લિપિ શીખવી પડે એ તો જુદી. મેં સ્વદેશ અથવા મનુષ્યજાતિના પ્રેમીને માટે

કંઈ બહુ મોટો કાર્યક્રમ નથી બતાવ્યો. આજે જુદી જુદી લિપિઓરૂપી અભેદ્ય દીવાલો ઊભી રહેલી છે, તેણે અન્ય ભારતીય ભાષાઓ શીખવાનું અને બીજા પ્રાંતોને માટે હિંદી શીખવાનું કામ વિના કારણ અઘરું કરી મૂક્યું છે. કાકાસાહેબની સમિતિનું કામ એ રહેશે કે, એક બાજુ આ સુધારાની તરફેણમાં લોકમત કેળવવો, અને બીજી બાજુ, હિંદી કે પ્રાંતિક ભાષાઓ શીખવા ઇચ્છનારનાં સમય ને શક્તિની, દેવનાગરી લિપિ જ બધી ભાષાઓ માટે વાપરવાથી, કેટલી બચત થાય છે, એ વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરી બતાવવી. કોઈ એમ ન માની બેસે કે આ સુધારાથી પ્રાંતિક ભાષાઓનું મહત્ત્વ ઘટશે. યુરોપની અનેક ભાષાઓને માટે એક જ લિપિનો સ્વીકાર કરવાથી તેના પ્રાંતોની વચ્ચેનો સંસર્ગ જેમ સહેલો બન્યો, તેમ આપણે ત્યાં પણ એક લિપિ દાખલ કરવાથી પ્રાંતિક ભાષાઓ સમૃદ્ધ જ થશે.

હ૦ બં૦, ૫-૫-'૩૫

૧૬. અખિલ ભારતીય સાહિત્ય પરિષદ

૧

[આ પરિષદનો ઉદ્દેશ હિંદના જુદા જુદા પ્રાંતો વચ્ચે એકમેકમાં સાંસ્કારિક અને સાહિત્યિક સંબંધો વધારવાનો છે; અને એ સંબંધો એવા નહિ કે જેની અસર પુસ્તક લખનાર કેટલાક ગણતર લોકોમાં જ પૂરી થઈ જાય, પરંતુ તે અસર ભિન્ન ભિન્ન પ્રાંતોની ગ્રામીણ જનતામાં પણ પહોંચવી જોઈએ.

નાગપુરમાં પરિષદની પહેલી બેઠકના પ્રમુખસ્થાનેથી આપેલા લેખિત વ્યાખ્યાનમાંથી.]

"વિદ્વાન લોગ એક દૂસરેકે સાહિત્યકા કુછ જ્ઞાન પાવેં, ઇતને હી સે હમેં સંતોષ હોનેકા નહીં હૈ. હમેં તો દેહાતી સાહિત્યકી ભી દરકાર હૈ ઔર દેહાતિયોંમેં આધુનિક સાહિત્યકે પ્રચારકી. શરમકી બાત હૈ કિ ચૈતન્યકી પ્રસાદી ભારતવર્ષકે સારે ભાષાભાષિયોંકો અપ્રાપ્ય હૈ. તિરુવેલ્લુવરકા નામ તક શાયદ હમ સબ નહીં જાનતે હોંગે. ઉત્તર ભારતકી જનતા તો ઉસ સંતકા નામ જાનતી હી નહીં. ઉસને થોડે શબ્દોંમેં જૈસા જ્ઞાન દિયા હૈ વૈસા બહુત કમ સંત લોગ કર સકે હૈં. ઇસ બારેમેં ઇસ વખત તો તુકારામકા હી દૂસરા નામ મેરે ખ્યાલમેં આતા હૈ.

"અગર હમ સારે હિંદુસ્તાનકે સાહિત્યકે વિશાલ ક્ષેત્રમેં પ્રવેશ કરેં તો ક્યા ઉસકી કુછ સીમા–મર્યાદા હોની ચાહિયે? મેરી દૃષ્ટિમેં તો અવશ્ય હોની ચાહિયે. મુઝે પુસ્તકોંકી સંખ્યા બઢાનેકા મોહ કભી નહીં રહા હૈ. પ્રત્યેક પ્રાન્તકી ભાષામેં લિખી ઔર છપી પ્રત્યેક પુસ્તકકા પરિચય દૂસરી સબ ભાષાઓંમેં હોના મૈં આવશ્યક નહીં માનતા હૂં. ઐસા પ્રયત્ન યદિ સંભવ ભી હો તો ઉસે મૈં હાનિકર સમઝતા હૂં. જો સાહિત્ય ઐક્યકા, નીતિકા, શૌર્યાદિ ગુણોંકા, વિજ્ઞાનકા પોષક હૈ, ઉસકા પ્રચાર પ્રત્યેક પ્રાન્તમેં હોના આવશ્યક ઔર લાભદાયક હૈ.

"આજકલ શૃંગારયુક્ત અશ્લીલ સાહિત્યકી બાઢ સબ પ્રાન્તોંમેં આ રહી હૈ. કોઈ તો યહાં તક કહતે હૈં કિ એક શૃંગારકો છોડ કર ઔર કોઈ રસ હૈ હી નહીં. શૃંગાર રસકો બઢાનેકે કારણ ઐસે સજ્જન દૂસરોંકો 'ત્યાગી' કહ કર ઉનકી ઉપેક્ષા ઔર ઉપહાસ કરતે હૈં. જો સબ ચીજોંકા ત્યાગ કર બૈઠતે હૈં વે ભી રસકા તો ત્યાગ નહીં કર પાતે. કિસી ન કિસી પ્રકારકે રસસે હમ સબ ભરે હૈં. દાદાભાઈને દેશકે લિયે સબ કુછ છોડા થા; વે તો બડે રસિક થે. દેશસેવા હી ઉન્હોંને અપના રસ બના રક્ખા થા. ઉસીમેં ઉન્હેં પ્રસન્નતા મિલતી થી. ચૈતન્યકો રસહીન કહના રસકો હી નહીં જાનના હૈ. નરસિંહ મેહતાને અપનેકો ભોગી બતાયા હૈ, યદ્યપિ વે ગુજરાતકે ભક્ત–શિરોમણિ થે. આપકો ન અખરે તો મૈં તો યહાં તક કહૂંગા કિ મૈં શૃંગાર રસકો તુચ્છ રસ સમઝતા હૂં; જબ ઉસમેં અશ્લીલતા આતી હૈ તબ ઉસે સર્વથા ત્યાજ્ય માનતા હૂં. યદિ મેરી ચલે તો મૈં ઇસ સંસ્થામેં ઐસે રસકો ત્યાજ્ય મનવા દૂં. ઇસી તરહ કૌમી ભેદોંકો, ધર્માન્ધતાકો તથા પ્રજામેં અથવા વ્યક્તિયોંમેં વૈમનસ્યકો જો સાહિત્ય બઢાતા હૈ ઉસકા ભી ત્યાગ હોના આવશ્યક હૈ.

"યહ કાર્ય કૈસે કિયા જાય? મુન્શીજી ઔર કાકાસાહબને હમારા માર્ગ એક હદ તક સાફ કર રક્ખા હૈ. વ્યાપક સાહિત્યકા પ્રચાર વ્યાપક ભાષામેં હી હો સકતા હૈ. ઐસી ભાષા અન્ય ભાષાકી અપેક્ષા હિંદી–હિંદુસ્તાની હી હૈ. હિંદીકો હિંદુસ્તાની કહનેકા મતલબ યહ હૈ કિ ઉસ ભાષામેં ફારસી મુહાવરેકે શબ્દોંકા ત્યાગ ન કિયા જાવે.

"અંગ્રેજી ભાષા કભી સબ પ્રાંતોંકે લિયે વાહન (યા માધ્યમ) નહીં હો સકતી. યદિ હમ સચમુચ હિંદુસ્તાનકે સાહિત્યકી વૃદ્ધિ ચાહતે હૈં, ભિન્ન ભિન્ન

ભાષાઓંમેં જો રત્ન છિપે પડે હૈં, ઉનકા પ્રચાર ભારતવર્ષકે કરોડોં મનુષ્યોંમેં કરના ચાહતે હૈં, તો હમ હિંદુસ્તાનીકી મારફત હી કર સકતે હૈં.

હ૦ બં૦, ૧૭–૫–'૩૬

૨

[મદ્રાસ, ભારતીય સાહિત્ય પરિષદની બીજી બેઠકના પ્રમુખસ્થાનેથી આપેલા ભાષણમાંથી]

આ પરિષદનું ધ્યેય સર્વ પ્રાંતિક સાહિત્યોમાંથી રત્નો વીણી ભેગાં કરીને હિંદી ભાષા મારફતે પ્રજાને પહોંચાડવાનું છે. એને સારુ હું તમને એક વિનંતી કરવા ઇચ્છું છું. દરેક જણે પોતાની જન્મભાષા તો સરસ રીતે જાણવી જ જોઈએ, અને હિંદી મારફતે બીજી દેશી ભાષાઓના મહાન સાહિત્યનો પરિચય પણ કરવો જોઈએ. પણ આ પરિષદનું ધ્યેય આપણા લોકોમાં બીજા પ્રાંતોની ભાષાઓ શીખવાની ઇચ્છા જાગ્રત કરવાનું છે. દાખલા તરીકે, ગુજરાતીઓએ તામિલ શીખવી જોઈએ, બંગાળીઓએ ગુજરાતી શીખવી જોઈએ, વગેરે. હું તમને અનુભવ પરથી કહું છું કે, બીજી દેશી ભાષા શીખવી એ જરાયે અઘરું નથી; પણ એને માટે બધી ભાષાઓ એક જ લિપિમાં લખાતી થાય એ બહુ આવશ્યક છે. તામિલનાડમાં એ કામ અઘરું નથી, કેમ કે આ સાદી હકીકત જ જોઈએ. આપણી પ્રજાના નેવું ઉપરાંત ટકા નિરક્ષર છે. એમને આપણે નવેસર એકડો ઘૂંટાવવાનો છે. ત્યારે એમને આપણે એક જ લિપિ મારફતે અક્ષરજ્ઞાન આપીને આરંભ કેમ ન કરીએ? યુરોપના લોકોએ એક લિપિનો પ્રયત્ન કરીને તેમાં પૂરી સફળતા મેળવી છે. કેટલાક લોકો એટલે સુધી કહે છે કે, આપણે યુરોપ પાસેથી રોમન લિપિ લઈને આપણે ત્યાં દાખલ કરવી જોઈએ. ઘણા વાદવિવાદ પછી એવો એકમત દેખાય છે કે, રાષ્ટ્રલિપિ બીજી કોઈ નહિ પણ દેવનાગરી જ થઈ શકે. ઉર્દૂને એની હરીફ ગણવામાં આવે છે. પણ હું માનું છું કે, ઉર્દૂ કે રોમન એકેમાં દેવનાગરીના જેવી સંપૂર્ણતા અને ઉચ્ચારણશક્તિ રહેલી નથી. તમારી પ્રાંતિક ભાષાઓની સામે હું કંઈ નથી કહેતો. તામિલ, તેલગુ, મલયાળમ અને કન્નડ તો કાયમ રહેવી જ જોઈએ અને રહેશે પણ ખરી. પણ આ પ્રદેશમાં નિરક્ષર માણસોને આ ભાષાઓ દેવનાગરી લિપિ દ્વારા તમે કેમ ન શીખવો? આપણે જે રાષ્ટ્રીય એકતા સાધવા માગીએ છીએ તેને માટે દેવનાગરીનો સ્વીકાર કરવો અતિ આવશ્યક છે. આમાં માત્ર આપણાં પ્રાંતિક અભિમાન અને સંકુચિત વૃત્તિ છોડવાનો જ સવાલ રહેલો

છે, બીજી જરાયે મુસીબત નથી. તામિલ કે ઉર્દૂ લિપિ મને ગમતી નથી એવું નથી. હું એ બન્ને જાણું છું. પણ માતૃભૂમિની સેવા, જેની પાછળ મારા જીવનની પ્રત્યેક ક્ષણ વપરાઈ રહી છે અને જેના વિના મારે જીવવું અશક્ય થઈ જાય, તે કરતાં કરતાં હું શીખ્યો છું કે, આપણે આપણી પ્રજા પરના બિનજરૂરી બોજાઓ ઓછા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઘણી લિપિઓ શીખવાનો બોજો અનાવશ્યક અને સહેજે ટળી શકે એવો છે. એટલે સર્વ પ્રાંતોના સાક્ષરોને મારી વિનંતી છે કે, તેઓ આ વિષેના મતભેદો દૂર કરે, અને આ અતિ અગત્યના વિષયમાં એકમત થાય. ત્યારે જ ભારતીય સાહિત્ય પરિષદના કામને સફળતા મળી શકે.

* * *

આજે આપણા સાહિત્યમાં બહુ થોડા લોકો, મૂઠીભર ભણેલા લોકો જ રસ લે છે. ભણેલામાં પણ સાહિત્યમાં ખરેખરો રસ લેનાર તો બહુ જ ઓછા હોય છે. ગામડાંમાં તો આપણે બિલકુલ પ્રવેશ જ કર્યો નથી. સેવાગ્રામમાં એક ટકા જેટલા માણસો પણ સાહિત્ય વાંચી શકતા નથી. અમારા રાતના વર્ગમાં છાપું વંચાતું સાંભળવા પૂરા ૭ માણસો પણ નિયમિત આવતા નથી. આ નિરક્ષરતા દૂર કરવાનું ભગીરથ કામ આપણે કરવું રહ્યું છે. એ આપણાથી મૂઠીભર માણસો વડે શી રીતે થઈ શકશે? એટલે મારે તમારો સૌનો સાથ જોઈએ છે. . . .

મને સાહિત્યને ખાતર સાહિત્યનો શોખ નથી. માણસોને અક્ષરજ્ઞાન આપવું જ જોઈએ એવું પણ હું માનતો નથી. બુદ્ધિના વિકાસને માટેનાં ઘણાં સાધનોમાં અક્ષરજ્ઞાન એક હોવું જોઈએ ખરું, પણ ભૂતકાળમાં આપણે એવા પણ બુદ્ધિના મહાપ્રભાવવાળા માણસો જોયા છે જે સાવ નિરક્ષર હતા. એટલે જ પરિષદે માત્ર અતિ શુદ્ધ ને આરોગ્યપ્રદ એવા સાહિત્યની સેવા કરવાની પોતાની મર્યાદા આંકી છે. એમાં જો તમારો હાર્દિક સહકાર ન હોય અને તમે તમારી ભાષાઓમાંથી યોગ્ય સાહિત્ય ભેગું કરી આપવા તૈયાર ન હો, તો આ કામ કેમ બની શકે?

હ૦બં૦, ૪–૪–'૩૭

૧૭. રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાની

૧

[બેંગલોરમાં હિંદી પદવીદાનસમારંભને પ્રસંગે આપેલા પ્રવચનમાંથી]

આજે જેમને પદવી ને પ્રમાણપત્ર મળ્યાં એમને હું ધન્યવાદ આપું છું, ને આશા રાખું છું કે, તેઓ રોજ પોતાનો અભ્યાસ ચાલુ રાખી પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરતાં રહેશે. સામાન્ય શાળા કૉલેજોમાં ભણવા જનારા પોતાની 'કરિયર' માટે ત્યાં જાય છે, પરીક્ષાને માટે ભણે છે, અને પરીક્ષાનો ઓરડો છોડ્યો કે તેની સાથે તેમની ચોપડીઓ અને માંડલું ભણતર બધું ભૂલી આવે છે. ઘણા જ્ઞાન કરતાં પદવી માટે વધારે પરવા કરનારા હોય છે. પરંતુ આજ જેમને અહીં પદવી મળી છે તેમણે પદવીને ખાતર તે લીધી નથી. તેનું સાદું કારણ એ છે કે, હિંદી પ્રચાર સભા નોકરીઓ મેળવી આપવાના ઉદ્દેશવાળી સંસ્થા નથી. તમને મળેલી આ પદવી તમારા શિક્ષકે તમને આપેલા જ્ઞાનના ચિહ્ન માત્ર તરીકે છે. અલબત્ત, એ તદ્દન શક્ય છે કે, તમારામાંથી થોડાક જણ આ હિંદી જ્ઞાનમાંથી કમાણી કરી શકો; પણ જરૂર અમારો એ ઉદ્દેશ નથી.

આજનાં સફળ વિદ્યાર્થીઓમાં મોટા ભાગની બહેનો છે એ જોઈ મને આનંદ થાય છે. હિંદીપ્રચાર અને ભારતમાતાના ઉજ્જ્વળ ભવિષ્યની એ નિશાની છે, કેમ કે મારી દૃઢ માન્યતા છે કે, હિંદુસ્તાનની મુક્તિ તેની સ્ત્રીઓના ત્યાગ અને જ્ઞાન પર આધાર રાખે છે. સ્ત્રીઓની સભાઓમાં હું હંમેશ એક વસ્તુ જોર દઈને કહેતો આવ્યો છું કે, જ્યારે આપણે આપણાં દેવદેવી કે પ્રાચીન વીર સ્ત્રીપુરુષો વિષે બોલીએ છીએ ત્યારે આપણે સ્ત્રીનું નામ પહેલું મૂકીએ છીએ. જેમ કે સીતારામ, રાધાકૃષ્ણ, નહિ કે રામસીતા કે કૃષ્ણરાધા. આ રિવાજ રહસ્યહીન નથી. આપણે ત્યાં સ્ત્રીનું સન્માન થતું અને એમનાં કાર્ય તથા લાયકાતની ખાસ કદર કરાતી. આ જૂના રિવાજને આપણે અક્ષરશઃ અને અર્થશઃ ચાલુ રાખવો જોઈએ.

આ પ્રસંગે હું હિંદી-હિંદુસ્તાની જ રાષ્ટ્રભાષા શા માટે એનાં થોડાંક સ્પષ્ટ કારણો જણાવીશ. જ્યાં સુધી તમે કર્ણાટકમાં રહો છો અને એની બહાર તમારી નજર નથી, ત્યાં સુધી કન્નડનું જ્ઞાન તમારે માટે બસ છે. પણ તમારા એકાદ ગામડામાં જોશો તોય જણાશે કે, તમારી નજર અને દૃષ્ટિમર્યાદા વિસ્તર્યાં છે. તમે કર્ણાટકની નજરે નહિ પણ હિંદની નજરે વિચાર કરતાં થયાં છો. કર્ણાટક બહાર બનતા બનાવોમાં તમને રસ પડે છે. પરંતુ આ રસ, જો

વાણીનું સર્વસાધારણ માધ્યમ કે વાહન ન હોય તો, બહુ આગળ ન જઈ શકે. સિંધ કે યુક્ત પ્રાંતના લોક જોડે કર્ણાટકી કેવી રીતે સંબંધ બાંધી કે સંભાળી શકવાનો? આપણા કેટલાક જણ માનતા ને હજી કદાચ માનતા હશે કે, અંગ્રેજી આવું માધ્યમ થઈ શકે. જો આપણા ભણેલાગણેલા થોડાક હજાર માણસોનો જ પ્રશ્ન હોત તો તો એ જરૂર ચાલત. પણ મને ખાતરી છે કે, એટલાથી આપણામાંથી કોઈને સંતોષ નહિ થાય. હું ને તમે ચાહીએ છીએ કે કરોડો લોકો આંતરપ્રાંતીય સંબંધ બાંધે. અને તે તો, અંગ્રેજી દ્વારા શક્ય હોય તોય, પેઢીઓ સુધી પણ નથી થઈ શકવાનું, એ ઉઘાડી વાત છે. તે બધાએ અંગ્રેજી શા માટે શીખવું જોઈએ એનું કશું કારણ નથી; અને કમાવાનું એ ચોક્કસ ને સંગીન સાધન તો જરૂર નથી જ. આવી જાતની એની કાંઈ કિંમત કદાચ હશે તોય તે, જેમ જેમ વધારે લોક તે ભણશે તેમ તેમ, ઘટવાની. વળી, અંગ્રેજી ભણવામાં જેવી મુશ્કેલી છે તેવી હિંદી-હિંદુસ્તાની ભણવામાં જરાયે નથી. અંગ્રેજી ભણતાં જેટલી વાર લાગવાની એટલી એમાં કદી લાગવાની નથી. એવી ગણતરી છે કે, હિંદી-હિંદુસ્તાની બોલનાર ને સમજનાર હિંદુ મુસલમાનોની સંખ્યા ૨૦ કરોડથી વધારે છે. શું ૧ કરોડ ૧૦ લાખ કર્ણાટકી સ્ત્રીપુરુષોને તેમનાં પોતાનાં ૨૦ કરોડ ભાઈબહેનો જે ભાષા બોલે છે તે શીખવાનું નહિ ગમે? અને તેઓ ખૂબ સહેલાઈથી તે શીખી શકે એમ નથી? આ પ્રશ્નનો ઉત્તર હમણાં જ એક બીનાએ મારું ખાસ ધ્યાન ખેંચ્યું તે પરથી મળી રહે છે. તમે બધાંએ લેડી રામનના હિંદી વ્યાખ્યાનનો કન્નડી અનુવાદ સાંભળ્યો. તેમાં એ વસ્તુ પર તમારું ધ્યાન આકર્ષાયા વગર નહિ રહ્યું હોય કે, લેડી રામનના ઘણા હિંદી શબ્દો ભાષાંતરમાં સીધા લેવાયા હતા — જેવા કે, પ્રેમ, પ્રેમી, સંઘ, સભા, અધ્યક્ષ, પદ, અનંત, ભક્તિ, સ્વાગત, અધ્યક્ષતા, સંમેલન. આ બધા શબ્દો હિંદી કન્નડી બેઉમાં છે. હવે ધારો કે, કોઈ આ ભાષણનું અંગ્રેજી કરતો હોત તો તે આમાંનો એકે શબ્દ વાપરી શકત? કદી નહિ. આ એકેએક શબ્દોના અંગ્રેજી પર્યાય શ્રોતાઓને માટે નવા જ હોત. એટલે જ્યારે આપણા કેટલાક કર્ણાટકી મિત્રો કહે છે કે હિંદી એમને અઘરી લાગે છે, ત્યારે મને હસવું આવે છે; પણ ગુસ્સો અને અધીરાઈ પણ ઓછાં નથી આવતાં. રોજ થોડાક કલાકના ખંતપૂર્વક અભ્યાસથી મહિનાનું કામ એ છે, એ મારી ખાતરી છે. મને ૬૭ વર્ષ થયાં, એટલે હવે પાકું પાન ગણાઉં. પરંતુ કન્નડી અનુવાદ સાંભળતો હતો ત્યારે, તમે ખાતરીથી માનજો કે,

મને લાગ્યું કે જો રોજ થોડા કલાક અભ્યાસ કરવા લાગું તો કન્નડી શીખી જતાં મને આઠ દહાડાથી વધારે ન લાગે. નામદાર શાસ્ત્રી કે મારા જેવા અર્ધુંક ડઝન લોકને છોડો તો બાકીના તમે બધા સાવ જુવાન છો. તમારી પાસે શું રોજના ચાર કલાક એક મહિના સુધી હિંદી શીખવા પાછળ દેવાની શક્તિ નથી? ૨૦ કરોડ જેટલા તમારા જ દેશબાંધવોની જોડે સંબંધ બાંધવા એટલો સમય આપવો એ શું તમને બહુ લાગે છે? હવે માનો કે, તમારામાંથી જે અંગ્રેજી નથી જાણતાં તે એ શીખવાનો ઠરાવ કરો છો. તમે માનો છો કે, રોજ ચાર કલાકથી મહિનામાં તમે તે શીખી શકશો? કદી નહિ. હિંદી શીખવી એ આવી રમત વાત છે તેનું કારણ એ છે કે, હિંદના હિંદુઓ જે ભાષાઓ બોલે છે — દક્ષિણની ચાર ભાષાઓ સુધ્ધાં — તે બધીમાં ઘણા સંસ્કૃત શબ્દો છે. જૂના કાળમાં ઉત્તર દક્ષિણ વચ્ચે સંબંધ સંસ્કૃત દ્વારા ચાલતો એ ઇતિહાસની વાત છે. આજે પણ દક્ષિણના શાસ્ત્રીઓ ઉત્તરના શાસ્ત્રીઓ જોડે સંસ્કૃતમાં વાર્તાલાપ કરે છે. અનેક પ્રાંતીય ભાષાઓમાં ફરક મુખ્યત્વે વ્યાકરણનો છે. ઉત્તર ભારતીય ભાષાઓનું તો વ્યાકરણ પણ સરખું છે. દક્ષિણ ભારતીય ભાષાઓનું વ્યાકરણ અલબત્ત ભિન્ન છે, અને તેઓ સંસ્કૃતની અસર તળે આવી તે પહેલાં તેમના શબ્દો પણ ભિન્ન હતા. પણ હવે એમણે પણ ઘણા સંસ્કૃત શબ્દો સ્વીકાર્યા છે; તે એટલે સુધી કે, હું દક્ષિણમાં ફરું છું ત્યારે એની ચારે ભાષામાં જે બોલાય એનો સાર પકડી લેતાં મને મુશ્કેલી નથી પડતી.

હવે આપણા મુસલમાન મિત્રોની વાત પર આવું. પોતપોતાના પ્રાંતની ભાષા તો જાણે તેઓ સ્વાભાવિક રીતે જાણે જ; ઉપરાંત તેઓ ઉર્દૂ જાણે. હિંદી અને હિંદુસ્તાની કે ઉર્દૂ વચ્ચે કશો જ ફરક નથી. બેઉનું વ્યાકરણ એકસરખું છે; લિપિને કારણે બેઉમાં જે ફરક છે તે છે; અને એનો વિચાર કરતાં જણાય છે કે, હિંદી, હિંદુસ્તાની અને ઉર્દૂ એ ત્રણે શબ્દો એક જ ભાષાના વાચક છે. જો આ ભાષાઓના શબ્દભંડોળ તરફ જોઈએ તો દેખાય છે કે ઘણાખરા તેમના શબ્દો એક છે. એટલે એક લિપિનો પ્રશ્ન, જે આપોઆપ ઊકલી જશે, તે બાદ કરીએ તો મુસલમાનોને કશી મુશ્કેલી આમાં નથી.

એટલે, ફરી પાછા મારા શરૂના મુદ્દા ઉપર આવતાં, જો તમારી દૃષ્ટિમર્યાદા ઉત્તરમાં શ્રીનગરથી દક્ષિણમાં કન્યાકુમારી સુધી અને પશ્ચિમમાં કરાંચીથી પૂર્વમાં દિબ્રુગઢ સુધી વિસ્તરતી હોય, — ને એટલી એ વિસ્તરવી જોઈએ પણ ખરી, — તો તેને માટે તમારી પાસે હિંદી સિવાય બીજું કાંઈ નથી. મેં તમને બતાવ્યું

કે, અંગ્રેજી આપણી રાષ્ટ્રભાષા થઈ શકે એમ નથી. મને અંગ્રેજી સામે અણગમો કશો નથી. થોડાક પંડિતો માટે અંગ્રેજીનું જ્ઞાન જરૂરનું છે; આંતરરાષ્ટ્રીય સંબંધો સારુ અને પશ્ચિમના વિજ્ઞાનના જ્ઞાન સારુ એની જરૂર છે. પરંતુ એનાથી જે સ્થાન લઈ ન શકાય એવું જ્યારે એને આપવામાં આવે છે ત્યારે મને દુઃખ લાગે છે. મને શંકા નથી કે એવો પ્રયત્ન અફળ જ જાય. સૌ પોતપોતાને સ્થાને જ શોભે.

એક નાહકનો ડર તમારા મગજમાં છે તે કાઢી નાખવા હું ઇચ્છું છું. કન્નડને ભોગે હિંદી શીખવવાની છે શું? તે કન્નડને ધકેલી કાઢશે શું? ઊલટો હું દાવો કરીને કહું છું કે, જેમ જેમ આપણે વધારે હિંદીપ્રચાર કરીશું તેમ તેમ આપણી પ્રાંતીય ભાષાઓના અભ્યાસને આપણે વિશેષ ઉત્તેજન આપીશું, એટલું જ નહિ એની શક્તિ પણ વધારીશું. અને આ હું મારા જુદા જુદા પ્રાંતોના અનુભવથી કહું છું.

લિપિ સંબંધી બે શબ્દો: હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે પણ માનતો કે, સંસ્કૃતમાંથી નીકળેલી બધી ભાષાઓની લિપિ દેવનાગરી હોવી જોઈએ; અને મને ખાતરી છે, દ્રાવિડી ભાષાઓ પણ દેવનાગરી મારફતે સહેલાઈથી શીખી શકાય. તામિલ, તેલુગુ અને થોડા દિવસ કાનડી, મલયાલમ પણ તેની તેની લિપિ દ્વારા ભણવાનો પ્રયત્ન મેં કર્યો છે. હું તમને કહું કે, જ્યાં હું જોઈ શકતો હતો કે, જો ચારે ભાષાની એક દેવનાગરી જ લિપિ હોત તો તે બધી હું જરા વારમાં શીખી શકત, ત્યાં આગળ મારે ચાર ચાર લિપિઓ શીખવી પડે, તેથી હું તો ડરનો માર્યો ગભરાઈ જ ગયો. મારા જેવા ચારે ભાષા ભણવાની હોંશવાળાને માટે એ કેટલો બધો ભારે બોજો! અને દક્ષિણનિવાસીઓ માટે પોતાની જન્મભાષા ઉપરાંત બીજી ત્રણ ભાષાઓ શીખવા દેવનાગરી લિપિ સારામાં સારી સવડવાળી થઈ પડે, એ જણાવવા કશી દલીલની જરૂર છે ખરી? હિંદી રાષ્ટ્રભાષાના પ્રશ્ન સાથે લિપિનો પ્રશ્ન ભેળવી દેવો ન જોઈએ. મેં એનો જે ઉલ્લેખ કર્યો છે તે હિંદની બધી ભાષાઓ ભણવા ઇચ્છનારની મુશ્કેલી બતાવવા પૂરતો જ.

હિ૦ બં૦, ૫–૭–'૩૬

૨

[મદ્રાસ હિંદી પદવીદાન સમારંભમાં આપેલા માંગળિક ભાષણમાંથી]

………મને થયું, ગુજરાતી તો રાષ્ટ્રભાષા ન જ થઈ શકે. દેશની વસ્તીના ૩૦મા ભાગથી વધારે લોકો એ ભાષા બોલતા નથી. એ ભાષામાં મને

તુલસી–રામાયણ શી રીતે મળે? પછી મને થયું, મરાઠીનું કેમ? મરાઠી ભાષા વિષે મને અનુરાગ છે. મરાઠી બોલનાર પ્રજામાંથી મને કેટલાયે સરસ સાથીઓ મળેલા છે. મહારાષ્ટ્રીઓમાં જે કાર્યશક્તિ, ત્યાગ અને વિદ્વત્તા રહેલાં છે તેની મને ખબર છે. એ ભાષા લોકમાન્ય ટિળકે બહુ જ સફળતાથી વાપરીને સમૃદ્ધ બનાવી છે. છતાં એ આપણી રાષ્ટ્રભાષા ન થઈ શકે એમ મને લાગ્યું. હું આ પ્રમાણે મારા મન સાથે દલીલ કરતો હતો ત્યારે હિંદી ભાષા બોલનાર લોકોની સંખ્યા કેટલી છે એની મને ખબર નહોતી, અને છતાં મને મનમાં ઊગી આવ્યું કે રાષ્ટ્રભાષા તો હિંદી જ થઈ શકે, બીજી કોઈ નહિ. બંગાળીની સુંદરતા હું સમજી શકતો નહોતો? સમજી શકતો હતો. અને ચૈતન્ય, રામમોહન રાય, રામકૃષ્ણ, વિવેકાનંદ, અને રવીન્દ્રનાથ ઠાકુરની ભાષા તરીકે મારા મનમાં એને વિષે ભારે માન હતું. અને છતાં મને લાગ્યું કે, બંગાળીને આપણે પ્રાંત પ્રાંત વચ્ચેના વ્યવહારની ભાષા ન બનાવી શકીએ. પછી પ્રશ્ન થયો કે, દક્ષિણ ભારતની કોઈ ભાષા રાષ્ટ્રભાષા થઈ શકે ખરી? મને એ ભાષાઓનું છેક જ અજ્ઞાન હતું એમ નહિ. . . પણ તામિલ કે દક્ષિણ ભારતની બીજી કોઈ ભાષા રાષ્ટ્રભાષા શી રીતે થઈ શકે? હિંદી, જેને પાછળથી હિંદુસ્તાની કે ઉર્દૂ એ બીજે નામે ઓળખવામાં આવી છે, તે જ રાષ્ટ્રભાષા થઈ શકે એમ હતું, અને રાષ્ટ્રભાષા હતી પણ એ જ.

હ૦ બં૦, ૪–૪–'૩૭

૧૮. મહાસભા અને રાષ્ટ્રભાષા

૧

[મદ્રાસમાં મળેલી હિંદી સાહિત્ય સંમેલનની બેઠકમાં, રાષ્ટ્રીય મહાસભાને તેનું બધું કામકાજ હિંદી-હિંદુસ્તાનીમાં જ ચલાવવાની ભલામણ કરનારો જે ઠરાવ થયો હતો* તેના પર ગાંધીજીએ કરેલું ભાષણ]

* એ ઠરાવ આ પ્રમાણે હતો :—

"આ સંમેલન હિંદી રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિને વિનંતી કરે છે કે, હવે પછી મહાસભા, મહાસમિતિ, અને કાર્યવાહક સમિતિના કામકાજમાં અંગ્રેજી ન વાપરતાં તેને બદલે હિંદી-હિંદુસ્તાની જ વાપરવાનો ઠરાવ કરવામાં આવે; માત્ર જે લોકો હિંદી-હિંદુસ્તાનીમાં પોતાના ભાવ પૂરેપૂરા પ્રગટ ન કરી શકે તેમને અંગ્રેજીમાં

આપણે હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવાની તરફેણમાં ઠરાવો પસાર કર્યા કરીએ, છતાં જો મહાસભા હમેશની પેઠે પોતાનું કામ ચલાવ્યાં કરે, તો આપણું કામ કીડીને વેગે જ આગળ વધે. આ ઠરાવમાં મહાસભાને પ્રાંત પ્રાંત વચ્ચેના વહેવારની ભાષા તરીકે અંગ્રેજીને ન ચાલવા દેવાની વિનંતી કરેલી છે. એમાં કહેલું છે કે, અંગ્રેજીને પ્રાંતિક ભાષાઓ કે હિંદી એકેનું સ્થાન ન લેવા દેવું જોઈએ. અંગ્રેજીએ લોકોની ભાષાઓને હાંકી ન કાઢી હોત તો આજે પ્રાંતિક ભાષાઓ આશ્ચર્ય ઉપજાવે એવી સમૃદ્ધ બની હોત. ઇંગ્લંડે તેના રાષ્ટ્રીય વ્યવહારની ભાષા તરીકે ફ્રેંચને સ્વીકારી હોત, તો આજે અંગ્રેજી સાહિત્યનું નામ પણ ન હોત. નૉર્મનોના વિજય પછી ઇંગ્લંડમાં ફ્રેંચ ભાષા ચાલતી હતી, પણ પછી 'શુદ્ધ અંગ્રેજી'ની તરફેણમાં જુવાળ આવ્યો. એને લીધે આજે આપણે જોઈએ છીએ તે મહાન અંગ્રેજી સાહિત્ય પેદા થયું છે. યાકુબ હુસેન સાહેબે કહ્યું તે સાવ સાચું છે. મુસલમાનોના સંસર્ગની આપણા સંસ્કાર અને સુધારા પર બહુ ભારે અસર પડેલી. એટલે સુધી કે, સ્વ૦ પંડિત અયોધ્યાનાથ જેવા માણસો ફારસી અને અરબીના ખાં બન્યા હતા. એમણે અરબી અને ફારસીના અભ્યાસને જે વખત આપ્યો તે બધો જન્મભાષાને આપ્યો હોત, તો એમની જન્મભાષાની ભારે પ્રગતિ થાત. તે પછી અંગ્રેજીએ અસ્વાભાવિક સ્થાન લીધું, તે આજ લગી ચાલુ રહ્યું છે. યુનિવર્સિટીઓના અધ્યાપકો અંગ્રેજીમાં છટાદાર ભાષણો કરી શકશે, પણ પોતાના વિચાર પોતાની જન્મભાષામાં વ્યક્ત નહીં કરી શકે. સર ચંદ્રશેખર વેંકટ રામનની બધી શોધખોળ એમણે અંગ્રેજીમાં લખેલા લેખોમાં પડેલી છે. જેઓ અંગ્રેજી નથી જાણતા તેમને તો એ શોધખોળની કશી જ ખબર પડે એમ નથી. એથી ઊલટું રશિયાની સ્થિતિ જુઓ. ૧૯૧૭ માં ત્યાં વિપ્લવ થયો તે પહેલાં જ એ લોકોએ બધાં પાઠ્યપુસ્તકો (વિજ્ઞાનનાં પણ) રશિયન ભાષામાં જ રચવાનો ઠરાવ કરેલો. લેનિનના વિપ્લવની તૈયારી ખરી રીતે તો એણે જ કરી. જ્યાં લગી મહાસભા પોતાનું બધું કામકાજ ને ચર્ચાઓ

બોલવાની છૂટ રહે. કોઈ સભ્ય હિંદી-હિંદુસ્તાનીમાં બોલી ન શકતો હોય અને પોતાની પ્રાંતભાષામાં બોલવા ઇચ્છે, તો તેને તેમ કરવાની છૂટ હોવી જોઈએ, અને તેના ભાષણનો હિંદી-હિંદુસ્તાનીમાં અનુવાદ કરવાની ગોઠવણ કરવી જોઈએ.

"કોઈ માણસને કોઈ પ્રસંગે પોતાનું કહેવું સભાજનોના અમુક વર્ગને સમજાવવા માટે અંગ્રેજીમાં બોલવાની જરૂર જણાય, તો તેને પ્રમુખની રજા લઈને અંગ્રેજીમાં બોલવાની છૂટ હોવી જોઈએ."

હિંદીમાં ને તેની પ્રાંતિક શાખાઓ પ્રાંતિક ભાષાઓમાં ચલાવવાનો નિર્ધાર ન કરે, ત્યાં લગી આપણે જનસમૂહની જોડે સંસર્ગ બાંધી શકવાના નથી.

આ ઠરાવની સાથે જેટલો સંબંધ હિંદી સાહિત્ય સંમેલનને છે, તેટલો જ ભારતીય સાહિત્ય પરિષદને છે, કેમ કે ભારતીય સાહિત્ય પરિષદનો ઉદ્દેશ પ્રાંતિક ભાષાઓનો વિકાસ સાધવાનો છે; અને જો મહાસભા આ ઠરાવ ન સ્વીકારે તો ભારતીય સાહિત્યનો ઉદ્દેશ એટલે અંશે એળે જાય.

હું ભાષાની અંધપૂજા કરું છું એમ નથી. આપણી ભાષાને ભોગે સ્વરાજ મળતું હોય તો હું તે લેવાની ના પાડું એમ નથી; જોકે સત્ય અને અહિંસાને ભોગે મળતું હોય તો તે લેવાની હરગિજ ના પાડું. પણ હું ભાષા વિષે આટલો બધો આગ્રહ રાખું છું તે એટલા માટે કે, તે રાષ્ટ્રીય એકતા સાધવાનું એક સબળ સાધન છે, અને તેની સ્થાપના જેટલી દૃઢ થાય તેટલી આપણી એકતા વિશાળ અને સંગીન બને.

દરેક માણસે પોતાની જન્મભાષા ઉપરાંત હિંદી અને એક ઇતર પ્રાંતની ભાષા શીખવી જોઈએ એમ હું કહું છું એથી ભડકી નહિ જતા. ભાષાઓ તો સહેલાઈથી શીખી શકાય છે. મૅક્સ મૂલરને ૧૪ ભાષા આવડતી હતી. અને હું એક જર્મન યુવતીને ઓળખું છું, તે જ્યારે પાંચ વરસ પહેલાં આ દેશમાં આવી ત્યારે ૧૧ ભાષા જાણતી હતી ને હવે હિંદુસ્તાનની બેત્રણ ભાષા શીખી ગઈ છે. પણ તમે તો, કોણ જાણે કેમ, તમારા મન આગળ એક મોટો હાઉ ઊભો કર્યો છે ને માની લીધું છે કે, તમારાથી હિંદીમાં તમારા વિચાર પ્રગટ ન કરી શકાય. મહાસભાના બંધારણમાં ૧૨ વરસ થયાં હિંદુસ્તાનીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવામાં આવી છે, છતાં આપણે જરાયે પ્રગતિ નથી કરી, એમાં આપણા મનનું આળસ રહેલું છે.

યાકુબ હુસેન સાહેબે મને પૂછ્યું કે, "તમે 'હિંદી-હિંદુસ્તાની' શબ્દનો આટલો આગ્રહ કેમ રાખો છો ને એકલા 'હિંદુસ્તાની' શબ્દથી સંતોષ કેમ નથી માનતા?" આ આખી વસ્તુની ઉત્પત્તિનો ઇતિહાસ મારે તમને આપવો જોઈએ. છેક ૧૯૧૮માં હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખ તરીકે મેં હિંદી ભાષા બોલનાર સમાજને સૂચના કરેલી કે, તેઓ હિંદીની વ્યાખ્યાનો વિસ્તાર કરીને તેમાં ઉર્દૂનો સમાવેશ કરે. ફરી પાછો ૧૯૩૫માં હું સંમેલનનો પ્રમુખ થયો ત્યારે, 'જે ભાષા હિંદુ અને મુસલમાન બંને બોલે છે અને જે દેવનાગરી કે ઉર્દૂ લિપિમાં

લખાય છે તે' એવી 'હિંદી' શબ્દની ચોક્કસ વ્યાખ્યા કરાવી. એમ કરવામાં મારો હેતુ હિંદીની અંદર મૌલાના શિબલીની પાંડિત્યવાળી ઉર્દૂ તેમ જ પંડિત શ્યામસુંદરદાસની પાંડિત્યવાળી હિંદી બંનેનો સમાવેશ કરવાનો હતો. પછી ભારતીય સાહિત્ય પરિષદ આવી. એ સંમેલનની જ એક શાખા છે. મારી સૂચનાથી 'હિંદી' ને બદલે 'હિંદી–હિંદુસ્તાની' એ શબ્દ સ્વીકારવામાં આવ્યો. એમાં અબદુલ હક સાહેબે મારો સખત વિરોધ કરેલો. પણ એમની સૂચના મારાથી સ્વીકારી શકાય એમ ન હતું. 'હિંદી' શબ્દ હિંદી સાહિત્ય સંમેલનનો હતો, ને તેની વ્યાખ્યા એમાં ઉર્દૂનો સમાસ થાય એવી રીતે કરવાને મેં એમને સમજાવેલા; એટલે એ શબ્દ હું છોડી દેત તો હું મારા પોતા પર ને સંમેલન પર અત્યાચાર કરત. આપણે યાદ રાખવું જોઈએ કે, 'હિંદી' શબ્દ હિંદુઓનો બનાવેલો નથી; મુસલમાનોના આગમન પછી ઉત્તર ભારતના હિંદુઓ જે ભાષા બોલતા ને શીખતા હતા તે ભાષા સૂચવવાને એ શબ્દ બનાવવામાં આવેલો. અને હવે જ્યારે હિંદુઓ તેમ જ મુસલમાનો એ ભાષાનાં જે અનેક રૂપાંતરો વાપરે છે તે બધાંનો સમાવેશ થાય એવી 'હિંદી' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે, ત્યારે શબ્દોને સારુ આ ઝઘડો શો?

તે પછી બીજી એક વસ્તુનો વિચાર કરવાનો રહે છે. દક્ષિણ ભારતની પ્રાંતિક ભાષાઓનો વિચાર કરીએ તો, તેમને તો સંસ્કૃતપ્રચુર હિંદી જ ગમશે, કેમ કે સંસ્કૃત શબ્દો ને સંસ્કૃત ઉચ્ચારોથી તેઓ અત્યારે પણ પરિચિત છે જ. જ્યારે હિંદી અને હિંદુસ્તાની કે ઉર્દૂ એકરૂપ થઈ જશે અને ખરેખર હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા બનશે, અને દિનપ્રતિદિન તેમાં પ્રાંતિક શબ્દોનો ઉમેરો થતો જશે, ત્યારે અંગ્રેજીનું શબ્દભંડોળ છે એના કરતાં પણ વધારે સમૃદ્ધ એનું શબ્દભંડોળ થશે. એટલે હવે મને આશા છે કે, હું 'હિંદી–હિંદુસ્તાની' શબ્દોનો આગ્રહ કેમ રાખું છું એ તમે સમજી શકશો.

તે પછી, જેઓ મહાસભામાં એકલી હિંદી–હિંદુસ્તાનીનો જ વાપર ચાલુ થાય એથી ડરે છે, એવાઓને હું એક નાની સરખી સૂચના કરું. તમે કોઈ હિંદી દૈનિક પત્ર કે સારું પુસ્તક ખરીદી રાખો, રોજ નિયમિત રીતે પાંચ મિનિટ પણ એમાંથી અમુક ભાગ મોટેથી વાંચો, જાણીતાં હિંદી લખાણો ને ભાષણોમાંથી ફકરા વીણી કાઢો ને તે શુદ્ધ ઉચ્ચારણને સારુ એકલા બેસીને બોલી જાઓ, રોજ થોડાક હિંદી શબ્દો નવા શીખવાનો નિયમ કરો; તો હું તમને ખાતરી આપું છું કે, આટલા નિયમિત નિત્યપાઠથી તમે છ મહિનામાં,

સ્મરણશક્તિ પર વધારેપડતો બોજો પડ્યા વિના, હિંદી–હિંદુસ્તાનીમાં તમારા વિચાર સારી રીતે પ્રગટ કરતા થઈ શકશો.

હ૦ બં૦, ૧૧–૪–'૩૭

૬

[મહાસભાની કાર્યવાહક સમિતિએ પોતાની નીતિ સ્પષ્ટ કરતો ઠરાવ ૧૯૩૮માં પસાર કરેલો તે અહીં સાથે જ જોવો ઠીક પડશે માની નીચે ઉતાર્યો છે.]

કૉન્ગ્રેસની મહાસમિતિની તાજેતરમાં ભરાયેલી સભામાં ડૉ. અશરફે ખાનગી રાહે રજૂ કરેલા હિંદુસ્તાની વિષેના ઠરાવની બાબતમાં કાર્યવાહક સમિતિને અફસોસ છે કે, અનેક પ્રકારના સુધારાઓથી થયેલા ગોટાળાને લીધે એ ઠરાવ ઊડી જવા પામ્યો. પણ મહાસભાની જે સ્થિતિ બંધારણની નીચેની કલમમાં વર્ણવવામાં આવી છે તેમાં આ ઠરાવના ઊડી જવાથી કોઈ જાતનો ફરક પડતો નથી :

"કલમ ૧૯ (ક) મહાસભા, મહાસમિતિ અને કાર્યવાહક સમિતિનું કામકાજ સામાન્યપણે હિંદુસ્તાનીમાં ચાલશે. વક્તા હિંદુસ્તાનીમાં બોલવા અસમર્થ હોય તો, અથવા તો પ્રમુખ જ્યારે જ્યારે રજા આપે ત્યારે, અંગ્રેજી ભાષા અથવા કોઈ પ્રાંતિક ભાષાનો ઉપયોગ કરી શકશે. (ખ) પ્રાંતિક સમિતિનું કામકાજ સામાન્યપણે તે તે પ્રાંતની ભાષામાં ચલાવવામાં આવશે. હિંદુસ્તાનીનો પણ ઉપયોગ કરી શકાશે."

મહાસભાની ચાલતી આવેલી પ્રથા અનુસાર, હિંદુસ્તાની એ ભાષા છે જે ઉત્તર હિંદના લોકો વાપરે છે અને જે દેવનાગરી અથવા ઉર્દૂ લિપિમાં લખાય છે.

વસ્તુતઃ મહાસભાની એ નીતિ રહેલી જ છે કે, તમામ સભાઓમાં અને મહાસભા-સમિતિઓના કામકાજમાં હિંદુસ્તાનીનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો. કાર્યવાહક સમિતિ આશા રાખે છે કે, આ વરસની આખર સુધીમાં મહાસભાવાદીઓ રાષ્ટ્રભાષામાં બોલવાની તૈયારી કરી લેશે, જેથી મહાસભાની સભાઓમાં કે મહાસભા-સમિતિઓનાં કાર્યાલયમાં આંતરપ્રાંતીય વ્યવહારને સારુ તે પછી અંગ્રેજીનો ઉપયોગ કરવાની જરૂર ન રહે. માત્ર પ્રમુખ જ્યારે જ્યારે આવશ્યક હોય ત્યારે અંગ્રેજીનો ઉપયોગ કરવાની પરવાનગી આપી શકશે.

હ૦ બં૦, ૯–૧૦–'૩૮

૧૯. હિંદીપ્રચાર અને ચારિત્રશુદ્ધિ

૧

ગયા મહિનાની ૨૬મી તારીખે મદ્રાસમાં દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાની છેવટની પરીક્ષામાં પસાર થયેલાં યુવકયુવતીઓને પ્રમાણપત્રો આપવાનો પદવીદાનસમારંભ રખાયો હતો. પદવી લેનારાંઓને પ્રમાણપત્રો આપવાને મને નોતરવામાં આવ્યો હતો. એમને ત્રિવિધ પ્રતિજ્ઞા લેવાની હતી, તેમાં હિંદી–હિંદુસ્તાનીનો પ્રચાર, સ્વદેશની સેવા, અને હિંદી પ્રચાર સભાની પ્રતિષ્ઠાની રક્ષા અર્થે ચારિત્રશુદ્ધિ, એમ ત્રણ વ્રતો લેવાનાં હતાં. પ્રતિજ્ઞાના છેલ્લા બે ભાગ તરફ મેં પદવીધરોનું ખાસ ધ્યાન ખેંચ્યું. પણ સેવા અને ચારિત્રશુદ્ધિ વિષેનાં વ્રત દાખલ કરવામાં પ્રતિજ્ઞા ઘડનારાઓનો ખાસ ઇરાદો હતો. એમનો એવો અભિપ્રાય હોવો જોઈએ કે, સભા દ્વારા પદવી મેળવનાર યુવકો અને યુવતીઓ સેવાભાવથી હિંદીનો પ્રચાર કરે અને તેમનાં ચારિત્ર અણીશુદ્ધ હોય, તો એ બે વસ્તુઓ એ પદવીધરોની પ્રતિષ્ઠામાં વધારો કરે અને તેઓ જાતે જ હિંદી–હિંદુસ્તાનીને લોકપ્રિય કરવાને સારામાં સારું જાહેરાતનું સાધન બની જાય. તેથી મેં એમને એમણે પદવી લેતી વખતે કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવ્યું. મારા કહેવાનું સમર્થન કરવાને મેં એમની આગળ એક હિંદી શિક્ષકના પતનની ખબર મારી પાસે આવેલી ને એ પતનથી હિંદીપ્રચારના કાર્યને કેટલી હાનિ થઈ છે એ વિષે બે શબ્દો કહ્યા.

*　　　*　　　*

જે સંસ્થાઓ જોડે મારો નિકટનો સંબંધ રહ્યો છે તેમને જનસમુદાય— પુરુષો તેમ જ સ્ત્રીઓની સાથે કામ લેવાનું રહ્યું છે. એ સંસ્થાઓ સેંકડો સ્વયંસેવકોની મારફત કામ ચલાવે છે. એમને નૈતિક સિવાય બીજી કોઈ પણ પ્રકારની સત્તા હોતી નથી. સ્વયંસેવકોને વિષે પ્રજા વિશ્વાસ રાખે છે, કેમ કે એમનાં ચારિત્ર તો શુદ્ધ જ હોય એમ પ્રજા માની લે છે. જે ક્ષણે તેઓ ચારિત્રશુદ્ધિ વિષેની શાખ ગુમાવે, તે ક્ષણે જ એમની પ્રતિષ્ઠા ને એમની અસર ઓછી થઈ જશે. પાપમાં સંડોવાયેલી સંસ્થા કે વ્યક્તિઓને પાપની પ્રસિદ્ધિથી કદી નુકસાન થયું નથી. . . .

આ વસ્તુ બીજાઓના કરતાં દક્ષિણ ભારતના શિક્ષકોને વધારે સબળપણે લાગુ પડે છે. દક્ષિણ ભારતમાં પડદાનો રિવાજ નથી. ત્યાં છોકરાઓ કરતાં છોકરીઓ હિંદીમાં વધારે રસ લેતી જણાઈ છે. શિક્ષકો એમના ધંધાને કારણે જ એમનાં શિષ્ય અને શિષ્યાઓ પર જે નૈતિક અધિકાર ભોગવે છે તેથી વહેમ ઊડી જાય છે ને એક પ્રકારનો વિશ્વાસ, જે સામાન્ય રીતે ન રખાય, તે શિક્ષકો વિષે રખાય છે.

એવી મતલબની સૂચના થઈ ચૂકી જ છે કે, હિંદીપ્રચાર સભાએ સોએ સો ટકા સુરક્ષિત બનવાનને સારુ છોકરીઓને ખાનગી શિક્ષણ આપવાની પ્રથા છેક જ બંધ કરી દેવી જોઈએ. હું આ અભિપ્રાયમાં સંમત થઈ શક્યો નથી. આપણે ગમે તેટલી કાળજી રાખીએ તોયે પતનના દાખલા તો બનવાના જ. એટલે આપણે જેટલી સાવચેતી રાખીએ એટલી ઓછી છે. પણ છોકરીઓનું ખાનગી શિક્ષણ બંધ કરવું એ નીતિની બાબતમાં દેવાળું કબૂલ કરવા બરોબર છે. આપણે ગભરાઈ જવાનું કે હતાશ થઈ જવાનું કશું કારણ નથી. મારી જાણ પ્રમાણે હિંદી શિક્ષકોએ સામાન્યપણે ચારિત્રશુદ્ધિની બાબતમાં નિષ્કલંક રહીને પોતાનું કામ કર્યું છે. પતન સિદ્ધ થયું હોય એવો એકે દાખલો મેં પ્રજાથી છાનો રાખ્યો નથી. આપણે લાલચને નોતરીએ નહીં, તેમ જ લાલચને છેક જ ટાળવાને સારુ લોઢાનાં પાંજરાંમાં પણ ન પુરાઈ બેસીએ. લાલચ વણનોતરી આવે ત્યારે તેની સામે ટક્કર ઝીલવાને આપણે તૈયાર રહેવું જોઈએ. . . .

હ૦ બં૦, ૪–૪–'૩૭

૨

[વર્ધામાં હિંદી પ્રચારકોનું અધ્યાપનમંદિર ઉઘાડતાં આપેલા વ્યાખ્યાનમાંથી]

પ્રચારકો ચારિત્ર્યશીલ હોવા જોઈએ એમ કહીને રાજેન્દ્રબાબુએ મારો બોજો હળવો કર્યો છે. જેમનામાં પૂરતું અક્ષરજ્ઞાન નહિ હોય તે નહિ ચાલે એ તો કહેવાની જરૂર જ નથી. પણ એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, જ્યાં ચારિત્ર્યની આવશ્યક લાયકાત નહિ હોય ત્યાં અક્ષરજ્ઞાનની લાયકાત પણ કામ નહિ આવે.

આ પ્રચારકોએ હિંદીની જે વ્યાખ્યા ઇંદોર સાહિત્ય સંમેલને કરી છે તેવી હિંદી ઉપર કાબૂ મેળવવો પડશે. જે ભાષા ઉત્તર હિંદુસ્તાનના હિંદુ અને મુસલમાન બોલે છે અને જે દેવનાગરી કે ફારસી લિપિમાં લખાય છે તે હિંદી,

એની એવી વ્યાખ્યા એ સંમેલને બે વરસ ઉપર કરેલી છે. એ ભાષા પર કાબૂ મેળવવો એનો અર્થ એ છે કે, આમવર્ગ બોલે છે એવી સહેલી હિંદી-હિંદુસ્તાની પર તો કાબૂ મેળવવો જ, પણ તે ઉપરાંત પંડિતોની સંસ્કૃતમય હિંદી અને મોલવીઓની ફારસી અરબીથી ભરેલી ઉર્દૂ ઉપર પણ કાબૂ મેળવવો જોઈએ. એના જ્ઞાન વિના હિંદીમાં નિષ્ણાત થયા કહેવાય જ નહિ; જેમ ચોસર, સ્વિફ્ટ અને જૉન્સનનું અંગ્રેજી જાણ્યા વિના અંગ્રેજીમાં પારંગત થયા કે વાલ્મીકિ અને કાલિદાસનું સંસ્કૃત જાણ્યા વિના સંસ્કૃતમાં પારંગત થયા ન કહેવાઈએ.

પણ આ પ્રચારકોમાં દેવનાગરી કે ફારસી લિપિનું અજ્ઞાન હોય કે હિંદી વ્યાકરણનું અજ્ઞાન હોય તે ચલાવી લેવા હું તૈયાર થાઉં, પણ ચારિત્રનો અભાવ ચલાવી લેવા એક ક્ષણ પણ તૈયાર ન થાઉં. આપણને અહીં એવા માણસો નથી જોઈતા. અને જો તેવા ઉમેદવારોમાં એવો કોઈ હોય તો તે વખતસર જ ચાલ્યો જાય. એમને જે કામ કરવાનું છે તે કંઈ સહેલું નથી. અંગ્રેજી જાણનારા લોકોનો એક સબળ વર્ગ એવો છે જે કહે છે કે, અંગ્રેજી જ હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા થઈ શકે. કાશી પ્રયાગના પંડિતો હિંદીને સંસ્કૃતમય બનાવી દેવા માગે છે. ને દિલ્લી લખનૌના આલિમો ઉર્દૂમાં ફારસી શબ્દો ઠાંસી ઠાંસીને ભરવા માગે છે. ત્રીજા જે વર્ગની સામે આપણે લડવાનું છે તે 'પ્રાંતિક ભાષાઓ ભયમાં છે' એવી બૂમ ઉઠાવનારાઓનો છે.

આ વર્ગોની સામે બાથ ભીડવામાં એકલું પાંડિત્ય કામમાં નહીં આવે. એ પંડિતોનું કામ નથી પણ ફકીરોનું — અણીશુદ્ધ ચારિત્રવાળા ને નિઃસ્વાર્થ માણસોનું છે. એ વસ્તુની તમારામાં ખામી હશે તો તમે જે લોકોમાં કામ કરતા હશો તેઓ તમને માર મારે તોયે હું એમનો વાંક નહીં કાઢું. એમણે કંઈ અહિંસાની પ્રતિજ્ઞા લીધેલી નથી.

તેમ જ પૈસાથી પણ આપણને ઝાઝી મદદ થવાની નથી. . . . એટલે હું આજ સવારે તમને એ જ કહેવા આવ્યો છું કે તમે આ કામમાંયે ચારિત્ર્યનો ફાળો આપો.

હિ૦ બં૦, ૧૮–૭–'૩૭

૨૦. હિંદી યા હિંદુસ્તાની

૧

એક સંમાનિત મિત્રે લખેલો ભારે બોધક પત્ર વાચક આ અંકમાં* જોશે. નાગપુરમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદનો પ્રારંભ કરવા હાલમાં મળેલા પ્રતિનિધિઓ આગળ એ વાંચી બતાવાયો હતો. એને મળતો એક બીજો પત્ર અન્ય એક મુસ્લિમ મિત્રે મારી પર મોકલ્યો છે; અને એની સાથે, ગયા એપ્રિલની ૨૭મી તારીખના 'બૉમ્બે ક્રૉનિકલ'માં આ વિષય પર લખાયેલા અગ્રલેખની કાપલી બીડી છે. આ બે પત્રો અને એ અગ્રલેખ એક આંતર-પ્રાંતીય ભાષા વિષેના મારા વિચારોને સામાન્યપણે રજૂ કરનારા છે. છતાં, મને ભય છે કે, કદાચ એમની સાથેની મારી આ સંમતિને કેટલીક મર્યાદાઓ રહેલી છે, જે મારે જાહેર કરવી જોઈએ. આ મર્યાદાઓને મર્યાદા નામ આપો તોપણ, તેમનો ઇરાદો આ મારા મિત્રોનું જે મંતવ્ય છે તે જ સાધવાનો છે.

પ્રથમ તો મારે. કેટલાક મુસલમાનોને શંકાભય રહેલો છે, તે પતવવો જોઈએ. આજ આખું વાતાવરણ શંકામય બનેલું છે. કોઈ પણ માણસનું કાર્ય કે કથન શંકાદૃષ્ટિ સિવાય જોવામાં જ નથી આવતું. આ સ્થિતિમાં, મારા મત પ્રમાણે, ઉત્તમ માર્ગ એ છે કે, જેઓ દિલથી સંપૂર્ણ કોમી ઐક્ય ચાહે છે અને એ વિષે આશંકા લાવવાનું પોતે જાતે કશું કારણ નથી નિપજાવ્યું, એવા લોકોએ, આ કે તે બાજૂના ક્ષણિક આવેશોને વશ થયા વગર, નિર્ભય-પણે સાચે માર્ગે ચાલ્યે જવું, — તેમાંય, આવા આવેશોને જ્યાં સ્થાન નથી, એવી પરિષદ જેવી બાબતોમાં તો ખાસ કરીને.

પરિષદનો હેતુ આ છે:— હિંદની બધી ભાષાઓમાં જે સર્વોત્તમ સાહિત્ય હોય તે એકઠું કરવું અને તે દેશની જનતાના મોટામાં મોટા ભાગને પહોંચે એમ કરવું; એટલે, માધ્યમની ભાષા એવી હોવી જોઈએ કે જે મોટામાં મોટો ભાગ સમજતો હોય. નિ:શંક ઉર્દૂ હિંદની અનેક ભાષાઓમાં એક છે અને એમાં એવા રત્નભંડાર પડેલા છે કે જે આખા હિંદને મળવા જોઈએ. વળી, મુસ્લિમ મનોદશાને જાણવા ઇચ્છતો, અથવા તો ઇસ્લામ ધર્મનું જે સ્વરૂપ હિંદુસ્તાનની

* જુઓ આ પ્રકરણને અંતે પરિશિષ્ટ.

પરિસ્થિતિમાં અવતર્યું છે તેને વિષે બધું જાણવા ચાહતો કોઈ પણ હિંદી ઉર્દૂ સાહિત્યનો પરિચય મેળવવાનું છોડી ન શકે. અને હાલમાં જે પરિષદની સ્થાપના કરવામાં આવી છે તે જો વર્તમાન ઉર્દૂ સાહિત્યમાં મળતા રત્નભંડારો હિંદી જનતા આગળ નહિ ઉઘાડે તો તે તેનાં હેતુ અને ફરજમાં ચૂકશે.

પત્ર લખનાર મિત્રે એક ભૂલ કરી છે તે સુધારવાની જરૂર છે. મિત્ર માને છે તેમ બનારસમાં નહિ, પણ અલ્હાબાદમાં શ્રી. ટંડનજીએ આપેલા વ્યાખ્યાનની પૂરી નકલ એમની પાસે નહિ હોવી જોઈએ; નહિ તો, એમણે જે ભારે ભૂલ કરી છે તેવી તે ન કરત. તે એમ માને છે કે, ટંડનજીએ હિંદી બોલનાર બાવીસ કરોડની વાત કરી ત્યારે તેમના મનમાં આજની કૃત્રિમ હિંદી લખનાર માત્ર જ હતા. પણ એમણે તો સાફ જણાવેલું કે, વિંધ્યાચલની ઉત્તરમાં વસતી વિશાળ જનતાને અનુલક્ષીને આ કહું છું; તેની અંદર ૭ કરોડ મુસલમાનો પણ આવી જાય છે, જેઓ પણ ઓછે-વત્તે અંશે એ જ ભાષા બોલે છે અને સમજે છે, કે જેની ઉત્પત્તિ વ્રજ ભાષામાંથી છે અને જેનું વ્યાકરણ પણ એનું જ સમાન છે. આવી ભાષાને જે 'હિંદી' એવું નામ અપાયું છે એ નવું નથી. એ નામ તો, મુસલમાન લેખકોએ, પોતે ઉત્તર હિંદના લોક માટે જે ભાષામાં લખતા અને જે એમના હિંદુ બિરાદરો પણ ચોક્કસ પણે વાપરતા, તે ભાષાને આપ્યું હતું. પછીથી એમાં તડ પડ્યાં, અને દેવનાગરી લિપિમાં લખાતી હિંદી ઉત્તર હિંદના હિંદુઓની, અને અરબી કે ફારસી લિપિમાં લખાતી ઉર્દૂ તે પ્રદેશના મુસલમાનોની ભાષા ગણાવા લાગી. એમ કહેવું કે ઉર્દૂ આખા હિંદના મુસલમાનોની ભાષા છે એ તો આજ પણ મુશ્કેલ છે. મને ખબર છે કે, અલીભાઈઓને અને મને અમારી ઉર્દૂ દ્વારા મલબારના મોપલા આગળ વાત કરવામાં મુશ્કેલી પડેલી; અમારે મલયાલમી દુભાષિયાથી કામ લેવું પડેલું. એવી જ મુશ્કેલી અમને પૂર્વ બંગાળાની અસંખ્ય મુસલમાન વસ્તીમાં પણ અનુભવવી પડેલી. એટલે, જે વસ્તુ મારા પત્રલેખક મિત્ર સૂચવવા માગે છે તે જ વસ્તુ ટંડનજી અને રાજેન્દ્રબાબુ તેને માટે 'હિંદી' શબ્દ વાપરીને સૂચવે છે. એને બદલે 'હિંદુસ્તાની' શબ્દ વાપરવાથી એઓને સૂચવવાની વસ્તુ કાંઈ વધુ સ્પષ્ટ થાત એમ નથી.

પરંતુ, પત્રલેખકની એ ફરિયાદ પાકે પાયે છે કે, કેટલાક ઉત્તર હિંદના લેખકો કહે છે કે અમે હિંદીમાં લખીએ છીએ, પરંતુ તે એવી હોય છે કે

જે ઉત્તરનાય બહુ થોડા જ લોક સમજે. કૃત્રિમ જડબાતોડ ભાષાનું અને એમ, એમનો એ પ્રયત્ન નિષ્ફળ જવા જ અંકાયેલો છે.

તો પછી પત્રલેખક મને પૂછે કે, હું "હિંદી યા હિંદુસ્તાની"નો આગ્રહ શા માટે રાખું? માત્ર 'હિંદુસ્તાની' જ શા માટે નથી કહેતો? આનું એક સરળ કારણ તો એ છે કે, મારા જેવા નવા માણસે ૨૫ વર્ષથી ચાલતી આવેલી સંસ્થાને, જ્યારે એનું નામ બદલવાની જરૂર સ્પષ્ટતઃ પુરવાર નથી થઈ ત્યારે તેને તેમ કરવા કહેવું, એ મારે માટે ઉછાંછળાપણું કહેવાય. નવી પરિષદ આ જૂની સંસ્થાનું બાળક છે; એનો ઇરાદો ઉત્તરના હિંદુ અને મુસલમાન બેઉની સેવા કરવાનો છે; આ બેઉ કોમો એક જ પોતાની સાધારણ માતૃભાષા બોલે છે: એનું નામ હિંદી કહો કે હિંદુસ્તાની, એ મહત્ત્વની વાત નથી. મારે માટે એ બેઉ શબ્દો સમાન અર્થના જ છે. પરંતુ, હું જે ભાષા કહેવા માગું છું એને માટે જો કોઈ 'હિંદી' શબ્દ વાપરે, તો મારો એમની સામે વાંધો ન હોય.

'અખિલ ભારતીય' શબ્દ સ્વીકાર્યો છે એની સામે પત્રલેખકનો વાંધો હું નથી સમજતો કે શા સારુ. આખા હિંદુસ્તાનમાં બધા હિંદુઓ તો જરૂર એ શબ્દપ્રયોગ જાણે છે. અને હું હિંમતથી કહું છું કે, ઉત્તરના મોટા ભાગના મુસલમાનો પણ એ સમજશે. આપણા જમાનાની હિંદી સંસ્કૃતિ આજે ઘડાઈ રહી છે. આજ એકમેક સાથે ઝઘડતી લાગતી એવી બધી સંસ્કૃતિઓનું એક સુસંમિશ્રણ નિપજાવવા માટે આપણામાંના ઘણા લોક મથી રહ્યા છે. જો કોઈ સંસ્કૃતિ એકાકી રહેવા મથે તો તે જીવિત ન રહી શકે. શુદ્ધ આર્ય સંસ્કૃતિ જેવી કોઈ ચીજ આજ હિંદમાં હયાત નથી. આર્ય લોકો અહીંના મૂળ વતની હતા કે આ દેશ પર ચડી આવી ઘૂસી જનારા હતા, એ પ્રશ્નમાં મને બહુ રસ નથી. મને મહત્ત્વ લાગે છે એ સત્ય હકીકતનું કે, મારા પુરાણપૂર્વજો પૂરી છૂટથી એકમેકમાં ભળ્યા અને આ જમાનાના આપણે બધા એ સંમિશ્રણનું ફળ છીએ. આપણે તે આપણી જન્મભૂમિનું અને આપણને વહનાર આ નાનકડી ધરતીમાતાનું ભલું કરીએ છીએ, કે એને ભારરૂપ થઈએ છીએ, એ તો ભવિષ્યે જ બતાવવું રહ્યું. મારે માટે આટલી વાત સાફ છે કે, નવી પરિષદ અને હિંદી સાહિત્ય સંમેલન બેઉનો ઉદ્દેશ હિંદની બધી ભાષાના ઉત્તમાંશો એકઠા કરવા દ્વારા સૌનું સર્વસાધારણ ભલું કરવાનો છે. જો એમનો એ ઇરાદો નથી તો તેઓ નાશ પામશે. પરંતુ, એ પ્રકારના સુસંમિશ્રણનો એ અર્થ ન

થવો જોઈએ કે, જેમાં આર્ય અસર હોય એ બધું છાંડવું જોઈએ, જેમ એનો એ અર્થ પણ ન થાય કે, જેમાં અરબી અસર હોય–અરબી જ માત્ર શું કામ? જેમાં અંગ્રેજી કે બીજી કોઈ પણ અસર હોય–તેય છાંડવું જોઈએ.

આ અઠવાડિયે હું મારી દલીલ આટલે અટકાવું. હજી કેટલાક મહત્ત્વના મુદ્દા ચર્ચવાના બાકી છે, તે બીજે અઠવાડિયે લેવા આશા રાખું છું.

હ૦ બં૦, ૧૭–૫–'૩૯

૨

ગયા લેખમાં હું બતાવી ગયો કે, 'હિંદી' અને 'હિંદુસ્તાની' શબ્દોને શા માટે હું પર્યાયવાચી માનું છું અને શા સારુ 'હિંદી' શબ્દનો પ્રયોગ રાખવો જરૂરનો છે.

ગયા અંકમાં જે પત્ર પ્રસિદ્ધ કરેલો એમાં 'હિંદી' શબ્દ સામે આ પ્રમાણે વિરોધ રજૂ કરેલો: "ભૂતકાળમાં મુસલમાનો આ ભાષાને ભણતા, અને એને સાહિત્યની ભાષાના ગૌરવપદે ચડાવવા એમના હિંદુ બિરાદરોથી વધુ નહિ તોય તેમના જેટલી મહેનત તેમણે કરેલી. પરંતુ, એ ભાષા સાથે એવા સાંસ્કૃતિક અને ધાર્મિક ભાવો પણ જોડાયેલા છે કે જે એક કોમી સમૂહને નામે મુસલમાનો અપનાવી નથી શકતા. એ ઉપરાંત, એ ભાષા આજ પોતાનું ખાસ શબ્દભંડોળ ઘડી રહી છે, જે સામાન્યતઃ માત્ર ઉર્દૂ જાણનારને નથી સમજાતું."

જો ભૂતકાળમાં જૂના મુસલમાનો હિંદી ભણતા ને એને સમૃદ્ધ કરતા, તો આજના મુસલમાનોએ એ શું કામ છોડવું જોઈએ? આજની હિંદી કરતાં ત્યારની જૂની હિંદીમાં જરૂર ઊલટા વધારે ધાર્મિક અને સાંસ્કૃતિક ભાવસંબંધો હતા. અને એવા સંબંધો કોઈ ભાષાના છે માટે શું એનો ત્યાગ કરવો જોઈએ? અરબી કે ફારસીના ધાર્મિક અને સાંસ્કૃતિક ભાવસંબંધોને કારણે શું મારે તે છોડવી જોઈએ? જો મારી ઇચ્છા ન હોય કે જો મારો તે પ્રત્યે અણગમો હોય, તો ભલે હું એમની મારા પર અસર ન થવા દઉં. આપણે બધા સગા ભાઈ જેવા છીએ; અને જો એ પ્રમાણે આપણે હળીમળીને રહેવું હોય, તો એકબીજાની સંસ્કૃતિની આપણે ભડક તો ન જ રાખવી જોઈએ.

અને હિંદીમાં સંસ્કૃત શબ્દોના ઉપયોગ સામે એવો બધો ઝગડો શા માટે કે તે ભાષાની જ સામે થવા સુધી પહોંચવું પડે? સાદા પ્રચલિત શબ્દોને બદલે સંસ્કૃત શબ્દો મૂકવાની કે તદ્ભવ શબ્દો કાઢી તેના મૂળ તત્સમ

સંસ્કૃત વાપરવાની કૃત્રિમ પદ્ધતિ જરૂર નિંદ્ય છે ને તેનાથી કર્ણમાધુર્ય હણાય છે. પરંતુ, રાષ્ટ્ર જેમ વિકસશે તેમ સંસ્કૃત શબ્દોનો અમુક અંશે ઉપયોગ સંસ્કૃત જ જાણતા હિંદુઓને હાથે વધવાનો એ અનિવાર્ય છે; જેમ, અરબી જ જાણતા મુસલમાનોને હાથે અરબી શબ્દોનો વધવાનું અનિવાર્ય છે. અને, બેઉ એક જ ભાષા વાપરતા હોય અને કોઈને ખાસ આમ કે તેમ પક્ષપાત ન હોય તે છતાં, આમ બનવાનું. એટલે શિક્ષિત હિંદુ મુસલમાનોએ બેઉ રૂપો જાણવાં જોઈશે. અને આ વસ્તુ બધી જ વર્ધમાન ભાષાઓ માટે સત્ય નથી? શિક્ષિત અંગ્રેજોમાં એ આપણે જોઈએ છીએ. આપણે ત્યાં તો એ મુશ્કેલી આવી પડેલી છે કે, અત્યારે આપણો હૃદયમેળ નથી અને આપણા ઉત્તમ માણસોમાં પણ પરસ્પર શંકાભાવનું ઝેર પેસી ગયું છે.

જેમ અંગ્રેજીમાં એક જ ભાષાનાં કૉર્નવૉલની, લૅંકેશાયરની અને મિડલ-સેક્સની બોલી એવાં ત્રણ નામ છે, તેમ જ આપણે ત્યાં હિંદી, હિંદુસ્તાની અને ઉર્દૂ એમ એક જ ભાષાનાં ત્રણ ભિન્ન નામો છે. આજ આપણે જે ઇરાદો રાખીએ છીએ તે નવી ભાષા નિપજાવવાનો નહિ, પરંતુ ત્રણ નામોથી ઓળખાતી એક જે ભાષા છે એને આંતરપ્રાંતીય ભાષા તરીકે વ્યવહારમાં ઉતારવાનો. મને લાગે છે કે, 'હંસ'માં વપરાતી ભાષાનો શ્રી. મુનશીએ સાચો બચાવ કર્યો છે. ધારો કે એક તામિલ કે તેલુગુ લેખનું હિંદી યા હિંદુસ્તાની કરવું છે. તો, જેમ અરબી લેખનું હિંદી યા હિંદુસ્તાની ભાષાંતર કરવામાં અરબી શબ્દો લગભગ અનિવાર્યપણે આવવાના, તેમ જ તામિલ તેલુગુના ભાષાંતરમાં સંસ્કૃત શબ્દો આવવાના જ. બંગાળીમાં સંસ્કૃત શબ્દો ખૂબ છે; હવે જો રવીન્દ્રનાથની ગીતાંજલિનો હિંદી અનુવાદ કાળજીપૂર્વક એમાં સંસ્કૃત શબ્દો ન આવવા દે, તો ગીતાંજલિનું કર્ણમાધુર્ય ઓછું થવાનું જ. મૌલવી અબદુલ સાહેબ અને અકીલ સાહેબ જેવા સાહિત્ય–સેવી મુસલમાનોએ આપણી સર્વસાધારણ એક ભાષા માત્ર હિંદુઓની જ ન બની બેસે એ સંભાળવા સારુ આ એક ભાષામાં પોતાનો ખાસ ફાળો આપવો જોઈએ. મારું ચાલે તો હું એમને ઉર્દૂ માત્ર મુસલમાનોની જ ભાષા તરીકે ગણીને ચાલવામાંથી સમજાવીને પાછા વાળી લાવું; એમ જ સાહિત્યસેવી હિંદુઓને હિંદીને માત્ર હિંદુઓની જ ભાષા ગણવામાંથી વાળી લઉં. બેમાંથી કોઈ જો પાછા ન વાળી શકાય તો, આ એક ભાષાનું ગમે તે નામ ભલેને પછી કહો, પણ ઉત્તરના હિંદુ મુસલમાનોને માટે એક ભાષા નીપજશે નહિ. એટલે, ઓછામાં ઓછું આ બાબતમાં આપણે

નામનો ઝઘડો કરવાની જરૂર નથી. જો ખરા હૃદયથી આપણે વસ્તુ એક જ ઇચ્છીએ છીએ, તો પછી તેનું નામ ગમે તે કહો.

છેવટે, લિપિનો સવાલ રહે છે. અત્યારે મુસલમાનો દેવનાગરીનો આગ્રહ કરે એ વિચાર બહારની વાત છે અને મોટી હિંદુ જનતા અરબી લિપિનો આગ્રહ કરે એનો તો એથીય ઓછો વિચાર કરી શકાય. એટલે, મેં 'હિંદી યા હિંદુસ્તાની'ની વ્યાખ્યા આ પ્રમાણે સૂચવી છે: "દેવનાગરી કે ઉર્દૂ લિપિમાં લખાતી, ઉત્તરના હિંદુ મુસલમાનો સામાન્યપણે જે બોલે છે તે ભાષા." અને આ વ્યાખ્યાને, તેની સામેના વિરોધ છતાં, હું વળગી રહું છું. પરંતુ, એ વાત સાચી છે કે, દેવનાગરીને અંગેની એક હિલચાલમાં હું સંપૂર્ણ સંમતિથી જોડાયેલો છું. આ હિલચાલ ભિન્ન ભિન્ન પ્રાંતોની બધી ભાષાઓ માટે — જેમાં સંસ્કૃત શબ્દભંડોળ મોટું છે એવી માટે ખાસ કરીને — એક લિપિ યોજવા સારુ છે. ગમે તેમ હોય, અત્યારે હિંદની બધી ભાષાઓના સર્વશ્રેષ્ઠ કીમતી ભંડારોમાંથી દેવનાગરીમાં ઉતારવાનો પ્રયત્ન એ દ્વારા થઈ રહ્યો છે.

હ૦ બં૦, ૨૪–૫–'૩૬

૩

પરિશિષ્ટ

[પ્રકરણની શરૂમાં કહેલો 'મારે સંમાનિત મિત્રે લખેલા' પત્રનો સાર-ભાગ નીચે આપ્યો છે]

ઘણાં વર્ષથી રાષ્ટ્રીય મહાસભા એવી હિમાયત કરતી આવી છે કે, આપણા એક રાજકીય આદર્શના આવશ્યક અંગ તરીકે આપણી એક ભાષા હોવી જોઈએ. આ એક ભાષાને શું નામ આપવું એ પ્રશ્ન બાબત મહાસભાએ ઉર્દૂ અને હિંદી ભાષીઓ જોડે કશી ચોખ્ખી સમજૂત નથી કરી, છતાં મહાસભા મંડળોમાં એને 'હિંદુસ્તાની' કહેવામાં આવતી. પરંતુ, આપ તો જાણો છો કે, નામો સાથે જોડાયેલા ભાવ તથા અર્થોને કારણે તેમનું રાજકીય અને સામાજિક મહત્ત્વ ભારે છે: એથી કરીને આપણી એક ભાષાનું નામ એ અતિ મહત્ત્વનું છે.

અત્યાર સુધી, ઉર્દૂ જ એક એવી ભાષા છે કે જે એક પ્રાંતીય કે એક સાંપ્રદાયિક વાડામાં નથી પુરાયેલી: આખા હિંદના મુસલમાનો એ બોલે છે, અને ઉત્તરમાં એને બોલનાર મુસલમાનો કરતાં હિંદુઓની સંખ્યા મોટી છે. આપણી એક ભાષાને ઉર્દૂ ન કહી શકાય તોય તેનું નામ એવું તો હોવું જોઈએ કે જે દ્વારા મુસલમાનોએ તેને અંગે જે ખાસ ભાગ ભજવ્યો છે (અને આ ખાસ ભાગ તે ઓછેવત્તે અંશે એક એવી ભાષા ઘડવાનો.) તે સૂચવાઈ જતો હોય. આ હેતુ 'હિંદુસ્તાની' નામ આપવાથી સરે છે, 'હિંદી' નામથી નથી સરી શકતો. ભૂતકાળમાં મુસલમાનો આ ભાષાને બાણતા

અને એને સાહિત્યની ભાષાના ગૌરવપદે ચડાવવા, એમના હિંદુ બિરાદરોથી વધુ નહિ તોય તેમના જેટલી મહેનત કરેલી છે. પરંતુ, એ ભાષા સાથે એવા સાંસ્કૃતિક અને ધાર્મિક ભાવો પણ જોડાયેલા છે કે જે એક કોમી સમૂહને નામે મુસલમાનો અપનાવી નથી શકતા. એ ઉપરાંત, એ ભાષા આજ પોતાનો ખાસ શબ્દભંડોળ ઘડી રહી છે, જે સામાન્યતઃ માત્ર ઉર્દૂ જાણનારને નથી સમજાવતો.

ઉર્દૂ અને હિંદુસ્તાની વચ્ચે કદી ગોટાળો કરાતો નથી જોયો; પણ હિંદી અને હિંદુસ્તાની વચ્ચે થયા કરતો સાફ જોવામાં આવે છે. તેથી કરીને જ ઉપરની રજૂઆત પ્રસ્તુત સમજી મેં ભારપૂર્વક કરી છે. ગયા વર્ષની ઇંદોર પરિષદ વેળાનું આપનું વ્યાખ્યાન ચોક્કસ એમ સૂચવનારું હતું કે આપ એ બેને સમાનાર્થક સમજો છો. અને 'હંસ' માસિકના પહેલા અંકના આદિવચનમાં આપે જણાવ્યું છે કે બેઉ એક અર્થવાચક છે. મને પૂરેપૂરી ખાતરી છે કે, આપને મન હિંદી એટલે આમજનતા જે ભાષા બોલે છે અને તેથી એમની કેળવણી અર્થે જે ઉત્તમ માધ્યમનું કામ દઈ શકશે એ ભાષા છે. પરંતુ એના ફેલાવાને માટે કામ કરી રહેલ ઘણાની 'હિંદી' એ નથી. એટલે તેઓ જ્યારે 'હિંદુસ્તાની'ને બદલે 'હિંદી' શબ્દ વાપરે છે ત્યારે શબ્દ-ભંડોળ, રુચિ, અને રાજકીય સાંપ્રદાયિક ભાવોનો પણ સાથોસાથ બદલો થઈ જાય છે. અને હું આપને આ વલણની સામે ધ્યાન આપવા વિનંતી કરું છું. કેમ કે કદાચ ભારતીય સાહિત્ય પરિષદ પણ એની ભોગ થઈ પડી હોય એમ લાગે છે.

એક સાવ નાનકડી વાતનું ઉદાહરણ ટાંકી મારું મંતવ્ય સમજાવું: સાહિત્ય પરિષદને 'હિંદુસ્તાની' નહિ, પણ 'ભારતીય' કહેવામાં આવી છે, તે શા સારુ? 'ભારત'નો કશો અર્થ હોય તો એ છે કે, આર્યોનું હિંદ; જેની અંદર, મુસલમાનો અને હિંદી જીવન ઘડવામાં એમણે આપેલો ફાળો જ નહિ પરંતુ વિકાસ અને પરિવર્તનનાં કેટલાં સૈકાંનોય સમાવેશ નથી થતો. આમાંથી વાડાબંધી અને પાછા જવાનું સૂચન નથી થતું? વળી, જે હિંદી પરિપત્રો અમને મોકલવામાં આવેલ છે તેમાં આમભાષાના બેત્રણથી વધારે શબ્દો નથી; 'નીચે લિખે હુએ' જેવા સામાન્ય પ્રયોગને બદલે 'નિમ્નલિખિત' જેવા શુદ્ધ સંસ્કૃત પ્રયોગો કરવામાં આવ્યા છે; પરિણામે, જોકે મને નાગરી લિપિ આવડે છે છતાં આ પરિપત્ર સાવ નથી સમજાતા.

સંસ્કૃત અને અરબીમાં પારિભાષિક શબ્દો ભરપૂર છે એ તો સાવ સાફ બીના છે પરંતુ હિંદની એક ભાષા બેમાંથી માત્ર એકનો જ આધાર ન લઈ શકે; કારણ કે જો અરબી પરદેશી ભાષા કહો તો સંસ્કૃત કદી સામાન્ય રીતે બોલાતી હતી એમ નથી, અને જો ચાલુ હિંદી ભાષા ધ્યાનથી જુઓ તો જણાશે કે એમાં વપરાતા બધા સંસ્કૃત શબ્દો, કાળે કરીને, ખૂબ બદલાતા ગયા છે, અને તે એ કારણે કે તે સહેલાઈથી ઉચ્ચારી શકાતા નથી,—મુસલમાનોથી નહિ, પરંતુ હિંદી જનતાથી. 'ગ્રામ' કે 'વર્ષ' જેવા ટૂંકા શબ્દો પણ 'ગાંવ' અને 'વરસ' થઈ ગયા છે. હિંદીના ઘણા

હિમાયતીઓ આ બધી બીનાઓ ભૂલેલા છે, કારણ કે તેઓ આ અને બીજા અનેક શબ્દોનાં મૂળ સંસ્કૃત રૂપો પાછાં લાવવા લાગ્યા છે. સંસ્કૃત શબ્દોનાં રૂઢ રૂપાંતરો બધાં ઉર્દૂએ સ્વીકારેલાં છે. એટલે, ઉપરનું વલણ પાંડિત્ય, અજ્ઞાન કે પક્ષપાતને લઈને છે એ તો હું ન કહું. પરંતુ આટલું સાવ સાફ દેખાય છે કે, આ મિત્રો જીવતી બોલાતી આમભાષાનો સીધો પ્રચાર કરવા કરતાં હિંદી જીવનને આર્યત્વથી રંગવાની પાછળ વધારે મંડેલા છે. પોતાની જ કોમની પ્રગતિ કે પરાગતિ પાછળ જો અમારા હિંદુભાઈઓ મથવા ચાહે તો તેમાં મુસલમાનોને કશી લેવાદેવા ન હોય; તો પછી, આવી ચળવળો ભાષાના પ્રશ્નથી બરોબર કાળજી લઈને અલગ રાખવી જોઈએ, એ તો સાદી પ્રમાણિકપણાની વાત છે.

આદિલ સાહેબના પત્રના ઉત્તરમાં શ્રી. કનૈયાલાલ મુનશી લખે છે કે, ગુજરાતી, મરાઠી, બંગાળી અને કેરળના લોકોએ 'જે સાહિત્યસૃષ્ટિની પરંપરા નિર્મી છે તેમાં શુદ્ધ ઉર્દૂ અંશ નહિ જેવો જ છે એટલે અમારી હિંદી આપોઆપ સંસ્કૃતમય હિંદી સહજ રીતે હોવાની.' તો, પ્રથમ તો એ કહું કે, ગુજરાતી, મરાઠી ને બંગાળીમાં ફારસી શબ્દો સારી સંખ્યામાં છે એ હું જાણું છું; એટલે, ગુજરાત બંગાળના હિંદુઓએ પરસ્પર તથા મુસલમાનોની નજીક આવવા માટે એમની ભાષા સંસ્કૃતમય કરવી જોઈએ એમ સ્વીકારવા હું તૈયાર નથી વળી, આપણને 'શુદ્ધ ઉર્દૂ અંશો'ની પરવા નથી: આપણે તો ઉત્તર હિંદની જીવતી ભાષા, ને તેના રૂઢિપ્રયોગોની લેવાદેવા છે. એક ભાષા ઘડવાના પાયા તરીકે આ જીવતી આમભાષા જો લેવામાં આવે, તો મુસલમાનો તેમાં સંગીન સહકાર આપી શકે. પણ જો સંસ્કૃત પર પાછા જવાય તો, એનો અર્થ એ કે, મુસલમાનોને અને તેમણે હિંદી બંગાળી તથા ગુજરાતીની ભૂતકાળમાં કરેલી સેવાને નાબૂદ કરવી. અને આવી સ્થિતિમાં અમારો સહકાર માગવો એ તો આત્મઘાત કરવામાં અમે જાતે જ મદદ દઈએ એવી માગણી કર્યા બરાબર ન થયું?

હિંદી-ઉર્દૂનો આ પ્રશ્ન કોમી થઈ પડે એની બરાબર ભીતિ રહેલી છે એ, શ્રી. પુરુષોત્તમદાસ ટંડને આ માસના પહેલા અઠવાડિયામાં બનારસમાં હિંદી સંગ્રહાલય ખોલવાને પ્રસંગે આપેલા વ્યાખ્યાન પરથી સાફ જણાય છે. એમણે કહ્યું કે, એશિયાની વધારેમાં વધારે જનસંખ્યામાં બોલાતી ભાષાઓમાં ચીની પછી હિંદીનો નંબર આવે છે. બીજા શબ્દોમાં એનો અર્થ એ થયો કે, આપણો એકભાષાનો પ્રશ્ન સિદ્ધ થઈ ચૂક્યો છે; હિંદી એકભાષા થવાની છે, કેમ કે મોટા ભાગની હિંદી જનતા એ બોલે છે; 'હિંદુસ્તાની'ના પક્ષકારો સંખ્યાબળમાં પાછા હઠાવી શકાય, એટલે એમનું કાંઈ લેખું રહી ન શકે. પરંતુ એકમેકનાં માથાં ભાગવાં એ જેમ ઉકેલનો ઉપાય નથી, એમ જ માથાં ગણવાનું પણ છે. શ્રી. ટંડનના કહેવાનો સાચો અર્થ ગમે તે હશે; પરંતુ મને લાગે છે કે, 'કોમી ચુકાદા' જેવી બીજી બદ-ચીજ લાવવાની ભૂમિકા તૈયાર થઈ રહી છે.

આમાંથી બચાવી શકે એવાં આપની પ્રતિષ્ઠા અને આપના વ્યક્તિત્વમાં રહેલો વિશ્વાસ જ છે. નીચે હું કેટલાક મુદ્દા આપું છું; મારો નમ્ર મત છે કે, તે બુદ્ધિપુરઃસર અને એકભાષા ઘડવાને માટે સંગીન પાયારૂપ છે. વિચારી જોતાં જો આપને એ યોગ્ય લાગે — આપને જ યોગ્ય લાગે એમ નહિ, પરંતુ જે ઉદ્દેશો સારવા અર્થે એ છે એમને ખાતર પણ, — તો તે આપ જાહેર કરશો. અત્યારે તો હું એ પરથી એ મનોરથ બાંધી રહ્યો છું કે, તે બહાને, તેમના ઉપરથી આપ જાહેર કાંઈક કહેવા પ્રેરાશો.

મુદ્દાઓ આ છે :—

૧. આપણી એક ભાષાને 'હિંદુસ્તાની' કહેવી, 'હિંદી' નહિ.

૨. હિંદુસ્તાનીને કોઈ પણ કોમની ધાર્મિક પરંપરા સાથે કશો ખાસ સંબંધ છે એમ ન ગણવામાં આવે.

૩. કોઈ શબ્દ લેવા છોડવાનો વિવેક તે દેશી પરદેશી છે એ ન્યાયે નહિ, પણ તે કેવો પ્રચલિત છે એ જ ન્યાયે હોય.

૪. હિંદુ લેખકો વાપરતા બધા ઉર્દૂ શબ્દો અને મુસ્લિમ લેખકો વાપરતા બધા હિંદી શબ્દોને પ્રચલિત ગણવા. ઉર્દૂ અને હિંદી જ્યાં એક અલગ ભાષા તરીકે હોય ત્યાં, અલબત, આ લાગુ ન પડે.

૫. પારિભાષિક શબ્દોની પસંદગીમાં, ખાસ કરીને રાજકીય પરિભાષામાં, સંસ્કૃત છે માટે પહેલી પસંદગી ન અપાય; પરંતુ ઉર્દૂ, હિંદી અને સંસ્કૃત શબ્દોમાંથી સરળભાવે પસંદ થાય એવો બનતો બધો અવકાશ રખાય.

૬. દેવનાગરી અને અરબી બેઉ લિપિઓ પ્રચલિત અને સત્તાવાર ગણવામાં આવે. અને જે સંસ્થાઓની નીતિરીતિ હિંદુસ્તાનીના સત્તાવાર પ્રચારકોના હાથમાં હોય ત્યાં બેઉ લિપિ શીખવવાની સવડ રાખવામાં આવે.

મુસ્લિમ માગણીઓ જેવા આ મુદ્દા છે એમ કેટલાક મિત્રોને લાગશે; પરંતુ તે એમ નથી. પણ હું એટલું જાણું છું કે, કોઈ પણ પ્રકારની આવી જાતની ખાતરી આપ અને પરિષદ તરફથી ન અપાય તો એકભાષાના પ્રશ્નની સેવામાં મુસ્લિમ સાહિત્યકારોની શક્તિ સંયોજવાની વાત અસ્થાને છે. અને તેથી જ આ સૂચનાઓ મેં આપની આગળ રજૂ કરી છે. મને ખાતરી છે કે, તે વધારેપડતી હશે તો આપ ક્ષમા કરશો અને અઘટિત હશે તો ન રોષાશો. મારે તો એક ફરજ બજાવવાની હતી, તે આપને ઉપરની વિનંતી કરીને બજાવી. આપના નિર્ણય માટે મને અપાર ગાન છે. અને આપની અગાધ ન્યાયબુદ્ધિ તથા સહિષ્ણુતામાં મારો વિશ્વાસ છે.

હ૦ બં૦, ૧૭-૫-૩૬

૨૧. ગેરસમજનું જાળું

મારી પાસે અનેક ઉર્દૂ છાપાંની કેટલીક કાપલીઓ આવેલી છે, તેમાં થોડા જ વખત પર સ્થપાયેલી ભારતીય સાહિત્યપરિષદમાં થયેલા કામકાજ વિષે અને તેના સંબંધમાં બાબુ રાજેન્દ્રપ્રસાદ, બાબુ પુરુષોત્તમદાસ ટંડન, પંડિત જવાહરલાલ અને મારી સામે સખત જ નહિ પણ કડવી ટીકાઓ કરેલી છે. એમાં અમારા પર જે હેતુઓ અને બદદાનતનું આરોપણ કરેલું છે તે અમારા કોઈના મનમાં પણ કદી આવ્યાં નથી. પરિષદમાં શું થયું કે અમે શું કર્યું એ સમજવાની પણ એ લેખકોએ તકલીફ લીધી નથી. તેઓ માને છે કે, એ પરિષદના મૂળમાં અમારી એવી દાનત છે કે ઉર્દૂને હઠાવી હિંદીને આગળ ધપાવવી, અને હિંદીને એવી સંસ્કૃતમય કરી મૂકવી કે તે મુસલમાનોને સમજવી અશક્યવત્ થઈ જાય. અલ્હાબાદમાં હિંદી સાહિત્ય સંમેલનના સાહિત્યના સંગ્રહસ્થાનનું ઉદ્ઘાટન કરતી વખતે બાબુ પુરુષોત્તમદાસ ટંડને આપેલા ભાષણમાંથી તેઓ એવું પણ અનુમાન કાઢે છે કે, 'લગભગ ૨૩ કરોડ હિંદીઓ હિંદી બોલે છે નહિ તો સમજે તો છે જ' એમ એમણે કહ્યું એમાં સાચી હકીકતને અવળા રૂપમાં રજૂ કરી હતી. આ લખાણોમાં બીજાં પણ ગર્ભિત કટાક્ષો ભરેલાં છે. તેની નોંધ લેવાની મારે જરૂર નથી, કેમ કે એ કટાક્ષો જેમાંથી ઉદ્ભવ્યાં છે તે ગેરસમજો બની શકે તો દૂર કરવી એટલો જ મારો ઉદ્દેશ છે.

છેલ્લી ટીકાને લઈએ. ટંડનજીનું આખું ભાષણ આ લેખકોની સામે હોત તો તેઓ જાણત કે, તેમણે ૨૩ કરોડની સંખ્યા ગણાવી તેમાં ઉર્દૂ બોલનાર હિંદુ અને મુસલમાનોનો સમાવેશ ઇરાદાપૂર્વક કર્યો હતો. તેથી તેમણે 'હિંદી' શબ્દ વાપરતાં તેમાં ઉર્દૂનો સમાવેશ કર્યો હતો. ૧૯૩૫માં ઇંદોરમાં પસાર થયેલો ઠરાવ, જેમાં ટંડનજી પણ સામેલ હતા, તે ઠરાવમાં, જે ભાષા ઉત્તર હિંદુસ્તાનમાં હિંદુઓ અને મુસલમાનો બોલે છે અને જે દેવનાગરી કે ઉર્દૂ લિપિમાં લખાય છે તે, એવી હિંદીની વ્યાખ્યા કરવામાં આવી છે; એટલું ધ્યાનમાં રાખવામાં આવે તો મેં ઉપર કહેલી વાત સ્પષ્ટ સમજાશે. આ ટીકાઓના લખનારાઓ જો આ વ્યાખ્યા જાણતા હોત તો તેમને કોઈ પણ કારણે — સિવાય કે તેમને 'હિંદી' નામ સામે જ વાંધો હોય — ફરિયાદ કરવાપણું નહોતું. 'હિંદી' નામ જ તેમને અળખામણું હોય તો એ દુઃખની વાત છે. ઉત્તર હિંદુસ્તાનની ભાષા માટે મૂળ શબ્દ 'હિંદી' છે. 'ઉર્દૂ' એ નામ એક વિશિષ્ટ ઉદ્દેશને સારુ ખાસ અપાયેલું છે, એ જાણીતી વાત છે. ઉર્દૂ લિપિ પણ મુસલમાન રાજકર્તાઓની

સગવડને ખાતર બહારથી આણીને આ દેશમાં દાખલ કરેલી. એ જો ઐતિહાસિક ક્રમ હોય તો, 'હિંદી' શબ્દ જ્યાં લગી ઉર્દૂનો સમાવેશ થાય એવા વિશાળ અર્થમાં વાપરવામાં આવે, ત્યાં લગી એની સામે કશો વિરોધ ન થવો જોઈએ. ગમે તેમ હો, બહુ બહુ તો મતભેદ હોય જ તો તે આટલી એક જ બાબતનો છે કે, એક જ વસ્તુ સૂચવવાને એક શબ્દ વાપરવો કે બીજો.

હિંદીને સંસ્કૃતમય કરી મૂકવા વિષેની ફરિયાદમાં કંઈક વજૂદ છે, કેમ કે હિંદીના કેટલાક લેખકો એમનાં લખાણોમાં વિના કારણ સંસ્કૃત શબ્દો દાખલ કરવાનો આગ્રહ રાખે છે. કેટલાક ઉર્દૂ લેખકો એટલા જ અ-કારણ ફારસી કે અરબી શબ્દો વાપરવાનો આગ્રહ રાખે છે, તેમની સામે પણ એવો આક્ષેપ લાવી શકાય, ને એ આક્ષેપ પણ વજૂદવાળો ગણાય. એથીયે ખરાબ તો એ છે કે, તેઓ ભાષાનું વ્યાકરણ પણ બદલી નાંખે છે. આ અતિરેકો કાળે કરીને ભૂંસાઈ જશે, કેમ કે એવી ભાષા જનસમૂહ કદી નહિ વાપરે. જે ભાષા જનસમૂહથી સમજી ન શકાય એવી અઘરી હોય તે અલ્પજીવી જ નીવડવાની.

ભારતીય સાહિત્યપરિષદનું ધ્યેય તો એ છે કે, ઉપર આપેલી વ્યાખ્યા પ્રમાણેની હિંદી દ્વારા ભિન્ન ભિન્ન પ્રાંતોમાં પ્રગટ થતા ઉત્તમ વિચારરાશિને આખા ભારતવર્ષ માટે સુલભ કરવો. કેટલાક ટીકાકારો કહે છે એમ, આ પ્રવૃત્તિમાં કશી બદદાનત નથી તેમ કંઈ કોમી પક્ષપાત પણ નથી.

'હિંદી-હિંદુસ્તાની' એ શબ્દપ્રયોગ મારા કહેવાથી સ્વીકારાયો હતો. હિંદીની ઉપર આપેલી વ્યાખ્યાનો અર્થ એક સામાસિક શબ્દમાં વ્યક્ત થાય એટલા માટે એ શબ્દપ્રયોગ સ્વીકારાયો. 'હિંદી-હિંદુસ્તાની'ને બદલે માત્ર 'હિંદુસ્તાની' અથવા 'હિંદી-ઉર્દૂ' એ શબ્દ વાપરવા, એવી સૂચના મૌલવી અબદુલ કાદર સાહેબે કરી હતી. મને આ બેમાંથી એકે શબ્દપ્રયોગ સામે વાંધો નથી; પણ ભારતીય સાહિત્ય પરિષદ પોતાના ઉગમસ્થાનની ઉપેક્ષા કરી શકે એમ નહોતું. એ કલ્પનાનો ઉગમ ઇંદોરના હિંદી સાહિત્યસંમેલનમાં થયો, અને નાગપુરમાં એ સંમેલનના આશ્રય નીચે ભારતીય સાહિત્ય પરિષદને મૂર્ત રૂપ અપાયું; એટલે 'હિંદી' રાખવો આવશ્યક ગણાય એ સ્વાભાવિક હતું. એની જગ્યાએ 'ઉર્દૂ' શબ્દ વાપરવો કેમ અયોગ્ય હતો એનાં કારણ હું આપી ચૂક્યો છું. પણ મેં બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે, હિંદી હિંદુસ્તાની અને ઉર્દૂ એ પર્યાય શબ્દો છે, અને લગભગ એક જ ભાષાને માટે વપરાય છે.

હ૦ બં૦, ૨-૮-'૩૬

૨૨. વધુ જાળાં

જે માણસ સત્યની શોધમાં છે તેને કોઈને રાજી કરવાને લખવું કે બોલવું પોસાય નહિ. મારા માર્ગમાં આવી ચડેલી સર્વ વસ્તુઓમાં સત્ય શોધવાની મારી લાંબી સાધના દરમ્યાન, હું જાણું છું કે, તે તે વખતે પ્રસ્તુત એવા વિષયોમાં મારું કહેવું સાચું હતું એમ સૌને ગળે ઉતારવામાં હું ભાગ્યે જ સફળ થયો છું. હિંદીપ્રચારની બાબતમાં મેં કેટલાક મુસલમાન મિત્રોને નારાજ કર્યા છે તો હિંદુ મિત્રોને ઓછા નારાજ કર્યા નથી. પણ મારા ટીકાકારો મારી ભૂલ વિષે મારી ખાતરી ન કરાવે ત્યાં લગી, કેવળ તેઓ ઇચ્છે છે એટલા જ માટે હું મારા વિચારો બદલું એવી અપેક્ષા તેમણે ન રાખવી જોઈએ. એક પત્રલેખક તો કહે છે કે, મારું કહેવું તર્ક અને ઇતિહાસ બંનેની દૃષ્ટિએ સાચું છે છતાં મુસલમાન ટીકાકારોને અનુકૂળ થવાને સારુ જ મારે મારા વલણમાં ફેરફાર કરવો જોઈએ. એ મુસલમાન ટીકાકારો ઇચ્છે છે કે હું એક જ સર્વસામાન્ય ભાષા સૂચવવાને સારુ 'હિંદી–ઉર્દૂ' અથવા તો એકલો 'ઉર્દૂ' શબ્દ પ્રચલિત કરાવું. એમનો વાંધો એ ભાષા સામે નથી. પણ એ ભાષા અત્યાર સુધી જે નામે ચાલી છે તે નામ સામે છે. હવે મારી પાસે એક કાગળ આવ્યો છે તેમાં થોડા મહિના પર બેંગલોરમાં થયેલા હિંદીપ્રચાર પદવીદાન સમારંભમાં મેં આપેલા ભાષણ સામે જુદા દૃષ્ટિબિંદુથી ફરિયાદ કરેલી છે. એ કાગળ લાંબો છે. તેમાંથી હું નીચેના બહુ પ્રસ્તુત એવા ઉતારા આપું છું :

"બેંગલોરના પદવીદાન સમારંભ વખતના આપના ભાષણમાં આપે ૧ કરોડ ૧૦ લાખ કર્ણાટકી સ્ત્રીપુરુષોને, ઉત્તર ભારત સાથે સંબંધ બાંધવાને સારુ, હિંદી શીખવાનું કહ્યું છે. જે માણસો માતૃભાષાની કેળવણી પામી ચૂક્યાં છે એટલાને જ આપે એ વિનંતી કરી નથી. બધાં જ માણસો માતૃભાષા સારી પેઠે જાણે છે એમ માની લઈએ તોપણ જનસમૂહ માતૃભાષા સિવાયની બીજી ભાષા શીખે એ શક્ય તેમ જ ઇષ્ટ નથી; શક્ય હોય તોયે સ્વાભાવિક નથી. આખા હિંદુસ્તાનમાં કામ કરનારા રાષ્ટ્રસેવકો, વેપારીઓ અને બીજા જેઓ ઉત્તર ભારતના લોકો જોડે રોજ સંબંધમાં આવતા હોય તેઓ જ હિંદી શીખી શકે, તેમણે જ શીખવી જોઈએ. કંઈ પ્રચાર નહિ થાય તોયે ગરજના માર્યા તેમને એ ભાષા શીખવી પડશે.

આપ કહો છો કે, હિંદી પ્રાંતિક ભાષાઓને હઠાવી તેનું સ્થાન લેતી નથી પણ તેમાં પૂર્તિ કરે છે; પણ વ્યવહારમાં એમ બનતું નથી. તામિલનાડના શિક્ષિત વર્ગોનો મોટો ભાગ આજે તામિલમાં નહિ પણ અંગ્રેજીમાં વિચારો કરે છે ને લાગણીઓ

પણ એ જ ભાષામાં અનુભવે છે. એમણે તામિલની પૂરેપૂરી ઉપેક્ષા કરી છે. ‘અમને તામિલ સારી રીતે બોલતાં લખતાં આવડતું નથી, પણ અમે છટાદાર અંગ્રેજી બોલી લખી શકીએ છીએ’, એમ એ લોકો જાહેર સભાઓમાં ને બીજી જગાએ ગર્વભેર કહે છે, એ આપ જાણો ત્યારે આપ સમજશો કે તેઓ કેવા ઊંડા સાંસ્કૃતિક દાસત્વમાં પડ્યા છે. હવે એમાંના કેટલાક તામિલ કરતાં વધારે અંગ્રેજીની મદદથી હિંદી શીખવા લાગ્યા છે. એનું પરિણામ તો એનું એ જ આવવાનું છે. અંગ્રેજીને બદલે તેઓ હિંદીમાં વિચાર કરતા થશે. કોઈ ગુજરાતી આપને કહે કે, ‘હું હિંદીમાં સુંદર નિબંધ લખી શકું પણ ગુજરાતીમાં નહિ’, તો આપ એને માટે દિલગીર થશો ને આપને થશે કે આપણો દેશ પૂર્ણ સ્વરાજથી હજુ ઘણો દૂર છે. તામિલનાડમાં ઘણા કહેવા લાગ્યા છે કે, ‘અમને તામિલ કરતાં હિંદી વધારે સારી આવડે છે.’

માણસે પોતાની માતૃભાષાને ઉવેખીને બીજી કોઈ પણ ભાષા—પછી દેવોની ભાષા ભલેને હોય—શીખવી ન જોઈએ. આ બાબતમાં હિંદીના ઝનૂનવાળા લોકો આગળ હું આપનો દાખલો ટાંકતો. હિંદી ભારતવર્ષની રાષ્ટ્રભાષા છે એમ આપ કહો છો ખરા, પણ આપે ‘આત્મકથા’ કે ‘દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ’ હિંદીમાં નહિ પણ ગુજરાતીમાં લખ્યાં છે. આપે એ પુસ્તકો હિંદીમાં લખ્યાં હોત તો આપ જે કહો છો તે ઘણા લોકો આપના જ શબ્દોમાં જાણી શકત. પણ આપે તો એ ગુજરાતીમાં જ લખવાનું પસંદ કર્યું. આ બાબતમાં આપના ઉપદેશ અને આચરણમાં ફરક છે, છતાં હું આપનું આચરણ શુદ્ધ ને યોગ્ય માનું છું. તેથી હું ઇચ્છું છું કે, લોકો આપના ઉપદેશ પ્રમાણે ન ચાલતાં આપના આચરણનું અનુકરણ કરે.

સ્વરાજનો અર્થ એ ન હોવો જોઈએ કે, જુદી ભાષાઓ બોલનારા પર કોઈ એક ભાષા પરાણે લાદવામાં આવે. પ્રધાન પદ તો માતૃભાષાને જ અપાવું જોઈએ. ભારતવર્ષની રાષ્ટ્રભાષા હિંદીને ગૌણ પદ જ આપી શકાય. સાચી પ્રેરણા ને ઉન્નત ભાવના માતૃભાષા દ્વારા જ મળી શકે

હવે લિપિના પ્રશ્ન પર આવું. ૪–૫–૧૯૩૫ના ‘હરિજન’માં, ઇંદોરના હિંદી સાહિત્યસંમેલને પસાર કરેલા ઠરાવો વિષે લખતાં, આપે ઉર્દૂ લિપિ વિષે જે પક્ષપાત બતાવ્યો છે તે મારી સમજમાં ઊતરી શકતો નથી. બેંગલોરના પદવીદાનસમારંભના ભાષણમાં પણ આપે ઉર્દૂ લિપિ માટે એવો પક્ષપાત બતાવ્યો છે. આપ સંસ્કૃતમાંથી ઊતરી આવેલી અથવા તેની ઘણી અસર તળે આવેલી બધી હિંદી ભાષાઓની લિપિનો નાશ કરીને, જેઓ એ અનેક ભાષાઓ શીખવા માગે તેમને માટે દેવનાગરી લિપિનો પ્રચાર કરવા માગો છો. હિંદુ અને મુસલમાન બોલે છે એ એક જ ભાષાને માટે આપ દેવનાગરી ને ઉર્દૂ બંને લિપિ સાચવવા માગો છો. બીજાઓ, જે પણ કરોડોની સંખ્યામાં છે અને જેઓ જુદી જુદી ભાષા બોલવા જેટલા અભાગી છે, તેમણે પોતાની લિપિઓનો નાશ થવા દઈ તેનું સ્થાન દેવનાગરીને લેવા દેવું, એટલું

જ નહિ, પણ ૧૩ કરોડ હિંદુ અને ૭ કરોડ મુસલમાનની બોલી સમજવા ને તેમની સાથે સંસર્ગમાં આવવાને હિંદી–હિંદુસ્તાની શીખવી અને વધારામાં ઉર્દૂ લિપિ પણ શીખવી! આ હસવા જેવી વાત નથી લાગતી? આ ભારેમાં ભારે જુલમ નથી? આ નીતિનું સીધું પરિણામ એ જ આવવાનું કે, બંને લિપિમાં લખાતી હિંદી સિવાયની બધી ભાષાઓ નાબૂદ થવાની, કેમ કે બધી ભાષાઓ દેવનાગરી લિપિમાં લખાતી થશે, બધા હિંદી શીખી જશે, અને પ્રાંતિક માતૃભાષાઓના બધા મહત્ત્વના ગ્રંથોનો હિંદીમાં અનુવાદ થશે. આ પરિણામ આપણી સર્વની જન્મભૂમિ ભારતવર્ષને માટે હિતકારક થશે કે કેમ એનો આપ ક્ષણભર વિચાર કરો એમ હું ઇચ્છું છું. આપ અનેક લિપિઓનો સંહાર કરવા માગો તે પહેલાં એક જ ભાષા માટે લખાતી બે લિપિ — દેવનાગરી અને ઉર્દૂ — માંથી એક ઉડાવી દેવાનો પ્રયત્ન આપે ન કરવો જોઈએ? એક જ ભાષા બોલનારા મુસલમાન અને હિંદુ બે જુદી જુદી લિપિ શા સારુ વાપરે?"

કર્ણાટકનાં ૧ કરોડ ૧૦ લાખ સ્ત્રીપુરુષોને સૌને મેં હિંદી–હિંદુસ્તાની શીખવાનું કહ્યું હોય એવું મારી જાણમાં નથી. જેઓ કદી પણ ઉત્તર ભારતના લોકોના સંસર્ગમાં આવે છે તે બધા હિંદી–હિંદુસ્તાની શીખે તો મને ઘણો જ સંતોષ થઈ જાય. પણ જ્યાં પ્રાંતભાષા હિંદી નથી એવા પ્રાંતનાં બધાં માણસો હિંદી શીખે તો, આ પત્રલેખક ઇચ્છે છે તેમ, હું દુઃખી ન થાઉં, એટલું જ નહિ પણ એ વસ્તુને વધાવી લઉં. દરેક પ્રાંત પોતાની ભાષા જાણવા ઉપરાંત અખિલ ભારતની ભાષા જાણે — આખું ભારતવર્ષ એક અખિલ ભારતીય ભાષા જાણે, એ ઇષ્ટ કે સ્વાભાવિક શા માટે નથી? એવું જ્ઞાન કેવળ ખોબા જેટલા સુશિક્ષિત લોકોને જ શા માટે મળે ને વિશાળ જનસમૂહને કેમ ન મળે? ૩૦ કરોડ ઉપરાંતનું આખું રાષ્ટ્ર એ ભાષા જાણે તો એ સંસ્કારિતાની બહુ ઊંચી કોટિ ગણાય એમાં શક નથી. એમ બનવું ઘણું અસંભવિત છે એ દુર્ભાગ્યે બહુ સાચી વાત છે.

પણ સૌથી મોટી દુર્ભાગ્યની વાત તો એ બને કે, કોઈ પ્રાંત, આ પત્રલેખકની ફરિયાદ પ્રમાણે, તામિલનાડમાં આજે ચાલી રહ્યું છે તેમ, પોતાની ભાષાની ઉપેક્ષા કરીને બીજી ભાષાને અપનાવે. તામિલનાડના મારા અનેક પ્રવાસો પરથી આ પત્રલેખકના જેવો જ મારો પણ પાકો અભિપ્રાય બંધાયો છે. પણ હવે થોડા વખતથી એ પ્રાંતમાં સ્થિતિ સુધરતી દેખાય છે. અને દરેક પ્રાંતમાં સુશિક્ષિત લોકો જનસમૂહની સાથે સંસર્ગમાં આવવાના પ્રસંગો શોધવાની જરૂર જેમ જેમ વધારે સમજશે તેમ તેમ, બની શકે ત્યાં બધે,

બીજી બધી ભાષા કરતાં પ્રાંતિક ભાષાને પ્રથમ પદ આપવાની ક્રિયાનો વેગ અનાયાસે વધતો જશે.

અંગ્રેજી અને હિંદી-હિંદુસ્તાની વચ્ચે રાષ્ટ્રભાષા બનવાની હમેશની હરીફાઈનો આ પત્રલેખકે સહેજ ઇશારો કર્યો છે. હું જ્યારથી જાહેર જીવનમાં દાખલ થયો ત્યારથી મારો નિશ્ચિત મત બંધાયેલો છે ને તે મેં જાહેર કર્યો છે કે, અંગ્રેજી ભારતવર્ષની રાષ્ટ્રભાષા કદી ન થઈ શકે, ન થવી જોઈએ; રાષ્ટ્રભાષા તો હિંદી એટલે કે હિંદુસ્તાની — જે ભાષા ઉત્તર ભારતના કરોડો હિંદુમુસલમાન બોલે છે તે — જ થઈ શકે. અંગ્રેજીને રાષ્ટ્રભાષા ગણવાનો પ્રયત્ન કરવાથી જનસમૂહ અને અંગ્રેજી ભણેલા વર્ગો વચ્ચે કાયમનું અંતર ઊભું થવાનું, અને દેશની એના ધ્યેય પ્રત્યેની પ્રગતિ પાછી પડવાની. મેં ફરી ફરીને સમજાવ્યું છે કે, અંગ્રેજીને આપણી સંસ્કૃતિમાં ચોક્કસ સ્થાન છે. અંગ્રેજ રાજકર્તાઓને અને આખા પાશ્ચાત્ય જગતને સમજવા સારુ, અને પશ્ચિમ પાસે જે આપવા જેવું છે તે હિંદુસ્તાનમાં લાવવા સારુ, આપણામાંથી થોડાએ પશ્ચિમમાં સૌથી વધારે પ્રચલિત અંગ્રેજી ભાષા શીખવી જોઈએ. પણ જો નિરક્ષર જનસમૂહ અને શિક્ષિત વર્ગો વચ્ચે એકતા સાધવી હોય તો એથી હજાર ગણા હિંદીઓએ હિંદી-હિંદુસ્તાની જાણવી રહી છે.

પ્રાંતિક ભાષાને બદલે હિંદીને અગ્રસ્થાન અપાવું જોઈએ એવી સલાહ આપવાનો અપરાધ પણ મેં કર્યો છે એમ આ પત્રલેખક માને છે, એ મારા અભિપ્રાય વિષેનું એમનું નર્યું અજ્ઞાન છે. આ બાબતમાં મારા સિદ્ધાંત અને મારા આચરણ વિષે કશો ફરક નથી. માતૃભાષાને અગ્રસ્થાન અપાવું જોઈએ એ કથનને હું હાર્દિક ટેકો આપું છું.

લિપિની બાબતમાં આ પત્રલેખકનો ભય સાચો છે; અને મારો જે અભિપ્રાય છે તેને સારુ મને ખેદ પણ નથી. સંસ્કૃતમાંથી ઊતરી આવેલી કે તેની સાથે નિકટનું સગપણ ધરાવતી જુદી જુદી ભાષાઓને માટે એક જ લિપિ હોવી જોઈએ, અને તે દેવનાગરી જ છે. જુદી જુદી લિપિઓ એ એક પ્રાંતના લોકોને બીજા પ્રાંતોની ભાષા શીખવામાં નકામા અંતરાયરૂપ છે. યુરોપ એક રાષ્ટ્ર નથી છતાં તેણે સામાન્યપણે એક લિપિ સ્વીકારી છે. એક જ ભાષાને માટે દેવનાગરી અને ઉર્દૂ બંને લિપિઓ હું સહન કરું છું એ વસ્તુ વિસંગત છે, એ હું જાણું છું. પણ મારી એ વિસંગતતા નરી બેવકૂફી નથી. અત્યારે હિંદુમુસલમાન વચ્ચે ઘર્ષણ ચાલે છે. શિક્ષિત હિંદુ અને મુસલમાન એકબીજા

પ્રત્યે બને એટલાં વધારે આદર અને સહિષ્ણુતા બતાવે એમાં ડહાપણ છે ને એ જરૂરનું પણ છે. એટલે દેવનાગરી કે ઉર્દૂ લિપિ વચ્ચે વિકલ્પ રાખેલો છે. સદ્‌ભાગ્યે પ્રાંત પ્રાંત વચ્ચે ઘર્ષણ નથી. એટલે આ સુધારો, જેનાથી પ્રાંતો વચ્ચે અનેક રીતે સ્નેહસંબંધ વધવાનો છે, તે ઇષ્ટ છે. અને એ પણ યાદ રાખવું જોઈએ કે, આપણી પ્રજાનો બહુ મોટો ભાગ છેક જ નિરક્ષર છે. એના પર, માત્ર ખોટી ભાવના કે વિચારની મંદતાને કારણે, જુદી જુદી લિપિઓ શીખવાનો બોજો નાંખવો એ આપઘાત કરવા બરોબર છે.

હ૦ બં૦, ૧૬-૮-૧૯૩૬

૨૩. રાજકીય સંસ્થા નથી

હિંદી પ્રેમીઓને ખબર હશે જ કે, હિંદી સાહિત્ય સંમેલનનું આવતા વરસનું અધિવેશન સિમલામાં થવાનું છે. એક સજ્જન સિમલામાં કામ કરે છે તે લખે છે કે, આ સંમેલન રાજકીય સંસ્થા છે ને એનું વલણ મુસલમાનોનું વિરોધી છે એવો સંશય સિમલામાં કેટલાક લોકોને છે. હું બે વાર એનો પ્રમુખ થયો છું એટલે બેધડકપણે કહી શકું છું કે, આ સંસ્થાને રાજ્યપ્રકરણ જોડે કશી જ લેવાદેવા નથી. રાજા મહારાજાઓ તરફથી એ સંસ્થાને આશ્રય મળેલો છે. તેમાં તદ્રૂપ બનીને કામ કરનાર કેટલાયે માણસો એવા છે જે મહાસભાવાદી નથી. રાજા મહારાજાઓ ઘણી વાર એનાં અધિવેશનોમાં હાજરી આપે છે. વડોદરાના ના. મહારાજા એક વરસે તેના પ્રમુખ થયેલા. હું જાણું છું કે, એ સંસ્થામાં મુસલમાનોનો વિરોધ કરવાની વૃત્તિ બિલકુલ નથી. એવી વૃત્તિ જરા પણ હોવાની શંકા મને આવી હોત તો હું એનો પ્રમુખ ન થયો હોત. મુસ્લિમવિરોધીનો અર્થ ઉર્દૂવિરોધી એવો નહીં કરવામાં આવતો હોય, એવી આશા હું રાખું છું. ઘણા લોકો ઉર્દૂવિરોધી અને મુસ્લિમવિરોધી એ બે શબ્દો એક જ અર્થના હોય એવી રીતે વાપરે છે. પણ એ વહેમ છે. પંજાબ, દિલ્હી અને કાશ્મીરમાં ઘણા હિંદુ મુસલમાન બંનેની ભાષા ઉર્દૂ છે. જે ભાષા ઉત્તર હિંદુસ્તાનના હિંદુ અને મુસલમાન બોલે છે અને દેવનાગરી કે ઉર્દૂ લિપિમાં લખે છે તે ભાષા હિંદી, એવી એની વ્યાખ્યા ૧૯૩૫માં ઇંદોરમાં મળેલી, હિંદી સાહિત્ય સંમેલનની બેઠકમાં કરવામાં આવી છે, એ સૂચક

વસ્તુ છે. એટલે હું આશા રાખું છું કે, મુસ્લિમવિરોધી એ શબ્દ ઉર્દૂવિરોધીના અર્થમાં વાપરેલો હોય તોપણ, આ પત્રલેખક જે શંકાને વિષે લખે છે તે શંકા દૂર થશે, અને સિમલામાં ભરાનારા હિંદી સાહિત્ય સંમેલનના અધિવેશનની તૈયારીનું કામ, સંમેલનના ધ્યેય કે વલણ વિષે કશી શંકા કે સંશય વિના, ચાલવા માંડશે.

હ૦ બં૦, ૧૩-૬-'૩૭

૨૪. હિંદી વિ૦ ઉર્દૂ

૧

હિંદી ઉર્દૂનો સવાલ તો હંમેશનો થઈ પડ્યો છે. આ સવાલ વિષે મેં મારા વિચાર ઘણી વાર પ્રગટ કર્યા છે, છતાં તેની પુનરુક્તિ થઈ શકે એવી છે. કશી દલીલો આપ્યા વિના માત્ર મારી માન્યતા કહી જાઉં છું:

હું માનું છું કે—

૧. હિંદી, હિંદુસ્તાની અને ઉર્દૂ એ ત્રણે શબ્દો એક જ ભાષાના — જે ઉત્તરમાં હિંદુ તેમ જ મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે તેના — વાચક છે;

૨. આ ભાષા, જે હિંદુ અને મુસલમાન બંને વાપરતા, તેને માટે 'ઉર્દૂ' શબ્દની ઉત્પત્તિ થઈ તે પહેલાં, 'હિંદી' એ જ નામ વપરાતું.

૩. 'હિંદુસ્તાની' શબ્દ પણ એ જ ભાષા સૂચવવાને પાછળથી વપરાવા લાગ્યો. (એની તારીખની મને ખબર નથી).

૪. હિંદુ અને મુસલમાન બંનેએ ઉત્તરના આમવર્ગના કરોડો લોકો સમજે એવી ભાષા બોલવાનો પ્રયાસ કરવો જોઈએ.

૫. તે છતાં ઘણા હિંદુ કેવળ સંસ્કૃત શબ્દો જ વાપરવાનો આગ્રહ રાખશે, ને તે પ્રમાણે કેટલાક મુસલમાન કેવળ ફારસી કે અરબી શબ્દોથી ભરેલી ભાષા વાપરશે. જ્યાં લગી બે કોમમાં એકબીજાને વિષે અવિશ્વાસ ને અળગાપણું છે, ત્યાં લગી આ વસ્તુ આપણે સહી લેવી પડશે. જે હિંદુઓ અમુક વિષયના મુસલમાનોના વિચારો સમજવા માગતા હશે તે ફારસી લિપિમાં લખેલી ઉર્દૂ શીખશે; અને તે જ પ્રમાણે જે મુસલમાનો અમુક વિષયના

હિંદુઓના વિચાર સમજવા માગતા હશે તે દેવનાગરી લિપિમાં લખેલી હિંદી શીખશે.

૬. આખરે જ્યારે આપણાં હૃદય એક થશે, સૌ પોતપોતાના પ્રાંતોને બદલે સમસ્ત ભારતવર્ષને પોતાનો દેશ ગણી તેને વિષે અભિમાન ધરાવશે, અને જેવી રીતે આપણે એક જ વૃક્ષનાં ફળને જુદાં જુદાં છતાં એક ગણીને સ્વાદથી ખાઈએ છીએ તેમ, સર્વ ધર્મો એક જ મૂળમાંથી ઉદ્ભવેલા છે એવું સમજશે ને આચરશે, ત્યારે આપણે પ્રાંતિક ઉપયોગને માટે પ્રાંતભાષાઓને કાયમ રાખીને, આખા રાષ્ટ્રને માટે એક લિપિમાં લખાતી એક રાષ્ટ્રભાષા વાપરતા થઈશું.

૭. કોઈ પણ પ્રાંત કે જિલ્લા કે કોમ પર હિંદીની કોઈ પણ એક લિપિ કે એક પ્રકાર પરાણે લાદવાનો પ્રયત્ન કરવાથી દેશનું હિત બગડે એમ છે.

૮. રાષ્ટ્રભાષાનો પ્રશ્ન ધાર્મિક મતભેદોથી અલગ રીતે વિચારવો જોઈએ.

૯. રોમન લિપિ હિંદુસ્તાનની રાષ્ટ્રલિપિ ન થઈ શકે, ન થવી જોઈએ. હરીફાઈ કેવળ ફારસી અને દેવનાગરીની વચ્ચે જ હોઈ શકે. દેવનાગરીમાં જે સ્વભાવસિદ્ધ ગુણ છે તેનો વિચાર કોરે મૂકીએ તોપણ, એ હિંદુસ્તાનની રાષ્ટ્રલિપિ થવા ઘટે છે, કેમ કે ઘણીખરી પ્રાંતિક લિપિઓ દેવનાગરીમાંથી ઉદ્ભવી છે ને તેથી એમને માટે એ જ લિપિ શીખવામાં સૌથી વધારે સુગમ છે. છતાં એ લિપિ મુસલમાનો પાસે, એટલું જ નહીં પણ એ લિપિ ન જાણનાર બીજા સૌની પાસે, પરાણે સ્વીકારાવવાનો પ્રયત્ન ન જ થવો જોઈએ.

૧૦. ઉર્દૂને હિંદીથી નોખી ગણીએ તો મેં ઉર્દૂની સેવા કરેલી છે. તે આ: ઇંદોરમાં હિંદી સાહિત્ય સંમેલને મારા કહેવાથી ૧લી કલમમાં આપેલી વ્યાખ્યા સ્વીકારી, અને નાગપુરમાં ભારતીય સાહિત્ય પરિષદે મારા કહેવાથી એ વ્યાખ્યા કબૂલ રાખી, અને આંતરપ્રાંતીય વ્યવહારની સર્વસામાન્ય ભાષાને 'હિંદી-હિંદુસ્તાની' એ નામ આપ્યું; અને એમ કરીને રાષ્ટ્રભાષાને સમૃદ્ધ કરવાના અને એ ભાષામાં સર્વ પ્રાંતોના ઉત્તમોત્તમ વિચારોને ઉતારવાના પ્રયત્નમાં હિંદુ તેમ જ મુસલમાન બંને ભાગ લઈ શકે એને માટે પૂરેપૂરો અવકાશ આપ્યો છે.

હ૦ બં૦, ૪-૭-'૩૭

૨

[શ્રી. જવાહરલાલ નેહરુએ આ વિષય પર અંગ્રેજીમાં એક સરસ પત્રિકા લખેલી છે તેમાં કરેલી નીચેની સૂચનાઓ* અહીં ઉતારું છું. મો૦ ક૦ ગાંધી]

૧. આપણું જાહેર કામકાજ પ્રાંતભાષામાં ચાલવું જોઈએ અને કેળવણી પણ એ જ ભાષામાં અપાવી જોઈએ. એ પ્રદેશમાં એ ભાષા પ્રધાન ભાષા રહેવી જોઈએ. આ કામને સારુ નીચેની હિંદી ભાષાઓનો સત્તાવાર રીતે સ્વીકાર કરવામાં આવે: હિંદુસ્તાની (હિંદી તેમ જ ઉર્દૂ), બંગાળી, ગુજરાતી, મરાઠી, તામિલ, તેલુગુ, કન્નડ, મલયાળમ, ઊડિયા, આસામી, સિંધી, અને કેટલેક અંશે પુશ્તુ તથા પંજાબી.

૨. હિંદુસ્તાની બોલનારા પ્રદેશમાં હિંદી તેમ જ ઉર્દૂ (તેમની લિપિઓ સાથે) બંનેનો સત્તાવાર રીતે સ્વીકાર કરવામાં આવે. જાહેરનામાં બંને લિપિમાં નીકળવાં જોઈએ. અદાલત કે સરકારી કચેરીને કાગળ લખતાં માણસ બેમાંથી ગમે તે લિપિ વાપરી શકે; એને બીજી લિપિમાં લખેલી નકલ પહોંચાડવાનો હુકમ ન થવો જોઈએ.

૩. હિંદુસ્તાની બોલનારા પ્રદેશમાં સરકારી કેળવણીનું વાહન હિંદુસ્તાની હોઈ, બંને લિપિ સ્વીકારાશે ને વાપરી શકાશે. દરેક વિદ્યાર્થી કે તેનાં માબાપ લિપિની પસંદગી કરશે. વિદ્યાર્થીઓને બંને લિપિ શીખવાની ફરજ નહિ પાડવામાં આવે, પણ હાઈસ્કૂલમાં એમને એ શીખવાનું ઉત્તેજન આપી શકાય.

૪. હિંદુસ્તાની (બંને લિપિમાં લખેલી) ને અખિલ ભારતની રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવામાં આવશે એટલે આખા હિંદુસ્તાનમાં કોઈ પણ માણસને કોઈ અદાલત કે સરકારી કચેરીને હિંદુસ્તાની (બેમાંથી ગમે તે લિપિમાં લખેલી) માં કાગળ લખવાની છૂટ રહેશે ને તેને એની બીજી લિપિ કે ભાષામાં લખેલી નકલ આપવાની જરૂર નહિ જ પાડવામાં આવે.

૫. દેવનાગરી, બંગાળી, ગુજરાતી અને મરાઠી લિપિઓનું એકીકરણ કરવાનો, અને છાપવામાં, ટાઈપ કરવામાં ને આધુનિક યાંત્રિક સાધનોમાં કામ લાગે એવી સંયુક્ત લિપિ પેદા કરવાનો પ્રયત્ન થવો જોઈએ.

૬. સિંધી લિપિને ઉર્દૂ લિપિમાં ભેળવી દેવી જોઈએ, અને ઉર્દૂ લિપિને બની શકે એટલી છાપવા, ટાઈપ કરવા વગેરેમાં કામ લાગે એવી રીતે, સાદી બનાવવી જોઈએ.

૭. દક્ષિણ ભારતની લિપિઓને દેવનાગરીને મળતી બનાવવાની શકયતા કેટલી છે એનો વિચાર કરવો જોઈએ. અને એ શકય ન લાગે તો પછી દક્ષિણ ભારતની ભાષાઓ — તામિલ, તેલુગુ, કન્નડ અને મલયાળમ — ને માટે એક સમાન લિપિ યોજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૮. રોમન લિપિમાં અનેક લાભ હોવા છતાં, ઓછામાં ઓછું અત્યારે તો, આપણી ભાષાઓને માટે એ લિપિનો વિચાર આપણાથી થઈ શકે એમ નથી. એટલે આપણી

* 'હિંદી-ઉર્દૂ' એ મથાળે આ સૂચનાઓ 'હ૦ બં૦'માં પ્રસિદ્ધ થઈ હતી.

પાસે બે લિપિઓ હોવી જોઈએ: એક તો સંયુક્ત દેવનાગરી–બંગાળી–ગુજરાતી–મરાઠી; અને ઉર્દૂ – સિંધી; અને જરૂર જણાય, અને દક્ષિણ ભારતની લિપિઓ દેવનાગરીને મળતી ન બનાવી શકાય તો, દક્ષિણ ભારતની ભાષાઓને માટે એક લિપિ.

૯. હિંદુસ્તાની ભાષા બોલનાર પ્રદેશમાં હિંદી અને ઉર્દૂમાં જુદા જુદા પ્રવાહમાં વહેવાનું ને વિકસવાનું જે વલણ દેખાય છે તેથી ભડકવાની જરૂર નથી, તેમ બેમાંથી એકેના વિકાસમાં અંતરાય નાંખવાની જરૂર નથી. ભાષામાં નવા અને વધારે કઠણ અને ગહન વિચારોનો પ્રવેશ થાય એટલે આ વસ્તુ કેટલેક અંશે બને એ સ્વાભાવિક છે. બેમાંથી એકેનો વિકાસ થશે તો એથી ભાષાની સમૃદ્ધિ વધશે. આગળ જતાં જેમ જગતના પ્રવાહો અને રાષ્ટ્રવાદનું દબાણ આ દિશામાં વધશે, તેમ બેની વચ્ચે મેળ સધાશે અને લોકશિક્ષણને લીધે પણ બેમાં અમુક પ્રમાણમાં એકધારાપણું ને સમાનતા આવશે.

૧૦. ભાષા (હિંદી, ઉર્દૂ કે બીજી હિંદી ભાષાઓ) વાપરતાં જનસમૂહ તરફ નજર રાખવી જોઈએ ને તેઓ સમજી શકે એવી ભાષા બોલવી જોઈએ, એ વસ્તુ તરફ આપણે ભાર મૂકવો જોઈએ. આમવર્ગના લોકો સમજી શકે એવી સાદી ભાષામાં લેખકોએ લખવું જોઈએ, ને જે પ્રશ્નો આમવર્ગના જીવનને સ્પર્શ કરે છે તેની ચર્ચા તેમણે કરવી જોઈએ. દરબારી તેમ જ આડંબરી શૈલી અને જડબાતોડ શબ્દોના વાપરને ઉત્તેજન ન આપવું જોઈએ અને સાદી જોરદાર શૈલી ખીલવવી જોઈએ. એના બીજા લાભ તો છે જ, પણ તે ઉપરાંત એનાથી હિંદી અને ઉર્દૂનો મેળ પણ સધાશે.

૧૧. 'મૂળ' અંગ્રેજીના ધોરણ પર 'મૂળ' હિંદુસ્તાની ખીલવવી જોઈએ. આ ભાષા સાદી હોય, એમાં વ્યાકરણ નહિ જેવું હોય, ને હજારેક શબ્દોનો ભંડોળ હોય. એ ભાષા સંપૂર્ણ હોવી જોઈએ, બધા સામાન્ય ભાષણ અને લખાણને માટે કામ લાગે એવી હોવી જોઈએ, અને છતાં એ હિંદુસ્તાનીના ચોકઠાની અંદર જ બેસાડેલી ને એ ભાષાના વધારે અભ્યાસને માટે આરંભરૂપ હોવી જોઈએ.

૧૨. આવી 'મૂળ' હિંદુસ્તાની ખીલવવા ઉપરાંત આપણે હિંદુસ્તાની (હિંદી અને ઉર્દૂ બંને)માં, અને બની શકે તો બીજી હિંદી ભાષાઓમાં પણ, વાપરવાની વૈજ્ઞાનિક, ઔદ્યોગિક, રાજકીય અને વેપારી પરિભાષા નક્કી કરવી જોઈએ. જ્યાં જરૂર પડે ત્યાં આવા શબ્દો વિદેશી ભાષાઓમાંથી લઈને જેવા ને તેવા આપણે ત્યાં દાખલ કરવા જોઈએ. આપણી પોતાની ભાષાઓમાંથી એવા બીજા શબ્દોની યાદીઓ બનાવવી જોઈએ, જેથી ઉદ્યોગ, વિજ્ઞાન અને એવા બીજા વિષયોમાં આપણી પાસે ચોક્કસ અર્થ સૂચવનારા અને સર્વ ભાષામાં સમાન એવા શબ્દોનો ભંડોળ તૈયાર થઈ જાય.

૧૩. સરકારી કેળવણીનું ધોરણ એવું હોવું જોઈએ કે કેળવણી વિદ્યાર્થીની જન્મભાષામાં અપાય. દરેક ભાષાવાર પ્રાંતમાં પ્રાથમિકથી માંડીને યુનિવર્સિટી લગીનું શિક્ષણ તે પ્રાંતની ભાષામાં અપાય. દરેક પ્રાંતમાં, જેમની જન્મભાષા બીજી કોઈ

હિંદી ભાષા હોય એવા વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતી હોય, તો તેમને તેમની જન્મભાષામાં પ્રાથમિક કેળવણી મેળવવાનો હક રહેશે. માત્ર તેઓ કોઈ સગવડભરેલા મથકની ઠીક ઠીક નજીક રહેલા હોવા જોઈએ. એ સંખ્યા જો પૂરતી મોટી હોય તો એમને હાઈસ્કૂલની કેળવણી પણ એમની જન્મભાષામાં આપવાનું બની શકે. પણ એવા બધા વિદ્યાર્થીઓએ જે પ્રાંતમાં રહેતા હોય ત્યાંની ભાષા ફરજિયાત વિષય તરીકે જાણવી પડશે.

૧૪. હિંદુસ્તાની ન બોલનાર પ્રદેશમાં 'મૂળ' હિંદુસ્તાની હાઈસ્કૂલોમાં શીખવવી જોઈએ, અને તે કઈ લિપિ દ્વારા શીખવી એ શીખનારની મરજી પર છોડવું જોઈએ.

૧૫. યુનિવર્સિટીની કેળવણી પ્રાંતભાષા મારફતે અપાવી જોઈએ. હિંદુસ્તાની (બેમાંથી ગમે તે લિપિમાં) અને એક વિદેશી ભાષા ફરજિયાત શીખવાવી જોઈએ. વધારાની ભાષાઓ ફરજિયાત શીખવાનો આ નિયમ ઊંચા ઔદ્યોગિક શિક્ષણને ન લાગુ પડવો જોઈએ, જોકે એમાં પણ અનેક ભાષાઓનું જ્ઞાન હોય એ ઇષ્ટ તો છે જ.

૧૬ વિદેશી ભાષાઓ તેમ જ આપણી પ્રાચીન ભાષાઓ શીખવવાની સગવડ આપણી હાઈસ્કૂલોમાં કરવી જોઈએ; પણ અમુક ખાસ અભ્યાસક્રમને માટે અથવા તો યુનિવર્સિટીના શિક્ષણની તૈયારી કરવી હોય તે સિવાય એ વિષયો ફરજિયાત ન રખાવા જોઈએ.

૧૭. વિદેશી સાહિત્યોમાંથી પ્રાચીન અને આધુનિક સુંદર ગ્રંથોના અનુવાદો હિંદી ભાષાઓમાં થવા જોઈએ, જેથી આપણી ભાષાઓનો બીજા દેશના સંસ્કારો, સાહિત્યો ને સામાજિક પ્રવૃત્તિઓની સાથે સંસર્ગ સધાય ને તેને લીધે આપણી ભાષાઓની શક્તિ વધે.

હ૦ બં૦, ૨૨-૮-૧૯૩૭

૨૫. આવકારપાત્ર નિવેદન

મૌલવી અબ્દુલ હકસાહેબ અને બાબુ રાજેન્દ્રપ્રસાદે મળીને હિંદી-ઉર્દૂ-વાદ વિષે જે નિવેદન પ્રગટ કર્યું છે, તે પરથી એવી આશા બાંધી શકાય ખરી કે, એ વાદ હવે બંધ થશે, અને જેઓ આંતરપ્રાંતીય ભાષાના વિકાસમાં રસ ધરાવે છે તેઓ એ પ્રશ્નનો એના ગુણદોષની જ દૃષ્ટિએ વિચાર કરી શકશે, ને સૌ સાથે મળીને કરી શકે એવી કામની યોજના ખોળી શકશે. એ નિવેદન આ પ્રમાણે છે :

"પટનામાં તા. ૨૮ મી ઑગસ્ટે બિહાર ઉર્દૂ સમિતિની સભા થયેલી તે પ્રસંગે અમને હિંદુસ્તાની ભાષાના સવાલ વિષે એકબીજાની સાથે તેમ જ બીજા કેટલાક મિત્રો સાથે ચર્ચા કરવાની તક મળી હતી. ઉર્દૂ-હિંદી-હિંદુસ્તાનીના વાદની બાબતમાં જે ગેરસમજો દુર્ભાગ્યે પેદા થઈ છે તે દૂર કરવાને અમે આતુર હતા. અમને કહેતાં આનંદ થાય છે કે, આ પ્રશ્નનાં અનેક અંગઉપાંગની ચર્ચા અમે કરી તેને પરિણામે, આ વાદને અંગે ઉપસ્થિત થયેલા અનેક પ્રશ્નોમાં અમારી વચ્ચે ઠીક ઠીક એકમત છે એમ અમે જોઈ શક્યા. અમે એ વાતમાં સહમત છીએ કે, હિંદુસ્તાની એ હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા થવી જોઈએ, અને ઉર્દૂ તેમ જ નાગરી બંને લિપિમાં લખાવી જોઈએ, સરકારદરબારમાં તેમ જ કેળવણીમાં એ બંને લિપિને માન્યતા મળવી જોઈએ. 'હિંદુસ્તાની' અમે તે ભાષાને કહીએ છીએ જે ઉત્તર હિંદુસ્તાનમાં ઘણા જ મોટા ભાગના લોકો બોલે છે; અને અમે માનીએ છીએ કે, જે શબ્દો સાધારણ વ્યવહારમાં વપરાતા હોય તે પસંદ કરીને હિંદુસ્તાની શબ્દભંડોળમાં દાખલ કરવા જોઈએ. વળી અમે એમ પણ માનીએ છીએ કે ઉર્દૂ તથા હિંદી બંનેને તેમ જ સાહિત્યમાં વપરાતી ભાષાઓને વિકાસ માટે પૂરેપૂરી તક આપવી જોઈએ. અમારી સૂચના એવી છે કે, ઉર્દૂ અને હિંદીના વિદ્વાનોનો સહકાર મેળવીને હિંદુસ્તાની શબ્દોનો એક મૂળ કોશ રચવાનો પ્રયત્ન થવો જોઈએ.

આવા કોશની રચનાને સારુ વહેવારુ પગલાં લેવા માટે, તેમ જ પારિભાષિક શબ્દોની પસંદગી જેવા અનેક પ્રશ્નોનો નિકાલ આણવા માટે, એક નાની પ્રતિનિધિરૂપ સમિતિ નીમવી જોઈએ. આ બે ભાષાઓને એકબીજાની વધારે નજીક આણવા અને હિંદુસ્તાની ભાષાના વિકાસને ઉત્તેજન આપવું, ને એ રીતે એ બે ભાષા બોલનારાઓની વચ્ચે સદ્ભાવ પેદા કરવો ઇષ્ટ છે, એમ જેઓ માનતા હોય, એવા ઉર્દૂ તેમ જ હિંદીના પ્રતિષ્ઠિત હિમાયતીઓની એ સમિતિ બનાવવી, અને સમિતિ બને એટલી વહેલી બોલાવવી, એવી અમારી સૂચના છે."

આપણે આશા રાખીએ કે આ નિવેદનના લેખકો સર્વ પક્ષો સ્વીકારે એવા હિંદુસ્તાની શબ્દોનો મૂળ કોશ તૈયાર કરાવવાને ત્વરાથી પગલાં લેશે, અને આ કામને માટે તેમ જ 'અનેક મોટા પ્રશ્નોનો નિકાલ આણવા માટે' જે સમિતિ તેમણે નીમવા ધારી છે તે તરત જ નિમાશે. જો કામ ઝપાટામાં ઉકેલવું હોય તો સમિતિ નાની હોવી જોઈએ એ વસ્તુ પર હું ભાર મૂકું છું.

હ૦ બં૦, ૧૨–૯–'૩૭

૨૯. મદ્રાસમાં હિંદુસ્તાનીનું શિક્ષણ

[મદ્રાસની ફ્રોન્ચેસ સરકારે ઇલાકાની શાળાઓમાં હિંદુસ્તાનીનો વિષય દાખલ કર્યો તે સામે વિરોધરૂપે તરેહ તરેહનાં ને અઘટિત પણ પગલાં કેટલાક લોકે લીધાં. તે વિષે ગાંધીજીને પણ ફરિયાદ ગઈ. રાજાજીની સરકારે બહાર પાડેલો ખુલાસો અને પછી ગાંધીજીએ તે અંગે લખેલ 'મહાસભાવાદીઓ, સાવધાન' લેખમાંથી તે અંગેનો ભાગ નીચે આપ્યો છે.]

૧

મદ્રાસ સરકારે ગઈ ૯મીએ નીચેનું જાહેરનામું બહાર પાડયું છે:

આ પ્રાંતની નિશાળોમાં હિંદુસ્તાનીનો અભ્યાસ દાખલ કરવામાં આવ્યો છે તેને અંગે ઘણો ભરમાવનારો પ્રચાર ચાલી રહ્યો છે. સરકાર આ બાબતની પોતાની નીતિ સ્પષ્ટ કરવા ઇચ્છે છે, જેથી આ વિષે જે કંઈ ગેરસમજ પેદા થવી સંભવિત હોય તે દૂર થાય.

આપણો પ્રાંત હિંદુસ્તાનના રાષ્ટ્રીય જીવનમાં તેનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે તેને માટે, હિંદુસ્તાનમાં જે ભાષા સૌથી મોટી સંખ્યા બોલે છે તે ભાષાનું વ્યવહારુ જ્ઞાન આપણા જુવાનોને હોય એ જરૂરનું છે. તેથી સરકારે આપણા પ્રાંતની હાઇસ્કૂલોના અભ્યાસક્રમમાં હિંદુસ્તાનીનો વિષય દાખલ કરવાનો ઠરાવ કર્યો છે. સરકાર એ સ્પષ્ટ કરવા ઇચ્છે છે કે, કોઈ પણ પ્રાથમિક શાળામાં હિંદુસ્તાની દાખલ કરવામાં આવનાર નથી, અને એવી નિશાળોમાં તો ફક્ત માતૃભાષા જ શીખવવામાં આવશે. હિંદુસ્તાની ફક્ત હાઇસ્કૂલોમાં જ — અને ત્યાં પણ પહેલા, બીજા અને ત્રીજા ધોરણમાં જ, એટલે કે શાળાના જીવનના છઠ્ઠા, સાતમા ને આઠમા વરસમાં જ — દાખલ કરવાની છે. તેથી તે હાઇસ્કૂલોમાં કોઈ પણ રીતે માતૃભાષાના શિક્ષણમાં અંતરાયરૂપ નહિ થઈ પડે. માતૃભાષાનો અભ્યાસ તો પહેલાંની જેમ જ કરાવવામાં આવશે, અને એક વર્ગમાંથી બીજા વર્ગમાં ચડાવવાનું હિંદુસ્તાનીની અણઆવડતને લીધે અટકી પડશે નહિ; પણ તેનો આધાર, પહેલાંની પેઠે, સામાન્ય આવડત ઉપર અને માતૃભાષા સહિત અન્ય વિષયોમાં મેળવેલા દોકડા ઉપર રહેશે. હિંદુસ્તાની ફરજિયાત એ જ અર્થમાં રહેશે કે, તેના વર્ગોમાં હાજરી આપવાનું ફરજિયાત રહેશે, અને વિદ્યાર્થીઓ તામિલ, તેલુગુ, મલયાલમ કે કન્નડની અવેજીમાં હિંદુસ્તાની નહીં લઈ શકે, પણ એમાંની એક ભાષા ઉપરાંત તેમને હિંદુસ્તાની શીખવાની રહેશે.

વળી સરકારે એવો પણ હુકમ કરી દીધેલો છે કે, આ વરસે હાઈસ્કૂલોમાં ચોથા ધોરણથી માંડીને — અને આવતાં બે વરસમાં હાઈસ્કૂલના સૌથી ઉપલા ધોરણ સુધી — કેળવણી માતૃભાષા દ્વારા જ અપાવી જોઈએ. જે પ્રદેશોમાં બે ભાષાના પ્રચારને લીધે પ્રશ્ન અટપટો ન બનતો હોય ત્યાં બધે આ પ્રમાણે કરવાનું છે. માતૃભાષાનું મહત્ત્વ અભ્યાસક્રમમાં શરૂઆતથી આખર સુધી જળવાશે. સરકાર માધ્યમિક સ્કૂલસર્ટિફિકેટ પરીક્ષાને લગતા નિયમોમાં એવો સુધારો કરવા માગે છે કે, એ પરીક્ષા આપનાર સર્વ વિદ્યાર્થીઓને માતૃભાષામાં પોતાના વિચારો સારી રીતે પ્રગટ કરતાં આવડે એ ફરજિયાત ગણાવું જોઈએ. આમ સરકારે આ પ્રાંતની કેળવણીની યોજનાનાં માતૃભાષાનું મહત્ત્વ લક્ષમાં રાખ્યું છે, અને વસ્તુતઃ માતૃભાષાએ અત્યાર લગી ભોગવ્યું છે તેના કરતાં વધારે ઊંચા મહત્ત્વને સ્થાને તેને પહોંચાડવાને સરકાર પગલાં લઈ રહી છે.

હ૦ બં૦, ૧૯-૬-૧૯૩૮

૨

મારા પર કાગળો ને તારોનો વરસાદ વરસી રહ્યો છે, તેમાં તે મોકલનારાઓ જેને મદ્રાસના મુખ્ય પ્રધાનનાં ભયાનક દુર્વર્તનો માને છે તેને વિષે ફરિયાદો કરેલી છે. એમાંથી બે બાબતો, જેને વિષે હિંદુસ્તાનમાં ઘણી જગાએ વિરોધી ટીકા થયેલી છે, તે હું ચૂંટી કાઢું છું. એ બાબતો તે એમની હિંદુસ્તાની વિષેની નીતિ, અને પિકેટિંગનો ત્રાસ હળવો કરવાને તેમણે કરેલો ક્રિમિનલ લૉ એમેંડમેંટ ઍક્ટનો ઉપયોગ એ બે છે.

* * *

હવે રાજાજી સામેની જે બે મોટી ફરિયાદો છે તેને વિષે બે શબ્દ કહી લઉં.

હિંદુસ્તાની આપણી રાષ્ટ્રભાષા, એટલે કે પ્રાંત પ્રાંત વચ્ચેના વહેવારની ભાષા છે કે થવાની છે, એ આપણી જાહેરાતો જો સાચી દાનતથી કરેલી હોય, તો હિંદુસ્તાનીનું શિક્ષણ ફરજિયાત કરવામાં અયોગ્ય કશું નથી. ઇંગ્લંડની નિશાળોમાં લૅટિન ફરજિયાત હતી અને કદાચ હજુ હશે. એના અભ્યાસથી અંગ્રેજીના અભ્યાસમાં અંતરાય નથી આવ્યો, પણ ઊલટું એ મહાન ભાષાના જ્ઞાનને લીધે અંગ્રેજી ભાષા સમૃદ્ધ બની છે. 'માતૃભાષા પર સંકટ આવી પડ્યું છે' એવી જે બૂમ પાડવામાં આવે છે, તેમાં કાં તો અજ્ઞાન રહેલું છે, કાં તો દંભ રહેલો છે. અને જ્યાં એ બૂમની પાછળ સાચી લાગણી છે ત્યાં

જે લોકો આપણાં બાળકોને હિંદુસ્તાની માટે રોજનો એક કલાક આપવાની આનાકાની કરે છે, તેમની દેશભક્તિ કેવી છીછરી છે તે દેખાઈ આવે છે. આપણે જો અખિલ ભારતીય રાષ્ટ્રીયતારૂપી કોપરું મેળવવું હોય, તો પ્રાંતીયતારૂપી કાચલું ભાંગવું જ જોઈએ. હિંદુસ્તાન એક દેશ અને એક રાષ્ટ્ર છે, કે ઘણા દેશ અને ઘણાં રાષ્ટ્ર છે? એ એક દેશ છે એમ જેઓ માને છે, તેમણે રાજાજીને પોતાનો પૂરેપૂરો ટેકો આપવો ઘટે છે. રાજાજીની પાછળ જો લોકમતનું બળ નહીં હોય, તો તેઓ પોતાનું પદ ગુમાવી બેસશે. પણ જો એમની પાછળ લોકમતનું બળ ન હોય તો એમની પાસે જબરદસ્ત બહુમતી છે એ વિચિત્ર ગણાય. પણ એમની પાસે બહુમતી ન હોય તેથી શું? તો એમણે પ્રધાનપદ છોડી દેવું જોઈએ, પણ પોતાની ઊંડામાં ઊંડી શ્રદ્ધાઓ તો તેમનાથી ન જ છોડી શકાય. એમની બહુમતી એ જો મહાસભાના સંકલ્પની પ્રતિનિધિ ન હોય, તો એ બહુમતીની કશી કિંમત નથી. મહાસભા કંઈ બહુમતીને વરેલી નથી; એ તો આ રાષ્ટ્રને ઓછામાં ઓછા સમયમાં મહાન અને સ્વતંત્ર બનાવે એવી જે જે વસ્તુઓ હોય તેને વરેલી છે. . . .

હ૦ બં૦, ૧૧–૯–'૩૮

૨૭. હિંદુસ્તાની, હિંદી અને ઉર્દૂ

હિંદી-ઉર્દૂના સવાલ વિષે તીખો વાદવિવાદ પેદા થયો છે અને હજુ ચાલુ છે એ બહુ ખેદની વાત છે. મહાસભાએ પોતાના કામકાજની ભાષા તરીકે હિંદુસ્તાનીનો સ્વીકાર કરેલો છે અને આંતરપ્રાંતીય સંસર્ગને માટે એને અખિલ ભારતીય ભાષા તરીકે કલ્પેલી છે. એ પ્રાંતીય ભાષાઓને નાબૂદ કરી તેનું સ્થાન લેવા માટે નથી, પણ તેમાં પૂર્તિ કરવા માટે છે. કાર્યવાહક સમિતિએ થોડા વખત પર કરેલા ઠરાવથી (જુઓ પ્રકરણ ૧૮, ખંડ ૨) આ બાબતની બધી શંકા શાંત પડવી જોઈએ. જે મહાસભાવાદીઓને અખિલ ભારતીય કામ કરવાનું છે તેઓ જો માત્ર બંને લિપિમાં હિંદુસ્તાની શીખવાની તકલીફ લેશે તો આપણે એક રાષ્ટ્રભાષાના ધ્યેયની દિશામાં ઘણાં પગલાં આગળ ધપીશું. ખરી હરીફાઈ હિંદી અને ઉર્દૂ વચ્ચે નથી, પણ હિંદુસ્તાની અને અંગ્રેજીની વચ્ચે છે. એ સખત લડાઈ છે. હું ભારે ચિંતાથી એ નિહાળી રહ્યો છું.

હિંદી–ઉર્દૂવાદને કંઈ પાયો જ નથી. મહાસભાની કલ્પના પ્રમાણેની હિંદુસ્તાનીનું ચોકસ રૂપ હજુ ઘડાવું રહ્યું છે. મહાસભાનું કામકાજ જ્યાં સુધી કેવળ હિંદુસ્તાનીમાં જ ન ચાલે ત્યાં સુધી એ બનવાનું નથી. મહાસભાએ મહાસભાવાદીઓના ઉપયોગ માટે શબ્દકોશો નિયત કરવા પડશે, અને એક ખાતાએ શબ્દકોશો દ્વારા બહારના નવા શબ્દો પૂરા પાડવા પડશે. એ ભગીરથ કામ છે, પણ આપણે જો ખરેખર જીવતી, વિકસતી અખિલ ભારતીય ભાષા જોઈતી હોય, તો એ કામ કરવા જેવું છે. અત્યારે જે સાહિત્ય — ચોપડીઓ, માસિકો, સાપ્તાહિકો, દૈનિકો — ઉર્દૂ કે દેવનાગરી લિપિમાં લખેલું મોજૂદ છે, તેમાંથી કયાને હિંદુસ્તાની ગણવું, એ આ ખાતાએ નક્કી કરવું પડશે. એ ગંભીર કામ છે, અને એ જો સફળ કરવું હોય તો તેમાં અથાગ પરિશ્રમની જરૂર રહેશે. હિંદુસ્તાનીનું ચોકસ સ્વરૂપ ઘડવા માટે હિંદી અને ઉર્દૂ એ બંનેમાંથી શબ્દો લેવા જોઈએ. તેથી મહાસભાવાદીએ એ બંને ભાષાનું ભલું ઇચ્છવું જોઈએ, અને બંનેની સાથે બને એટલો સંસર્ગ રાખવો જોઈએ. અનેક પ્રાંતીય ભાષાઓથી સમૃદ્ધ એવા વિકસતા રાષ્ટ્રની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા આ હિંદુસ્તાનીમાં એક એક શબ્દના ઘણા પર્યાયો હોવા જોઈશે. બંગાળના કે દક્ષિણના શ્રોતાવર્ગો આગળ બોલેલી હિંદુસ્તાનીમાં સંસ્કૃતમાંથી ઊતરી આવેલા શબ્દોનો મોટો ભંડોળ હોવો જોઈશે. એ જ ભાષણ પંજાબમાં અપાય તો તેમાં અરબી કે ફારસીમાંથી આવેલા શબ્દોનું ઘણું મિશ્રણ હશે. મોટે ભાગે ઝાઝા સંસ્કૃત શબ્દો ન સમજનાર મુસલમાનોના બનેલા શ્રોતાવર્ગમાં પણ એમ જ કરવું પડશે. તેથી આખા હિંદુસ્તાનમાં જઈને બોલનાર વક્તાઓએ હિંદુસ્તાની શબ્દભંડોળ પર એવો કાબૂ મેળવવો પડશે કે જેથી તેઓ હિંદુસ્તાનના તમામ ભાગના શ્રોતાજનો આગળ કશા ક્ષોભ કે અડચણ વિના બોલી શકે. આ બાબતમાં પંડિત માલવીયજીનું નામ સૌથી પહેલું કલમે ચઢે છે. હિંદી બોલનાર તેમ જ ઉર્દૂ બોલનાર શ્રોતાજનો આગળ સરખી સરળતા અને છટાથી બોલતા મેં એમને જોયા છે. એમને યોગ્ય શબ્દ ન જડી આવ્યો હોય એવું મેં કદી જોયું નથી. એવું જ બાબુ ભગવાનદાસને વિષે છે. તેઓ એક જ ભાષણમાં બંને ભાષાના પર્યાયવાચી શબ્દો સાથે સાથે વાપરે છે, અને છતાં ભાષણની સુંદરતા ઓછી ન થાય એની કાળજી રાખે છે. મુસલમાનોમાં આ લખતી વખતે મને એકલા મૌલાના મહમદઅલીનો જ વિચાર આવે છે. એમનો શબ્દભંડોળ બંને પ્રકારના શ્રોતાજનોને અનુકૂળ

આવે એટલી વિવિધતાવાળો હતો. વડોદરા રાજ્યની નોકરીમાં મેળવેલું એમનું ગુજરાતીનું જ્ઞાન એમને બહુ કામ આવતું.

મહાસભાથી સ્વતંત્ર રીતે પણ હિંદી અને ઉર્દૂ ભાષાઓનો વિકાસ થવો તો ચાલુ રહેશે જ. હિંદી મોટે ભાગે હિંદુ વાપરશે, અને ઉર્દૂ મુસલમાન. વસ્તુતઃ વિદ્વાન કહી શકાય એટલે અંશે હિંદી જાણનારા મુસલમાનો પ્રમાણમાં બહુ જ ઓછા છે, જોકે હિંદી-ભાષી પ્રદેશમાં જન્મેલા મુસલમાનોની માતૃભાષા ઉર્દૂ હશે એમ હું માનું છું. હજારો હિંદુ એવા છે જેમની માતૃભાષા ઉર્દૂ છે અને સેંકડો એવા છે જેમને ઉર્દૂ વિદ્વાન કહેવા એ અનુચિત ન ગણાય. પંડિત મોતીલાલજી એમાંના એક હતા. ડૉ. તેજ બહાદુર સપ્રુ બીજા એક એવા છે. આવાં અનેક ઉદાહરણો સહેજે આપી શકાય એવાં છે. એટલે આ બહેનોની વચ્ચે કશા કલહ કે ગંદી હરીફાઈ હોવાનું કશું કારણ નથી. શુદ્ધ હરીફાઈ હમેશાં હોવી જોઈએ.

મારી પાસે આવેલી હકીકતો પરથી જણાય છે કે, મૌલવી સાહેબ અબ્દુલ હક જેવા સમર્થ વિદ્વાનની દેખરેખ નીચે ઉસ્માનિયા યુનિવર્સિટી ઉર્દૂની ભારે સેવા કરી રહી છે. યુનિવર્સિટીએ મોટો ઉર્દૂ શબ્દકોશ બનાવ્યો છે, વિજ્ઞાનનાં પુસ્તકો ઉર્દૂમાં તૈયાર થયાં છે ને થાય છે, અને એ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રમાણિકપણે ઉર્દૂ મારફતે અપાય છે. એટલે એ ભાષાનો વિકાસ થયા વિના રહેવાનો નથી. અને જો આજે અબુદ્ધિવાળી સૂગને લીધે સર્વ હિંદીભાષી હિંદુઓ ત્યાં ખીલી રહેલા સાહિત્યનો લાભ ન ઉઠાવે, તો એમાં વાંક એમનો છે. પણ એ સૂગ નાબૂદ થયે જ છૂટકો છે. કેમ કે આ કોમો વચ્ચેનો અત્યારનો કુસંપ એ રોગમાત્રની પેઠે થોડો વખત જ ચાલવાનો છે. ભલું હો કે બૂરું, પણ બે કોમોની જડ હિંદુસ્તાનમાં ઊંડી દટાયેલી છે. તેઓ પડોશી છે, એક જ ભૂમિનાં સંતાન છે. તેઓ જેમ અહીંયાં જન્મી છે તેમ અહીંયાં જ મરવાને નિર્માયેલી છે. તેઓ સ્વેચ્છાએ એકતા ન સાધે તો કુદરત તેમને શાંતિમાં રહેવાની ફરજ પાડશે.

અને જેવું હિંદુઓને વિષે તેવું જ મુસલમાનોને વિષે. મુસલમાનો જો હિંદી સાહિત્ય સંમેલન અને નાગરી પ્રચારિણી સભાના વિવિધ પરિશ્રમના ફળનો લાભ ન ઉઠાવે તો ખોટ તેમને જશે. જે ભાષા ઉત્તર હિંદુસ્તાનમાં હિંદુ અને મુસલમાન બોલે છે, અને જે ઉર્દૂ કે દેવનાગરી લિપિમાં લખાય છે તે ભાષા હિંદી, એવી વ્યાખ્યા સ્વીકારવામાં હિંદી સાહિત્ય સંમેલને એને માટે મોટું એવું જે પગલું લીધું છે, તેની મુસલમાનોએ ગર્વ અને હર્ષથી

નોંધ લીધી નથી, એ ખેદની વાત છે. આમ એ વ્યાખ્યા, હિંદુસ્તાનીની મહાસભાએ કરેલી વ્યાખ્યાને બરાબર મળતી આવે છે. એકલી ઉર્દૂ કે એકલી હિંદી કાયમ રહેશે એવું સ્વપ્નું સેવનારા કેટલાક પણ છે એ હું જાણું છું. હું માનું છું કે, એ હમેશાં સ્વપ્નું જ રહેશે અને એ અભદ્ર સ્વપ્નું છે. ઇસ્લામને તેની પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ છે તેમ જ હિંદુધર્મને તેની પોતાની છે. ભવિષ્યનું હિંદુસ્તાન એ બેના સંપૂર્ણ અને સુખદ સંયોગરૂપ હશે. એ રળિયામણો દિવસ જ્યારે આવશે ત્યારે એમની તમામ ભાષા તે હિંદુસ્તાની હશે. પણ છતાં ઉર્દૂનો વિકાસ ચાલુ રહેશે અને તેમાં અરબી ને ફારસી શબ્દોનું પ્રાધાન્ય હશે, અને સંસ્કૃત શબ્દભંડોળના પ્રાધાન્યવાળી હિંદીનો પણ વિકાસ ચાલુ રહેશે. તુલસીદાસ અને સુરદાસની ભાષા મરી ન શકે, તેમ જ જે ભાષામાં શિબ્લીએ લખ્યું તેનો પણ નાશ સંભવતો નથી. પણ બંને ભાષા બોલનાર સારામાં સારો વર્ગ હિંદુસ્તાની બહુ જ સારી રીતે જાણતો હશે.

વર્તમાનઆઈ, ૧૯–૧૦–'૩૮

હ૦ બં૦, ૩૦–૧૦–૧૯૩૮

૨૮. રાષ્ટ્રભાષાનું નામ

એક મુસલમાન મિત્ર, જેઓ પોતાને જૂના મહાસભાવાદી કાર્યકર્તા તરીકે ઓળખાવે છે, તેઓ જણાવે છે :

". . . એક વિરોધાભાસ જે સરતચૂકથી હિંદની 'રાષ્ટ્રભાષા'ની ચર્ચા દરમ્યાન રહી ગયો છે તે તરફ આપનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. મને ધ્યાન છે ત્યાં સુધી, આ વિષયમાં મહાસભાએ કરેલા ઠરાવમાં 'હિંદી' નહીં પણ 'હિંદુસ્તાની' શબ્દ મૂકવામાં આવ્યો છે. આપ પોતે પણ આપનાં તમામ ભાષણો તેમ જ લખાણોમાં હમેશાં 'હિંદુસ્તાની' શબ્દ જ વાપરતા આવ્યા છો. આ સ્થિતિમાં એ બીના દિલગીરીભરેલી છે કે ઘણાખરા મહાસભાવાદીઓ મહાસભાના ઠરાવની આમન્યા લોપીને 'હિંદી' શબ્દનો જ ઉપયોગ કર્યે જાય છે. આ ખોટા શબ્દપ્રયોગથી મહાસભા હેઠળનાં જુદાં જુદાં મંડળોમાં પુષ્કળ ગેરસમજ ફેલાવા પામી છે. મારી દૃષ્ટિએ તો 'હિંદી' અથવા 'ઉર્દૂ' બેમાંથી એક શબ્દ ક્યાંયે કદી ન વાપરતાં એકેએક મહાસભાવાદીઓએ રાષ્ટ્રભાષાનો ઉલ્લેખ કરતી વેળાએ કેવળ 'હિંદુસ્તાની' શબ્દનો જ પ્રયોગ કરવો જોઈએ."

ઉપલી સૂચનાને હું ખરા અંતઃકરણથી સ્વીકારું છું. રાષ્ટ્રભાષાનું નામ ફક્ત એક જ છે અને તે 'હિંદુસ્તાની.'

સેગાંવ, તા. ૨૫–૧૨–'૩૮

૨૯. હિંદુસ્તાનીનો શબ્દકોશ

સવાલ : તમે હિંદુસ્તાનીનો શો અર્થ કરો છો ? શું તમે હિંદી – ઉર્દૂ બેઉનો એક સામાન્ય શબ્દકોશ પસંદ કરો છો ?

જવાબ : હું તો તમારાથી આગળ વધી ગયો છું. મને ખબર છે કે, મૌલવી અબ્દુલ હક સાહેબે એક શબ્દકોશ તૈયાર કર્યો છે જેમાં કાશીવાળા હિંદી શબ્દકોશમાંના તમામ ઉર્દૂ શબ્દો તથા ઉસ્માનિયા શબ્દકોશમાંના તમામ હિંદી શબ્દો લીધા છે. મૌલવી સાહેબના આ શબ્દકોશને મંજૂર કરવા કૉંગ્રેસને મેં ખાસ ભલામણ કરી છે, અને નવા શબ્દોને સારુ મૌલાના અબુલ કલામ આઝાદ તથા રાજેન્દ્રબાબુની સમિતિ સૂચવી છે.

હ૦ બં૦, ૨૯–૧–'૩૯

૩૦. રાષ્ટ્રભાષાના પ્રચારકોને

[તા. ૨૪–૯–૧૯૩૯ ને રોજ રાષ્ટ્રભાષાપ્રચારની વર્ધા સમિતિ તરફથી ચાલતા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને આપેલું વ્યાખ્યાન — 'સબકી બોલી' માસિક, અંક ૧, પુ૦ ૧, પા. ૨ ઉપરથી નીચે ઉતાર્યું છે.]

હજી રાષ્ટ્રભાષા બની નથી; હજી તો એનો જન્મ જ થયો છે. હજુ હિંદીમાં પૂરતા એવા ગ્રંથો નથી મળતા કે જે વડે વિજ્ઞાન વગેરે જેવા વિષયો ભણાવાતા હોય. હા, બંગાળી ઉર્દૂમાં એવા કેટલાક ગ્રંથો તૈયાર થયા છે. પરંતુ બંગાળીથી વધારે આબાદી ઉર્દૂએ કરી છે ઉસ્માનિયા યુનિવર્સિટીએ સૌથી વધારે કામ કર્યું છે. એણે આ કામમાં લાખો રૂપિયા પણ ખર્ચ્યા છે. એને ત્યાં વિજ્ઞાન જેવા અઘરા વિષયો ઊંચામાં ઊંચી શ્રેણીઓમાં ઉર્દૂ મારફત શીખવાય છે. હિંદીમાં હજી એવું થયું નથી.

મહામના માલવીયજીએ હિંદુ વિશ્વવિદ્યાલય સ્થાપી બહુ મોટું કામ કર્યું છે. એવું કામ મારા જોવામાં ક્યાંય નથી આવ્યું. બીજા દેશોમાં પણ એવું કામ નથી થયું. સાચે જ માલવીયજી તો ભારતભૂષણ છે, એમાં કશો સંદેહ નથી. પણ એ વાતનું દુઃખ છે કે, એમના હિંદુ વિશ્વવિદ્યાલયમાં પણ વિજ્ઞાન જેવા કઠણ વિષયો હિંદી ભાષા મારફત ન ભણાવાતાં અંગ્રેજી મારફતે જ ભણાવાય છે. આ ખોટને દૂર કરવી જોઈશે. એ જ તમારું બધાનું મિશન છે — જવાબદારી છે.

રાષ્ટ્રભાષાના પ્રચારકોનો હિંદી અને ઉર્દૂ એ બેઉ ઉપર પૂરો કાબૂ હોવો જોઈએ. જ્યાં સુધી એવું નહિ થાય ત્યાં સુધી તમે સાચા પ્રચારક નથી થઈ શકતા. માલવીયજી મહારાજને જુઓ; ડૉ. ભગવાનદાસને જુઓ. તેઓ જો મુસલમાન ભાઈઓની સભામાં જાય છે, તો બિલકુલ ઉર્દૂ જબાનમાં વાત કરે છે. મુસલમાન કદી એમને પરાયા નથી સમજતા. એ રીતે, ભાષામાં તે મુસલમાન જ જણાય છે. માલવીયજી બંગાળીઓ જોડે બંગાળીમાં જ વાતચીત કરે છે; હિંદી બોલનાર જોડે સુંદર હિંદીમાં.

(અહીં વચમાં એકે પ્રશ્ન કર્યો – માલવીયજી અને ભગવાનદાસજી તો અપવાદ છે !)

તમારો આ ખ્યાલ ખોટો છે. તમારે પણ એમની પેઠે અપવાદરૂપ બનવાનું છે. જ્યાં સુધી તમે એવા અપવાદરૂપ નહીં બનો, ત્યાં સુધી તમે અસલ રાષ્ટ્રભાષાપ્રચારક નથી થઈ શકતા. હા, પૈસા કમાવાના હેતુથી તમે ૨૫–૩૦ રૂપિયા તો કમાતા રહી શકો છો. પણ એનાથી તમારા દેશને કશો લાભ નથી મળી શકવાનો. તો પછી તમને તો શો જ ફાયદો થયો ? પશુ પણ ચારો ચરીને પોતાનો નિર્વાહ કરી લે છે.

જ્યાં સુધી તમે હિંદી ઉર્દૂ બેઉમાં પૂરતા વિદ્વાન નહિ બની જાઓ, ત્યાં સુધી રાષ્ટ્રભાષાની સાચી સેવા નહિ કરી શકો. રાષ્ટ્રભાષાપ્રચારકોએ તો ઠીક ઠીક વિદ્વાન બનવાનું છે. આ કલાને હાંસલ કર્યા વિના સાચા પ્રચારક હરગિજ નહિ થઈ શકો. તમે પૂછી શકો છો કે, જો બંગાળી અને ઉર્દૂમાં સારું સાહિત્ય મોજૂદ છે તો તેને જ રાષ્ટ્રભાષા કેમ ન માનવી ? હા, એ કહેવું ઠીક છે. પણ હું જોઉં છું કે, હિંદી-ઉર્દૂના મિશ્રણ સિવાય એવી કોઈ બીજી ભાષા નથી કે જે રાષ્ટ્રભાષા બની શકે. હિંદી-ઉર્દૂ મિશ્રણ બહુ સહેલી ભાષા છે. ધીરે ધીરે એ મિશ્રણમાં ઊંચું સાહિત્ય પણ, તમારી મહેનતથી, તૈયાર થઈ શકે છે. આ આશા છે જ અને તેથી જ મેં હિંદી-ઉર્દૂના સહેલા મિશ્રણને રાષ્ટ્રભાષા બનાવવા પર જોર દીધું છે. આમ-જનતાની ભાષા આ જ થઈ શકે છે. તેથી જ તેને પસંદ કરી છે. એને બોલનારની સંખ્યા સૌથી મોટી છે. . . . તમે જેઓ અધ્યાપનમંદિરમાં આવ્યા છો તેમણે કઠણ મહેનત કરી બંને ભાષાઓ શીખી લેવી જોઈએ અને કાકાસાહેબને કાંઈક આરામ લેવાની અનુકૂળતા કરી આપવી જોઈએ.

૨૪–૯–૧૯૩૯

૩૧. રોમન લિપિ વિ૰ દેવનાગરી

૧

મારા જાણવામાં આવ્યું છે કે, આસામમાં કેટલીક જાતિઓને દેવનાગરીને બદલે રોમન લિપિમાં વાંચતાં લખતાં શીખવવાની શરૂઆત થઈ છે. મેં મારો અભિપ્રાય દર્શાવ્યો જ છે કે, હિંદુસ્તાનમાં સર્વમાન્ય થઈ શકે એવી કોઈ એક લિપિ હોય તો તે ચાલુ દેવનાગરી જ છે. પછી ભલે તેમાં સુધારા કરવામાં આવે. શુદ્ધ શાસ્ત્રીય કે રાષ્ટ્રીય મુદ્દા પર દેવનાગરીની શ્રેષ્ઠતા મુસલમાન ભાઈઓ સ્વેચ્છાએ ન સ્વીકારે ત્યાં સુધી ઉર્દૂ અથવા ફારસી લિપિ પણ ચાલુ જ રહેશે. પણ ઉપલી ચર્ચા માટે એ વાત અપ્રસ્તુત છે. આ લિપિઓની જોડે રોમન લિપિનો મેળ ખાય એમ નથી. રોમન લિપિના હિમાયતીઓ તો ઉપલી બંને લિપિઓ રદ કરવાનો મત આપશે, પણ વિજ્ઞાન તેમ જ ભાવના બેઉ દૃષ્ટિએ રોમન લિપિ નહિ ચાલી શકે. રોમન લિપિનો મુખ્ય લાભ એટલો જ છે કે, છાપવામાં તથા ટાઈપ કરવામાં એ લિપિ સગવડવાળી છે. પણ કરોડો માણસોને એ શીખતાં જે મહેનત પડે એ જોતાં એ લાભની આપણને કશી કિંમત નથી. કરોડોને તો દેવનાગરીમાં કે પોતપોતાના પ્રાંતની લિપિમાં લખેલું પોતાને ત્યાંનું સાહિત્ય વાંચવાનું હોય, એટલે તેમને રોમન લિપિ જરાયે મદદરૂપ ન થાય. કરોડો હિંદુઓ અને મુસલમાનો માટે પણ દેવનાગરી શીખવી સહેલી છે, કેમ કે ઘણીખરી પ્રાંતિક લિપિઓ દેવનાગરીમાંથી જ ઊતરી આવી છે. મેં આમાં મુસલમાનોનો સમાવેશ જાણી જોઈને કર્યો છે. દાખલા તરીકે, બંગાળના મુસલમાનોની માતૃભાષા બંગાળી છે. જેમ તામિલનાડના મુસલમાનોની તામિલ છે. ઉર્દૂના પ્રચારની હાલની હિલચાલનું સ્વાભાવિક પરિણામ એ આવશે કે, હિંદભરના મુસલમાનો પોતપોતાની પ્રાંતિક માતૃભાષા ઉપરાંત ઉર્દૂ પણ શીખશે. કોઈ પણ સંજોગોમાં કુરાનેશરીફ પઢવા તેમને અરબી તો શીખવી જ રહી. પણ કરોડો હિંદુ મુસલમાનને રોમન લિપિનું પ્રયોજન તો અંગ્રેજી શીખવા સિવાય બીજે ક્યાંયે નથી. એ જ પ્રમાણે હિંદુઓને તેમના ધર્મગ્રંથો મૂળ ભાષામાં વાંચવા દેવનાગરી શીખવાની જરૂર પડવાની, અને તેઓ એ શીખે જ છે. આમ દેવનાગરી લિપિને સર્વમાન્ય બનાવવાની પાછળ મજબૂત કારણ છે. રોમન લિપિ દાખલ કરીએ તો એ નરી બોજારૂપ જ થાય, અને એ કદી લોકપ્રિય ન બને. વળી આવાં બહારનાં દબાણો સાચી લોકજાગૃતિ થશે ત્યારે

ઊડી જ જવાનાં છે. એવી પ્રજાકીય જાગૃતિ ધાર્યા કરતાં ઘણી વહેલી આવવાની છે. છતાં કરોડોને એવું ભાન કરાવતાં વખત લાગશે. એ સંચામાં નાંખીને બનાવી શકાય એવી વસ્તુ નથી. એ તો અગમ્ય રીતે આવે છે અથવા આવતી લાગે છે. દેશના કાર્યકર્તાઓ તો માત્ર લોકમાનસ પારખીને એના આગમનને ત્વરિત કરી શકે.

હ૦ બં૦, ૧૨–૨–'૩૯

૨

પ્ર૦ — આપને અંગ્રેજી ભાષા પ્રત્યે અણગમો હોવાથી રોમન (અંગ્રેજી) લિપિનોયે અણગમો થયો છે. નહિ તો દેવનાગરી તથા ફારસી લિપિની જગ્યાએ આપે તેની નિઃસંકોચપણે હિમાયત કરી હોત.

ઉ૦ — તમારી ભૂલ છે. મને એમાંથી એકેયનો અણગમો નથી. પણ કોઈ વસ્તુ કે કોઈ મનુષ્ય તેને ન ઘટે તે જગ્યા પચાવી પડે તે સામે મને વાંધો છે. રોમન લિપિનેયે હિંદુસ્તાનમાં કાયમનું સ્થાન છે. પણ તે હિંદી લિપિઓનું સ્થાન ન લઈ શકે. જો મારું ચાલતું હોય તો બધી પ્રાન્તીય ભાષાઓ માટે દેવનાગરી લિપિ જ હોય, અને રાષ્ટ્રભાષા માટે દેવનાગરી તથા ફારસી. અરબી લિપિ (જે ફારસીમાંથી ઉદ્ભવી છે) મુસ્લીમોને માટે તેટલી જ જરૂરી છે જેટલી હિંદુઓ માટે દેવનાગરી. રોમન લિપિની હિમાયત તેના ગુણો પર નથી થઈ, પણ ઝઘડાના તોડરૂપે. પશ્ચિમમાં તે લગભગ સર્વત્ર વ્યાપક છે એ સિવાય તેનામાં કશો ગુણ નથી. પણ તેણે સર્વે પ્રાન્તીય ભાષાઓની માતા અને બધીયે જાણીતી લિપિઓમાં સૌથી વધારે પૂર્ણ એવી દેવનાગરીનું, કે ઉત્તર હિંદુસ્તાનના લાખો હિંદુ–મુસલમાનો જેમાં લખે છે તે ફારસીનું સ્થાન ન જ લેવું જોઈએ. લિપિની ભિન્નતા હિંદુ મુસલમાનને જુદા રાખે છે એમ માનીએ તોયે એક તટસ્થ અને અપૂર્ણ લિપિને સ્વીકારવાથી તેઓ એક થઈ શકવાના નથી. પણ જો બન્ને કોમો પરસ્પરના પ્રેમને લીધે બન્ને લિપિઓ શીખવાની મહેનત લેશે, તો તેઓ એક થઈ શકશે. રોમન લિપિનું પોતાનું મહાન અને અદ્વિતીય સ્થાન છે જ. તેથી વધારે ઊંચું સ્થાન મેળવવાની તેણે આકાંક્ષા ન રાખવી જોઈએ.

હ૦ બં૦, ૧૨–૪–'૪૨

૩૨. સંસ્કૃતની પુત્રીઓ માટે એક લિપિ

ભારતવર્ષની જે ભાષાઓ જન્મથી કે સ્વેચ્છાસ્વીકારથી સંસ્કૃતની પુત્રીઓ છે, તે બધી એક લિપિમાં લખવાનો પ્રશ્ન પ્રજા આગળ વરસો થયાં પડેલો છે. છતાં આક્રમણશીલ પ્રાંતીયતાના આ દિવસોમાં એક લિપિની હિમાયત કદાચ અવિનયરૂપ ગણાય. પણ દેશમાં અક્ષરજ્ઞાનપ્રચારની જે ઝુંબેશ ધમધોકાર ચાલી રહી છે તેને અંગે એક લિપિના હિમાયતીઓનું કહેવું કાને ધરવાની લોકોને ફરજ પડવી જોઈએ. હું એવો હિમાયતી વરસો થયાં રહ્યો છું. હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે હિંદમાં વસતા અમુક ગુજરાતીઓને દેવનાગરી લિપિમાં કાગળ પણ લખતો, એ મને યાદ છે. એક લિપિના એવા સ્વીકારથી પ્રાંત પ્રાંત વચ્ચેના વ્યવહારમાં બહુ સુગમતા થશે, અને વિવિધ પ્રાંતિક ભાષાઓ શીખવાનું આજે છે તેના કરતાં અનંત ગણું વધારે સહેલું થઈ પડશે. દેશના સુશિક્ષિત લોકો જો ભેગા મળીને વિચાર કરે અને એક લિપિના વાપરનો નિશ્ચય કરે, તો તેનો સાર્વત્રિક સ્વીકાર સહેલાઈથી થાય. જે કરોડો માણસો નિરક્ષર છે તેઓ તો તેમને કઈ લિપિ શીખવાય છે એને વિષે ઉદાસીન છે. મેં કહ્યું છે એવું સુપરિણામ જો આવે તો હિંદુસ્તાનમાં દેવનાગરી ને ઉર્દૂ એ બે લિપિ જ ચાલે, અને દરેક રાષ્ટ્રવાદી એ બે લિપિ પર કાબૂ મેળવવાની પોતાની ફરજ સમજે. મને હિંદી ભાષાઓ વિષે બહુ અનુરાગ છે. જેટલી લિપિઓ શીખી શકાય તેટલી શીખવાનો મેં પ્રયત્ન પણ કર્યો છે. મારી પાસે માત્ર સમય હોય તો સિત્તેર વરસની ઉંમરે પણ વધારે હિંદી ભાષાઓ શીખવાની સ્ફૂર્તિ મારામાં છે. મારે માટે તો એ વિનોદનું સાધન થઈ પડે. પણ આ ભાષાઓ માટે મારા મનમાં આટલો બધો પ્રેમ હોવા છતાં, મારે કબૂલ કરવું જોઈએ કે, હું બધી લિપિઓ શીખ્યો નથી. પણ આ સર્વ સહોદર ભાષાઓ જો એક લિપિમાં લખાતી હોય, તો મુખ્ય પ્રાંતભાષાઓનું કામચલાઉ જ્ઞાન હું બહુ થોડા વખતમાં મેળવી લઉં. અને પ્રમાણબદ્ધતા કે સુંદરતાની બાબતમાં દેવનાગરીને શરમાવા જેવું કશું નથી. હું આશા રાખું છું કે, જેઓ અક્ષર-જ્ઞાનપ્રચારની પ્રવૃત્તિમાં રોકાયેલા છે, તેઓ મારી સૂચનાનો ક્ષણભર વિચાર કરી જોશે. તેઓ જો દેવનાગરી લિપિનો સ્વીકાર કરશે, તો ભાવિ પેઢીઓનાં અપાર પરિશ્રમ ને સમય બચાવશે ને તેમના આશીર્વાદ મેળવશે.

સેગાંવ, ૩૦–૭–'૩૯

હ૦ બં૦, ૬–૮–'૩૯

૩૩. રાષ્ટ્રભાષાપ્રચાર

એક રચનાત્મક કાર્ય

['રચનાત્મક કાર્યક્રમ' એ ચોપાનિયામાં રાષ્ટ્રભાષાપ્રચાર અને માતૃભાષાપ્રેમ એ બે વિષે લખેલો ભાગ નીચે આપ્યો છે.]

આપણી માતૃભાષા કરતાં આપણે અંગ્રેજી ભાષા પ્રત્યે વધારે પ્રેમ રાખતા થયા તેને લીધે સુશિક્ષિત અને રાજકીય માનસવાળા વર્ગો અને જનસમૂહ વચ્ચે ઊંડી ખાઈ પેદા થયેલી છે. હિંદુસ્તાનની ભાષાઓ એથી દરિદ્ર બની છે. ઊંડા ને અટપટા વિચાર માતૃભાષામાં વ્યક્ત કરવાનો વૃથા પ્રયત્ન કરતાં આપણે ગોથાં ખાઈએ છીએ. વિજ્ઞાનના પારિભાષિક શબ્દોને માટે આપણી પાસે સમાનાર્થક શબ્દો નથી. એનું પરિણામ બહુ દુ:ખદ આવ્યું છે. જનસમૂહ આધુનિક માનસથી અળગો પડી ગયેલો છે. આપણે આપણા જમાનાની હજુ એટલા નજીક છીએ કે, હિંદુસ્તાનની મહાન ભાષાઓ પ્રત્યેના આ દુર્લક્ષથી હિંદુસ્તાનની જે અસેવા થઈ છે, તેનું માપ આપણાથી નીકળી શકે એમ નથી. એ વાત સહેજે સમજાય એવી છે કે, આ બૂરાઈને આપણે દૂર ન કરી શકીએ ત્યાં લગી જનસમૂહનું માનસ બંધનમાં જકડાયેલું જ રહેવાનું. જનસમૂહ સ્વરાજની રચનામાં કશો સંગીન ફાળો નહિ આપી શકે. દરેક વ્યક્તિ પૂર્ણ સ્વરાજની હિલચાલમાં પોતાનો ફાળો સીધી રીતે આપે એ અહિંસા પર રચાયેલા સ્વરાજમાં આવશ્યક છે. જનસમૂહ જ્યાં લગી એકેએક પગલું તેના પૂરા રહસ્ય સાથે સમજશે નહિ, ત્યાં લગી પોતાનો ફાળો પૂરેપૂરો આપી નહિ શકે. એકેએક પગલું તેમની પોતાની ભાષામાં ન સમજાવાય ત્યાં લગી એવી આશા રાખવી ફોગટ છે.

તે ઉપરાંત અખિલ ભારતના પરસ્પર વ્યવહારને માટે પણ આપણને હિંદના ભાષાસમૂહમાંથી એવી એક ભાષા જોઈએ છે, જે આપણી પ્રજાની મોટામાં મોટી સંખ્યા અત્યારે પણ જાણતી ને સમજતી હોય, ને જે બીજાઓ સહેલાઈથી શીખી શકે એવી હોય. આ ભાષા નિર્વિવાદપણે હિંદી છે. ઉત્તર ભારતના હિંદુ અને મુસલમાન બંને તે બોલે છે ને સમજે છે. તે જ્યારે ફારસી લિપિમાં લખાય ત્યારે ઉર્દૂ કહેવાય છે. મહાસભાએ ૧૯૨૫માં કાનપુરની બેઠકમાં પસાર કરેલા પ્રસિદ્ધ ઠરાવમાં આ અખિલ ભારતીય ભાષાને હિંદુસ્તાની નામ આપ્યું હતું. અને ત્યારથી, ઓછામાં ઓછું સિદ્ધાંતરૂપે તો, હિંદુસ્તાની

રાષ્ટ્રભાષા રહેલી છે. ' સિદ્ધાંતરૂપે ' હું એટલા માટે કહું છું કે, મહાસભાવાદીઓએ પણ એનો અમલ કર્યો નથી. મેં આ કંડિકામાં જે ચિતાર દોર્યો છે તે ૧૯૨૦ પહેલાં પ્રવર્તતી સ્થિતિનો છે. ૧૯૨૦થી જનસમૂહની રાજદ્વારી કેળવણીને માટે હિંદુસ્તાનની ભાષાઓનું, તેમ જ રાજદ્વારી માનસવાળું હિંદ સહેલાઈથી બોલી શકે અને જુદા જુદા પ્રાંતના મહાસભાવાદીઓ વાર્ષિક અધિવેશન વખતે તેમ જ મહાસમિતિની બેઠકોમાં બોલાય ત્યારે સમજી શકે એવી એક અખિલ ભારતીય રાષ્ટ્રભાષાનું, મહત્ત્વ સ્વીકારવાનો ઇરાદાપૂર્વક પ્રયત્ન થવા માંડ્યો. પણ મને કહેતાં ખેદ થાય છે કે, ઘણા મહાસભાવાદીઓએ આ ઠરાવનો અમલ કર્યો નથી. અને તેથી મહાસભાવાદીઓ અંગ્રેજીમાં બોલવાનો અને પોતાને ખાતર બીજાઓને અંગ્રેજીમાં બોલવાની ફરજ પાડવાનો આગ્રહ રાખે છે એવો, મારા મત પ્રમાણે શરમ ભરેલો, દેખાવ આપણે જોઈએ છીએ. અંગ્રેજીએ આપણને જે મોહપાશમાં ઘેર્યા છે તે હજુ તૂટ્યો નથી. એ મોહથી ઘેરાયેલા હોઈ આપણે હિંદુસ્તાનની તેના ધ્યેય પ્રત્યેની પ્રગતિ રોકી રહ્યા છીએ. આપણે અંગ્રેજી શીખવામાં જેટલાં વરસ ગાળીએ છીએ એટલા મહિના જો હિંદુસ્તાની શીખવામાં ગાળવાની તકલીફ ન લઈએ, તો જનસમૂહ વિષેનો આપણો પ્રેમ બહુ છીછરો હોવો જોઈએ.

ઉપર મેં કહ્યું તેમાં (સ્વભાષાના પ્રેમ અંગે કહેવા સારુ) મારે ભાગ્યે જ કાંઈ ઉમેરવાની જરૂર હોય. જેઓ હિંદુસ્તાનને એકદેશ ગણે છે તેમને માટે આ બે વસ્તુઓ એકબીજા જોડે સંકળાયેલી છે.

બારડોલી, ૧૩-૧૨-૧૯૪૧

૩૪. પરદેશી ભાષાની ગુલામી

[બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય પદવીદાનને પ્રસંગે આપેલા વ્યાખ્યાનમાંથી]

. . . આ સ્થાને એક પછી એક વક્તા આવતા ગયા અને બોલતા ગયા, તો મને થયું કે કોઈક તો હિંદીમાં બોલશે, કોક તો ઉર્દૂમાં — અને ઉર્દૂમાં કે હિંદીમાં નહીં તો સંસ્કૃતમાં તો બોલશે ! અરે, કોઈ મરાઠી કે બીજી દેશી ભાષામાં તો બોલશે. પણ એ આપણા ભાગ્યમાં ન હતું. આ તે શું ?

આપણે ગુલામીમાં પડ્યા છીએ અને જેમણે આપણને ગુલામ રાખ્યા છે તેમની ભાષાની આપણે ગુલામી સ્વીકારી છે. અંગ્રેજોને આપણે ' અમુક

બગાડ્યું, તમુક બગાડ્યું' કહીને ઘણી ગાળો દઈએ છીએ. મેં પણ ઘણી વસ્તુ માટે એમની નિંદા કરી છે. પણ આપણી નિત્યવ્યવહારની ભાષા અંગ્રેજી બનાવી મૂકવાને માટે મેં એમને કદી ગાળો નથી દીધી. દોષ આપણો છે. અંગ્રેજી શીખવામાં આપણે કેટલાંય વરસ ખર્ચી નાંખીએ છીએ! અંગ્રેજની જેમ અંગ્રેજી બોલતાં શીખવાની આપણી મહેચ્છા રહે છે, અને કોઈ અંગ્રેજ આપણી પીઠ થાબડે અને કહે, 'શાબાશ! તમે તો ભૂલ વિનાનું અંગ્રેજી બોલો છો,' તો આપણી છાતી ફૂલે છે. પણ આપણે દરેક જણ જેટલાં શક્તિ અને સમય અંગ્રેજી જાણવા માટે આપીએ છીએ, તેનો સાદા ગણિતથી હિસાબ કરીએ, તો આપણને ખબર પડે કે, દેશને કેટલાં હજાર વર્ષોની આપણે ખોટ લગાડીએ છીએ.

અને છતાં આ બધું હિંદુ વિશ્વવિદ્યાલયમાં બની રહ્યું છે! હિંદુ સભ્યતાનું જીવંત પ્રદર્શન અહીં થાય છે એમ વક્તાઓએ કહ્યું. પણ આવું એ પ્રદર્શન છે? માલવીયજી મહારાજે તો પૈસા એકઠા કર્યા, માગ્યા પગાર આપીને સારા અધ્યાપકો ભેગા કર્યા. પણ વધારે એ શું કરે? એમનો દોષ શો? જમાનાનો દોષ છે. હિંદીએ અંગ્રેજીનું સ્થાન ન લીધું, અને એક પ્રકારનો 'ધો' ચાલ્યો, તેને અધ્યાપકો વશ થયા અને શિષ્યોએ બિચારાએ જે મળ્યું તે લઈને સંતોષ માન્યો. હવે વિદ્યાર્થીઓને એક વસ્તુ સૂચવું? તેઓ અનેક વાર તોફાન કરે છે, કારણે અકારણે હડતાળ પાડે છે, અને 'ભૂખ-હડતાળ' સુધી પણ જાય છે. તો શું તેઓ એક વાત ન કરે? પોતાની રાષ્ટ્રભાષામાં શીખવાને માટે તેઓ આટલાં તોફાન કરતા હોય તો? અહીં ૨૫૦ વિદ્યાર્થીઓ આંધ્ર પ્રાંતમાંથી આવ્યા છે એમ કહેવાય છે. શા સારુ તેઓ સર રાધાકૃષ્ણનની પાસે જઈને આગ્રહ ન ધરે કે, અહીં એક આંધ્ર વિભાગ કાઢો, અને — હિંદી શીખવાની તેમની દાનત ન હોય તો — તેલુગુમાં અમને શીખવો?

જાપાન આજે ગવાઈ રહ્યું છે. એને મેં ખરી રીતે બહુ મોટો દેશ કદી માન્યો નથી — જોકે એશિયામાં તો એ મહાન દેશ ગણાય છે, કારણ એણે પશ્ચિમની પ્રજાઓનો સફળ મુકાબલો કર્યો છે. ત્યાંનાં હજારો વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ અંગ્રેજીમાં પોતાનું જ્ઞાન અને શિક્ષણ નથી મેળવતાં, પણ જાપાની મારફતે મેળવે છે. જાપાની લિપિ પણ કઠણ છે, પણ તે છોડીને તેઓ રોમન પસંદ નથી કરતા. છતાં કાંઈ પશ્ચિમની ભાષાઓનો તેઓ બહિષ્કાર

નથી કરતા. અંગ્રેજી, ફ્રેંચ વગેરે ભાષા જેની જરૂર હોય તે શીખે છે, અને પોતાનાં વિચાર અને જ્ઞાનને સમૃદ્ધ કરવાને માટે તેની મદદ લે છે, અને બીજી ભાષાઓની સમૃદ્ધિને જાપાનીમાં ઉતારીને પોતાના દેશની સેવા કરે છે. આનું કારણ એ છે કે, તેમનાં મન સદાય તાજાં છે, અને પરિણામે તેઓ મેળવે છે તેનો લાભ આખા દેશને મળે છે.

પણ અહીં ? અહીં તો આપણને જે તંત્રનો નાશ કરવો છે તે જ તંત્રના કારકુનો, વકીલો, બૅરિસ્ટર થવાના મનોરથો રહે છે. ખૂબી તો એ છે કે, આટલાં વર્ષો આપીને પણ અંગ્રેજી ભાષાને આપણે જાણતા નથી! મારી પાસે અંગ્રેજી જાણનારાઓના પુષ્કળ કાગળો આવે છે, એમાં મોટી મોટી ડિગ્રીવાળાઓના કાગળો પણ હોય છે. પણ એનું અંગ્રેજી જોઈને આપણને ચીતરી ચડે. કારણ સ્પષ્ટ છે. બધા કંઈ માલવીયજી અને રાધાકૃષ્ણન થઈ શકતા નથી. હું એક પછી એક અંગ્રેજી ભાષણ સાંભળતો જતો હતો અને મને થતું હતું કે, આપણી જનતા ભલી છે, ધીરજવાળી છે, ઉદારતાવાળી છે; નહીં તો જે ભાષા એ સમજી શકતી નથી તે કલાકના કલાક ધીરજથી સાંભળવાને બદલે તેઓ આપણને ગાળો ન સંભળાવે ? જો આ મારા કથન વિષે તમને શક હોય તો હું હાથ ઊંચા કરાવીને તમને બતાવી શકું છું કે, કેટલા ઓછા અહીં અંગ્રેજી જાણનારા છે -- વિદ્યાર્થીઓમાંથી પણ કેટલા ઓછા અહીં જે ચાલી રહ્યું છે તે સમજી શક્યા છે.

બીજી એક વાત તરફ તમારું ધ્યાન ખેંચું. માલવીયજીને પુષ્કળ પૈસા મળે છે, એટલે પ્રવેશદ્વારનો દરવાજો મોટો જબરદસ્ત છે. એ પણ કેવો છે? એની ઉપર વિશ્વવિદ્યાલયનું નામ લખ્યું છે તે અંગ્રેજીમાં -- અને તે અંગ્રેજી અક્ષરો પોણો ભાગ રોકે છે, જ્યારે હિંદીમાં નામ લખ્યું છે તે જાણે બીતાં બીતાં પા ભાગમાં લખ્યું છે. અહીં અંગ્રેજીની શી જરૂર હતી? દેવનાગરી અને ફારસી લિપિમાં નામ લખત તો કેવું શોભત! એ જોઈને ગમે તેને થાત કે, માલવીયજીએ સ્થાપેલા વિશ્વવિદ્યાલયનો, સર રાધાકૃષ્ણનનો અહીં હિંદુ અને ઇસ્લામી સંસ્કૃતિનો સમન્વય સાધવાનો ઉદ્દેશ છે. અહીં તો ઉર્દૂ હિંદી બંને ભાષા બોલાય છે, લખાય છે, ત્યાં એ બે લિપિમાં નામ હોત તો કેવું રૂડું લાગત! પણ આટલાં વર્ષો અંગ્રેજીને આપી આપીને આપણા મનને એવો થાક ચડયો છે અને આપણી યાદશક્તિ અને કલ્પના એટલી ખાલી થઈ ગઈ છે કે, આટલી સાદી વાત આપણને સૂઝતી નથી.

અને હિંદી ન જાણનારને હિંદી શીખવું બહુ મુશ્કેલ છે? હું તો કોઈ બુઢ્ઢાને પણ, જો તે ગુજરાતી, બંગાળી કે મરાઠી જાણતો હોય તો, ત્રણ મહિનાની અંદર હિંદી શીખવી દેવાનું બીડું ઝડપું એમ છું. દક્ષિણની ભાષાઓ — તામિલ, તેલુગુ, કાનડી, મલયાલમ — પણ સંસ્કૃત શબ્દોથી ભરેલી છે, અને જો આપણામાં થોડી દેશભક્તિ અને ધગશ હોય, તો આપણે બધી જ ભાષાઓ દેવનાગરીમાં લખવાનો આગ્રહ ધરીએ. આ ભાષાઓના કોશોમાં ઘણા શબ્દો સામાન્ય છે, અને લિપિઓ પણ એકબીજાને મળતી છે. જો આપણા મનને થાક ન ચડ્યો હોય તો સહેજે આપણે પાંચ છ દેશી ભાષાઓ જાણતા હોઈએ. ઉર્દૂ પણ શીખવી મુશ્કેલ નથી,— આપણા પંડિતો જેમ હિંદીમાં સંસ્કૃત શબ્દો ભરે છે તેમ જો ઉર્દૂ મોલવીઓ એમાં ઠાંસી ઠાંસીને અરબી ફારસી શબ્દો ન ભરતા હોય તો.

એક છેવટની વાત. દરેક વિદ્યાપીઠમાં એકાદ ખાસિયત હોય છે, જેને લીધે એ જાણીતી થાય છે. આકસફર્ડ કેમ્બ્રિજને વિષે તો એ વાત સાચી છે જ. પણ આપણે તો આપણી વિદ્યાપીઠોને પણ પશ્ચિમની 'શાહીચૂસ' બનાવી છે. આપણે ઉપરના આડંબરો તો લીધા છે, પણ જે લેવાની વસ્તુ તે લીધી નથી. આપણે પ્રજાની સાથે સંબંધ રાખ્યો નથી, પ્રજાની જે ખરી ભૂખ તે ભાંગી નથી. આપણી વિદ્યાપીઠોની વિશેષતા કઈ એ જાણવું મુશ્કેલ પડે છે. કહેવાય છે કે, તમારે ત્યાં ઇજનેરી અને બીજા ઉદ્યોગોની તાલીમ જેવી મળે છે તેવી બીજે ક્યાંય નથી મળતી. પણ એને હું વિશેષતા ન કહું. અહીંની વિશેષતા તો એ હોય કે, આપણે મુસલમાનોને અપનાવતાં શીખીએ. અલીગઢથી કેટલા અહીં આવે છે? કેટલા મુસલમાનોને આપણે અહીં આકર્ષ્યા છે? ધન તો આપણને મળે છે, અને ઈશ્વરકૃપાએ માલવીયજી થોડાં વર્ષ વધારે જીવશે તો ઘણુંય ધન મળશે. પણ ધનથી હું ઇચ્છું છું એ થોડું જ થાય એમ છે? હું તો આ વિશ્વવિદ્યાલય મારફતે હિંદુ મુસ્લિમની એકદિલીનો સંદેશો મળે એમ ઇચ્છું છું. મુસલમાનોને બોલાવીએ અને તેઓ ન આવે તો દરકાર નહીં, પણ તમે બોલાવો તો ખરા. આપણી આટલી પ્રાચીન સભ્યતા — જેને તિલક મહારાજે ૧૦,૦૦૦ વર્ષ પ્રાચીન કહી છે અને બીજા પંડિતોએ એથીયે પ્રાચીન તરીકે વર્ણવી છે — તે જો આટલાં વર્ષ કાયમ રહી છે, તો તેનું કામ એ છે કે, એ બંધુત્વનો સંદેશ ફેલાવે, દુશ્મનોને દોસ્ત બનાવે. હિંદુ સભ્યતા જ એવી છે કે જેમાં ગંગાની જેમ અનેક સ્રોતો ભળી ગયા છે —

'હિંદુસ્તાની' શબ્દ પણ આપણો ક્યાં છે?— એટલે આજે એ પ્રાર્થના કરવા ઇચ્છું છું કે, તમારું વિશ્વવિદ્યાલય પોતાની એ વિશેષતા બનાવે કે, તે બીજી સભ્યતાઓમાંથી જેટલું લેવાનું છે તે લે અને જગતની આગળ સભ્યતાઓ અને કોમોની હાર્દિક એકતાનો નમૂનો રજૂ કરે. અંગ્રેજી તમને આ કરવામાં મદદ નહીં કરે. એ તો તમે આપણા ગ્રંથોમાંથી મેળવી શકશો. આપણાં શાસ્ત્રોમાંથી મળશે — જો શાસ્ત્રો તમે મારી દૃષ્ટિએ વાંચશો તો.

હિ૦ બં૦, ૧-૨-'૪૨

૩૫. અંગ્રેજીનું સ્થાન

પ્ર૦ — છાપામાં આવ્યું છે કે, આપે બનારસમાં એમ કહેલું કે કોઈ હિંદીએ અંગ્રેજી ભાષા શીખવી કે બોલવી પાપ છે; છતાં આપ એ ગોઝારી ભાષાનો જ્યારે આપને સગવડ હોય ત્યારે છૂટથી ઉપયોગ કરો છો, તેથી આપના ઉપર દંભનો આરોપ મૂકવામાં આવે છે.

ઉ૦ — આ અહેવાલ સાવ ખોટો છે. પણ એક વાર એક જૂઠાણું બહાર પડે પછી તેને પહોંચી વળવાનું કામ બહુ જ કઠણ થાય છે. મારે વિષેનાં ઘણાં જૂઠાણાંઓનો આવો જ ઇતિહાસ છે. તેને પરિણામે થોડો વખત લાગણીઓ ઉશ્કેરાતી, પણ પછી મારા તરફના કશા પ્રયત્ન વિના જ તે અસત્યો દટાઈ જતાં. તેમ જ આ પણ શમી જશે. જે અસત્યને કશો પાયો જ ન હોય, તેનાથી કદી કોઈને નુકસાન કરી શકાતું નથી. આ સવાલનો જવાબ હું આપું છું તે મારી આબરૂની રક્ષા માટે નહિ, પણ મારો મૂળ મુદ્દો વધારે સમજાવવા માટે જ. દંભનો આરોપ જાતે જ આ જૂઠાણાનો જવાબ આપી દે છે. કારણ કે, અંગ્રેજી ભાષાનો છૂટથી ઉપયોગ કરવાનું મેં કાંઈ આજકાલમાં શરૂ કર્યું નથી. આ આરોપ સાવ તકલાદી ગણાવો જોઈતો હતો. હવે મારું કહેવું સમજાવું. હું અંગ્રેજી ભાષા અને અંગ્રેજોનો પ્રેમી છું. પણ મારો પ્રેમ વિવેકી અને બુદ્ધિયુક્ત છે. આથી હું દરેકને તેમને ઘટતું સ્થાન આપું છું. એટલે અંગ્રેજી ભાષાને સ્વભાષાઓ કે અખિલ ભારતની રાષ્ટ્રભાષા સ્વાભાવિક હિંદુસ્તાનીનું સ્થાન લેવા દેતો નથી; તેમ જ અંગ્રેજો પ્રત્યેના મારા પ્રેમને કારણે તેમને હાથે મારા દેશબંધુઓનાં હિતોનું નુકસાન થાય તે સહન કરી

શકતો નથી. આંતરરાષ્ટ્રીય વ્યવહારો માટે અંગ્રેજી ભાષાનું અત્યંત મહત્ત્વ હું સ્વીકારું છું. જે ખાસ હિંદીઓને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં હિંદુસ્તાનનાં હિતો રજૂ કરવાં પડે છે તેમને માટે એક વધારાની ભાષા તરીકે તેનું જ્ઞાન અનિવાર્ય છે. વળી પાશ્ચાત્ય વિચારો અને વિજ્ઞાનશાસ્ત્રોમાં ડોકિયું કરવા માટે અંગ્રેજી ભાષા એક ખુલ્લી બારી જેવી છે. આ લોકોનોયે હું એક જુદો વર્ગ પાડું. તેમની મારફતે આપણી ભાષાઓમાં પાશ્ચાત્ય જ્ઞાન ફેલાય એમ હું ઇચ્છું. પણ હિંદુસ્તાનનાં બહુસંખ્ય બાળકો પર બોજો પડે અને એક પરદેશી ભાષા દ્વારા તેમની બુદ્ધિનો વિકાસ કરવાના પ્રયત્નમાં તેમની ખીલતી શક્તિઓ ખર્ચાઈ જાય, તે મને ગમતું નથી. આવી કૃત્રિમ શિક્ષણપદ્ધતિ નિર્માણ કરવા માટે જેઓ જવાબદાર છે તેઓ પાપ કરે છે, એમ હું અવશ્ય માનું છું. એવી સ્થિતિ દુનિયાના કોઈ પણ ભાગમાં હોય એવું જાણમાં નથી. આથી પ્રજાને જે નુકસાન થયું છે તે તાજું હોવાથી તેનો સાચો આંક આપણે કાઢી શકતા નથી. એથી થયેલા નુકસાનની પારાવારતા હું જોઈ શકું છું, કારણ કે હું દેશના મૂંગા અને પિસાયેલા કરોડોના ગાઢ સંસર્ગમાં રોજ આવું છું.

હ૦ બં૦, ૧-૨-૪૨

૩૬. હિંદુસ્તાની

મહાસભાના બંધારણની ૨૫મી કલમ આ પ્રમાણે છે:

"(ક) મહાસભા, મહાસમિતિ અને કાર્યવાહક સમિતિનાં કામકાજ સામાન્યપણે હિંદુસ્તાનીમાં ચલાવવામાં આવશે. બોલનાર હિંદુસ્તાની ન બોલી શકે, અથવા જ્યારે જ્યારે પ્રમુખ પરવાનગી આપે, ત્યારે અંગ્રેજી ભાષા અથવા કોઈ પણ પ્રાંતિક ભાષા વાપરી શકાશે.

(ખ) પ્રાંતિક સમિતિનું કામકાજ તે તે પ્રાંતની ભાષામાં ચલાવવામાં આવશે. હિંદુસ્તાની પણ વાપરી શકાશે."

મહાસભાએ આ ઠરાવનો અમલ કહેવા જેટલે અંશે કર્યો નથી, એ વસ્તુ ખેદજનક છે. એમાં દોષ મહાસભાવાદીઓનો છે. તેઓ હિંદુસ્તાની શીખવાની તકલીફ લેતા નથી. વિદ્વાન અંગ્રેજની બરોબરીનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવવાનું અશક્ય કામ કરવામાં એમનો ભાષાઓ શીખવાનો પ્રયત્ન

સમાપ્ત થતો લાગે છે. પરિણામ અતિ દુઃખદ આવ્યું છે. એને લીધે પ્રાંતિક ભાષાઓ દરિદ્ર બની છે, અને અખિલ ભારતની રાષ્ટ્રભાષા — જેને મહાસભા 'હિંદુસ્તાની'ને નામે ઓળખે છે — તેને ખસેડી તેનું સ્થાન અંગ્રેજીએ લીધું છે. વળી એને લીધે કરોડોના જનસમૂહની અને ખોબા જેટલા અંગ્રેજી કેળવણી પામેલાની વચ્ચે સાગર જેવડું અંતર પડી ગયું છે; અને આ લોકો પ્રજાના સ્વાભાવિક નેતાઓ થઈ પડેલા છે એનું કારણ માત્ર એટલું જ છે કે, સુશિક્ષિત વર્ગમાં ગણાય એવા તેઓ એકલા જ છે. વળી સરકારે કાઢેલી નિશાળો સિવાય બીજે જેને કેળવણી કહી શકાય એવા ભણતરની સગવડ પણ નથી. અંગ્રેજી ભાષાને ખસેડીને તેને સ્થાને હિંદુસ્તાનીને સ્થાપવાનું ભગીરથ કામ મહાસભાને કરવાનું છે. ઉપરનો ઠરાવ પસાર થતાં તેણે આ કામ માટે એક સંસ્થા કાઢવી જોઈતી હતી; હજુ પણ કાઢવી ઘટે છે. પણ તે જો ન કાઢે તો મહાસભાવાદી વ્યક્તિઓએ અને અખિલ ભારતીય રાષ્ટ્રભાષા ખીલવવાના કામમાં રસ ધરાવનાર માણસોએ તે કાઢવી જોઈએ.

પણ હિંદુસ્તાની એટલે શું? ઉર્દૂ અને હિંદીથી ભિન્ન 'હિંદુસ્તાની' જેવી કોઈ ભાષા નથી. કેટલીક વાર ઉર્દૂને હિંદુસ્તાની કહેવામાં આવે છે. ઉપર આપેલી બંધારણની કલમમાં મહાસભાએ 'હિંદુસ્તાની' એટલે ઉર્દૂ એવો અર્થ કલ્પેલો હતો શું? ઉર્દૂ કરતાં વધારે વિશાળ જનસમૂહને જાણીતી હિંદીનો એમાં ત્યાગ કલ્પેલો હતો શું? એવો અર્થ હાંસીપાત્ર લેખાય. મહાસભાએ કલ્પેલો અર્થ તો હિંદી અને ઉર્દૂની શાસ્ત્રશુદ્ધ મેળવણી એવો દેખીતી રીતે હતો, ને એવો જ હોઈ શકે. એવી મેળવણી લેખનમાં થયેલી પ્રચલિત નથી. પણ એવી ભાષા ઉત્તર હિંદમાં વસતા કરોડો નિરક્ષર હિંદુ મુસલમાન બંને બોલે છે. એ લેખનમાં વપરાતી નથી તેથી અપૂર્ણ છે; અને લેખનની ભાષાએ બે જુદાં વલણ લીધાં છે, ને એ બે પ્રવાહો એકબીજાથી દૂર ભાગે છે, તેથી તેમની વચ્ચેનું અંતર વધતું જાય છે. એટલે 'હિંદુસ્તાની' શબ્દનો અર્થ હિંદી અને ઉર્દૂ છે. તેથી હિંદી પણ, જો તે ઉર્દૂનો ત્યાગ ન કરે, પણ મૂળ ભાષાના કુદરતી બંધારણ અને માધુર્યમાં ક્ષતિ આવવા દીધા વિના, શાસ્ત્રશુદ્ધ રીતે શક્ય હોય એટલા પ્રમાણમાં, ઉર્દૂને પોતામાં ભેળવવાનો પ્રયાસ કરે, તો પોતાને 'હિંદુસ્તાની' કહેવડાવી શકે છે. ઉર્દૂ પણ એ જ પ્રમાણે કરી શકે છે. આ બે પ્રવાહો જે આજે એકબીજાથી દૂર ભાગવાનો ભય દેખાય છે, તે બેની મેળવણી કરવા મથનાર કોઈ હિંદુસ્તાનીની સ્વતંત્ર સંસ્થા નથી.

આ શુભ કાર્ય હિંદી સાહિત્ય સંમેલન તેમ જ અંજુમને-તરક્કી-એ-ઉર્દૂ કરી શકે છે. હિંદી સાહિત્ય સંમેલને ૧૯૧૭માં તેની વાર્ષિક બેઠકનો પ્રમુખ થવા મને નોતર્યો ત્યારથી મારો તેની સાથે સંબંધ રહેલો છે. અખિલ ભારતની રાષ્ટ્રભાષા વિષેના મારા વિચાર મેં એ સંમેલન આગળ રજૂ કરેલા. ૧૯૩૫ માં હું સંમેલનની બેઠકનો ફરી વાર પ્રમુખ થયો ત્યારે, 'ઉત્તર ભારતના હિંદુ તેમ જ મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખાય છે એ ભાષા તે હિંદી', એવી વ્યાખ્યા હું તેની પાસે સ્વીકારાવી શક્યો હતો. તેને પરિણામે સ્વાભાવિક રીતે સંમેલનના સભ્યોએ એ વ્યાખ્યાનો અમલ કરી શકાય એટલે અંશે પોતાનું હિંદી જ્ઞાન વધારવું ઘટતું હતું, અને હિંદુ તથા મુસલમાન બંને વાંચી શકે એવું સાહિત્ય ઉત્પન્ન કરવું ઘટતું હતું. એને સારુ એ સભ્યોએ ફારસી લિપિ શીખવી ઘટતી હતી. એ સુંદર તક તેમણે ગુમાવી લાગે છે. પણ એ કામ કદી ન કરવું એના કરતાં મોડું પણ કરવું સારું છે. તેઓ હવે જાગીને કામે લાગશે ખરા? તેમણે અંજુમન સાથ આપે તેની રાહ જોતા બેસવાની જરૂર નથી. અંજુમન સાથ આપે તો ભારે વાત કહેવાય. બેમાંથી એક પણ મંડળ, જો બીજાની જોડે હળીમળીને કામ કરે તો, આ કામ કરી શકે એમ છે. મારી સૂચના એ છે કે, બીજો પક્ષ કંઈ કરે યા ન કરે એનો વિચાર કર્યા વિના, દરેક મંડળે સ્વતંત્રપણે પોતાનું કર્તવ્ય કરવું. જે મંડળ મારી યોજનાનો અમલ કરશે તે પોતે જે ભાષાનું પ્રતિનિધિ છે તે ભાષાને સમૃદ્ધ બનાવશે, અને અંતે આખા રાષ્ટ્રને ઉપયોગી થઈ પડે એવી ભાષાની મેળવણી તૈયાર કરવાનું શ્રેય મેળવશે.

હિંદી ઉર્દૂના સવાલે કોમી રૂપ ધારણ કર્યું છે એ દુર્દૈવની વાત છે. બેમાંથી જે પક્ષ ધારે તે બીજાને માન્યતા આપીને તે ભાષાનો સ્વીકાર્ય એવો અંશ ઉદાર ભાવે પોતામાં ભેળવી લઈને બાજી સુધારી શકે છે. જે ભાષા પોતાની વિશિષ્ટતાને હાનિ પહોંચાડ્યા વિના બીજી ભાષાઓમાંથી વિના સંકોચે શબ્દો લેશે, તે ભાષા પોતાના શબ્દભંડોળને સમૃદ્ધ બનાવશે. અંગ્રેજી ભાષાએ એ જ પ્રમાણે બીજી ભાષાઓમાંથી છૂટે હાથે શબ્દો લઈને પોતાની શબ્દસમૃદ્ધિ ઘણી વધારી છે.

હ૦ બં૦, ૧-૨-'૪૨

૩૭. હિંદી + ઉર્દૂ = હિંદુસ્તાની

નીચેના કાગળની તારીખ ૨૯મી જાન્યુઆરી છે, અને તે મને રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલવામાં આવ્યો હતો. મને તે સેવાગ્રામમાં ૩૧મીએ મળ્યો :

"તમારા બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય પદવીદાન સમારંભ વખતના ભાષણની મારા પર ખૂબ અસર થઈ છે. ખાસ કરીને કેળવણીના વાહન તરીકે હિંદુસ્તાનીનો ઉપયોગ કરવા બાબતના તમારા ઉદ્ગારો બહુ સમયોચિત હતા. પણ હિંદુસ્તાની જેવી કોઈ ભાષા આપણા દેશમાં અસ્તિત્વ ધરાવે છે એમ શું તમે સાચે જ માનો છો ? ખરું પૂછતાં એવી કોઈ ભાષા છે જ નહિ, અને ભય છે કે, તમે બનારસમાં જેની વકીલાત કરી તે હિંદુસ્તાનીની નહિ પણ હિંદીની હતી, અને બધા જ મહાસભાવાદીઓ આમ કરતા આવ્યા છે. મને આશ્ચર્ય થાય છે કે, તમે જે ખરેખર ઇચ્છો છો તે ખુલ્લું કેમ નથી કહી દેતા ? કહો કે તમે હિંદી જ ચાહો છો. શા માટે તમે તેને હિંદુસ્તાની કહો છો, અથવા — એથીયે ભૂંડું થોડા વર્ષ પર કરતા હતા, પણ જેનો કોઈએ ઉપયોગ કર્યો નહિ તેમ — હિંદી-હિંદુસ્તાની કહો છો ?

"મહાત્માજી, તમે કહો છો કે તમને ઉર્દૂનો દ્વેષ નથી. છતાં તમે તેને કુરાનની લિપિમાં લખાતી અને મુસલમાનોની ભાષા તરીકે જાહેર રીતે કહી હતી. તમે એમ પણ કહેલું કે, મુસલમાનોને ગમે તો ભલે તેની સંભાળ લે. અને બીજી બાજુએ તમે હિંદી સંમેલનના વાર્ષિક મેળાવડાઓમાં કેટલીયે વાર પ્રમુખ થયા, અને ત્યાં હિંદીની વકીલાત કરી તથા તે માટે લાખો રૂપિયા ભેગા કર્યા. ઉર્દૂના પ્રચાર માટેની કોઈ પણ સભાના તમે ક્યારેયે પ્રમુખ થયા છો, અથવા થવાનું હજુયે કબૂલ કરશો ? અને ઉર્દૂના લાભ માટે એક પાઈયે કદી ભેગી કરી છે ?

"કંટાળી જવાય ત્યાં સુધી મહાસભાવાદીઓને મેં એમ બોલતા સાંભળ્યા છે કે, મુસલમાન લેખકોએ ફારસી શબ્દો અને હિંદી લેખકોએ સંસ્કૃત શબ્દોને ટાળવા જોઈએ; તેને પરિણામે જે ભાષા નીપજશે તે હિંદુસ્તાની થશે.

"મહાત્માજી, તમે પોતે એક સારા લેખક છો. તમારે જાણવું જોઈએ કે, વડાયેલા લેખકોની એક એક ખાસ શૈલી હોય છે; તેથી તેઓ જે ભાષામાં

લખતા હોય અને એક ખાસ શૈલી માટે પંકાયેલા હોય, તે ભાષામાં આવતા ફારસી કે સંસ્કૃત શબ્દોને તેઓ ટાળી શકે જ નહિ. એટલે તમારી આ શિખામણ તદ્દન અવહેવારુ છે.

"પણ આમાંથી એક માર્ગ કાઢી શકાય. ઓછામાં ઓછા એક પ્રાંતમાં, દા. ત. યુક્તપ્રાંતમાં, હાઇસ્કૂલનાં ધોરણો સુધી ઉર્દૂ અને હિંદી બંનેને ફરજિયાત કરો. આથી જે પ્રાંતમાં એ બંને ભાષાઓ ફરજિયાત શીખવાતી હશે તેમાં આવતાં પચાસેક વર્ષમાં એક ભાષા ઉત્પન્ન થશે. જે ભાષા સ્વાભાવિક રીતે આપણી હશે તે રહેશે, અને બીજી જેને કૃત્રિમ રીતે આપણે પોતા પર લાદીએ છીએ તે આપણા જીવનમાંથી ખરી ખડશે. એ તો દેખીતું છે કે, આપણે બંને ભાષા શીખીશું તો વગર કહ્યે આપણે તે જ ભાષાને આપણા વિચારોનું વાહન બનાવીશું કે જે વધારે ઘડાયેલી, વધારે સુંદર, વધારે આકર્ષક, વધારે અર્થભર (થોડા શબ્દમાં વધારે કહેનારી), અને વધારે ભાવનિદર્શક (ભાવોને બરાબર પ્રકટ કરનારી) હશે. દેશી ભાષાઓનો માર્ગ વધારે નિર્વિઘ્ન અને સહેલો કરવા ઉપરાંત એને પરિણામે હિંદુઓ અને મુસલમાનોના સામાજિક જીવન વચ્ચેનું અંતર કાપવામાંયે આની ઘણી મદદ થશે. એકબીજાનાં સાહિત્ય દ્વારા એકબીજાનાં આદર્શો અને માન્યતાઓ માટે આપણે સમજણ અને સમભાવ કેળવી શકીશું. સંભવ છે કે, હિંદી અને ઉર્દૂના આ મિશ્રણમાંથી હિંદુસ્તાની કહી શકાય એવી એક નવી ભાષા ઉદ્‌ભવે. બંનેના જ્ઞાનમાંથી ઊપજવાથી તે સ્વાભાવિક ભાષા બનશે.

"મહાત્માજી, દેશમાં એક જ રાષ્ટ્રભાષા હોવી જોઈએ એમ જો તમે પ્રામાણિકપણે માનતા હો, તો મને ખાતરી છે કે તમે મારી સૂચના સ્વીકારશો અને તેની દેશને ભલામણ કરશો. પણ મારી ખાતરી છે કે તમે તેવું કશું કરવાના નથી. કારણ કે, તમે હંમેશાં હિંદીની જ ભલામણ કરતા આવ્યા છો, અને તેને જ દેશ પર લાદતા આવ્યા છો. અને તમે એ પણ જાણતા હશો કે, જો હિંદી અને ઉર્દૂ બંનેને ફરજિયાત કરવામાં આવે તો ઉર્દૂ હિન્દીને ખાઈ જશે, કેમ કે ઉર્દૂ હિંદી કરતાં વધારે સુઘડ, સુધરેલી, ભાવનિદર્શક અને સુંદર છે. પણ મારી સૂચના બંનેને સરખી તક આપે છે. જો તમને લાગતું હોય કે, હિંદી જ દેશની સ્વાભાવિક ભાષા છે, તો તે ઉર્દૂને ગળી જશે એમ તમે ખાતરી રાખી શકો. ગયે વર્ષે તમે મને લખ્યું હતું તેમ, બંને ભાષાઓ ફરજિયાત કરવાની તમને સત્તા નથી, એ બહાનાનો આશરો લેવામાં કાંઈ અર્થ નથી.

દેશને ભલામણ કરવાની માત્ર તમે મહેનત લેશો, તો તેની જે અસર થવાની હશે તે થશે."

લેખકે પોતાની સહી કરી છે. પણ કાગળ મને 'અંગત' તરીકે લખેલો હોવાથી હું નામ આપતાં અટકું છું. નહિ તોયે નામનું મહત્ત્વ નથી. મને માલૂમ છે કે, આ લેખકના જેવી જ બીજા ઘણા મુસલમાનોની માન્યતા છે. મારા ઇનકારથી બગડેલું સુધર્યું નથી. પણ ૧લી તારીખના 'હરિજનબંધુ'માં પ્રસિદ્ધ થયેલા મારા ૨૩મી જાન્યુઆરીના લેખથી લેખકની મારા પોતા પ્રત્યેની લાગણી શાંત થવી જોઈએ.

લેખક સાથે હું પૂરેપૂરો સંમત છું કે, જેઓ એક જ અખિલ ભારતીય ભાષા ચાહે છે તેમણે સૌએ આજે હિંદી અને ઉર્દૂ બંને શીખી લેવી જોઈએ. જેઓ તેમ કરશે તેઓ આપણને એક સામાન્ય (રાષ્ટ્ર) ભાષા આપશે. આમપ્રજા જે શૈલી વધારે સમજી શકતી હશે અને જે વધારે લોકપ્રિય બનશે, તે જ અખિલ ભારતીય ભાષા બનશે — પછી ભલે તેનું રૂપ હિંદુ હોય કે મુસ્લિમ હોય. પણ મારી સૂચના જો સર્વેને ગળે ઊતરે, તો ભાષાનો પ્રશ્ન રાજકીય મુદ્દો અને ઝઘડાનું મૂળ થતો અટકશે.

લેખકના આ મત સાથે હું મળતો થતો નથી કે, ઉર્દૂ હિંદી કરતાં "વધારે ઘડાયેલી, વધારે સુંદર, વધારે આકર્ષક, વધારે અર્થભર અને વધારે ભાવનિદર્શક" છે. લેખક કહે છે તેવા સર્વે ગુણો કોઈ પણ ભાષામાં સ્વયંભૂ હોતા નથી. જેવા બોલનારા અને લખનારા તેવી તેમની ભાષા ઘડાય છે. અંગ્રેજોએ જેવી અંગ્રેજી બનાવી તે કરતાં તેનામાં મૂળથી જ વધારે ગુણ નહોતા. બીજા શબ્દોમાં, ભાષા માણસની બનાવેલી વસ્તુ છે, અને જેવા બનાવનારા તેવી બને છે. દરેક ભાષામાં ખીલવાની અપાર શક્યતા રહેલી છે. અર્વાચીન બંગાળી બંકિમ અને રવીન્દ્રનાથે જેવી નિપજાવી તેવી થઈ છે. આથી, જો એ સાચું હોય કે હિંદી કરતાં ઉર્દૂમાં સર્વે પ્રકારના વધારે ગુણો છે, તો તેનું કારણ એ કે હિંદીના ઘડનારા કરતાં તેને ઘડનારા વધારે શક્તિશાળી માણસો હશે. એ બાબતમાં હું કશો અભિપ્રાય રજૂ કરી શકતો નથી. કારણ કે મેં એમાંથી એકેયનો ભાષાવિશારદ તરીકે અભ્યાસ કર્યો નથી. મેં તો મારાં જાહેર કામો પૂરતું જ બંનેનું જ્ઞાન મેળવ્યું છે.

પણ હું પૂછું છું કે, શું સાચે જ હિંદી અને ઉર્દૂ એકબીજાથી એવી જુદી ભાષાઓ છે કે જેવી, દાખલા તરીકે, બંગાળી અને મરાઠી છે? ઉર્દૂ

એ ફારસી લિપિમાં લખાતી, અને સંસ્કૃત કરતાં અરબી અને ફારસીમાંથી નવા શબ્દો લેવાનું વલણ ધરાવતી, હિંદીમાંથી જ ઊતરી આવેલી ભાષા નથી કે? જો બે કોમો વચ્ચે બેદિલી ન હોત, તો આ પરિણામનું સ્વાગત થયું હોત. અને જ્યારે આજનાં વેરઝેર શમી જશે — તેમ એક દિવસ થવાનું જ છે — ત્યારે આપણા વંશજો આપણી આજની તકરારો પર હસશે, અને અસંખ્ય લેખકો અને બોલનારાઓની વિવિધ રુચિઓ અને (ભાષાની) મૂડીઓમાંથી તથા અનેક ભાષાઓમાંથી જેમ ફાવતું આવ્યું તેમ વિના ચીવટે સ્વીકારેલા શબ્દોની ખીચડીથી બનેલી હિંદુસ્તાની ભાષા માટે અભિમાન ધરાવશે.

લેખકની એક ગેરસમજ મારે સુધારવી ઘટે છે. એ એમ માનતા લાગે છે કે, હિંદુસ્તાની આગળ જતાં બધી પ્રાન્તિક ભાષાઓની જગ્યા લઈ લેશે. મારી એવી કલ્પના નથી, અને અખિલ ભારતીય ભાષાનો વિચાર કરનારા બીજાઓની પણ નથી. તેમની કલ્પના હિંદુસ્તાનીને અંગ્રેજીનું સ્થાન આપવાની છે. આજે તો અંગ્રેજી ભાષા ભણેલાઓની વચ્ચેના પરસ્પર વ્યવહારનું લગભગ વાહન બનેલી છે, અને તેને પરિણામે તેમની અને પ્રજાની વચ્ચે મોટું અંતર પડી ગયું છે. જો હિંદુસ્તાનની પ્રજાનો સૌથી મોટો ભાગ જે ભાષા બોલે છે તેને જ આંતરપ્રાન્તીય વ્યવહારો માટે સામાન્ય ભાષા બનાવીએ, તો જ આ દુઃખદ પરિણામ ટાળી શકાય. આથી હિન્દી અને ઉર્દૂ વચ્ચે લડાઈ નથી, પણ એક બાજુ તે બે અને બીજી બાજુ અંગ્રેજી વચ્ચે છે. પરસ્પરની આજે દેખાતી બેદિલી ઉપરાંત, બન્ને બહેનોના માર્ગમાં ઘણું મોટું વિઘ્ન હોવા છતાં, આ લડાઈના વિજયી અંત વિષે કશી શંકા જ નથી.

લેખકને હિંદી સાહિત્ય સંમેલન સાથેના મારા સંબંધ સામે વાંધો છે. એ સંસ્થા સાથેના મારા સંબંધ માટે મને ગર્વ છે. એણે પોતાની કારકિર્દી માટે કશું જ શરમાવા જેવું નથી. હિન્દી નામ બન્ને કોમો માટે સમાનપણે લાગુ પડતું હતું. બન્નેએ હિંદીમાં લખ્યું છે અને તેને સમૃદ્ધ કરી છે. મારા તે સંસ્થા સાથેના સંબંધની પાછળ કેટલો અર્થ રહેલો છે તેનો લેખકને ખ્યાલ જ નથી એમ લાગે છે. મારી પ્રેરણાથી તેણે ડહાપણ જ નહિ પણ (ગણાવું તો) દેશભક્તિ તથા ઉદારતાયે દેખાડીને, હિંદીની એવી વ્યાખ્યા ઘડી કે, તેમાં ઉર્દૂ પણ આવી જાય. લેખક પૂછે છે, કોઈ ઉર્દૂ પરિષદમાં હું કદી ભળ્યો છું કે? કોઈ દિવસ ગંભીરતાપૂર્વક મને એવું તેડું જ મળ્યું નથી. મળ્યું હોત તો હિંદી સાહિત્ય સંમેલનમાં તેડવાવાળાઓ જોડે મેં જે શરત કરી હતી જ

તેમની સાથે પણ કરત. મેં ઉર્દૂ તેડવાવાળાઓને કહ્યું હોત કે, શ્રોતાઓ આગળ મને ઉર્દૂની એવી વ્યાખ્યા મૂકવાની પરવાનગી આપે કે જેમાં દેવનાગરીમાં લખાતી હિંદીનો પણ સમાસ થાય. પણ આવી તક મને મળી જ નથી.

પણ ૧લી ફેબ્રુઆરીના મારા લેખમાં મેં સૂચવ્યું છે તેમ, હું એક એવી સંસ્થા કાઢવા ઇચ્છું ખરો કે જેના સભ્યો હિંદી અને ઉર્દૂ બન્નેની શૈલીઓ અને લિપિઓની હિમાયત કરે, અને તે ઉદ્દેશથી પ્રચાર કરે, અને આશા રાખે કે, છેવટે એ બન્નેમાંથી એક જ સ્વાભાવિક રૂપ ધરાવનારી હિંદુસ્તાની નામની આંતરપ્રાન્તીય ભાષા નિર્માણ થશે. પછી હિંદુસ્તાનીનો હિન્દી અને ઉર્દૂ સાથેનો સંબંધ હિંદી + ઉર્દૂથી નહિ દર્શાવાય, પણ હિંદુસ્તાની=હિંદી=ઉર્દૂથી દર્શાવાશે.

હ૦ બં૦, ૮–૨–૧૯૪૨

૩૮. હિંદુસ્તાની શીખો

૧

"સત્કર્મનો આરંભ ઘરથી કરવો." મહાસભાની ભલામણ મુજબ જેઓ રાષ્ટ્રભાષામાં માનતા હોય તેમણે ઉર્દૂ શીખી લેવું આવશ્યક છે એમ જ્યારે મેં જમનાલાલજીના મિત્રો સમક્ષ કહ્યું, ત્યારે મારા પોતાના મનમાં ઉપરની અંગ્રેજી કહેવત યાદ આવી ગઈ, અને સેવાગ્રામથી જ મેં ઉર્દૂના પ્રચારનું સત્કર્મ શરૂ કર્યું. પરિણામે મને વેગભર્યો અને સારો જવાબ મળ્યો ગયે બુધવારે, એટલે ૨૫મી ફેબ્રુઆરીએ, વર્ગની શરૂઆત થઈ. નાનાં મોટાં, સ્ત્રીપુરુષ, લગભગ બધાં જ તેમાં દાખલ થયાં. અડધા અડધા કલાકના બે સમયવિભાગમાં તેઓ ઉર્દૂ 'અબ્જદ' (કક્કો) શીખી ગયાં. આ છપાશે ત્યાં સુધીમાં તો તેઓ અક્ષરોનાં જોડાણની રીતો પણ જાણી ગયાં હશે. એટલે કે, માત્ર ત્રણેક કલાકમાં તેમણે લગભગ પૂરી બારાખડી અને 'જોડાખડી' પણ શીખી લીધી હશે. એક જ દિવસમાં ચાર જ કલાકમાં આ શીખી લેનાર એક વ્યક્તિને હું જાણું છું.

ઉર્દૂ વાંચવાની મુશ્કેલી છે ખરી. એ તો મહાવરાથી જ ટળે. પણ ઇચ્છા હોય ત્યારે બધું સરળ લાગે છે. સ્વદેશપ્રેમ તે ઇચ્છાશક્તિને જાગ્રત કરવા પૂરતો થવો જોઈએ.

હ૦ બં૦, ૮–૩–'૪૨

૨

પ્ર૦ — મારે શું કરવું એ આપ મને કહેશો? હું વર્ધા ઠરાવને માનનારો છું.

ઉ૦ — એનો અર્થ એ કે, જો મહાસભાની માગણી સંતોષવામાં આવે તો તમે યુદ્ધપ્રયત્નમાં પૂરો ભાગ લેશો. પણ ગમે તેમ થાય તોયે, રચનાત્મક કાર્યક્રમ વિષેનો વર્ધાનો ઠરાવ તમને ચૌદવિધ રચનાત્મક કાર્યક્રમમાં તમારો પૂરો ફાળો આપવા નોતરે છે. તેથી, અને તેનાથી સ્વતંત્ર રીતે પણ, તમારે હિંદુસ્તાની શીખવી જોઈએ, જેથી તમે જનસમૂહની જોડે સંપર્ક સાધી શકો. અને હું બતાવી ગયો છું તેમ, આજે જ્યાં સુધી ઉર્દૂ હિંદી મળીને એકરસ ન થઈ જાય, ત્યાં સુધી હિંદુસ્તાની = ઉર્દૂ + હિંદી છે. આટલો પરિશ્રમ પ્રેમપૂર્વક કરતાં તમને સંકોચ કે આનાકાની ન હોવાં જોઈએ. તમારો દૃઢ નિશ્ચય તમારું કામ સરળ કરી મૂકશે. તમે કંઈક હિન્દી તો જાણો જ છો. તેમાં તમારે સારી પેઠે પ્રગતિ કરવી જોઈએ. ફારસી લિપિ શીખવી બહુ સહેલી છે. તેના ૩૭ અક્ષરો માટે બહુ ઓછી મૂળ સંજ્ઞાઓ છે. અક્ષરો જોડવામાં કંઈક મુશ્કેલી આવે છે ખરી, પણ મૂળાક્ષરો અને અક્ષરોનું જોડાણ શીખતાં, જો રોજનો એક કલાક આપો, તો વધારેમાં વધારે અઠવાડિયું લાગે. પછી તો રોજ અડધો કલાક મહાવરો પાડવાનો રહ્યો. એમ કરતાં ૭ મહિનામાં તમને ઉર્દૂનું કામચલાઉ જ્ઞાન મળી રહેશે. બે લિપિઓની અને એક જ ભાષાના બે પ્રવાહોની તુલના કરવામાં બહુ રસ પડે એવું છે. આ બધું તો સાચું પડે, જો તમને દેશ અને દેશની પ્રજાને વિષે પ્રેમ હોય. અઘરી અંગ્રેજી ભાષા પર કાબૂ મેળવવાના પ્રયત્નથી આપણાં મન થાકી ન ગયાં હોય તો પ્રાંતિક ભાષાઓ શીખવી એ આપણને હળવો શ્રમ લાગે, અથવા કહો કે તેમાંથી વિનોદ મળી રહે. પણ એવડા રૂપમાં હિંદુસ્તાની શીખવી એ તો રચનાત્મક કાર્યક્રમનું પ્રથમ પગરણ છે. તમારે જો દેશનાં ગરીબમાં ગરીબ માણસો જોડે અનુસંધાન સાધવું હોય, તો તમારે નિયમિતપણે કાંતવું પણ જોઈએ; અને ઉપરાંત એ કાર્યક્રમમાંની અનેક ચીજો કરવી જોઈએ. એ કાર્યક્રમનો સંપૂર્ણ અમલ તે સાચામાં સાચા અર્થમાં પૂર્ણ સ્વરાજની સ્થાપના છે.

હ૦ બં૦, ૮–૩–૧૯૪૨

૩૯. હિંદુસ્તાની બોલીનો ઇતિહાસ

૧

ડૉક્ટર તારાચંદ, જેમણે રાષ્ટ્રભાષાના પ્રશ્નનો સારો અભ્યાસ કર્યો છે, તેઓ શ્રી. કાકાસાહેબને તેમના એક પ્રશ્નના જવાબમાં તા. ૨ ફેબ્રુઆરીને રોજ લખેલા પત્રમાં લખે છે:

"હિંદુસ્તાની અને વ્રજભાષા બન્ને બોલચાલની ભાષાઓ હતી. પહેલાં જ્યારે એ કેવળ બોલચાલના કામમાં આવતી ત્યારે તેમની શી સ્થિતિ હતી એ કહેવું મુશ્કેલ છે. ઇતિહાસ પરથી એટલું જણાય છે કે, બારમી સદીમાં સઆદ સલમાને એક 'દીવાન' (કાવ્યસંગ્રહ) હિન્દીમાં લખ્યો હતો. પરંતુ આ 'દીવાન'માંનું એક પણ કાવ્ય અત્યારે નથી મળતું. તેરમી સદીથી હિન્દી કે હિન્દુસ્તાની મળી આવે છે. ચૌદમી અને પંદરમી સદીમાં હિંદુસ્તાનીનું ઠીક ઠીક સાહિત્ય દક્ષિણમાં તૈયાર થઈ ગયું હતું. આ સાહિત્યની ભાષા ખડી બોલી છે; તે આધુનિક હિન્દીનો આધાર છે. વ્રજભાષાનો સોળમી સદી પહેલાંનો કોઈ લેખ હજી સુધી જોવામાં નથી આવ્યો. પૃથ્વીરાજ-રાસામાં કેટલાંક પદો વ્રજભાષામાં છે. પરંતુ પૃથ્વીરાજ-રાસાના રચનાકાળ વિષે અને ખાસ કરીને તેના વ્રજભાષાવાળા ભાગના કાળ વિષે કાંઈ નિશ્ચય નથી. ઘણાખરા લોકો તેમને સોળમી સદીનો જ માને છે.

"વ્રજ પહેલાં રાજસ્થાનીનો, ડિંગલનો રિવાજ હતો. રાસો મોટે ભાગે ડિંગલમાં જ લખાયેલો છે. વ્રજના સૌથી પહેલા કવિ સુરદાસ છે. તે સોળમી સદીના છે.

"હિંદુસ્તાનીનું સૌથી પહેલું સાહિત્ય મુસલમાનોનું લખેલું જ મળે છે. મુસલમાન સાધુસંતોએ હિંદુસ્તાનીમાં ધર્મની વ્યાખ્યા કરી છે અને સૂફીમતના સિદ્ધાંતો વર્ણવ્યા છે. પછી કવિઓએ કાવ્યો લખ્યાં. આ સાહિત્ય મુસલમાનોનું લખેલું હોવાથી તેમાં હિન્દી અને ફારસીના શબ્દોનું મિશ્રણ છે. એના ધ્વનિઓમાં ફારસી અરબીના ધ્વનિ, જેવા કે क़ ग़ ज़, મળી ગયા છે. આ ધ્વનિઓ વ્રજમાં નથી, પણ આધુનિક હિન્દીમાં છે.

"મેરઠ અને દિલ્લીની આજુબાજુની બોલી મુસલમાનોએ પોતાના ઉપયોગમાં લીધી. તે બોલી આજે પણ દિલ્લી અને રોહિલખંડ વચ્ચેના ભાગમાં બોલાય છે. આ બોલીને ખડી બોલી (હિંદુસ્તાની) કહે છે.

"હિંદુસ્તાની, આધુનિક હિન્દી અને ઉર્દૂ આ જ બોલીનાં ત્રણ રૂપ છે. આધુનિક હિન્દી એ હિંદુસ્તાનીનું સાહિત્યિક રૂપ છે, જેમાં સંસ્કૃતના તત્સમ અને તદ્ભવ શબ્દો છૂટથી અને મોટા પ્રમાણમાં વપરાય છે. ઉર્દૂમાં ફારસી અને અરબીના તત્સમ શબ્દો બહુ ભળેલા છે. હિંદુસ્તાની એટલે સાહિત્યની એ ભાષા જેનો આધાર ખડી બોલી છે, પણ જે કેવળ સંસ્કૃતના તત્સમ શબ્દોને કે કેવળ અરબી ફારસીના તત્સમોને અપનાવતી નથી, પણ બંનેમાંથી તત્સમ શબ્દો લે છે. કોઈની લખવાની શૈલી સંસ્કૃત તરફ ઢળે છે, કોઈની ફારસી તરફ. પરંતુ હિંદુસ્તાની લખનારા બનતા સુધી સંસ્કૃત અને અરબી–ફારસી બન્નેના શબ્દોની અતિશયતાથી બચે છે.

"મારું કહેવું એમ છે કે, આપણે ન તો હિન્દીને, (જેમાં અરબી–ફારસી શબ્દો દૂર રાખીને સંસ્કૃત શબ્દો સાથે વધારે મેળ છે) અને ન તો ઉર્દૂને, (જેમાં સંસ્કૃત શબ્દોને દૂર રાખીને ફારસી અરબી શબ્દો સાથે મેળ છે) દેશની આમભાષા માનવી જોઈએ. કાં તો હિંદુઓની હિન્દી અને મુસલમાનોની ઉર્દૂ માનીને બંનેને એકસરખું સ્થાન આપવું જોઈએ; અથવા હિંદુસ્તાની જે આ બન્નેની વચ્ચેની ભાષા છે તેને આમભાષા, આખા હિંદની ભાષા માનવામાં આવે એવી કોશિશ કરવી જોઈએ. 'હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે' એમ કહેતા રહીશું ત્યાં સુધી ઝઘડો ઓછો નહિ થાય. કાં તો ઉર્દૂને પણ રાષ્ટ્રભાષા માનો, અથવા જે ભાષા સંસ્કૃત અને અરબી–ફારસી બંનેના મૂળ ખજાનામાંથી શબ્દો લઈ શકે તેને સ્વીકારો.

"મને તો વિશ્વાસ છે કે, મારું નિવેદન સત્ય પર નિર્ભર છે. પણ હું જાણું છું કે, ભાવનાના વંટોળથી સત્યની જ્યોત ઝાંખી થાય છે અને તેનો પ્રકાશ ઘટે છે. આ વંટોળમાંથી દેશને બચાવવામાં આપ મદદ કરો એમ હું ઇચ્છું છું. ભાષાનો સવાલ એ સમાજનો સવાલ છે. અને સમાજનો પ્રશ્ન એ સ્વરાજનો પ્રશ્ન છે. ભાષાના પ્રશ્નના નિવેડા પર સ્વરાજનો થોડોઘણો આધાર અવશ્ય છે. તેથી હું તેમાં રસ લઉં છું, અને આપની મદદ મેળવવા ભાગ્યશાળી થાઉં એમ ઇચ્છું છું."

હ૦ બં૦, ૨૨–૩–૧૯૪૨

૨

ડૉક્ટર તારાચંદ અને હિંદુસ્તાની

[શ્રી. મુરલીધર શ્રીવાસ્તવ એમ. એ. એ પ્રશ્નપેટી માટે નીચેનો પ્રશ્ન મોકલ્યો હતો]

"જ્યારે મનમાં કોઈ વસ્તુ માટે પૂર્વગ્રહ બંધાઈ જાય છે, ત્યારે માણસ ઇતિહાસને પણ વિકૃત બનાવવા બેસી જાય છે. ડૉ. તારાચંદ પણ આપની પેઠે હિંદુસ્તાનીના ચુસ્ત હિમાયતી છે. તેમને પોતાનો મત ધરાવવાને આપના કે મારા જેટલો જ અધિકાર છે. તેમણે એમ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે, હિંદુસ્તાની (ખડી બોલી)નું સાહિત્ય વ્રજભાષાના સાહિત્ય કરતાં વધારે જૂનું છે. અને એ સાબિત કરવાના ઉત્સાહમાં તેમણે, ૧૬મી સદી પહેલાં વ્રજમાં કોઈ ચીજ લખવામાં નથી આવી, એમ કહીને વ્રજ ભાષાના ઇતિહાસને બહુ ખોટી રીતે રજૂ કર્યો છે. તેમના મત પ્રમાણે ૧૬મી સદીમાં વ્રજ ભાષામાં લખનાર સુરદાસ જ પહેલા કવિ હતા. ગઈ તા. ૨૯મી માર્ચના 'હરિજન'માં આપે આ વિદ્વાન ડૉકટર સાહેબના એક પત્રનું અવતરણ આપ્યું છે, અને 'હરિજન'ની પ્રતિષ્ઠા અને પ્રચાર વ્યાપક છે એટલે આ ભૂલ તરફ ધ્યાન દોરવાનું આવશ્યક થઈ પડે છે. સુરદાસ પહેલાંના વ્રજ સાહિત્યને માટે કબીરની — અમીર ખુશરો જેમની કવિતાઓમાંની કેટલીક વ્રજ ભાષામાં પણ છે, તેમની વાત બાજુએ રાખીએ તો પણ — કવિતાઓ વાંચી લેવી પૂરતી થઈ પડશે. સુરદાસ પહેલાંના અનેક સંતો અને ભક્તોની અનેક નાની નાની કવિતાઓ વ્રજ ભાષામાં મળી આવે છે, અને હિંદી સાહિત્યના કોઈ પણ પ્રામાણિક ઇતિહાસમાં જોઈ શકાય છે."

પત્રમાંથી પ્રસ્તુત પ્રશ્ન સાથે જેને સંબંધ નથી એવો ભાગ મેં કાઢી નાખ્યો છે. આ પત્ર મેં કાકાસાહેબ કાલેલકરને મોકલ્યો હતો. તેમણે તે ડૉ. તારાચંદને મોકલ્યો હતો અને ડૉ. તારાચંદે તેનો નીચે આપેલો જવાબ મોકલ્યો છે, જે પોતે જ પોતાની કથા કહે છે:

"વ્રજ ભાષાનું સાહિત્ય ૧૬મી સદી કરતાં વધારે જૂનું નથી એવો અભિપ્રાય મેં આપ્યો હતો તેનાં કારણો આ પ્રમાણે છે:

૧. વ્રજ ભાષા એક આધુનિક ભાષા છે. તે તૃતીય પ્રાકૃત અથવા 'ન્યૂ ઇન્ડો-આર્યન' વર્ગની મનાય છે. આ વર્ગનો જન્મ મધ્યમ પ્રાકૃત અથવા 'મિડલ ઇન્ડો-આર્યન' વર્ગમાંથી થયો છે. દુર્ભાગ્યે મધ્યમ અને તૃતીય પ્રાકૃત

વચ્ચેની અવસ્થાઓ નિશ્ચિતરૂપે મળતી નથી. પરંતુ મોટા ભાગના વિદ્વાનો એ વિશે એકમત છે કે, મધ્યમ પ્રાકૃતનો સમય ઈ. સ. પૂર્વે ૬૦૦ થી ઈ. સ. ૧૦૦૦ સુધી રહ્યો.

૨. મધ્યમ પ્રાકૃતો, જે ફક્ત બોલીઓ જ હતી, તેમને મહાવીર અને બુદ્ધે ચલાવેલાં ધાર્મિક આંદોલનોને કારણે પોતાનો સાહિત્યિક વિકાસ કરવાનું ઉત્તેજન મળ્યું. આ પ્રાકૃત ભાષાઓમાં પાલી સૌથી મહત્ત્વની ભાષા બની ગઈ, કારણ કે તેને બૌદ્ધોના પવિત્ર ધર્મગ્રંથો લખવાને માટે મધ્યમરૂપે સ્વીકારવામાં આવી હતી. મહત્ત્વની દૃષ્ટિએ બીજું સ્થાન અર્ધ-માગધીનું હતું. તેમાં જૈનોના ધર્મગ્રંથ લખાયા. આ ઉપરાંત પણ બીજી કેટલીક પ્રાકૃત ભાષાઓ તે સમયે પ્રચલિત હતી. દાખલા તરીકે, મહારાષ્ટ્રી જેમાં ગીત અને કાવ્ય લખાતાં, અને શૌરસેની જેનો ઉપયોગ નાટકમાં સ્ત્રીપાત્રોની ભાષારૂપે કરવામાં આવતો.

૩. ઈસ્વી સનની છઠ્ઠી સદી આવતાં સુધીમાં પ્રાકૃત ભાષાઓ બંધિયાર અને મૃત ભાષાઓ બની ગઈ હતી. ત્યારે પણ સાહિત્ય તો એ ભાષાઓમાં લખાતું, પણ તેમનો વિકાસ અટકી પડ્યો હતો. આ જ સદીમાં સામાન્ય બોલચાલની ભાષાઓ — જેમાંથી સાહિત્યિક પ્રાકૃતનો જન્મ થયો હતો — નો સાહિત્યની દૃષ્ટિએ ઉપયોગ થવા લાગ્યો. પ્રાકૃત ભાષાઓના સાહિત્યિક વિકાસનો આ પ્રકાર અપભ્રંશને નામે ઓળખાય છે. તેનો સમય ઈ. સ. ૬૦૦થી ઈ. સ. ૧૦૦૦ સુધી રહ્યો. આ અપભ્રંશ ભાષાઓમાંની એક નાગર ભાષાએ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. ઉત્તર હિન્દુસ્તાનના ઘણાખરા ભાગોમાં આ જ નાગરનાં વિવિધ રૂપો સાહિત્યિક અભિવ્યક્તિનાં વાહન તરીકે વપરાવા લાગ્યાં. પરંતુ નાગર અને એનાં વિવિધ રૂપો ઉપરાંત શૌરસેની જેવી બીજી કેટલીક પ્રાકૃત ભાષાઓના અપભ્રંશોનો પણ વિકાસ થયો હતો.

૪. હિન્દુસ્તાનની આધુનિક ભાષાઓ અથવા તૃતીય પ્રાકૃતનો વિકાસ આ અપભ્રંશ ભાષાઓમાંથી થયો છે. નાગર પોતાના એક પ્રકાર દ્વારા રાજસ્થાની અને ગુજરાતી ભાષાઓની જનની બની. એ પ્રકારને ટેસ્સિટોરીએ પ્રાચીન પશ્ચિમી રાજસ્થાનીનું નામ આપ્યું છે.

શૌરસેની અપભ્રંશનું રૂપ હેમચંદ્રના (ઈ. સ. ૧૧૭૨) પ્રાકૃત વ્યાકરણમાં પ્રગટ થયું છે. પરંતુ શૌરસેની અપભ્રંશનો નાગર સાથે સંબંધ નિશ્ચિત કરવો મુશ્કેલ છે. એમ જણાય છે કે, શૌરસેની અપભ્રંશના રૂપમાં બીજાં પણ પરિવર્તન થયાં અને તે પ્રાચીન પશ્ચિમી હિંદી, અવહટ્ઠ, કાવ્યભાષા વગેરે કહેવાયાં.

૫. આ ભાષા આવતાં મધ્યમ પ્રાકૃત ભાષાઓ રંગભૂમિ પરથી ખસી જાય છે અને તૃતીય પ્રાકૃત અથવા ન્યૂ ઇન્ડો-આર્યન ભાષાઓનો સમય શરૂ થાય છે. પુરાણી પશ્ચિમી હિન્દી, જે નવીન મધ્યદેશીય ભાષાનું પહેલામાં પહેલું સ્વરૂપ છે, તે ૧૧મી સદીમાં નિશ્ચિત રૂપ ધારણ કરતી જણાય છે. આ જ પુરાણી પશ્ચિમી હિન્દીમાંથી ઉત્તર મધ્ય દેશની હિંદુસ્તાની (ખડી) નીકળી, મધ્યદેશની વ્રજ નીકળી અને દક્ષિણની બુંદેલી નીકળી. બારમી સદીમાં આ બધી બોલીઓ હતી. પછીની સદીઓમાં તેમણે સાહિત્યિક રૂપ ધારણ કર્યું.

૬. ભાષાઓના વિકાસના મારા આ અધ્યયન પરથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે, હિંદુસ્તાની (ખડી) ભાષાનો જ સાહિત્યિક ભાષાના રૂપમાં સૌથી પહેલાં વિકાસ થયો. ૧૪મી સદીનાં છેલ્લાં પચીસ વરસથી માંડીને આજ સુધી આપણને હિંદુસ્તાની (દક્ષિણી ઉર્દૂ) નો સળંગ ઇતિહાસ મળે છે. બીજી બાજુ ૧૬મી સદી પહેલાંની વ્રજ ભાષાનો ઇતિહાસ બહુ શંકાસ્પદ છે.

૭. સોળમી સદી પહેલાંના કહેવાતા વ્રજભાષા–સાહિત્યનો વિચાર કરીએ.

(अ) પૃથ્વીરાજ રાસોનો કર્તા ચંદ બરદાઈ પહેલો કવિ હતો, જેણે વ્રજ (પિંગળ)નો ઉપયોગ કર્યો કહેવાય છે. તે પૃથ્વીરાજ (૧૨મી સદી)નો સમકાલીન મનાય છે. રાસો વિષે એક વજનદાર મત એવો છે કે એ નકલી કાવ્ય છે. બુહલર, ગૌરીશંકર હીરાચંદ ઓઝા, ગ્રિયર્સન અને બીજા વિદ્વાનોને તેની પ્રામાણિકતામાં સંદેહ છે. તેની ભાષામાં આધુનિક અને અપ્રચલિત ભાષાનું વિચિત્ર મિશ્રણ છે. તેનું કથાવસ્તુ ઇતિહાસની વિરુદ્ધ જાય છે અને તેના કર્તા વિષે પણ શક છે. આ પ્રમાણોને આધારે પંડિત રામચંદ્ર શુક્લ એવા નિર્ણય ઉપર આવ્યા કે, 'આ ગ્રંથ સાહિત્યના કે ઇતિહાસના વિદ્યાર્થીને માટે કશા ઉપયોગનો નથી.'

(आ) અમીર ખુશરો બીજો ગ્રંથકાર છે, જેને માટે વ્રજના લેખક હોવાનો દાવો કરવામાં આવે છે. ઈ. સ. ૧૩૨૫ માં તે મૃત્યુ પામ્યો. હિન્દીમાં તેની કવિતાઓ, સમસ્યાઓ દ્વિઅર્થી કાવ્યોનો કોઈ આધારભૂત હસ્તલિખિત ગ્રંથ હજી સુધી મળ્યો નથી. લાહોરના પ્રોફેસર મહમદ શેરાનીએ નિર્ણાયક રીતે સાબિત કરી દીધું છે કે, 'ખાલિકબારી' (હિન્દી અને ફારસી શબ્દોનો પદ્યબંધ કોશ), જેને ખુશરોની કૃતિ માનવામાં આવે છે, તે તેની ન હોઈ શકે. તેની હિન્દી કવિતાની ભાષા એટલી આધુનિક છે કે, ભાષાશાસ્ત્રના કોઈ સાધારણ જાણકારના પણ ખ્યાલમાં આવ્યા વગર ન રહે કે એ ભાષા ૧૩મી કે ૧૪મી

સદીની નથી. તેની મોટા ભાગની કૃતિઓ તદ્દન આધુનિક હિન્દુસ્તાની અથવા ખડી બોલીમાં છે અને કેટલીક પર વ્રજની છાપ છે. ડૉ. હિદાયત હુસેને ખુશરોની કૃતિઓની એક પ્રામાણિક સૂચિ તૈયાર કરી છે. તેમાં તેઓ તેની હિન્દી કવિતાઓને સ્થાન નથી આપી શક્યા. ખુશરોના ખિજખાં અને દેવલરાની નામના કાવ્યનો એક ભાગ, જેમાં હિન્દીની પ્રશંસા કરવામાં આવી છે, તે કેટલાક હિન્દી લેખકોએ વાંચ્યો છે. એ ઉપરથી તેઓ એ નિર્ણય પર આવ્યા કે, ખુશરો હિન્દીનો પ્રશંસક અને કવિ હતો. પરંતુ એ ભાગ ધ્યાનપૂર્વક વાંચતાં એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે, ત્યાં ખુશરોએ વ્રજ કે હિન્દુસ્તાની વિશે વાત કરી નથી. આવા નજીવા પ્રમાણને આધારે વ્રજ ઇતિહાસનો સંબંધ દેહ ખુશરો સાથે જોડવો એ શાસ્ત્રસંમત ન કહેવાય.

(ઈ) ત્યાર પછી એમ કહેવામાં આવ્યું છે કે, નામદેવ, રૈદાસ, ધનો, પીપો, સેન, કબીર આદિ સંતો અને ભક્તો વ્રજના કવિ હતા. તેમની વાણી અને પદ ગુરુગ્રંથમાં આપવામાં આવ્યાં છે. તેમને કેટલે સુધી પ્રામાણિક ગણવાં એ એક અણઉકલ્યો પ્રશ્ન છે. નામદેવ ૧૩મી સદીમાં થયેલા એક મરાઠી સંત હતા. તેમણે હિન્દીમાં કાંઈ લખ્યું હતું કે નહિ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી, કારણ કે ગુરુગ્રંથનું સંકલન ૧૭મી સદીની શરૂઆતમાં થયું હતું. બીજા સંતો અને ભક્તોની કૃતિઓનાં કોઈ આધારભૂત હસ્તલિખિત પણ નથી મળતાં.

આ સંતો અને ભક્તોમાં પંદરમી સદીમાં થયેલા કબીર સૌથી વધારે પ્રખ્યાત છે. ગુરુગ્રંથમાં તેમની ઘણી કૃતિઓ મળે છે. તેમની ભાષા પર પંજાબીની જબરજસ્ત અસર છે. કાશીની નાગરી પ્રચારિણી સભાએ રાય બહાદુર શ્યામસુંદરદાસે સંપાદિત કરેલી કબીરની ગ્રંથાવલિ પ્રસિદ્ધ કરી છે. આ ગ્રંથાવલિ ઈ. સ. ૧૫૦૪ના એક હસ્તલિખિત પરથી તૈયાર કરવામાં આવી છે, એમ કહેવાય છે. પરંતુ આ સાલની પ્રામાણિકતાના સંબંધમાં પણ ગંભીર શંકાઓ ઉઠાવવામાં આવી છે. (જુઓ : ડૉ. પીતામ્બરદાસ બડથ્વાલકૃત 'हिन्दी काव्यमें निर्गुणवाद'). ગમે તેમ હોય તોપણ આ સંસ્કરણની ભાષા પણ ગુરુગ્રંથમાંનાં પદોની ભાષાને મળતી છે, અને તેમાં પંજાબીની ઘણી અસર છે. કબીરે પોતે કહ્યું છે કે તેમણે પૂર્વી બોલીનો ઉપયોગ કર્યો છે. અને તેમની અનેક એવી કૃતિઓ છે, જેમની ભાષા પર રાજસ્થાનીનો બહુ પ્રભાવ દેખાય છે. આ સ્થિતિમાં કબીરના ગ્રંથોની ભાષા વિષે નિશ્ચિતપણે કાંઈ કહેવું મુશ્કેલ છે. પંડિત રામચંદ્ર શુક્લે આ પ્રશ્નનો ઉકેલ કરવાનો પ્રયત્ન આમ કહીને કર્યો છે :

કબીરે પોતાની સાખીઓમાં સાધુકરીનો અને રમૈની તથા શબ્દોમાં કાવ્યભાષા કે વ્રજનો ઉપયોગ કર્યો છે.

પરંતુ તેમનો આ ઉકેલ ભાગ્યે જ સંતોષકારક કહેવાય, કારણ કે તેથી કબીરના પોતાના કથનનું ખંડન થાય છે. બીજું આધારભૂત દસ્તાવેજોના અભાવે એ સિદ્ધ કરવું પણ સંભવિત નથી.

૮. આમ, આ સાહિત્યિક કૃતિઓની જેટલી વધારે શોધખોળ કરવામાં આવે તેટલા ભારપૂર્વક એ નિર્ણય પર આવવું પડે કે, આ કૃતિઓની ભાષાઓ વિષે લોકોનો સામાન્ય રીતે જે અભિપ્રાય બંધાયો છે તેને માટે ખરું જોતાં બહુ ઓછો આધાર છે. કેટલીક બીજી બાબતો પણ આ નિર્ણયને પુષ્ટિ આપે છે. એ તો એક જાણીતી વાત છે કે, કોઈ પણ બોલી કે ભાષાની પાછળ કોઈ મજબૂત સામાજિક બળ ન હોય ત્યાં સુધી તે સાહિત્યિક પદ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકતી નથી. આ બળ કાં તો ધાર્મિક હોય અથવા રાજકીય હોય. પાલી અને અર્ધમાગધીની પ્રતિષ્ઠા વધી, કારણ કે એ બંને બૌદ્ધ અને જૈન સુધારાની વાહન બની હતી. હિંદુસ્તાનીને મુસ્લિમ ઉપદેશકો અને બાદશાહોની મદદને પરિણામે સાહિત્યિક દરજ્જો પ્રાપ્ત થયો. રાજસ્થાની જે ૧૪ મી, ૧૫ મી અને ૧૬ મી સદીમાં ઉત્તર હિન્દુસ્તાનના એક મોટા ભાગની સાહિત્યિક ભાષા હતી, તેનો વિકાસ અને તેની લોકપ્રિયતા મેવાડના મહાન સિસોદિયાના બળને આભારી હતાં. મોગલોએ મેવાડના રાણાઓને હરાવ્યા ત્યાર પછી રાજસ્થાની પણ એક સ્થાનિક ભાષા બની ગઈ.

આમ, આપણે વ્રજ ભાષાનો વિચાર કરીએ છીએ ત્યારે ૧૬ મી સદી સુધી તેને ટેકો આપનાર કોઈ રાજકીય કે ધાર્મિક આંદોલન તેની પાછળ જણાતું નથી. વ્રજ કોઈ સત્તાનું રાજકીય કેન્દ્ર નહોતું. શ્રી. વલ્લભાચાર્ય વ્રજમાં આવીને વસ્યા અને ત્યાં તેમણે પોતાના કૃષ્ણભક્તિના સંપ્રદાયનો પ્રચાર શરૂ કર્યો તે પહેલાં વ્રજનું એક ધાર્મિક કેન્દ્ર તરીકે પણ કશું મહત્ત્વ નહોતું. વલ્લભના આંદોલને દેખીતી રીતે જ વ્રજ ભાષાને જે વેગ આપ્યો તેથી કરીને તે એક સાહિત્યિક ભાષાનું રૂપ ધારણ કરી શકી. ઉત્તર હિન્દુસ્તાનમાં સુરદાસે તથા વલ્લભાચાર્યના બીજા શિષ્યો(અષ્ટ છાપ)એ વ્રજ ભાષાના પ્રભુત્વને દૃઢ કર્યું; એને પરિણામે તેનું એક રૂપ દૂર દૂર બંગાળમાં કૃષ્ણભક્તિ વ્યક્ત કરવાના એક માધ્યમ તરીકે સ્વીકારવામાં આવ્યું.

૯. કબીર અને બીજા ભક્તોની કવિતાઓ — તેમની અસલ ભાષા ભલે ગમે તે હશે — ખાસ કરીને મોઢે કરવામાં આવતી અને એ રીતે તેમનો મૌખિક પ્રચાર જ અધિક થતો. જ્યારે વ્રજનું પૂર વહેવા માંડ્યું ત્યારે સહેલાઈથી તેમની કૃતિઓ પર પણ વ્રજની અસર પડી અને તેમાં વ્રજપણું આવી ગયું.

૧૦. જે કારણોને લઈને હું માનું છું કે વ્રજભાષામાં, ૧૬ મી સદી પહેલાંનું કહી શકાય એવું, કંઈ અસલ સાહિત્ય નથી, તે કારણો મેં ઉપર સંક્ષેપમાં આપ્યાં છે. પણ હું એકલો જ આવા વિચારનો છું એમ નથી. પ્રયાગ વિદ્યાપીઠના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. ધીરેન્દ્ર વર્મા — જેઓ ખરેખર હિન્દુસ્તાનીના ખાસ પક્ષપાતી નથી — તેમણે પણ પોતાના હિન્દી સાહિત્યના ઇતિહાસમાં અને વ્રજ ભાષાના વ્યાકરણમાં આ જ વિચારો વ્યક્ત કર્યા છે. તે વિચારો તેમના એ પુસ્તકોમાં જોઈ શકાય છે."

સેવાગ્રામ, ૬–૬–'૪૨
('હરિજન-સેવક'માંથી)

૪૦. રાષ્ટ્રભાષા વિષે દસ પ્રશ્નો

૧. પ્ર૦ — ફારસી લિપિનો જન્મ હિંદુસ્તાનમાં નથી થયો. મોગલોના રાજ્યમાં એ હિંદુસ્તાનમાં આવી, જેમ અંગ્રેજોના રાજ્યમાં રોમન લિપિ આવી છે. પણ રાષ્ટ્રભાષા માટે આપણે રોમન લિપિનો પ્રચાર નથી કરતા. તો પછી ફારસી લિપિનો પ્રચાર શા માટે કરવો જોઈએ?

ઉ૦ — જો રોમન લિપિએ ફારસી લિપિ જેટલું ઘર કર્યું હોત તો તમે કહો છો એમ જ થાત. પણ રોમન લિપિ માત્ર મૂઠીભર અંગ્રેજી ભણેલાની રહી છે, જ્યારે ફારસી તો કરોડો હિંદુ મુસલમાન લખે છે. એ લિપિ લખનારની અને રોમન લિપિ લખનારની સંખ્યા તમારે શોધી કાઢવી.

૨. પ્ર૦ — હિન્દુ મુસલમાનની એકતા માટે ઉર્દૂ શીખવાનું કહેતા હો તો હિંદુસ્તાનમાં ઘણા મુસલમાનો ઉર્દૂ નથી જાણતા. બંગાળના મુસલમાનો બંગાળી બોલે છે. મહારાષ્ટ્રના મરાઠી બોલે છે. ગુજરાતમાં પણ તેઓ ગામડાંમાં ગુજરાતી બોલે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં પણ તામિલ વગેરે જ બોલતા હશે. આ બધા મુસલમાનો પ્રાન્તીય ભાષાને મળતા હિંદુસ્તાનીમાં

જે શબ્દો હોય તે વધારે સહેલાઈથી સમજી શકે છે. ઉત્તર ભારતની તમામ ભાષાઓ સંસ્કૃતમાંથી જન્મેલી છે અને તેથી તે ભાષાઓમાં બહુ જ સમાનતા છે. દક્ષિણ ભારતની ભાષાઓમાં પણ સંસ્કૃતના ઘણા શબ્દો આવી ગયા છે. તો પછી આ બધી ભાષા બોલનારાઓને અપરિચિત એવી અરબી ફારસીના શબ્દોવાળી ઉર્દૂનો પ્રચાર શા માટે કરવો જોઈએ?

ઉ૦ — તમારા સવાલમાં વજૂદ છે ખરું, પણ તમારી પાસે જરા વધારે વિચાર કરાવું. મારે કબૂલ કરવું જોઈએ કે, ફારસી લિપિ શીખવાના મારા આગ્રહમાં હિન્દુ મુસ્લિમ ઐક્યનો પ્રશ્ન છે જ. દેવનાગરી અને ફારસી લિપિ તેમ જ હિંદી અને ઉર્દૂ ભાષા વચ્ચે ઝઘડો વર્ષોથી ચાલ્યાં કરે છે. તેણે ઝેરી રૂપ પકડ્યું છે. હિન્દી સાહિત્ય સંમેલને છેક ૧૯૩૫ માં ફારસી લિપિને હિંદીની વ્યાખ્યામાં સ્થાન આપ્યું. મહાસભાએ ૧૯૨૫ માં રાષ્ટ્રભાષાને "હિન્દુસ્તાની' નામ આપ્યું. બન્ને લિપિની છૂટ આપી. એટલે હિંદી અને ઉર્દૂને રાષ્ટ્રભાષા ગણી. આ બધામાં હિંદુ મુસ્લિમ ઐક્યનો સવાલ રહ્યો જ હતો. મેં તે આજે નવો નથી ઉઠાવ્યો. મેં તેને મૂર્ત સ્વરૂપ આપ્યું જે પ્રવાહપતિત પણ છે. એટલે જો આપણે રાષ્ટ્રભાષાને સંપૂર્ણતાએ ખીલવવા માગીએ, તો હિંદી ઉર્દૂ અને દેવનાગરી ફારસીને સરખાં સ્થાન આપવાં ઘટશે. છેવટે તો જેને લોકો વધારે પચાવશે તે જ વધારે ફેલાશે.

ઘણીખરી પ્રાંતીય ભાષાઓનો સંસ્કૃત સાથે નિકટ સંબંધ છે અને તે તે પ્રાંતના મુસલમાનો પણ તે જ ભાષાઓ બોલે છે એ સાચું છે, અને એથી તેઓને દેવનાગરી લિપિ અને હિંદી સહેલાં પડે એ બરોબર છે. એ કુદરતી લાભ મારી યોજનામાંથી જતો નથી. એની સાથે જ ફારસી લિપિ શીખવાનો લાભ ઉમેરાય છે એમ હું કહું. તમે એને બોજો માનો છો. એટલે તમને એ વસમું લાગે છે. લાભ ગણવો કે બોજો એ તો શીખનારની વૃત્તિ ઉપર અવલંબે છે. એનામાં દેશપ્રેમ ઊભરાતો હશે તો એ ફારસી લિપિને કે ઉર્દૂ ભાષાને બોજો કદી નહિ ગણે. અને મારી યોજનામાં તો બળાત્કારને સ્થાન જ નથી. જે લાભ સમજશે તે જ બન્ને લિપિ ને બન્ને ભાષા શીખશે.

૩. પ્ર૦ — હિંદુસ્તાનનો ઘણો મોટો ભાગ નાગરી લિપિ જાણે છે, કારણ કે ઘણી પ્રાન્તીય ભાષાઓની લિપિ નાગરી છે અથવા નાગરીને મળતી છે. પંજાબ, સિંધ અને વાયવ્ય સરહદના પ્રાંતમાં નાગરીનો પ્રચાર ઓછો છે, પણ એ લોકો સહેલાઈથી નાગરી નહિ શીખી શકે?

ઉ૦ — આનો જવાબ ઉપર આવી જાય છે. સરહદ પ્રાન્તવાળાને અને બીજાઓને દેવનાગરી શીખવાપણું તો રહે જ છે.

૪. પ્ર૦ — ભાષા મુખ્યત્વે બોલવા માટે છે. બોલવા અને વાતચીત કરવા માટે લિપિની જરૂર નથી. લિપિ બહુ ગૌણ વસ્તુ છે. જો રાષ્ટ્રભાષા માતૃભાષાની લિપિ દ્વારા શીખવામાં આવે, તો તે વધારે સહેલાઇથી ન શીખી શકાય ? અને જો એમ કરવામાં આવે તો રાષ્ટ્રીય દૃષ્ટિએ શું નુકસાન છે ?

ઉ૦ — તમારું કહેવું સાચું છે. પ્રાંતીય ભાષા મારફતે જ જો હિન્દી ને ઉર્દૂ શીખવાય તો સહેલાઇથી શિખાય એમ હું માનું છું. એવો પ્રયાસ દક્ષિણ ભારતમાં થાય છે એવું મારી જાણમાં છે, પણ તે પદ્ધતિસર નથી થયો. તમારો વિરોધ બધો લિપિનું શિક્ષણ બોજરૂપ છે એવી માન્યતા ઉપર રચાયેલો જોઉં છું. હું લિપિનું શિક્ષણ એટલું કઠણ ગણતો નથી. પણ પ્રાંતીય લિપિ મારફત રાષ્ટ્રભાષાપ્રચાર થાય એનો મને વિરોધ હોય જ નહિ. લોકોમાં ઉત્સાહ હોય, ત્યાં ઘણી રીતો એકસાથે ચાલશે.

૫. પ્ર૦ — માનીએ કે, જ્યાં સુધી પંજાબ, સિંધ અને વાયવ્ય સરહદના લોકો નાગરી નથી શીખી ગયા ત્યાં સુધી તે લોકોની સાથે ભળવા માટે ઉર્દૂ જાણવાની આવશ્યકતા હોય. તો એટલા માટે થોડાકે ઉર્દૂ શીખી લેવું. જેઓ પ્રચારક છે તે ઉર્દૂ શીખી લે. પણ આખા હિંદુસ્તાને ઉર્દૂ શીખવાની શી જરૂર છે ?

ઉ૦ — આખા હિંદુસ્તાને શીખવાનો અહીં સવાલ જ નથી. હું માનતો જ નથી કે આખું હિંદુસ્તાન રાષ્ટ્રભાષા શીખશે. જેઓને રાષ્ટ્રમાં ભ્રમણ કરવું છે ને સેવા કરવી છે, તેઓને જ સારુ આ સવાલ છે. તેઓની સેવાશક્તિ બે ભાષા ને બે લિપિ શીખવાથી વધે છે એટલું તમે કબૂલ કરી લો, તો તમારો વિરોધ અથવા તમારી શંકા શાંત થાય.

૬. પ્ર૦ — રાષ્ટ્રભાષા નાગરી અને ઉર્દૂ બન્ને લિપિમાં હાલ લખાય છે. જેને જે લિપિમાં શીખવી હોય તે લિપિમાં શીખે. દરેક ફરજિયાત બન્ને લિપિ જાણવી જ જોઈએ એવો આગ્રહ શા માટે ?

ઉ૦ — આનો પણ એક જ જવાબ. મારો આગ્રહ છતાં તેમાં જેઓ લાભ જોશે તે જ તેનો સ્વીકાર કરશે. એક જ લિપિ ને એક જ ભાષાથી જેને સંતોષ રહેશે તે મારી દૃષ્ટિએ અરધી રાષ્ટ્રભાષા જાણનાર કહેવાશે. આખું પ્રમાણપત્ર જોઈએ તેઓ બન્ને લિપિ ને બન્ને ભાષા શીખશે. એવાની

પણ સારી સંખ્યા દેશમાં હોવી જોઈએ એની તમે ના નહિ પાડો. જો એવી સંખ્યા વધતી ન જાય તો હિંદી ઉર્દૂનું સમ્મિલન નહિ થવા પામે, મહાસભાની વ્યાખ્યા પ્રમાણેની એક હિન્દુસ્તાની ભાષા કદી તૈયાર નહિ થાય. હિન્દુ મુસલમાન બન્ને એકબીજાને સહેલાઈથી સમજી શકે એવી ભાષા ઉત્પન્ન થાય, એ હમેશાં ઇચ્છવા જેવું છે. એવું સ્વપ્ન આપણે ઘણા સેવીએ છીએ. કોઈ દિવસ તે ખરું પણ પડશે.

૭. પ્ર૦ — જે લોકો રાષ્ટ્રભાષા નથી જાણતા એવા અહિંદી પ્રાંતના લોકોએ એકીસાથે બન્ને લિપિમાં રાષ્ટ્રભાષા શીખવી, એ વધુ પડતો બોજો ન કહેવાય? પહેલાં એક લિપિ દ્વારા સારી રીતે શીખી લેવામાં આવે તો પછી બીજી લિપિ શીખી લેવી એ તો રમતની વાત છે.

ઉ૦ — આની ખબર તો અનુભવે પડી રહેશે. જેઓ બેમાંથી એકેય લિપિ નથી જાણતા તેઓ બન્ને લિપિ એકસાથે નહિ શીખે એમ હું માનું છું. તેઓ સ્વેચ્છાએ એક અથવા બીજી લિપિ પ્રથમ લેશે ને પછી બીજી. પ્રથમનાં પાઠ્યપુસ્તકોમાં શબ્દો લગભગ એક જ હશે. મારી દૃષ્ટિએ મારી યોજના એક મહાન અને આવશ્યક પ્રયોગ છે, રાષ્ટ્રને પુષ્ટિ આપનાર છે, અને મહાસભાના ઠરાવનો અમલ કરવામાં બહુ મોટો ફાળો ભરનાર છે. એથી મને આશા છે કે, લાખો સેવકો અને સેવિકા તેને વધાવી લેશે.

૮. પ્ર૦ — ભાષાના કલેવરમાં દેશકાળની પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર થયાં જ કરવાના. એને કોઈ રોકી ન શકે. તેથી રાષ્ટ્રભાષામાં વિદેશી ભાષાના જે ઘણા શબ્દો આવી ગયા છે અને રૂઢ થઈ ગયા છે એને કાઢી ન શકાય. પણ રાષ્ટ્રભાષાની પરંપરાથી લિપિ તો નાગરી ચાલી આવી છે. વચ્ચે મોગલ રાજ્યના વખતમાં ફારસી લિપિ આવી ગઈ. હવે મોગલ રાજ્ય નથી. તેથી જેમ ગુજરાતી મરાઠીમાં ઘણા ફારસી, અરબી અને અંગ્રેજી શબ્દો છે છતાં પોતાની લિપિ એ ભાષાઓએ છોડી નથી, તેવી જ રીતે રાષ્ટ્રભાષાએ પણ વિદેશી શબ્દો રાખવા છતાં પોતાની પરંપરાગત નાગરી લિપિને શા માટે ન વળગી રહેવું?

ઉ૦ — પરંપરાગત વસ્તુને છોડવાની અહીં વાત નથી; તેમાં ઉમેરો કરવાની છે. હું સંસ્કૃત જાણતો હોઉં તેમાં અરબીનો વધારો કરું તો શું ખોટું? કદાચ સંસ્કૃતને પુષ્ટિ ન મળે? ને અરબીને પણ? મારો અરબીનો પરિચય તો વધે જ ને? સુજ્ઞાનવૃદ્ધિનો કાંઈ દ્વેષ હોય?

૯. પ્ર૦ — ભારતીય ભાષાઓનું ઉચ્ચારણ વ્યક્ત કરવા સૌથી વધારે લાયક નાગરી લિપિ છે; અને હાલની ફારસી લિપિ એ માટે બહુ જ દોષપૂર્ણ છે, એ સાચું નથી શું?

ઉ૦ — તમે ઠીક કહો છો. પણ તમારા વિરોધમાં તમારા આ પ્રશ્નને સ્થાન નથી, કેમ કે અહીં છે એનો વિરોધ જ નથી, પરસ્પર વધારો કરવાની વાત છે.

૧૦. પ્ર૦ — રાષ્ટ્રભાષાની શી આવશ્યકતા છે? એક માતૃભાષા અને બીજી વિશ્વભાષા એ બે ભાષા બસ નથી? આ બંને ભાષા માટે એક રોમન લિપિ હોય તો શું ખોટું?

ઉ૦ — તમારો આ સવાલ આશ્ચર્ય પમાડે છે. અંગ્રેજી વિશ્વભાષા તો છે જ, પણ તે કંઈ હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા થઈ શકે? રાષ્ટ્રભાષા લાખો માણસોએ તો જાણવી જ રહી. તેઓ અંગ્રેજી ભાષાનો બોજો કેમ ઉઠાવી શકે? હિંદુસ્તાની રાષ્ટ્રભાષા સ્વભાવે છે, કેમ કે તે લગભગ એકવીસ કરોડની માતૃભાષા છે. એકવીસ કરોડની ભાષા બાકીનાનો મોટો ભાગ સહેલાઈથી સમજી શકે એ સંભવે છે. પણ અંગ્રેજી તો ભાગ્યે એક લાખની પણ માતૃભાષા ગણાય. જો હિંદુસ્તાને એક રાષ્ટ્ર થવું હોય અથવા હિંદુસ્તાન એક રાષ્ટ્ર હોય તો હિંદુસ્તાનને એક રાષ્ટ્રભાષા તો જોઈએ જ. તેથી મારી દૃષ્ટિએ તો અંગ્રેજી વિશ્વભાષા તરીકે જ રહે ને શોભે, અને રોમન લિપિ પણ વિશ્વલિપિ તરીકે રહે અને શોભે — રહેશે અને શોભશે, હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા કે લિપિ તરીકે કદી નહિ.

હિ૦ બં૦, ૨૬-૪-૧૯૪૨

૪૧. એક યુક્તિબાજી

પ્ર૦ — રાષ્ટ્રભાષા, જેને આપ હિંદુસ્તાની કહો છો, તેના એક ભાગ તરીકે ઉર્દૂ શીખવાની આપની સલાહ તો જાણે બહુ સારી છે. પણ નિઝામ રાજ્યમાં ઉર્દૂ માટે જે પ્રચાર ચાલી રહ્યો છે, તેને વિષે આપ શું કહો છો? તેલુગુ ભાષાની એક પરીક્ષાના પ્રશ્નપત્રમાં પહેલો સવાલ આ પ્રમાણે છે:

"સમૂહતંત્રના ઉપયોગ માટે હિંદને સારુ એક સર્વસામાન્ય ભાષા વિના ન ચાલે એમ હોય અને હિંદુસ્તાનીનો પક્ષ જો સબળ હોય તો મને લાગે છે કે, આ યુનિવર્સિટીએ તો તરત જ ઉર્દૂને શિક્ષણનું વાહન બનાવવી જોઈએ — ખાસ કરીને એટલા માટે કે તે આ પ્રાંતની માતૃભાષા છે. એ ભાષા વધારે સમૃદ્ધ બને ત્યાં લગી

જેઓ રાહ જોવા માગતા હોય તેઓ મોટી ભૂલ કરે છે ને તેમની દલીલ ચક્રાવા જેવી છે. યુનિવર્સિટીઓ જ્યાં લગી જ્ઞાનની સર્વ શાખાઓમાં એ ભાષાનો કશો ઉપયોગ ન કરે ત્યાં લગી તે દરિદ્ર જ રહેવાની."

યાદ રાખવા જેવું એ છે કે આ પ્રદેશના મોટા ભાગના લોકોની માતૃભાષા ઉર્દૂ નથી પણ તેલુગુ છે. પરીક્ષામાં પ્રશ્નપત્રો દ્વારા ઉર્દૂની તરફેણનો પ્રચાર ચલાવવાની આ યુક્તિબાજીને વિષે આપનું શું કહેવું છે?

ઉ૦ — આ રીતમાં યુક્તિ અને વિચિત્રતા બંને છે એ હું કબૂલ કરું છું. જે પ્રશ્નની બાબતમાં તીવ્ર મતભેદ પ્રવર્તે છે તેને વિષે પ્રચાર કરવાને પરીક્ષાના પ્રશ્નપત્રનો ઉપયોગ કરવો ભાગ્યે જ ઉચિત ગણાય. નિઝામ રાજ્યની પ્રજાની માતૃભાષા ઉર્દૂ નથી એ પણ હું સ્વીકારું છું. વસ્તીના કેટલા ટકા તેલુગુ જાણે છે એની મને ખબર નથી. રાષ્ટ્રભાષાની મારી કલ્પનામાં મહાન પ્રાંતભાષાઓનું સ્થાન છીનવી લેવાની વાત નથી આવતી, પણ રાષ્ટ્રભાષાનું જ્ઞાન પ્રાંતભાષાના જ્ઞાન ઉપરાંત મેળવવાની વાત છે. વળી કરોડો માણસો અખિલ ભારતીય રાષ્ટ્રભાષા કદી પણ શીખશે એવી અપેક્ષા હું નથી રાખતો. રાજદ્વારી માનસવાળાઓ અને જેમને આંતરપ્રાંતીય વહેવારો કરવાના હશે તેઓ તે શીખશે. એક પત્રલેખક તો કહે છે કે, મારે રાષ્ટ્રભાષાને બદલે પડોશના પ્રાંતોની ભાષાઓ શીખવાની સલાહ લોકોને આપવી. એ કહે છે: "આસામવાસીને હિંદી અથવા ઉર્દૂ, અને હવે આપના કહેવા પ્રમાણે હિંદી અને ઉર્દૂ જાણવા કરતાં બંગાળી જાણવાથી વધારે લાભ છે." અંગ્રેજી માત્ર બીજી ભાષા તરીકે જ નહીં પણ સર્વ ઉચ્ચ શિક્ષણના વાહન તરીકે શીખવાનો અસહ્ય બોજો આપણે માથે ન હોત, તો આપણા પડોશીઓની ભાષા, તેમ જ અખિલ ભારતીય સંપર્કોને માટે રાષ્ટ્રભાષા પણ, શીખવી, એ આપણને બાળકની રમત જેવું સહેલું લાગત. મારો એવો મત છે કે, જો કોઈ છોકરો કે છોકરી ભારતવર્ષની છ ભાષા ન જાણે તો તેના સંસ્કાર અને શિક્ષણમાં ઊણપ રહી ગણાય. અંગ્રેજી સિવાયની કોઈ ભાષા — પોતાની માતૃભાષા સુધ્ધાં — શીખવાના વિચારમાત્રથી અંગ્રેજી જાણનારા હિંદીઓ થથરે ત્યારે એ તેમના મગજને થાક ચડ્યાની અચૂક નિશાની ગણાવી જોઈએ. કેમ કે વાંધો ઉઠાવનારાઓ મોટે ભાગે અંગ્રેજી જાણનારા હિંદીઓ હોય છે. આશ્રમવાસીઓને હિંદી ઉપરાંત ઉર્દૂ શીખતાં કશી મુસીબત આવતી મેં જોઈ નથી. અને હું જાણું છું કે, દક્ષિણ આફ્રિકામાં તામિલ અને તેલુગુ મજૂરો એકબીજાની ભાષા બોલી શકતા, અને તેમને હિંદીનું પણ કામચલાઉ જ્ઞાન

હતું. તેમણે હિંદી શીખવી જોઈએ એવું તેમને કોઈએ કહ્યું ન હતું. કોઈક રીતે તેમને સ્વયંસ્ફૂર્તિથી ખબર પડેલી કે તેમણે હિંદી જાણવું જોઈએ. બેશક તેઓ વિદ્વાન ન હતા, પણ પરસ્પરના વહેવાર માટે તેમણે જે આવશ્યક હતું તે શીખી લીધેલું. તેમણે તેમના પડોશી ઝુલુઓની ભાષા પણ જાણી લીધેલી. ન જાણે તો પોતાનો કામધંધો ચલાવી ન શકે. એટલે ઘણાખરા હિંદીઓ પોતાની માતૃભાષા ઉપરાંત હિંદની બીજી બે ભાષાઓ, ઝુલુ ભાષા, અને ભાંગીતૂટી અંગ્રેજી પણ જાણતા હતા. એ કહેવાની જરૂર નથી કે, એમાંના ઘણા એક પણ ભાષા લખી જાણતા નહોતા, અને ઘણાખરા પોતાની માતૃભાષા વ્યાકરણશુદ્ધિ વિના જ લખી શકતા હતા. આમાંથી નીકળતો બોધપાઠ દેખીતો છે.

તમે જો લિપિનો સવાલ કોરે મૂકો તો તમારા પડોશીની ભાષા વિના પ્રયત્ને ને વિના મુસીબતે શીખી શકો છો; અને જો તમે તાજા હો ને તમારું મગજ થાકી ન ગયું હોય તો તમે ચાહો તેટલી લિપિઓ કશી મુસીબત વિના શીખી શકો. એ અભ્યાસ હમેશાં રસપ્રદ અને સ્ફૂર્તિદાયક હોય છે. ભાષાઓનો અભ્યાસ એ એક કળા, ને તે પણ કીમતી કળા છે.

હ૦ બં૦, ૧૭–૫–’૪૨

૪૨. હિન્દુસ્તાની પ્રચાર સભાની સ્થાપના

૧

હિંદુસ્તાની પ્રચાર સભા, જેનો ઉલ્લેખ મેં ‘હરિજનસેવક’માં કર્યો હતો, તે સ્થપાય છે. તેનું કાચું ખોખું તૈયાર થઈ ગયું છે. તે થોડા મિત્રોને મોકલવામાં આવ્યું છે. થોડા જ વખતમાં સભાની યોજના વગેરે જનતા સમક્ષ મૂકવામાં આવશે. કેટલાક લોકોનો ખ્યાલ બંધાઈ ગયો છે કે, આ સભા હિન્દી સાહિત્ય સંમેલનની વિરોધી હશે. જે સંમેલન સાથે ૧૯૧૮થી મારો સંબંધ બંધાયેલો છે, તેનો વિરોધ જાણી બૂજીને કેમ કરી શકું? વિરોધ કરવાનું સબળ કારણ પણ હોવું જોઈએ ને? પણ એવું કાંઈ છે નહિ. હા, એટલું છે કે, ઉર્દૂના સંબંધમાં સંમેલનના કેટલાક સભ્યો કરતાં હું આગળ જાઉં છું. તેઓ માને છે કે હું પાછળ જઈ રહ્યો છું. એનો નિર્ણય તો સમય જ કરશે. સંમેલન

પ્રત્યે મારા મનમાં કાંઈ વિરોધભાવ નથી, એ સ્પષ્ટ કરવાને માટે મેં શ્રી. પુરુષોત્તમદાસ ટંડન સાથે પત્રવ્યવહાર કર્યો, અને તેને પરિણામે સંમેલનની સ્થાયી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે:

"હિંદી સાહિત્ય સંમેલન પોતાના આરંભકાળથી જ હિંદીને રાષ્ટ્રભાષા માનતું આવ્યું છે અને માને છે. ઉર્દૂ એ હિંદીમાંથી ઉત્પન્ન થયેલી અરબી–ફારસી મિશ્રિત એક વિશેષ સાહિત્યિક શૈલી છે. સંમેલન હિંદીનો પ્રચાર કરે છે; તેને ઉર્દૂ સામે વિરોધ નથી.

"આ સમિતિનો અભિપ્રાય છે કે, મહાત્મા ગાંધીની પ્રસ્તુત હિન્દુસ્તાની પ્રચાર સભાના સભાસદો હિંદી સાહિત્ય સંમેલન અને તેની ઉપસમિતિઓમાં સભાસદો રહી શકે; પરંતુ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના પદાધિકારીઓ પ્રસ્તુત હિંદુસ્તાની પ્રચાર સભાના પદાધિકારી ન બને, એ વ્યાવહારિક દૃષ્ટિએ ઉચિત છે."

આથી વધારે ઉદારતાની મેં આશા નહોતી રાખી. મારો એવો અભિપ્રાય હતો અને હજી પણ છે કે, પદાધિકારીઓ એકના એક રહી શકત તો અથડામણનો સવાલ જ ન ઊઠત; આમાં કંઈક ઊઠી શકે છે. પરંતુ બંને તરફથી સજ્જનતાનો વ્યવહાર થતાં અથડામણ થઈ જ ન શકે. હિંદુસ્તાની પ્રચાર સભાની સફળતાથી રાષ્ટ્રભાષાનો સવાલ રાજકારણના ક્ષેત્રમાંથી બહાર નીકળશે. તેનો સંબંધ રાજકરણ સાથે કદી હોવો નહોતો જોઈતો.

હ૦ બં૦, ૩–૫–૧૯૪૨

૨

[ગાંધીજી, રાજેન્દ્રબાબુ, વગેરેની સહીથી, તા. ૨–૫–૧૯૪૨ને રોજ, નીચેનું જાહેરનામું બહાર પડ્યું હતું:]

લોગોંમેં રાષ્ટ્રભાષાકો ફૈલાનેકા કામ કરનેસે યહ પતા ચલા હૈ કિ જિસ ભાષાકો કાંગ્રેસને "હિન્દુસ્તાની"કા નામ દિયા હૈ વહ મિલીજુલી ઉર્દૂ–હિન્દીકા આસાન રૂપ હૈ. યહી જબાન હૈ જો ઉત્તર હિન્દુસ્તાનમેં બોલી ઔર સમઝી જાતી હૈ ઔર ઇસીકો હિન્દુસ્તાનકે દૂસરે હિસ્સોંમેં ભી લોગ બહુત કુછ સમઝતે ઔર બરતતે હૈં. ઇસીકે સાહિત્યિક (અદબી) રૂપ હિન્દી ઔર ઉર્દૂ એક દૂસરેસે દૂર હોતે ચલે જા રહે હૈં. જરૂરત ઇસ બાતકી હૈ કિ ઇન દોનોં રૂપોંકો ભી એક દૂસરેકે નજદીક લાયા જાય ઔર દેશકે ઉન હિસ્સોંમેં જહાં દૂસરી જબાનેં બોલી જાતી હૈં, હિન્દુસ્તાનીકો રાષ્ટ્રભાષાકે તૌર પર ફૈલાયા જાય. ઇસ લિયે હમ એક ઐસી સભા બનાના ચાહતે હૈં જો આસાન હિન્દી ઔર આસાન ઉર્દૂ દોનોંકા સાથ સાથ પ્રચાર કરે ઔર જિસકા હર મેમ્બર

હિન્દુસ્તાનીકી ઇન દોનોં શકલોંકો ઔર લિપિયોંકો જાને ઔર જરૂરતકે વક્ત બરત સકે. ઇસસે એક તો યહ હોગા કિ સારે દેશમેં એક આસાન ઔર સાફ જ઼બાન ચલ જાયગી ઔર દૂસરે, હોતે હોતે ઇસી આસાન જ઼બાનમેં ઐસા અદબ યા સાહિત્ય પૈદા હોને લગેગા જિસમેં ઊંચે ખ્યાલો ઔર ભાવોંકો ભી જાહિર કિયા જા સકેગા. ઇસ કામકો પૂરા કરનેકે લિયે હમ લોગ "હિન્દુસ્તાની પ્રચાર સભા" કે નામસે આજ તા. ૨–૫–૧૯૪૨ કો એક સભા બનાતે હૈં.

૩

[તે સભાનાં હેતુ અને કામ અંગે તેના બંધારણમાં નીચેની કલમો છે :–]

"૩. હેતુ (મક઼સદ) — રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીકા પ્રચાર કરના, જો સારે હિંદુસ્તાનકી સામાજિક (સમાજી), રાજનૈતિક (સયાસી), કારબારી ઔર ઐસી દૂસરી જરૂરતોંકે લિયે દેશભરમેં કામ આ સકે, ઔર અલગ અલગ ભાષાએં (જ઼બાનેં) બોલનેવાલે સૂબોંમેં મેલજોલ ઔર બાતચીતકી ભાષા બન સકે.

નોટ — હિંદુસ્તાની વહ ભાષા હૈ જો ઉત્તર હિંદુસ્તાનકે શહરોં ઔર ગાઁવોંકે હિંદુ, મુસલમાન આદિ સબ લોગ બોલતે હૈં, સમઝતે હૈં ઔર આપસકે કારબારમેં બરતતે હૈં ઔર જિસે નાગરી ઔર ફ઼ારસી દોનોં લિખાવટોંમેં લિખાપઢ઼ા જાતા હૈ ઔર જિસકે સાહિત્યિક (અદબી) રૂપ આજ હિંદી ઔર ઉર્દૂકે નામસે પહચાને જાતે હૈં.

૪. સભાકે કામ — હેતુ સફલ કરનેકે લિયે સભાકે કામ ઇસ તરહ કિયે જાયેંગે —

(૧) હિંદુસ્તાનીકા એક કોશ (લુગ઼ત) તૈયાર કરના જિસ પર સબ ભરોસા કર સકેં. હિંદુસ્તાનીકા વ્યાકરણ (ક઼વાયદ) તૈયાર કરના ઔર અલગ અલગ સૂબોંકે લિયે ઐસે હી દૂસરે સંદર્ભ-ગ્રંથ (હવાલેકી કિતાબેં) બનાના.

(૨) સ્કૂલોંમેં પઢ઼ાનેકે લિયે હિંદુસ્તાનીકી કિતાબેં તૈયાર કરના.

(૩) હિંદુસ્તાનીમેં આસાન કિતાબેં છાપના.

(૪) હિંદુસ્તાનીકા પ્રચાર કરનેકે લિયે જગહ જગહપર પરીક્ષાએં (ઇમ્તિહાન) લેના, ઔર ઐસી હી પરીક્ષાએં લેનેવાલી સભાઓંકો મંજ઼ૂર કરના ઔર મદદ દેના.

(૫) હિંદુસ્તાનીમેં પારિભાષિક શબ્દોંકા (ઇસ્તલાહી લફ઼્જ઼ોંકા) કોશ તૈયાર કરના.

૬. સૂબેકી સરકારોં, શહરોં ઔર જિલોંકે બોર્ડો ઔર રાષ્ટ્રીય શિક્ષા (કૌમી તાલીમ) કી સંસ્થાઓંસે હિંદુસ્તાનીકો લાજમી વિષય મનવાનેકી કોશિશ કરના.

૭. ઊપર લિખે હુએ ઔર ઐસે હી ઔર કામોંકે લિયે સભાકી શાખાએં ખોલના, સમિતિયઁા યાની કમિટિયઁા બનાના, ચંદા ઇકઠ્ઠા કરના, હિંદુસ્તાની-મેં કિતાબેં નિકાલનેવાલોંકો મદદ દેના, મદરસે, પુસ્તકાલય (કિતાબઘર), વાચનાલય (પઢાઇઘર), ઉસ્તાદોંકે સ્કૂલ, રાત્રિશાળાએં ઔર ઇસી તરહકી ઔર ભી સંસ્થાએં ચલાના.

૮. જો સંસ્થાએં ઇન કામોંમેં હાથ બઁટા સકે ઉન્હેં અપને સાથ લેના યા અપની સભાસે જોડ લેના.

૯. ઐસે ઔર સબ જતન કરના જિનસે સભાકે કામ પૂરે હો સકેં.

નોટ — ઇસ સભાકી માલમિલકિયતસે સભાકા કોઇ સભાસદ સભાસદકી હૈસિયતસે નિજી ફાયદા ન ઉઠા સકેગા."

૪

હિંદુસ્તાની પ્રચાર સભાએ પોતાનું કામ બરાબર શરૂ કરી દીધું છે. એ મંડળ સભાના સંદેશ અને મિશન વિષે શ્રદ્ધાવાળા કાર્યકર્તાઓનું બનેલું છે. સભાનો સંદેશ એ છે કે, હિંદની રાષ્ટ્રભાષા અંગ્રેજી નથી પણ હિંદુસ્તાની એટલે કે હિંદી વત્તા ઉર્દૂ છે. મહાસભાના હિંદુસ્તાની વિષેના ઠરાવના પ્રણેતા હિંદી સાહિત્ય સંમેલનના આત્મા સમા, શ્રી. પુરુષોત્તમદાસ ટંડન હતા. તેમણે જ મને સમજ પાડી કે, આજની ઘડીએ હિંદુસ્તાનીનો અર્થ હિંદી વત્તા ઉર્દૂ થવો જોઇએ. મહાસભાની બેઠકોમાં જે લોકો હાજર રહે છે તે બધાને આ વાતની સચ્ચાઇની પ્રતીતિ થશે, કેમ કે કોઇ મહાસભાવાદી જ્યારે હિંદી બોલે છે ત્યારે ઉર્દૂ જાણનારા માણસો તેની વાત પૂરેપૂરી સમજી શકતા નથી, બિલકુલ ન સમજતા હોય એમ પણ બને. એ જ વાત ઉર્દૂ બોલનારાઓને પણ લાગુ પડે છે. તો આપણી વાત બધા બરાબર સમજે એમ આપણે ઇચ્છીએ તો, માલવીય અને બાબુ ભગવાનદાસને મેં બોલતા સાંભળ્યા છે તેવી, બન્નેના મિશ્રણવાળી બોલી આપણે વાપરવી જોઇએ. તેથી હિન્દુસ્તાની બોલીના બન્ને પ્રકારો બોલવાનો મહાવરો હિન્દી રાષ્ટ્રવાદીઓએ રાખવાની જરૂર છે. એ બન્ને પ્રકારો એક-સરખી સરળતાથી જે ન બોલી શકે તેને હિન્દુસ્તાની બોલતાં નથી આવડતું

એમ કહેવાય. એટલે જ હિન્દુસ્તાની બરાબર જાણવાનો દાવો કરનારને બન્ને —ઉર્દૂ અને નાગરી—લિપિઓનો પણ બરાબર પરિચય હોવો જોઈએ. ઘણા સમયથી દેખાતી આ ખામી દૂર કરવાનો આશય એ હિન્દુસ્તાની પ્રચાર સભાની સ્થાપનાનાં મુખ્ય કારણો પૈકીનું એક છે. તેના સંસ્થાપકો હિન્દી સાહિત્ય સંમેલનના સભ્યો હતા અને છે. પરંતુ માત્ર હિન્દીના પ્રચારથી તેમને સંતોષ ન થયો. તેથી સંમેલનની સંમતિથી તેમણે હિન્દુસ્તાની પ્રચાર સભા સ્થાપી છે. સ્વાભાવિક રીતે જ સભાનું પ્રથમ કાર્ય બધા હિન્દી જાણનાર લોકોને ઉર્દૂ શીખી લેવાને સમજાવવાનું અને તેમને તે માટે સગવડ કરી આપવાનું હોવું જોઈએ. એ હેતુથી હું હાલમાં અંજુમાન–તરક્કી–એ–ઉર્દૂના વિદ્વાન મંત્રી, મૌલાના અબ્દુલ હક સાહેબ સાથે સહાય અને દોરવણીને માટે પત્રવ્યવહાર કરું છું. સભાની કાઉન્સિલે ઉર્દૂની પહેલી પરીક્ષા ૨૨ મી નવેમ્બરે રાખવાનું ઠરાવ્યું છે. એને અંગેની અભ્યાસક્રમ સાથેની બીજી વિગતો જેમ બને તેમ જલદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પરીક્ષામાં જેમને બેસવાની ઇચ્છા હોય તેમને, પોતાનાં નામો આચાર્ય શ્રીમન્નારાયણ અગરવાલને, હિન્દુસ્તાની પ્રચાર કચેરી, વર્ધા, ને સરનામે મોકલી આપવા વિનંતિ છે. મને આશા છે કે, જે લોકોએ હિન્દી સાહિત્ય સંમેલનની પરીક્ષાઓ પાસ કરી છે તે બધા આ આવતી ઉર્દૂ પરીક્ષા પાસ કરવાની હોંશ રાખશે. અલબત જેઓ હિન્દી નથી જાણતા તેમને પણ એ પરીક્ષામાં બેસવાનું આમંત્રણ તો છે જ. કોઈ પણ સમયે કોઈ પણ ભાષાના જ્ઞાનથી આપણું માનસ ઉન્નત થાય છે અને તે ભાષા બોલનારા લોકો સાથે આપણે વધારે ગાઢો સંપર્ક કેળવી શકીએ છીએ. તો પછી જે લોકો માત્ર હિન્દી જાણે છે તેમને ઉર્દૂના જ્ઞાનથી અને માત્ર ઉર્દૂ જાણે છે તેમને હિન્દીના જ્ઞાનથી કેટલો કીમતી લાભ થાય ? જો જીવંત હિન્દુસ્તાનીનો અવતાર થવાનો હશે તો તે હિન્દી અને ઉર્દૂ સ્વાભાવિક રીતે અને પ્રસન્નતાથી એકરૂપ થાય તો જ થશે. એવી એકરૂપતા આ બંને બોલીઓ પર એકસરખો કાબૂ ધરાવનાર ઘણા લોકો નહિ નીપજે તો અશક્ય છે.

હ૦ બં૦, ૯–૮–'૪૨

૪૩. ગૂજરાતમાં હિંદુસ્તાની પ્રચાર

ગૂજરાતમાં અત્યારે હિંદુસ્તાની પ્રચારનું કામ, કાકાસાહેબે મારી સાથે મસલત કરી ઘડેલી યોજના પ્રમાણે, ભાઈ અમૃતલાલ નાણાવટી ચલાવી રહ્યા છે. અને બીજી પ્રવૃત્તિ હિંદીપ્રચારની, હિંદી સાહિત્ય સંમેલન તરફથી નિર્મિત રા. ભા. પ્ર. સમિતિ, વર્ધા, તરફથી ચાલે છે. બંને પ્રવૃત્તિ રાષ્ટ્રભાષાના પ્રચાર અર્થે ગણાય છે. હિંદુસ્તાની પ્રચાર સભાનો તો હું પ્રણેતા પણ ગણાઉં. કૉન્ગ્રેસની સને ૧૯૨૫ની કાનપુરની બેઠકમાં હિન્દુસ્તાની વિષે ઠરાવ થયો, પણ એનો અમલ કરવાને સારુ જોઈતા ઉપાયો ન લેવાયા; તેથી એના પ્રચાર અર્થે સને ૧૯૪૨ની ૨જી મેએ હિંદુસ્તાની પ્રચાર સભા વર્ધામાં સ્થપાઈ. સભાએ હિન્દુસ્તાનીની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે :—

"હિન્દુસ્તાની વહ ભાષા હૈ જો ઉત્તર હિન્દુસ્તાનકે શહરોં ઔર ગાઁવોંકે હિન્દુ, મુસલમાન આદિ સબ લોગ બોલતે હૈં, સમઝતે હૈં ઔર આપસકે કારબારમેં બરતતે હૈં, ઔર જિસે નાગરી ઔર ફારસી દોનોં લિખાવટોંમેં લિખા પઢા જાતા હૈ ઔર જિસકે સાહિત્યિક (અદબી) રૂપ આજ હિન્દી ઔર ઉર્દૂ કે નામસે પહઁચાને જાતે હૈં."

પણ સભાનું કામ થાળે પાડી શકાય તેના પહેલાં તો ઑગસ્ટના કૉંગ્રેસના ઠરાવને અંગે સરકારે ઘણાને જેલમાં પૂર્યા. તેમાં મુખ્ય સ્થાપકોનો સમાવેશ થયો. શ્રી. નાણાવટી બહાર હતા. તેમને લાગ્યું કે, હિંદુસ્તાની પ્રચારનું કામ તેમણે શરૂ કરી દેવું જોઈએ. તેમણે એ કામ ઉપાડીને દેશની સેવા કરી છે એમ હું માનું છું.

હિન્દી અને ઉર્દૂ એક જ રાષ્ટ્રભાષાની બે સાહિત્યિક શૈલી છે. આ બંને શૈલીઓ આજે તો એકબીજાથી દૂર થતી જાય છે. રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીની દૃષ્ટિએ આ બંને શૈલીઓને એકબીજાની નજીક લાવવાની જરૂર છે. બંને લિપિના અને શૈલીના જ્ઞાન વિના એમ કરવું અશક્ય છે.

હિંદુમુસ્લિમ વિખવાદ ભાષામાં પણ ઘૂસી ગયો છે. બચપણથી જ હિંદુ-મુસ્લિમ ઐક્યની મને ધૂન રહી છે. ભાષામાં ઘૂસેલો વિખવાદ મટાડવા ખાતર પણ બંને લિપિના અને શૈલીના જ્ઞાનની જરૂર છે.

કૉંગ્રેસનું કામ જો ઇંગ્રેજી વિના ચલાવવાનું હોય, અને હોવું જ જોઈએ, તોય બંને શૈલી અને લિપિનું જ્ઞાન મેળવી લેવાનો દરેક કૉંગ્રેસીનો ધર્મ છે.

આમ થતાં હિંદી ઉર્દૂ એકબીજામાં ભળી જશે અને આમ પ્રસરેલી ભાષા સ્વાભાવિક હિંદુસ્તાની હશે.

એવો પ્રશ્ન કરવામાં આવ્યો છે કે, બંને શૈલી ને બંને લિપિ શીખવાની ધગશ હિંદુમુસલમાન બેઉને હોવી જોઈએ કે એક જ ને? આ સવાલની પાછળ હું ગેરસમજ જોઉં છું. ભાષાના જ્ઞાનમાં જે ભાઈ બહેન વધારો કરશે તે મેળવશે, જે નહિ કરે તે ગુમાવશે. વળી જેને ઐક્ય વહાલું છે તે તો વિશેષ મહેનત કરીનેય બંને શીખશે.

એટલું પણ યાદ રાખવાનું છે કે, પંજાબ વગેરે પ્રાન્તોમાં કે પ્રદેશોમાં હિંદુ મુસલમાન વગેરે બધા ઉર્દૂ જ જાણનારા છે. એ બધાને પહોંચી વળવું પ્રત્યેક દેશપ્રેમીનો ધર્મ છે.

હિન્દુસ્તાન જેવા વિશાળ દેશમાં તો જેટલી ભાષા આપણે શીખીએ તેટલા આપણે દેશસેવાને સારુ વધારે લાયક બનીએ છીએ.

બંને લિપિ ને બંને શૈલી માત્ર સેવકો જ કે કૉંગ્રેસી જ શીખે કે બધા? મારો જવાબ એ છે કે, બધા હિંદી કૉંગ્રેસી હોવા જોઈએ; એટલે બધાએ બંને લિપિ ને શૈલી શીખવાં જોઈએ. ખરું જોતાં આ સવાલ જ અપ્રસ્તુત છે. કેમ કે રાષ્ટ્રભાષા શીખવાનો શોખ બહુ થોડાં જ ભાઈબહેનોને થયો છે. હજાર બે હજાર કે લાખ બે લાખ પરીક્ષામાં બેસે તેથી આપણે મલકાઈ જવાનું કંઈ જ કારણ નથી. એકલી હિંદી કે એકલી ઉર્દૂ શીખનાર પણ, આપણે ઇચ્છીએ એટલા,અ-હિંદી કે અ-ઉર્દૂ પ્રદેશોમાં નથી મળતા.

જેને ઉર્દૂ શીખવું હોય તે અંજુમાનો પાસેથી શીખે ને હિંદી શીખવું હોય તે હિંદી સાહિત્ય સંમેલન પાસેથી શીખે તે બસ નથી? નથી જ. ત્યારે તો કૉંગ્રેસનો પ્રસ્તાવ થયો અને હિંદુસ્તાની પ્રચાર સભાની આવશ્યકતા ઊભી થઈ. બંનેનાં ક્ષેત્રો અંકાયેલાં છે ને મારી દૃષ્ટિએ સંકુચિત છે. હું ઇચ્છું ખરો કે, બંને બહેનો એકબીજીને અપનાવી લે. એવો શુભ દિવસ આવે ત્યારે હિંદુસ્તાની પ્રચાર સભાનું કામ પૂરું થયું સમજાશે. એવો સંજોગ ન આવે ત્યાં લગી હિન્દુસ્તાની પ્રચાર સભાએ પોતાનો ધર્મ પાળવો રહ્યો. હું એવી આશા રાખું ખરો કે, બંને બહેનો આ મેળ સાધનારી બહેનને સાંખે એટલું જ નહિ પણ વધાવી લે.

ગુજરાતમાં હિંદી પ્રચાર ને હિંદુસ્તાની પ્રચારમાં કાર્ય કરનારામાંના ઘણા તો મારા સાથી છે. તેમાંના કેટલાકે મારી પાસે માર્ગસૂચન માગ્યું છે.

આ નિવેદન એ માર્ગ સૂચવે છે. જેઓ હિંદી સાહિત્ય સંમેલન નિર્મિત વર્ધા સમિતિનું કામ કરે છે, તેઓને જો હિંદુસ્તાની પ્રચાર વિષેના મારા વિચારો રુચે, તો તેઓ એ કામ પણ ઊંચકી લે. અને જે વિદ્યાર્થીઓને હિંદી શૈલી અને દેવનાગરી લિપિ જ શીખવી હોય, તેઓને સુખેથી એ શીખવે ને સંમેલનની જ પરીક્ષા સારુ તૈયાર કરે. પણ તેઓ પોતે પ્રચાર બંને શૈલી અને બંને લિપિનો કરે ને જેટલાને તેમ કરવા તૈયાર કરી શકે તેને તૈયાર કરે. જ્યાં લગી ભાષાનો દેશકલ્યાણની સાથે સંબંધ છે ત્યાં લગી હિંદુસ્તાની પ્રચાર અત્યાવશ્યક માનું છું. બંને પ્રવૃત્તિ વચ્ચે દ્વેષભાવ કદી ન હજો.

હવે સવાલ એ ઊઠશે કે, આજ સુધી જેઓ માત્ર હિંદી કે માત્ર ઉર્દૂ શીખ્યા હોય અથવા હવે પછી શીખીને આવે તો તેઓએ શું કરવું? આવા લોકોએ બાકીની ઉર્દૂ કે નાગરી લિપિ અને શૈલી શીખી લઈ બંને લિપિમાં લેવાતી હિંદુસ્તાનીની પરીક્ષામાં બેસવું. જેમને બેમાંથી એક લિપિ અને શૈલી આવડે છે, તેમને તો પ્રશ્નપત્ર છોડવાનું બહુ સહેલું થઈ પડશે.

સેવાગ્રામ, ૨૭–૧૧–'૪૪

૪૪. એક પ્રશ્નોતરી

[વર્ધા સમિતિના મંત્રી શ્રી. ભદંત આનંદ કૌસલ્યાયને તા. ૮–૧૧–'૪૪ના રોજ લખીને પૂછેલા પ્રશ્નો અને ગાંધીજીએ લખીને આપેલા તેના ઉત્તર]

પ્ર૦ ૧ સન ૧૯૪૨ મેં જિસ સમય હિંદુસ્તાની પ્રચાર સભાકી સ્થાપના હુઈ થી, ઐસા લગતા હૈ કિ ઉસ સમય આપકી ઇચ્છા ઔર પ્રયત્ન થા કિ જો લોગ હિંદુસ્તાની સભાકે મેમ્બર હો વે રાષ્ટ્રભાષાકી દોનોં શૈલિયાં તથા દોનોં લિપિયાં અનિવાર્ય તૌર પર સીખેં. ક્યા આજ ભી આપ કેવલ મેમ્બરોંસે હી ઉક્ત જ્ઞાનકી અપેક્ષા રખતે હૈં અથવા ચાહતે હૈં કિ દેશકે સભી આબાલ–વૃદ્ધ દોનોં શૈલિયાં તથા દોનોં લિપિયાં અનિવાર્ય તૌર પર સીખેં?

ઉ૦ ૧ જાહર હૈ કિ સભાકે સભ્યકે લિયે કમસે કમ વહી કૈદ હો જો આપને બતાયી હૈ. સભાકા ઉદ્દેશ તો વિધાનસે સ્પષ્ટ હૈ. મેરી ચાહ અવશ્ય હૈ કિ સબ હિંદવાસી દોનોં લિપિ સીખેં, ઔર દોનોં હિંદુ મુસ્લિમ સમઝ સકે ઐસી ભાષા બોલે.

પ્ર૦ ૨ હિં. પ્ર. સભાકે કાર્યક્રમકે બારેમેં કુછ લોગ સમઝતે હૈં કિ ઇસકા ઉદ્દેશ્ય દોનોં શૈલિયાંકા પ્રચાર કરના માત્ર હૈ. કિંતુ કોઈ કોઈ કહતે હૈં, નહીં, દોનોં શૈલિયાંકે પ્રચારકે અતિરિક્ત એક તીસરી શૈલી — જો ન ઉર્દૂ કહલાએગી, ન હિંદી, બલ્કિ હિંદુસ્તાની — કા પ્રચાર કરના ભી હૈ. સન '૪૨ મેં આપકા કહના થા કિ હિંદુસ્તાનીરૂપી સરસ્વતી તો પ્રગટ હી નહીં હુઈ. ક્યા આજ ઉસ સમયસે કુછ ભિન્ન સ્થિતિ હૈ? યદિ આજ ભી અપ્રગટ હૈ તો હિં. પ્ર. સભા પ્રચાર કિસ ચીજકા કરેગી?

ઉ૦ ૨ હિંદી ઔર ઉર્દૂ શૈલી ગંગા યમુના હૈ. હિંદુસ્તાની સરસ્વતી હૈ. વહ અપ્રકટ હૈ ઔર પ્રકટ ભી. સભાકા પ્રયત્ન ઉસે પૂર્ણ પ્રગટ કરનેકા રહના ચાહિયે.

પ્ર૦ ૩ હિંદી સાહિત્ય સંમેલનકે અંતર્ગત અનેક સંસ્થાએં દેવનાગરી લિપિ ઔર હિંદીકા પ્રચાર કર રહી હૈં. અંજુમન તરક્કી-એ-ઉર્દૂ ફારસી લિપિ તથા ઉર્દૂકા. ક્યા હિંદુસ્તાની સભા ઇન દોનોં સંસ્થાઓંકે કાર્યકો એકસાથ મિલાકર કરનેવાલી તીસરી સંસ્થા માત્ર હોગી? અથવા ઉનકે કાર્યકે અતિરિક્ત કોઈ તીસરા કાર્ય કરનેવાલી દોનોં સંસ્થાઓંકે કાર્યકી પૂરક સંસ્થા હોગી? અથવા દોનોંકે કાર્યકો વ્યર્થ કર અપના હી તીસરા કાર્ય ચલાનેવાલી સંસ્થા બનેગી?

ઉ૦ ૩ હિં. પ્ર. સભા દોનોંકી પૂરક હોગી, દોનોંસે મદદ માંગેગી. લેકિન ઇસ સભાકા કાર્ય દોનોંસે ભિન્ન હોગા ઔર સમઝે તો અભિન્ન ભી. દોનોંકે કાર્યકો વ્યર્થ કરે તો ખુદ વ્યર્થ હો જાયેગી. સંગમકે સિવાય સરસ્વતી કૈસી?

પ્ર૦ ૪ ક્યા દક્ષિણ ભારત તથા અન્ય અ-હિંદી પ્રાંતોંકે લિયે હિંદુસ્તાની પ્રચાર સભાકી નીતિ તથા કાર્યક્રમ વહી રહેગા, જો અન્ય પ્રાંતોંકે લિયે? અર્થાત્ દોનોં લિપિયોં તથા શૈલિયોંકા અનિવાર્ય પ્રચાર?

ઉ૦ ૪ ઇસ સભાકા કાર્ય તો સારે દેશકે લિયે હોગા — હોના ચાહિયે. પ્રાંત પ્રાંતકી ભિન્નતાકે લિયે પ્રણાલીમેં ભિન્નતા આ સકતી હૈ.

પ્ર૦ ૫ ક્યા દક્ષિણ ભારત તથા અન્ય અ-હિંદી પ્રાંતોંમેં પિછલે અનેક વર્ષોંસે રાષ્ટ્રભાષા પ્રચારકા જો કાર્ય ચાલુ હૈ, હિં. પ્ર. સભાકી ઇસ નયી પ્રવૃત્તિસે ઉસ કાર્યકો વૈસે હી ચાલૂ રખનેમેં કોઈ બાધા તો ઉપસ્થિત ન હોગી?

ઉ૦ ૫ બાધા હોની નહીં ચાહિયે, અગર દોનોં મિલકર કામ કરેં.

તા. ૯-૧૧-'૪૪

૪૫. અખિલ ભારતીય હિંદુસ્તાની પ્રચાર સંમેલન

[અખિલ ભારતીય હિંદુસ્તાની પ્રચાર સંમેલન–વર્ધા (તા. ૨૬/૨૭–૨–૪૫) ના પ્રમુખપદેથી ગાંધીજીએ આપેલાં ત્રણ વ્યાખ્યાનો]

૧

સોમવાર તા. ૨૬–૨–'૪૫ મૌનવાર હોવાથી ગાંધીજીએ સંમેલનને લખીને કરેલા પ્રાસ્તાવિક નિવેદનમાંથી :—

મુખ્ય અધ્યાપક શ્રીમન્નારાયણના આમંત્રણથી આપ સૌ અહીં એકઠા થયા છો, તેથી મને ખુશી થાય છે. ડૉ. અબ્દુલ હક સાહેબ આજ જ આવવાના હતા; ઉમેદ છે કે કાલે જરૂર આવી પહોંચશે. તેમની મદદ આ હિંદુસ્તાની પ્રચાર સભા તરફ હું લેવા ચાહું છું. એમ જ શ્રી. ટંડનજી આવવાના હતા, અને તે આવશે તેથી હું રાજી થયો હતો. ભાઈ શ્રીમન્નારાયણે એમને તાર પણ કર્યો હતો. પણ તે બીમાર પડી ગયા અને તે કારણથી નથી આવી શકતા, એથી દુઃખ થાય છે. આપણે આશા રાખીએ કે તેઓ જલદી સાજા થઈ જાય.

આપની સામે જે કામ છે તે એક રીતે જોતાં નાનું છે અને બીજી રીતે જોતાં તેવું જ મોટું છે. આપણે જે કરવાનું છે તે નાનું છે, પરંતુ તેના પરિણામને હિસાબે તે બહુ જ મોટું છે. ડૉ. તારાચંદ આપણને કહે છે કે, આજ જે ભાષાને આપણે અનેક નામોથી કહીએ છીએ તે મૂળમાં એક જ ભાષા હતી, કે જે ઉત્તરમાં હિંદુ મુસલમાન બોલતા હતા. દુઃખ છે કે, જે એક હતા તે બે થઈ ગયા, અને તેમની ભાષા પણ બે જેવી થઈ ગઈ છે કે થતી જાય છે—હિંદી અને ઉર્દૂ. ટંડનજીની મહેનતથી, કાનપુરમાં કૉંગ્રેસે બેઉ બોલી શકે એવી ભાષાને ' હિંદુસ્તાની ' નામ આપ્યું અને લિપિઓ બે રાખી — નાગરી અને ઉર્દૂ. પરંતુ તે ઠરાવ પ્રમાણે કૉંગ્રેસ કામ કરી શકી નહિ. એ કામને, સ્વ૦ જમનાલાલજીના પ્રયાસથી, આ સભાએ ઈ. સ. ૧૯૪૨માં ઉપાડી તો લીધું. પણ એ તો ચાલ્યા ગયા. ૧૯૪૨માં કૉંગ્રેસના નેતાઓ અને બીજા ગિરફતાર થઈ ગયા. તેઓમાં હું પણ હતો. માંદગીને કારણે હું છૂટયો. બીમારીમાં પણ મેં ભાઈ નાણાવટીનું હિંદુસ્તાની બાબતનું કામ જોયું. તેથી મને ખુશી થઈ, અને મને લાગ્યું કે એ કામમાં સફળતા મળી શકે છે. જે એક ભાષા

પહેલાં બંને બોલતા હતા તે આજ કેમ એક બની નથી શકતી, એ હું નથી જાણતો. ઉત્તરના એ જ હિંદુ મુસલમાનોના વંશજ આપણે છીએ કે જેઓ એક બોલી બોલતા હતા અને લખતા હતા. હિંદી ઉર્દૂને અલગ બનાવવામાં જે મહેનત પડે છે તેનાથી અર્ધી પણ મહેનત, જૂની બોલીને જીવતી કરવામાં પડવી ન જોઈએ. ઉત્તરનાં ગામડાંમાં રહેનારા હિંદુ મુસલમાનો એક જ બોલી બોલે છે, અને કોઈ લખે પણ છે. આપણી આ મહેનત કેવી રીતે સફળ કરી શકીશું તેનો વિચાર કરવાનું આપનું કામ છે. અને તે વિચાર પ્રમાણે કામ કરવાનું એ હિંદુસ્તાની પ્રચાર સભાનું કામ છે. કમજોરીને લીધે દિવસભર બની શકે એટલો વખત હું માન રાખું છું, એ વાતનો મને ખેદ છે. આ ત્રણ માસમાં કદાચ ત્રણ વાર દિવસમાં બોલવું પડયું હતું. આજે તો સોમવારનું જ મૌન છે. પરંતુ મને ઉમેદ છે કે, મારા મૌનથી ન આપણા કામમાં કશી બાધા આવશે કે ન આપના કામમાં કશી અગવડ થશે.

હવે આ સંમેલન હું આપના જ હાથમાં છોડું છું. ભાઈ શ્રીમન્નારાયણ બાકીનું કામકાજ કરશે અને કરાવશે.

આજનું સંમેલન મારી હાજરીમાં બરોબર સાડાપાંચ લગી બેસશે. કાલે હું મારા બીજા વિચારો આપની સામે મૂકીશ. . . .

૨

(તા. ૨૭મીની બેઠકમાં શરૂમાં આપેલું વ્યાખ્યાન)

ભાઈઓ અને બહેનો,

આપને જેટલો વખત આપવા હું ઇચ્છું છું તેટલો આપી નથી શકતો તેનું મને દુઃખ છે. તેને માટે મને માફ કરશો. મારું મૌન આખો દહાડો ચાલે છે. તે એવું નથી કે તૂટી જ ન શકે. પરંતુ, જેટલા દિવસ રહી શકાય તેટલા રહું અને મારું કામ ઠીક રીતે ચાલે, એમ ઇચ્છું છું; તેથી મૌન રાખું છું. જો હું મારી તાકાત એકદમ ખર્ચી નાંખું તો એક માસમાં ભાંગી જાઉં. મારો સત્યાગ્રહ અને મારી અહિંસા મને એમ નથી શીખવતાં. જ્યાં જરૂર હોય ત્યાં છૂટે હાથે તે લૂંટાવું. પણ હું કંજૂસ પણ થઈ શકું છું. આજે એ કંજૂસાઈ ચાલે છે.

હિંદુસ્તાની પ્રચાર સભા શું છે તે હું આપને કહી દઉં. હિંદુસ્તાની પ્રચાર સભાનો હેતુ એ છે કે, વધારેમાં વધારે લોકો હિંદી અને ઉર્દૂ શૈલીઓ

અને નાગરી તથા ઉર્દૂ લિપિઓ શીખે. એક દહાડો એવો હતો કે જ્યારે ઉત્તરમાં રહેનારાઓ તો એક જ ભાષા બોલતા હતા. એમનાં જ ફરજન આપણે છીએ. આજ આપણને લાગે છે કે, હિંદી ઉર્દૂ એકબીજાથી દૂર થતાં જાય છે. હિંદીવાળાઓ કઠણ સંસ્કૃત અને ઉર્દૂવાળાઓ કઠણ અરબી ફારસી શબ્દો વીણી વીણીને વાપરી રહ્યા છે. હું માનું છું કે આ ચીજ ચાલનારી નથી. ગામડાંના લોકોને તો રોટલાની પડી છે. તેઓ જે જબાન આજ સુધી બોલતા આવ્યા છે, તે જ આગળ પણ બોલતા રહેશે.

હિંદી અને ઉર્દૂના જે બે નોખા નોખા ફિરકા પેદા થયા છે, એને રોકવાનું કામ મારા અને જમનાલાલજી જેવા લોકનું છે. હું બેઉને કહેવાનો કે, તમારો આ ઢંગ સારો નથી. તમારા આ બડા બડા શબ્દોને ગામડાના લોક સમજશે પણ નહીં. જો આપણે બંને લિપિઓ શીખી જઈએ તો આખરે બંને ભાષાઓ એક થઈ જશે. લિપિઓનો સવાલ એટલો વાંકો નથી. ભલે હમેશને માટે બે લિપિઓ રહે, અથવા બેઉને છોડીને દરેક પ્રાંત પોતપોતાની લિપિમાં રાષ્ટ્રભાષા લખવા લાગે તોય કશી હરકત નથી. પરંતુ ભાષા તો એક જ થઈ જવી જોઈએ. આપણે આજ આળસુ બની ગયા છીએ. અંગ્રેજીનો બોજો આજે આપણા માથા ઉપર છે. પણ અંગ્રેજીય એટલી કઠણ નથી; દસ મહિનામાં અંગ્રેજી શીખી શકાએ છીએ. પરંતુ આપણે તો અંગ્રેજીમાં વિચાર કરવા તથા વિદ્યાઓ શીખવા ચાહીએ છીએ, તેથી વખત લાગે છે. અંગ્રેજી પાછળ જિંદગીનાં ચૌદ ઉમદા વરસ આપણે બરબાદ કરીએ છીએ, અને એટલું કર્યા છતાં પણ પૂરી રીતે શીખવા પામતા નથી. આજે જો અંગ્રેજી જાણનારને કહો કે, તમારી વાત હિંદુસ્તાનીમાં સમજાવો, તો તે કહે છે, હું કેવી રીતે સમજાવું? કારણ કે, ભણતર અંગ્રેજીમાં થયું હોવાને લીધે તે પોતાના વિચારો હિંદુસ્તાનીમાં પ્રગટ કરી નથી શકતા. તો પછી છોકરાઓને એ હિંદુસ્તાની શી રીતે શીખવશે? આવી આપણી દુર્દશા છે. તેમાંથી આળસ પણ પેદા થાય છે.

તો બે લિપિઓ શીખવામાં ડરવાનું શું? કોઈ કહે કે, આઠ દશ બીજી સારી લિપિઓ છે તો તે કેમ ન શીખવી? હું તો કહું છું કે, દક્ષિણની પણ એક લિપિ તો શીખી લો. ત્યાં ભાષાઓ પણ ચાર છે તેથી આપ ભડકશો નહિ.

આપ હિંદુસ્તાનમાં રહો છો; હિંદુસ્તાનીઓની સેવાખિદમત કરવા ઇચ્છો છો. તો તેને માટે બે લિપિઓ શીખવાથી ડરવું શું? ભાષા તો એક જ

શીખવી છે ને? આપણું કમનસીબ છે કે, બે લિપિઓ આપણે લેવી પડે છે. પણ હું તો હિંદની બધી ભાષાઓ ખુશીથી શીખી લઉં. દિલમાં શોખ હોય તો મહેનત કમ પડે છે. આપની સંખ્યા આજ બહુ જ થોડી છે; ભલે થોડી હો. પણ આપ તો બે લિપિઓ શીખી લેજો. એનું પરિણામ કેવડું મોટું હશે, એમાં હું જવા માગતો નથી.

કેટલાક મુસલમાનો મોટી મોટી વાતો કહેતી વખતે જે શબ્દો વાપરે છે તે સાંભળીને હું ગભરાઈ જાઉં છું, જોકે એમની સાથે સારી પેઠે હું બેસતો ઊઠતો હોઉં છું. તો એવું શું કામ હોય? મને એનો જવાબ મળ્યો છે અને તે મેં આપની સામે મૂક્યો છે.

૩

(સંમેલનના ઉપસંહાર રૂપે કરેલું ત્રીજું વ્યાખ્યાન)

ડૉ. તારાચંદને પોતાનું વ્યાખ્યાન જલદી પૂરું કરવા હું કહી ન શક્યો, કેમ કે હું પોતે એમની એ વાતોમાં ગરક થઈ ગયો હતો. એમણે એવી વાતો કરી કે જે તેઓ પંડિતોની સભામાંયે કરી શકતા હતા. આપણે તો પંડિતો નથી. તોય સૌની સાથે હું પણ તે રસથી સાંભળતો હતો. અને એમણે કોઈ વસ્તુ બે વાર ન કહી, તેથી મેં એમને રોક્યા નહિ.

શ્રી. આનંદ કૌસલ્યાયનજીએ જે કહ્યું તે હું સમજ્યો. તે દબાતા દબાતા બોલ્યા છે. હિંદી સાહિત્ય સંમેલનની તરફથી એમણે એમ કહ્યું કે, બની શકે તો બે લિપિઓનો બોજો કાઢી નાંખવામાં આવે. હું આજે પણ હિં. સા. સંમેલનમાં છું. તેમાં હું મારી મેળે નહોતો ગયો. જે કામમાં જમનાલાલજી જતા તેમાં તે મનેય ઘસડી જતા હતા. તે મને ઇંદોર લઈ ગયા. ત્યાં મેં નવી વસ્તુ આપી. તેને બધાએ હડપ કરી લઈ લીધી. મેં કહ્યું હતું કે, હિંદી એ ભાષા છે કે જેને હિંદુ મુસલમાન બંને બોલે છે ને બંને લિપિમાં લખે છે. મારો આ પ્રસ્તાવ મંજૂર થયો. પછીથી મેં એને સંમેલનના નિયમોમાં દાખલ કરાવ્યો. પછી તે બદલાઈ ગયો એ બીજી વાત છે. તેથી કરીને જો આજ હું એમાંથી નીકળી જાઉં તો મને દુઃખ નહિ થાય.

આપણામાં કેટલાય એવા છે કે જે હિંદી અને ઉર્દૂનો મેળ કરવાની કોશિશ કરે છે. કોઈ કહે છે, એની જરૂર છે? હું તો સાચી લોકશાહી—

'ડેમોક્રસી' ચાહું છું. ફક્ત હામાં હા મેળવવાથી ડેમોક્રસીમાંથી 'હિપોક્રસી' — દંભ બની જાય છે. તેથી મેં કહ્યું કે, ફક્ત હામાં હા ન ભણવી, પણ પોતાનો સાચો મત બતાવવો.

હું નથી ઇચ્છતો કે, હિંદી મટી જાય કે ઉર્દૂ નષ્ટ થઈ જાય. હું તો ફક્ત એટલું જ ઇચ્છું છું કે, બેઉ મારું કામ કરી દે. સત્યાગ્રહનો કાયદો છે કે તેમાં એક હાથની તાળી હોઈ શકે છે. તે વાગતી નથી, પણ તેથી કાંઈ હરકત નથી થતી. આપ એક હાથ લાવશો તો બીજો આપોઆપ હટી જશે. હકસાહેબે નાગપુરમાં જે વાત કહી હતી તેને તે વખતે હું સમજી ન શક્યો. 'હિંદી યાને ઉર્દૂ' એ મેં સ્વીકાર્યું નહીં. તે વખતે તેમની વાત માની લેત તો સારું થાત. દોસ્ત બનવા આવ્યા હતા, પણ વિરોધ કર્યો અને દુશ્મનશા બન્યા. પરંતુ મારે દુશ્મન તો કોઈ છે જ નહિ. પછી હકસાહેબ પણ મારા દુશ્મન શી રીતે બની શકે? તેથી જ અમે આજ એક મંચ ઉપર ખડા થઈ ગયા છીએ. નાગપુરમાં ભારતીય સાહિત્ય સંમેલન કર્યું હતું; પરંતુ ત્યાં તેનો આરંભ થયો અને તે ખતમ પણ ત્યાં જ થયું; કેમ કે બેઠા દોસ્ત બનવા પરંતુ બની ગયા દુશ્મન જેવા. તો તેનાથી શો ફાયદો થાત? તે હિંદુસ્તાની નહિ પણ ભારતીય સાહિત્ય સંમેલન હતું. તેથી કરીને ત્યારના ભાષણમાં મેં સંસ્કૃત શબ્દ ભર્યા હતા. આજ પણ જો એની આગળ બોલવું પડે તો એમ જ કરું.

આનંદજી કહે છે કે, બે લિપિઓ શીખવામાં બહુ મુસીબત ઉઠાવવી પડશે. હું કહું છું કે એમાં કશીય મુશ્કેલી નથી; અને જો મુસીબત હોય તોય તેને પાર કરવી જ જોઈશે. કેમ કે એ જો પાર કરવામાં ન આવે તો બીજી એથીય ભારે મુસીબતોનો મુકાબલો આપણે કેમ કરીને કરી શકીશું? હું હિંદુ-મુસ્લિમ-એકતા માટે જીવું છું. હું માનું છું કે હિંદુસ્તાનીના પ્રચારથી હિંદુ-મુસ્લિમ-એકતા થશે. પરંતુ અત્યારે એ લાલચ હું નહિ બતાવું.

હું કહું છું કે હિંદી ને ઉર્દૂ બેઉનું ભલું થાઓ. એમની મારફત મારે કામ લેવું છે. હિંદુસ્તાની આજે હયાત છે, પણ આપણે તેને કામમાં નથી લાવતા. આ જમાનો હિંદીનો છે અને ઉર્દૂનો પણ છે. તે બે નદીઓ છે. તેમાંથી હિંદુસ્તાનીની ત્રીજી નદી પ્રગટ થવાની છે. તેથી જો એ બે સુકાઈ જાય તો મારું કામ નથી ચાલી શકતું.

ગામડાના લોક મારી ભાષા સમજી લેશે. જેમાં અરબી, ફારસી કે સંસ્કૃતના શબ્દો ઠાંસી ઠાંસીને ભર્યા હોય તેવી ભાષા તેઓ નહીં સમજી શકે. જો હિંદી સાહિત્ય સંમેલન કહે કે, અમે તો સંસ્કૃતનિષ્ઠ હિંદી જ ચલાવીશું તો મારે માટે તે મરી જાય છે. ગામડાની જબાન તો એક જ ચીજ છે. તે બે નથી હોઈ શકતી; પછીથી થાઓ તો થાઓ. હિંદીવાળા ઇચ્છે છે કે, હું હિંદીનો જ ડંકો વગાડ્યા કરું, ઉર્દૂનું નામ ન લઉં. પણ હું તો અહિંસામાં માનનારો સત્યાગ્રહી છું. હું એ શી રીતે કરી શકું? હું એકલો આ કામ નથી કરી શકતો; તેમાં સૌની મદદ જોઈએ. હું મહાત્મા છું તો તેનું કારણ એ જ છે કે, હું મારી મર્યાદાઓ સમજીને તેમની બહાર નથી જતો. તેથી જ મૌલવી હકસાહેબ આવ્યા છે. મારી પાસે પાંખો નથી. બડા બડા બુજર્ગોને એટલા જ માટે બોલાવ્યા છે કે તેઓ મને પાંખો આપી દે. જો તે આપશે તો હું ઊડીશ અને કહીશ, જુઓ, કામ તો અચ્છું થઈ ગયું ને? નહિ તો ખાખમાં પડ્યો જ છું: 'ખાકસાર' થઈ જઈશ.

હિંદી સાહિત્ય સંમેલનમાં હું પણ એક મોટો માણસ ગણાઉં છું. પણ એ દરજ્જેથી નહિ પણ સામાન્ય રીતે હું કહેવા માગું છું કે, હિંદી સાહિત્ય સંમેલનની સામે કશું કામ નહિ થાય. પરંતુ બેઉ લિપિઓ શીખવાની તકલીફ તો મંજૂર કરવી જ જોઈશે. હું તો આનંદજી મારફતેય કામ કરાવવા ચાહું છું.

મને કહેવામાં આવ્યું કે, મુસ્લિમ છોકરા તો નાગરી લિપિ નથી શીખતા. મેં કહ્યું, તમે નથી ખોયું, તેમણે ખોયું. એક લિપિ શીખી લીધી તો તેથી શું? આવડીશી વાતથી આવડું મોટું હિત થાય છે. આ જ વાત મેં હજરત મોહાની સાહેબને પણ કહી હતી. પણ તે વખતે આ કામ ન ચાલ્યું, કેમ કે સત્યાગ્રહ શરૂ થઈ ગયો. હું એમ નથી કહેતો કે આપ બધા જેલમાં જાઓ. પણ હું ગયો. બીજા જે જેલમાં પડ્યા છે તે પણ કોઈ મૂર્ખતાની વાત નથી. જવાહર, વલ્લભભાઈ, મૌલાના સાહેબ જેલમાં બેઠા છે તે કાંઈ પાગલ નથી. જો તે ખુશામત કરીને બહાર આવી જશે તો મારી નજરમાં તે મરી જશે. જો તેઓ અંદર જ મરી જશે તો હું એક પણ આંસુ નહિ પાડું; કહીશ કે તે ઠીક મર્યા. કેમ કે, ત્યાં બેઠા બેઠા પણ તેઓ હિંદની સેવા કરી રહ્યા છે.

જો હિંદી અને ઉર્દૂ મળી જાય તો ગંગાયમુનાથી પણ બડી સરસ્વતી હૂગલી જેવી બની જશે. હૂગલી ગંદી છે; હું તેનું પાણી નથી પીતો. પણ આ હૂગલી જો બની ગઈ તો તે ભારે ખૂબસૂરત હશે.

હવે રહી પૈસાની વાત. આપમાંથી જે પૈસા આપવા ઇચ્છે તેઓ મને યા શ્રીમન્નારાયણજીને આપે. દરેકે પોતાની શક્તિ પ્રમાણે પૈસા આપવા જોઈએ. જેઓ આપે તે કામને માટે આપે; નામને માટે કોઈ પૈસા ન આપે.

સંમેલનના ઠરાવો

૧. આ સંમેલનનો અભિપ્રાય છે કે, હિંદુસ્તાની જબાન ફેલાવવા તથા તેની આબાદી કરવાને માટે એ વસ્તુની જરૂર છે કે, હિંદી જાણનારા ઉર્દૂ લખાવટને અને ઉર્દૂ જાણનારા નાગરી લખાવટને જલદીમાં જલદી શીખી લે; અને જે લોકો આ બેમાંની એકેનેય ન જાણતા હોય તેઓ પણ બેઉનેય શીખી લે, કે જેથી બધા લોક હિંદુસ્તાનીનાં ઉર્દૂ હિંદી એ બેઉ રૂપો વાંચી અને સમજી શકે અને એ રીતે હિંદુસ્તાનીનો વિકાસ અને પ્રચાર થઈ શકે.

૨. દેશના બધા લોક એ વાત માને છે અને સમજે છે કે, આપણા રાષ્ટ્રીય જીવનને મજબૂત કરવા તથા અલગ અલગ પ્રાંતોના લોકોમાં મળવા કરવાની તથા વ્યવહારની એક ભાષા બનાવવાને માટે એ જરૂરનું છે કે, હિંદુસ્તાની જબાનની આબાદી કરવામાં આવે અને એની રૂપરેખા ઠીક કરવામાં આવે; કારણ કે, આ માટે આ જ ભાષા સૌથી વધુ કામની છે.

આ સંમેલન નક્કી કરે છે કે, પંદર સુધી સભ્યોની એક સમિતિ બનાવવામાં આવે કે જે હિંદુસ્તાની ભાષાના કોશો તૈયાર કરે, ભાષાનું વ્યાકરણ નક્કી કરે, તેના શબ્દનું ભંડોળ વધારે, તેમનું રૂપ બાંધે, અને તેમાં સારી સારી અને કામની ચોપડીઓ લખાવે. કોઈ સભ્યની જગા ખાલી થશે તો તેને બાકીના સભ્યો પૂરી શકશે. સમિતિનો એક નિમંત્રા ('કન્વીનર') રહેશે કે જે યોગ્ય વખતે ને જગાએ સમિતિની બેઠક બોલાવ્યા કરશે.

આ સમિતિ પોતાના કામનો એક ખરડો તૈયાર કરશે ને વિગતવાર ખર્ચનો અંદાજ કાઢશે; તેને મહાત્મા ગાંધી પાસે મંજૂરી માટે મોકલશે, અને મહાત્માજીને વખતોવખત પોતાના કામનો હેવાલ આપતી રહેશે.

આ સમિતિના સભ્યોનાં નામ મહાત્મા ગાંધી, ડૉ. તારાચંદ અને સૈયદ સુલેમાન નદવી પછી જાહેર કરશે.

પુરવણી

[પા. ૫ ઉપર] લીટી ૧૨માં 'કાર્યને સાધવાના ઉપાયો'નો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે, "જે ઉપાયો માતૃભાષા વિષે સૂચવ્યા છે તેવા, જોઈતા ફેરફાર સાથે, રાષ્ટ્રીય ભાષા વિષે પણ લાગુ પડી શકે છે." માતૃભાષા અંગે સૂચવેલા તે ઉપાયો એ વ્યાખ્યાનમાં નીચે પ્રમાણે છે :—]

"માતૃભાષાને કેળવણીનું વાહન કરવું એ ઇષ્ટ હોય તો તેનો અમલ થવા સારુ આપણે શાં પગલાં ભરવાં જોઈએ એ વિચારવું જોઈએ. દલીલો આપ્યા વગર એ પગલાં મને જેવાં સૂઝે છે તેવાં લખી નાખું છું :

૧. અંગ્રેજી જાણનાર ગુજરાતીએ, જાણ્યે અજાણ્યે પણ પરસ્પર વ્યવહારમાં અંગ્રેજીનો પ્રયોગ ન કરવો.

૨. જેને અંગ્રેજી અને ગુજરાતી બંનેનું સારું જ્ઞાન છે તેણે અંગ્રેજીમાં જે સારાં ઉપયોગી પુસ્તકો કે વિચારો હોય તે પ્રજા આગળ ગુજરાતીમાં મૂકવાં.

૩. કેળવણી મંડળોએ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાં.

૪. ધનાઢ્ય પુરુષોએ ગુજરાતી મારફત કેળવણી આપવાની શાળાઓ જગે જગે સ્થાપવી.

૫. ઉપલી પ્રવૃત્તિની સાથે જ સરકારને પરિષદોએ અને કેળવણી મંડળોએ અરજી કરવી કે, બધી કેળવણી માતૃભાષા મારફતે જ અપાવી જોઈએ. અદાલતોમાં ને ધારાસભામાં વહેવાર ગુજરાતી મારફત થવો જોઈએ ને પ્રજાનું બધું કાર્ય તે જ ભાષામાં થવું જોઈએ. અંગ્રેજી જાણનારને જ સારી નોકરી મળી શકે છે તે પ્રથા બદલી નોકરોને લાયકાત પ્રમાણે, ભાષાભેદ રાખ્યા વિના, પસંદ કરવા જોઈએ. ગુજરાતી ભાષામાં તેઓને જોઈતું જ્ઞાન મળે એવી શાળાઓ સ્થપાવી જોઈએ, એવી અરજી પણ સરકારને જવી જોઈએ.

ઉપરની યોજનામાં એક આપત્તિ જોવામાં આવશે. તે એ છે કે, ધારાસભામાં તો મરાઠી, સિંધી ને ગુજરાતી સભાસદો છે ને વખતે કાનડી પણ હોય. આપત્તિ મોટી છે પણ અનિવાર્ય નથી. તેલગુ વર્ગે એ વિષયની ચર્ચા શરૂ કરી છે ને કોઈક દિવસે પણ ભાષા પ્રમાણે નવા વિભાગો થવા જોઈશે એમાં શંકા નથી; પણ તેમ થતાં સુધી હિંદી અથવા સભાસદની પોતાની ભાષામાં ભાષણ આપવાનો અખતિયાર તેને મળવો જોઈએ. આ સૂચના અત્યારે હાસ્યરૂપે જણાય તો ક્ષમા માગી એટલું જ કહીશ કે, ઘણી સૂચનાઓ પ્રથમ દૃષ્ટિએ ને આરંભમાં હાસ્યજનક જણાય છે. દેશની ઉન્નતિનો આધાર કેળવણીના વાહનના શુદ્ધ નિર્ણય ઉપર રહેલો છે એવો મારો અભિપ્રાય છે. તેથી મને મારી સૂચનામાં ભારે રહસ્ય માલૂમ પડે છે. માતૃભાષાની કિંમત વધશે, તેને રાજ્યપદ મળશે, ત્યારે તેમાં આપણે નથી કલ્પી તેવી શક્તિઓ જોવામાં આવશે. "

સૂચિ